ગુલસાના

અથવા

આદર્શ અબળા.

પ્રયોજક:—

વ્રજલાલ જાદવજી ઠક્કર.

મેનેજર, કથાકુંજ-નવલકથામાળા.

અમદાવાદ.

ગ્રાહકોને સૂચના.

૧. આ નવલકથામાળાનાં ગ્રાહકો વધારવા તરફ પ્રત્યેક ગ્રાહક બંધુએ યથાશક્તિ શ્રમ કરવો. એવું કોઇપણ કાર્ય નથી કે જે મનુષ્ય કરવા ધારે અને તે ન થઇ શકે. વળી સાહિત્યસેવા તે સમાજસેવા અને સમાજસેવા તે દેશસેવા છે. માટે આવા દેશસેવાના કાર્યમાં સહાયતા કરવી એ પ્રત્યેક બંધુનું કર્તવ્ય છે.

૨. હવે પછીનું પાંચમું પુસ્તક **'સંસારચિત્ર'** મે માસમાં પ્રસિદ્ધ થઇ જશે, છતાં જો થોડો વિલંબ થાય તો ગ્રાહકોને અધીરા નહિ થઇ જવાની વિનંતિ કરવામાં આવે છે.

૩. એજંટો માર્ફત ગ્રાહક થનારે પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો એજંટ પાસેથી લેતાંની સાથેજ લવાજમ ભરી દેવું, અને મેનેજરની સહી સાથેની પહોંચ મેળવવી. લવાજમ પ્રથમથીજ લેવાનો રિવાજ છે.

૪. હિંદુસ્તાનનાં ગ્રાહકો માટે વાર્ષિક લવાજમ વી. પી. પો૰ સ્ટેજ સાથે માત્ર રૂ. ૨-૧-૦ છે. આફ્રિકાનાં ગ્રાહકોએ રૂ. ૨-૬-૦ નો પોષ્ટલચૅક મેનેજરને શિરનામે મોકલવો.

૫. ઠેકાણું બદલાય તો તરતજ ખબર આપવી. તથા કોઇ પણ હકીકત સંબંધીનો ખુલાસો પૂછાવતી વખતે, ગ્રાહકોએ પોતાનું પૂર્ણ નામ, ઠામ, પોષ્ટ, જીલ્લો તથા ગ્રાહક નંબર ચોખ્ખા અક્ષરે લખી જણાવવું.

૬. હવેથી પ્રથમ વર્ષમાં જે ગ્રાહકો થશે તેમને પ્રથમ પુસ્તક નવીન સંન્યાસી કે જે પૃષ્ઠ ૧૨૫ નું છે, તે સિલ્લકે નહિ હોવાથી મળી શકશે નહિ, તેથી હવે પ્રથમ વર્ષમાં જે નવીન ગ્રાહકો થશે તેમને પ્રથમ પુસ્તકની કીંમત વાર્ષિક ફાળે રૂ. ૦-૨-૩ કાપી રૂ. ૧-૧૫-૦ ના વી. પી. થી જ પુસ્તકો પહોંચાડવામાં આવશે.

૭. ઉત્તર માટે ટીકીટ બીડવી યા તો રિપ્લાઈ કાર્ડ લખવાની કૃપા કરવી.

૮. આ નવલકથામાળાનાં ગ્રાહકો વધારવાની ઇચ્છા ધરાવનાર બંધુ જો અમને લખી જણાવશે તો હેંડબીલો વગેરે અમે અમારે ખર્ચે પહોંચાડીશું.

મેનેજર, વ્રજલાલ જાદવજી ઠક્કર.
કથાકુંજ—નવલકથામાળા, અમદાવાદ.

અતિ સસ્તામાં સસ્તું સાહિત્ય.

ચાલુ પ્રથમ વર્ષનાં કેટલાંક પુસ્તકો.

કથાકુંજ—નવલકથામાળા.

પ્રથમ વર્ષ ચાલે છે.

વાર્ષિક પો. સાથે માત્ર બે રૂ. માં ૧૫૦૦ ઉપરાંત પૃષ્ઠ.

૧ નવીન સંન્યાસી:—સાત્વિક પ્રેમ, ઇશ્વરભક્તિ, શું સારૂં સંસાર કે સંન્યાસ? એ વગેરે સત્રોથી ભરપૂર. બંગાળી સુપ્રસિદ્ધ નવલકથાકાર પ્રભાતકુમાર બેરિસ્ટરની સર્વશ્રેષ્ઠ નવલકથાનું ઉત્તમ રૂપાંતર. પૃષ્ઠ સંખ્યા ૧૩૦.

૨ સમાજ યાને સુહાસિનીનું અનુસંધાન:—અર્થાત સંસાર દર્પણનો આબેહુબ તેમજ સર્વશ્રેષ્ઠ ચિતાર. આ નવલકથાના મૂળ લેખક સ્વ. સાક્ષર રમેશચંદ્ર દત્ત છે; એટલે પછી તેમની લેખન શૈલિ, તેમના વિચારો સંબંધી અહિં વિશેષ લખવું એ સોના ઉપર ઢોળ ચઢાવવા સમાન છે. આ નવલકથા સામાજિક નવલકથાઓમાં સર્વશ્રેષ્ઠ છે. 'મૉડર્ન રિવ્યુ' જેવાં સર્વશ્રેષ્ઠ ઇંગ્રેજી માસિક પત્રોમાં

પણ પ્રશંસા પામી છે. પૂઠાં ઉપર આર્ટ પેપર પર સ્વર્ગસ્થ સાક્ષરશ્રી દત્તની મનોહર તેમજ આકર્ષક છબી આપવામાં આવી છે. પૃષ્ઠ સંખ્યા ૨૬૦, **(તૈયાર છે.)**

૩ **વાર્તાવિહારઃ**—ન્હાની ન્હાની ઐતિહાસિક નવ પ્રેમકથાઓ **૧ રત્નવતી, ૨ શાલિની, ૩ કંચુકા, ૪ રાજકુમારી અલકાસુંદરી, ૫ રાજકુમારી રૂપસુંદરી, ૬ કુસુમકુમારી, ૭ પ્રભાવતી, ૮ કરૂણામયી, ૯ ભાગ્યચક્ર!** દરેક વાર્તા એક એકથી વિશેષ આકર્ષક અને સાત્વિક પ્રેમરસથી પરિપૂર્ણ છે. પૃષ્ઠ સંખ્યા **૨૬૦, (સચિત્ર, તૈયાર છે.)**

૪ **ગુલસાનાઃ**—ઐતિહાસિક સર્વશ્રેષ્ઠ નવલકથા. આ નવલકથામાં અકબરશાહના સમયની એક મર્મભેદક ઘટનાનો ઉત્તમ ચિતાર છે. સુરસુંદરી ગુલસાનાનું આદર્શ સાધુજીવન, અપકાર પર ઉપકાર, પ્રેમની સ્મૃતિ, કુલસમની પ્રમાણિકતા, ઇસ્કાન્દારખાનનું ભાગ્યચક્ર, રાજકુમારી રૂબીઆનું મરણ પછી સજીવન થવું વગેરે વિષયો એવા છે કે પુસ્તક વાંચવા લીધા પછી પાછું મૂકવાનું મન થશે નહિ. પૃષ્ઠ સંખ્યા ૩૨૦ **(તૈયાર છે.)**

૫. સંસાર ચિત્રઃ—અત્યુત્તમ સામાજિક નવલકથા. હમણાંનાં **હિંદુસંસારનો આબેહુબ ચિતાર.** પૃષ્ઠ સંખ્યા. ૨૦૦ (છપાય છે.)

૬. મિલન મંદિરઃ—ગુજરાતી સંસારનું સર્વોત્તમ ચિત્ર. અપૂર્વ રચનાચાતુર્ય, લાલિત્યપૂર્ણ ભાષા, અપૂર્વ ઘટનાપ્રવાહ. આ પુસ્તક આપની સ્ત્રી, પુત્ર, કન્યા વગેરેના હાથમાં મૂકશો તો **સંસાર સોનાનો થશે. અશાંતિપૂર્ણ સંસારમાં પણ શાંતિના તરંગો ઉછળશે. આ નવલકથામાં પ્રેમ, મિલન, પુણ્ય સર્વ વિષયો છે. પૃષ્ઠ સંખ્યા.** ૩૨૫.

મેનેજર.

કથાકુંજ-
નવલકથામાળા.

વર્ષ ૧ લું.
પુસ્તક ૬-૭-૮.

ગુલસાના

અથવા

આદર્શ અબળા.

(અપૂર્વ ઘટનાપૂર્ણ ઐતિહાસિક નવલકથા.)

પ્રયોજક:-વ્રજલાલ જાદવજી ઠક્કર.
પ્રકાશક:-વ્રજલાલ જાદવજી ઠક્કર.
મેનેજર, કથાકુંજ-નવલકથામાળા,-અમદાવાદ.

સને ૧૯૧૫. આવૃત્તિ ૧ લી. પ્રત ૧૫૦૦.

છુટક નકલની કીંમત રૂ. ૧-૦-૦.

કથાકુંજ–નવલકથામાળા મળવાનાં ઠેકાણાં.

મુંબઇ—રા. વસનજી પરમાનંદ મ્હાવાળા બુકસેલર, કાલબાદેવીરોડ.

,, રા. ચંદુલાલ મૂળચંદ કંટ્રાક્ટર, કોલસા સ્ટ્રીટ, બેગમહમ્મદની ચાલ ચોથે માળે મુંબઇ નં. ૩.

વલસાડ—મેનેજર, વલસાડ બુક ડેપો.

વઢવાણ—રા. રાયચંદ ગુલાબચંદ બજારમાં.

,, રા. પૂંજાલાલ ભગવાનદાસ પારેખ બજારમાં.

ભાવનગર—રા. અબ્દુલ હુસેન આદમજી બુકસેલર.

અમદાવાદ—રા. નંદલાલ ચુનીલાલ બોડીવાલા, સારંગપુર.

,, રા. અંબાલાલ શંકરલાલ દવે, ખાડીઆ શ્રીરામજીની શેરી.

,, રા. કે. સી. વકીલ–શ્રી અંબાજીવિજય ટ્રેડીંગ કં. રીચીરોડ.

,, રા. હરિપ્રસાદ મોહનલાલ–ખાડીઆ, ગોટીની શેરી.

,, રા. કાળીદાસ મહાસુખરામ સારંગપુર, તળીયાની પોળ.

રાજકોટ—ઠા. બહેચર મેઘજી બુકસેલર, ઠે. પરાબજાર.

લખોઃ—મુખ્ય સ્થળઃ–"કથાકુંજ" નવલકથામાળા

કાર્યાલય—અમદાવાદ.

આ પુસ્તકનો દ્વિતિય ખંડ પાને ૧ થી ૧૬૭ સુધી **અમદાવાદમાં**
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ
છગનલાલે છાપ્યો અને બાકીનો ભાગ મનહર પ્રિન્ટીંગ
પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપ્યો.



મણિલાલ વાડીલાલ કન્ટ્રાકટર.
મુંબઈ.

'Lakshmi Art' Byculla, Bombay

સ્નેહ-સમર્પણ.

પરમ સ્નેહી,

શ્રી મણિલાલ વાડીલાલ કંટ્રાકટર-મુંબઈ.

આ કથાકુંજ--નવકથામાળા પ્રત્યેના તેમજ મ્હારા પ્રત્યેના તમારા અસાધારણ ઉપકારોના યત્કિંચિત્ બદલા તરીકે આ પુસ્તક તમારા કરકમળમાં સ્નેહથી સમર્પણ કરીને કૃતાર્થ થાઉં છું.

આપનો સદૈવ સ્નેહાધીન,

વ્રજલાલ જાદવજી ઠક્કર.

પ્રસ્તાવના.

"या सौन्दर्यगुणान्विता पतिरता सा कामिनी कामिनी ॥"

* * * *

આજે ઘણા સમયને અંતરે આ 'ગુલસાના' નામક એક અપૂર્વ ઘટનાપૂર્ણ નવલકથા અમારી કથાકુંજ-નવલકથામાળાના ગ્રાહકોના કરકમળમાં મૂકવામાં આવે છે. જો કે આ નવલકથા અમે અમારા પ્રિય ગ્રાહકોને જે સમય દરમ્યાન પહોંચાડવા જણાવ્યું હતું, તે સમય ઉપરાંત ઘણો વખત વીતી ગયો છે, અને અમે નિરૂપાયે અનિયમિતતાનો અપરાધ અમારે શિરે ગ્રહણ કર્યો છે; તો પણ અમારા શિર ઉપર પ્રેમી પાઠકોએ જે અપરાધ મૂકયો છે, તે અપરાધ થોડા સમયમાંજ દૂર કરી અમારી નિયમિતતા સાચવવાનો યથાશક્તિ યત્ન કરીશું. તો પ્રિય ગ્રાહકોને અમારી એ નમ્ર પ્રાર્થના છે કે, તેમણે કોઈ પણ પ્રકારે અધીરા થવું નહિ. હમેશાં **श्रेयांसि बहु विघ्नानि** એ સુત્ર અનુસાર અમારે અમારા આ સાહિત્યસેવાના કાર્યમાં અનેક વિઘ્નો વેઠીને પાર ઉતરવું પડે છે, અને 'જેને વીતી હોય તે જાણે' એ નિયમ પ્રમાણે અમારી વીતી અમે અમારા મનમાંજ રાખીએ છીએ. વળી **ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસના માલીકે** ત્વરાથી ગુલસાનાનો દ્વિતીય ખંડ છપાવી આપી તૈયાર કરી આપ્યો છે, અને તેને પરિણામે આ પુસ્તક ગ્રાહકોના કરકમળમાં મૂકતાં અમે એમને પણ અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

જો કે આ નવલકથા ઐતિહાસિક હોવાનું અમે જાહેર કર્યું

છે; પરંતુ એટલું તો કહેવું પડશે કે, આ નવલકથાનો સઘળો પ્લૉટ કલ્પિત છે, તથા આ કલ્પિત પ્લૉટમાં કેટલાંક ઐતિહાસિક પાત્રો, જેવાં કે, અકબરશાહ, બાજબહાદુર, રૂપમતી બેગમ તથા મહાત્મા શાહજલાલ વગેરેનું મહત્વપૂર્ણ ચરિત્ર દર્શાવવાનો યથાશક્તિ યત્ન સેવવામાં આવ્યો છે. ઉપરોક્ત પાત્રો સિવાય બીજાં કેટલાંક પાત્રો જેવાં કે, ઇસ્કાન્દારખાન, ગુલસાના, કુલસમ, શેખજી વગેરે કલ્પિત છે. સર્વ પાત્રોના ચરિત્રને બરાબર ન્યાય આપી શકાયો છે કે કેમ એ વિચારવાનું કામ સુજ્ઞ પાઠકોનું છે.

ઇંગ્લેંડના સુપ્રસિદ્ધ નવલકથાકાર વિલ્કી કોલિન્સની લેખનશૈલીને અનુસરતી લેખનશૈલીનો આ નવલકથામાં ઉપયોગ કરવામાં આવ્યો છે; તથા આ નવલકથાનો પ્લૉટ બંગભાષાના સુપ્રસિદ્ધ ગ્રંથકાર શ્રી. હરિસાધન મુખોપાધ્યાયના એક પુસ્તક ઉપરથી લેવામાં આવ્યો છે; જો આ નવલકથા જનસમાજના આદરને પાત્ર નિવડશે તો ભવિષ્યમાં આવા પ્રકારની નવલકથાઓ જનસમાજની સેવામાં સાદર કરવામાં આવશે.

આ નવલકથા વાંચીને પાઠક, પાઠિકાઓને આનંદ પ્રાપ્ત થવા ઉપરાંત જ્ઞાનની પ્રાપ્તિ પણ થાય તેમ છે. બોધક હેતુથી આ નવલકથાનું પ્રત્યેક પૃષ્ઠ પરિપૂર્ણ છે. દેવાંગના જેવી સતી શીયળવતી સાધ્વી ગુલસાનાનું ચરિત્ર ભારતીય પ્રત્યેક રમણીને માટે અનુકરણીય છે, પ્રેમને બદલે હવસમાં ફસાતા પુરૂષોની કેટલી બધી દુર્દશા થાય છે, તે ઇસ્કાન્દારખાનના ચરિત્ર ઉપરથી બરાબર સમજી શકાય છે, રૂબિયાનો દૈવી પ્રેમ પ્રત્યેક રમણીએ ઉદાહરણ લેવા યોગ્ય છે, અકબરશાહની ઉદારતાનો આ નવલકથા વાંચવાથી કાંઇક પરિચય પ્રાપ્ત થાય છે, શાહજલાલ મહાત્મા જેવા સંસારની માયાથી દૂર રહેનાર મહાત્મા પુરૂષ પણ પોતાના શિષ્યને સહાયતા કરી કેવી રીતે તેની

ઉન્નતિ કરે છે, એ પ્રકાર પણ અતિ આકર્ષક છે; અર્થાત્ આ નવલ કથામાં શિખવા જેવા એક નહિ પરંતુ અનેક વિષયો છે. હેતુ વિનાનું કાર્ય તે કાર્ય નથી, તેવી રીતે હેતુશૂન્ય નવલકથા તે નવલકથા નથી. આ નવલકથામાંના હેતુઓને ઉત્તમ પ્રકારે સિદ્ધ કરી શકાયા છે કે કેમ તેનો નિર્ણય કરવાનું કામ પ્રિય પાઠકો તેમજ ઉદાર સમાલોચકોનું છે.

આ નવલકથાના પ્રયોજકની બીમારીને લીધે, કેટલાંક પ્રેસોની અગવડતાને લીધે, તેમજ યુરોપીય મહાવિગ્રહને પરિણામે ઉપસ્થિત થએલી કેટલીક અડચણોને લીધે આ નવલકથા પ્રસિદ્ધ કરવામાં જે વિશેષ વિલંબ થયો છે, તે માટે ઉદારવૃત્તિના ગ્રાહકો ક્ષમાદૃષ્ટિથી અમારા તરફ જોશે, અને અમારા આ કાર્યમાં યથાશક્તિ સહાયતા તન મનથી કર્યા કરશે એવો અમને સંપૂર્ણ વિશ્વાસ છે.

આ પુસ્તક જે સ્નેહીવર્યને અર્પણ કરવામાં આવ્યું છે, તેમણે પણ આ નવલકથામાળા તરફ પ્રથમથી તે અત્યાર સુધી અસાધારણ માયા મમતા દર્શાવી છે, તેથી તેમનો પણ આ સ્થાને અંતઃકરણ-પૂર્વક આભાર માનવામાં આવે છે.

હવે અમારી છેવટની પ્રાર્થના એ છે કે, આ માળાનો બહોળો પ્રચાર કરવાની પ્રત્યેક ગ્રાહક તથા વાચક બંધુએ કૃપા કરવી. આમ કરવાથી તેમને માત્ર સાહિત્યસેવા બજાવ્યાનું પુણ્ય પ્રાપ્ત થશે એટલુંજ નહિ; પરંતુ દેશસેવા બજાવ્યાનું પણ મહત્ પુણ્ય પ્રાપ્ત થશે. તો આશા છે કે પ્રત્યેક ગ્રાહકબંધુ વધારે નહિ તો માત્ર બબ્બે ગ્રાહકો કરી મોકલવાની અમારી પ્રાર્થનાને લક્ષ્યમાં લેશેજ.

હવે પછી આ માળાનાં પ્રથમ વર્ષનાં બે પુસ્તકો **૧. સંસાર-ચિત્ર** અને **૨. મિલનમંદિર** પ્રસિદ્ધ થશે. **સંસારચિત્ર** પ્રેસમાં છાપવાને આપી દીધું છે. જેમ બને તેમ ત્વરાથી એ પુસ્તક ગ્રાહકોને પહોંચાડવામાં આવશે.

હજી પ્રથમ વર્ષના ગ્રાહક થનાર બંધુઓને પણ માત્ર પ્રથમ પુસ્તક **નવીન સંન્યાસી** કે જે માત્ર ૧૨૫ પૃષ્ઠનું છે, તે સિવાયનાં બીજાં બધાં પુસ્તકો પહોંચાડવામાં આવશે, અને તેમની પાસેથી પ્રથમ પુસ્તકની વાર્ષિક ફાળે ૦–૨–૩ કીંમત કાપીને એટલે કે વી. પી. પો. સાથે રૂ. ૨–૧–૦ ને બદલે રૂ. ૧–૧૫–૦ નું વી. પી. મોકલવામાં આવશે. **માટે હજી પણ જે બંધુઓની ગ્રાહક થવાની ઇચ્છા હોય તેમણે કૃપા કરી અમને લખી જણાવવું.**

અમારા આ સાહિત્ય સેવાના કાર્યમાં સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવનાર ઉદાર સદ્‌ગૃહસ્થ શ્રીયુત અમૃતલાલ ભવાનભાઈ કંટ્રાક્ટર રાજકોટ-નિવાસીનો પણ અમે આ સ્થાને હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અંતે અમારી આ નવલકથામાળાનો વિશેષ પ્રચાર કરનારા એજંટો, બુકસેલરો, બદલામાં જાહેર ખબર સ્વીકારનારા સંપાદકો, તેમજ બીજા કાર્યસહાયકોને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપી વિરમીએ છીએ.

અમદાવાદ.
તા. ૨૫–૩–૧૫.

વ્રજલાલ જાદવજી ઠક્કર.
મેનેજર, કથાકુંજ—નવલકથામાળા.
અમદાવાદ.

અભિપ્રાયાર્થે પુસ્તકો મોકલનારને વિનંતિ.

જે જે બંધુઓએ અમારી તરફ પોતાનાં પુસ્તકો અભિપ્રાયાર્થે મોકલી આપ્યાં છે, તેમનાં પુસ્તકોનું અવલોકન હવે પછી પ્રકટ થનારી નવલકથા '**સંસારચિત્ર**' માં પ્રસિદ્ધ કરવામાં આવશે. સ્થળ સંકોચને લીધે આ નવલકથામાં અમે અભિપ્રાયાદિ પ્રસિદ્ધ કરી શક્યા નથી તે માટે તેમની ક્ષમા ચ્હાઇએ છીએ. **મેનેજર.**

ગુલસાના.

પ્રથમ ખંડ.

છબીની કીંમત!

પ્રથમ પરિચ્છેદ.

"આ છબી વેચવાની છે કે ડોશી ?"

"શા માટે ના વેચું ભાઇ ? વેચવાને તો બેઠી છું."

ચાંદની ચોકની એક દુકાનની પાસે આવેલી ગલીના નાકા આગળના રસ્તા પર એક ઘરડી સ્ત્રી કેટલીક છબીઓ વેચવા બેઠી હતી, અને હું ઘોડેસ્વાર થઇને શહેરમાં ફરવા નીકળ્યો હતો. મ્હારો લશ્કરી પોષાક જોતાંજ એ વૃદ્ધા સ્ત્રી કાંઇક ગભરાઇ ગઇ. હું ઘોડા ઉપરથી નીચે ઉતરવાની તૈયારી કરતો હતો; એટલામાંજ એ સ્ત્રી બે ચાર સુંદર છબીઓને પોતાના હાથમાં લઇ મ્હારી પાસે આવી.

એ સ્ત્રી જે બે ચાર છબીઓ લઇને મ્હારી પાસે આવી તે

સઘળી સ્ત્રીઓની હતી. હું એ અપ્સરાઓ જેવી દેખાતી સ્ત્રીઓની સુંદર છબીઓને જોઇ મુગ્ધ બની ગયો. કેટલાક સમય પછી સ્મિત કરતાં કરતાં મ્હેં પ્રશ્ન કર્યો:—" આ છબી કોની છે ? "

વૃદ્ધા સ્ત્રીએ ઉત્તર આપ્યો:—" એ છબી અજમેરના પ્રખ્યાત અમીર હબીબુલ્લાખાનની પુત્રીની છે. "

" અને આ કોની છે ? " મ્હેં એક બીજી છબી તરફ આંગળી કરી પ્રશ્ન કર્યો.

" એ જિન્નતબીબી—આ શહેરની પ્રખ્યાત નાયિકાની છે. " ઉત્તર મળ્યો. જિન્નતબીબીને હું ઓળખતો હતો. આગ્રાના ઘણા અમીર ઉમરાવો એને ઓળખતા હતા. જિન્નત—સુંદરી અતિ સુ-રૂપા, સુકેશી લાવણ્યમયી હતી. અનેક અમીર ઉમરાવો પાસેથી અપાર દ્રવ્ય પડાવી તે પોતાની સુંદરતા વેચતી હતી મ્હેં પ્રશ્ન કર્યો:—" આ બે છબીઓની શી કીંમત છે ? "

વૃદ્ધા સ્ત્રીએ સલામ કરી ઉત્તર આપ્યો:—" આપ નામદારને હું માત્ર દશ દશ સોના મહોરો લઇ આ બન્ને છબીઓ આપીશ."

હું નવયુવક હતો, અને તેમાં પણ હાથમાં અતિ સ્વરૂપવતી છબીઓ મળી આવી હતી તેથી એ વૃદ્ધા સ્ત્રીએ પણ આ સુયોગને જવા દીધો નહિ. મ્હેં મ્હારૂં માન સાચવવાને તરતજ તેને વીસ સોના મહોરો આપી.

લોભને વશ થઇ બુઠ્ઠી ડોસીએ એક ત્રીજી છબી પોતાના હાથ-માંથી મ્હારી આગળ ધરી કહ્યું:—" જનાબ ! આપ જેવા દિલાવર પુરૂષે તો આવી પાંચ સાત છબીઓ ખરીદવી જોઇએ કે જેથી આ ગરીબ સ્ત્રીનું પેટ ભરાય. આ છબી ઘણી સારી છે. "

તરતજ મ્હેં એ છબી હાથમાં લીધી. છબી જોતાંની સાથેજ મ્હેં મ્હારૂં ભાન ગુમાવ્યું-મ્હારી છાતી કંપી ઉઠી. પ્રાણ ચંચળ બની ગયો. આવી અપૂર્વ છબી પૂર્વે મ્હેં કદાપિ જોઇ નહોતી. કેવાં નેત્ર! કેવી આકર્ષક ભમર, કેવા ગુલેગુલાબી ગાલ! મ્હેં મનમાં વિચાર્યું:-"આ છબીની ઘણી કીંમત હશે. મ્હેં કીંમતનો પ્રશ્ન કર્યો કે, તરતજ કાંઇ પણ વિચાર કર્યા સિવાય એ વૃદ્ધા સ્ત્રીએ ઉત્તર આપ્યો:-"જનાબ! આ છબીની કીંમત માત્ર પાંચ ખાસડાં છે! કેમ હવે આપને લેવી છે?"

આશ્ચર્યની વાત! છબીની કીંમત પાંચ ખાસડાં! એ વૃદ્ધા સ્ત્રી સાથે મ્હારે ઠઠ્ઠા મશ્કરીની રીત નહોતી કે તે મ્હારી મશ્કરી કરે. તેનું મુખ મ્હને ઘણું ગંભીર જણાયું. મ્હેં પ્રશ્ન કર્યો:-" ખાસડાં મારશે કોણ?"

" જેની છબી છે તે."

" તેનું નામ શું છે?"

" હું જાણુતી નથી."

" આ છબી તમને ક્યાંથી મળી?"

" એક આબરૂદાર સ્ત્રીની દાસી પાસેથી."

" જેની છબી છે તેનું નામ કહો તો દશ મહોરો ઇનામ તરીકે આપું."

વૃદ્ધાએ કહ્યું:—"નામ કહું તો મ્હારે પાંચ ખાસડાં ખાવાં પડે; પરંતુ જ્યારે તમે દશ મહોરો ઇનામ આપો છો ત્યારે પછી હું એ ખાસડાંનો માર ખાઇ શકીશ. આ સુંદર લલનાનું નામ "ગુલશાના" છે. તે કોણ છે એ હું જાણુતી નથી."

" તો પછી તમે તેનું નામ કેવી રીતે જાણ્યું ?

" પેલી આબરૂદાર સ્ત્રીની દાસીએ કહ્યું હતું."

" તેણે તમારી પાસેથી આ છબીની કીંમત લીધી હતી કે ?"

" ના—"

" કેમ ?"

" મ્હેં તેની પાસેથી પાંચ છબીઓ લીધી હતી, તેથી તેણે આ છબી મ્હને ઇનામ તરીકે આપી હતી. તેણે કહ્યું હતું કે:—" ઘણા સાહસિક તથા પ્રેમિક પુરૂષ સિવાય પાંચ ખાસડાંની કીંમતે આ છબી કોઈ લેશે નહિં. એ વેચવાથી તમને કાંઇ મળશે નહિ એ સત્ય છે; પરં જે ખરીદશે તે સલાપી તરીકે તમને સારી રકમ આપશે."

મ્હેં હસીને કહ્યું:—"ઠીક છે; હાલ તો તમે તમારૂં ઠેકાણું કહો; હું તમને ફરીથી તમારે ઠેકાણે મળીશ."

વૃદ્ધા સ્ત્રીએ કહ્યું:—" હું આપને આ ઠેકાણેજ મળીશ; અને જો હું આ ઠેકાણે ન મળું તો આલિની મા છબીવાળીનું નામ આ સ્થળે કોઇને પણ પૂછશો તો તે તમને મ્હારૂં રહેઠાણ બતાવશે."

મ્હેં સ્મિત કરી કહ્યું:—"સારૂં; તેમજ થશે. આ લ્યો બે સોના મ્હોરો. છબીનું નામ કહ્યું તેના ઇનામમાં."

હું ત્યાર પછી તરતજ છબીઓ લઇ જલદીથી ઘેર જઇ પહોંચ્યો. ધિક્કાર છે મ્હને ! ધિક્કાર છે મ્હારા સુંદરતાના મોહને ! હું ઇસ્કાન્દારખાન. પાંચસો ઘોડેસ્વારોનો સરદાર. બાદશાહનો માનીતો સેનાપતિ. આમ છતાં હું એક રમણીની છબી જોતાંજ ભાન કેમ ભૂલી ગયો ? પાંચ ખાસડાં ખાવાની ઇચ્છાથી મ્હેં શા માટે આ વ્યાપાર કર્યો ?

૫

ઘેર જઇને જોયું તો મ્હારો જીવજાન મિત્ર અલીહુસેન મ્હારા દિવાનખાનામાં બેઠો બેઠો કૉફી પીતો હતો. મ્હને જોતાંજ તે બોલી ઉઠયો:—"કેમરે ઇસ્કાન્દારખાન ! આજે આટલો બધો ખુશ મિજાજમાં કેમ ?"

મ્હેં કહ્યું:—"દોસ્ત ! આજે તો એક આશ્ચર્યનો સોદો કરી આવ્યો છું. પાંચ ખાસડાંની કીમતે આ છબી ખરીદી લાવ્યો છું."

"ખરેખર તું દીવાનો છે !"

"દીવાનો થઇ જાઉં એમા શું આશ્ચર્ય ? સાચું કહે દોસ્ત! આવું રૂપ ત્હેં કદાપિ જોયું છે ?"

અલીહુસેને કૉફીનો છેલ્લો ઘુંટડો ગળે ઉતારી રહ્યા પછી કહ્યું:—"જ્યારે છાયા જોતાંની સાથેજ તું આમ દીવાનો બની ગયો છે તો પછી કાયા જોતાંની સાથે તો તું કેવોય બની જઇશ !" આમ કહી તે છબીને ધ્યાન દઇને જોવા લાગ્યો. ધીમે ધીમે તેના મુખે ગંભીર ભાવ ધારણ કર્યો. છેવટે તેણે કહ્યું:—"ઇસ્કાન્દાર ! તું બાદશાહનો સરદાર છે. જો આ રમણી મેળવવાની આશા રાખીશ તો પ્રાણ ગુમાવીશ."

"કેમ ?"

"આ એક રાજદ્રોહીની સ્ત્રી છે. એનું નામ ગુલસાના ફરિખુન્નીસા છે. તેના સ્વામીનું નામ હું ભૂલી ગયો છું."

"ત્હેં એને ઓળખી કેવી રીતે ?

અલીએ ઉત્તર આપ્યો:—"હું રખડતો માણસ છું. દિવસે દિવસે નવાં નવાં માણસોના સહવાસમાં આવું છું. આ જીવતી પ્રતિમાને મ્હેં કોઇ સ્થળે અવશ્ય જોઇ છે."

"એમ તેમ હોય પરંતુ હું તેને મેળવવાનો યત્ન કરીશજ."

"ખરેખર! તું ઘણો દીવાનો છે!"

"ભલે તું દીવાનો કહે યા તો શાણો કહે, તેની મ્હને પરવા નથી. આ ગુલબદનની જીવતી છબીનાં દર્શન કરવાના બદલામાં હું મ્હારો પ્રાણ પણ આપવાને તૈયાર છું. યોદ્ધો પુરૂષ માતથી ડરતો નથી! દોસ્ત! યાદ રાખજે કે હું આ સુંદર મૂર્તિનાં દર્શન કરવાને ભાગ્યશાળી થઇશજ."

"હું તને કદાપિ આવા ભયંકર માર્ગે જવા દઇશ નહિ. આ છબીને હું ફાડી—"

ખરેખર, અલ્લી એ છબી ફાડી નાખવાને તૈયાર થયો હતો; પરંતુ હું આગ્રહથી બોલી ઉઠયો:—"તને અલ્લાના કસમ છે? છબી ફાડી નાખીશ નહિ."

અલ્લી ચિંતાતુર ચિત્તે મ્હને છબી પાછી આપી દિલને બહેલાવવાને માટે સુગંધિત શરબત પીવા લાગ્યો.

આવા સમયે એક સ્વારે આવીને મ્હારા હાથમાં એક પત્ર મૂકયો. પત્ર વાંચ્યો. મ્હેં વખત નહિ ગુમાવતાં તેને એ પત્રનો ઉત્તર લખી આપી મ્હોડેથી કહ્યું કે:—"જહાંપનાહને મ્હારા તરફથી નિવેદન કરજે કે હું વિના વિલંબે આવું છું."

અલ્લીએ પ્રશ્ન કર્યો:—"શું છે ઈસ્કાન્દાર?"

મ્હેં ઉત્તર આપ્યો:—"થોડો સમય બેસ. બાદશાહ નામવરે મ્હને પોતાની હુજૂરમાં બોલાવ્યો છે."

દ્વિતીય પરિચ્છેદ.

અકબર બાદશાહના દિવાનેખાસની શોભાનું વર્ણન કરવું એ શક્તિ બહારનું કામ છે. જે વસ્તુઓની જે સ્થળે જરૂર જેવું છે, તે તે વસ્તુઓ તે તે સ્થળે સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી હતી. જમીન ઉપર કીંમતી ગાલીચો બિછાવવામાં આવ્યો હતો. અનેક સુખાસનો જેવાં કે વિરામાસનો, આરસનાં ટેબલો, સુંદર ખુરસીઓ વગેરેની પણ ખોટ નહોતી. અનેક પ્રકારનાં પુષ્પો જેવાં કે જાઇ, જુઇ, ગુલાબ, મોગરો, બોરસલી વગેરેથી આખા દિવાનેખાસમાં એટલી બધી સૌગંધ ફેલાઇ રહી હતી કે ત્યાં એક ક્ષણ માત્ર બેસતાંજ મસ્તક ઘણું શીતળ અને શાંત થતું હતું. આ દિવાનેખાસની અંદર એક સુકોમળ વિરામાસન ઉપર અકબર બાદશાહ બેઠા હતા. સમ્રાટ્‌ની સામે થોડે દૂર એક થાકી ગયલો, ચિંતાતુર બની ગયલો સૈનિક પુરૂષ ઉભો હતો, સમ્રાટ્ પણ ચિંતાતુર હોય એમ જણાતું હતું. મૌનનો ભંગ કરીને અકબરશાહે કહ્યું—“ ત્યારે હાલ તે ઇદલ મહેલમાં વાસ કરે છે કેમ ? કેવો દુષ્ટ ! મ્હારી તરફ જે આવાં વચનો ઉચ્ચારે તેને શું પોતાના જીવનની ચિંતા નહિ હોય ? ”

ઉભા રહેલા સૈનિકે મસ્તક નમાવી કહ્યું:—“ જહાંપન્નાહ ! જીવનની ચિંતા તો જાણે દૂર રહી; પરંતુ ભય કોને કહે છે એ સુદ્ધાં તે જાણતો નથી. હું જ્યારે પાછો આવવા તૈયાર થયો ત્યારે ફરીથી તેને મળ્યો હતો; પરંતુ તેણે પોતાનો ઉદ્ધતાઇ તેમજ ગર્વ ભરેલો ઉત્તર ફેરવ્યો નહોતો. એણે ઉચ્ચારેલા શબ્દો આપ નામદાર આગળ કહી સંભળાવતાં મ્હારી જીભ ખેંચાઇ જાય છે ! ”

અકબરશાહે કહ્યું:—“ કોઇ પણ જાતનો ભય નથી. તુ સઘળું

સ્પષ્ટ કહી દે. તું માત્ર હુકમનોજ નોકર છે; એમાં ત્હારો શો દોષ ?"

સૈનિક પુરૂષે કહ્યું:—"આપે આપેલો ભેટનો સામાન તથા તરવાર બન્ને મ્હેં તેની આગળ મૂક્યાં તો તેણે માત્ર તરવાર ઉંચકી લીધી."

અકબરશાહે પ્રશ્ન કર્યો:—ત્યાર પછી ?"

"ત્યાર પછી તેણે જુસ્સાથી કહ્યું: 'ત્હારા સમ્રાટને કહેજે કે હિંદુસ્થાન ઉપર જે પ્રમાણે તમારો અધિકાર છે, એવો મારો પણ અધિકાર છે. તે મુસલમાન છે; હું પણ મુસલમાન છું. તેઓ દુર્બળ હસ્તે તરવાર પકડતા નથી, તેમ મ્હારી તરવારનું તેજ પણ તેમણે જોયું છે. હું કદાપિ બાદશાહને મ્હારાથી મોટા ગણનાર નથી. ચિત્તોડના રાજપૂતોએ તેમની જેવી દશા કરી હતી તેવીજ તેમની હું માળવામાં દશા કરનાર છું. એક દિવસે માળવાની ભૂમિ બીજા હળદીઘાટ તરીકે ઓળખાશે."

ક્રોધથી અકબરશાહનું મુખમંડળ લાલચોળ બની ગયું. બાદશાહની છછેડાયલા નાગના જેવી ભયંકર સ્થિતિ જોઇ સૈનિક બિચારો ભયની ભાવનાથી ધ્રુજી ઉઠયો. તેણે કંપિત સ્વરે કહ્યું:—"જહાંપન્નાહ! આ ગુલામનો શો અપરાધ છે ?"

ક્રોધને શાંત કરી અકબરશાહે કહ્યું:—"ત્હારો અપરાધ કાંઇ નથી; પરંતુ રાજદ્રોહીને કેવું ભીષણ દુઃખ ભોગવવું પડે છે તે હમણાંજ ત્હારા જાણવામાં આવશે. મ્હારૂં જેણે આટલું અપમાન કર્યું છે તેને જીવતો ને જીવતો માટીમાં દાટયા સિવાય મ્હારા ક્રોધની આગ શાંત થાય તેમ નથી. ઇસ્કાન્દારખાન આવ્યા છે ?"

દિવાનેખાસની પાછળથી હું આમ રીતે ઉપરની સઘળી હકીકત

સાંભળતો હતો. તરતજ મ્હેં દિવાનેખાસમાં પ્રવેશ કરી બાદશાહને કુરનસ બજાવી.

મ્હને ત્યાં આગળ આવેલો જોઇ એકાએક કોણ જાણે કે શાથી પેલો સૈનિક પુરૂષ ચમકી ઉઠયો. મ્હારા મુખ તરફ જોતાંજ તે શું કરવું તેના મ્હોટા વિચારમાં પડી ગયો.

ચતુર અકબરશાહે સૈનિકના મુખ ઉપર થયેલા ફેરફારને જાણી જઇ પ્રશ્ન કર્યો:—"નિજામતઅલી ! શો પ્રકાર છે ?"

નિજામતઅલીએ ઉત્તર આપ્યો:—"એ માણસોનાં મુખ આટલાં બધા મળતાં આવે એવો પ્રકાર તો આજે જ મ્હારી નજરે પડયો. આ યુવકને જોતાંજ તે નજીફઅલ્લી સોહાણી છે એવો મ્હને ભ્રમ થયો હતો."

બાદશાહે પ્રશ્ન કર્યો:—"શું નરાધમ સોહાણીનું મુખ બરાબર ઇસ્કાન્દારખાનના મુખ જેવું જ છે?"

સૈનિકે કહ્યું:—"નામવર ! આવું મળતાપણું તો સમગ્ર વિશ્વમાં મ્હેં કોઇ પણ સ્થળે જોયું નથી."

બાદશાહે ઉત્તેજિત સ્વરે કહ્યું:—"શરબત ! શરબત !"

તરતજ એક ગુલબદન દાસી સોનાના પ્યાલામાં શરબત લઇ આવી. સમ્રાટે શરબતને પી જઇ ખાલી પ્યાલો દાસીના હાથમાં પાછો આપ્યો. ત્યાર પછી તેમણે મ્હારા તરફ દૃષ્ટિ કરી. મ્હેં ફરીથી કુરનસ બનાવી, તથા તેમના શબ્દોને ઝીલી લેવા હું આતુર બની નમ્રતાથી ઉભો રહ્યો.

અકબરશાહે કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! તમારી પ્રતિભા, શૌર્ય, વીર્ય વગેરે મ્હારાથી અજાણ્યું નથી. માળવાના યુદ્ધક્ષેત્રમાં તમે

મ્હારી પાસે રહીને જે શક્તિ તેમજ સાહસ દર્શાવ્યું છે તેના પુરસ્કાર તરીકે જ તમને અત્યારે આ પદવી પ્રાપ્ત થઇ છે. હું એક જરૂરનું કામ તમને સોંપું છું કે, કાલે ને કાલે તમે પચાસ સૈનિકો સાથે લઇને કોઇ પણ પ્રકારની ગરબડ કર્યા સિવાય સોહાણીને પકડી લાવવા વિદાય થાઓ. જો તમે એને જીવતો લાવી મ્હારી આગળ હાજર કરશો તો તમને તેનું ઘણું સારૂ ઇનામ આપવામાં આવશે, તથા તમારો દરજ્જો ચઢતો થશે; પરંતુ મ્હેં સાંભળ્યું છે કે તેની સ્ત્રી ઘણી સાહસિક તથા બુદ્ધિવાન્ છે. એને પ્રથમ કેદ કર્યા સિવાય તમે તેના સ્વામીને કદાપિ પકડી શકનાર નથી. પ્રથમ તેનેજ કેદ કરજો; પરંતુ સાવચેત રહેજો ! તેની મર્યાદા બરાબર જાળવજો. એ સિંહણને ઘણી ચતુરાઇથી પકડવાની છે. બોલો આ કામ તમારાથી થઇ શકશે કે ? ”

સમ્રાટ્‌ની આજ્ઞા સાંભળતાંજ હું કાંઇક ચમકી ઉઠયો; પરંતુ હું ભયથી યા તો વિસ્મયથી ચમકી ઉઠયો નહિ. આ કાર્ય મ્હારે માટે કાંઇ મુશ્કેલી ભર્યું નહોતું. સમરક્ષેત્રમાં શત્રુની છાતીમાં તરવારનો ઘા કરવાને હું સમર્થ હતો. આજુબાજુ વિંટળાઈ વળેલા દુશ્મનોમાંથી ઘોડેસ્વાર થઇ નિર્ભયતાથી પસાર થઇ જવામાં મ્હને લેશ પણ અડચણ જણાતી નહિ; પરંતુ આ યુદ્ધ તે શત્રુ સાથેનું યુદ્ધ નહોતું ! આ પ્રકારમાં તો એક રમણી રહેલી હતી ! નૂતન જીવનમાં યશનો દીપક લઇ સવ કર્મક્ષેત્રમાં આગળ વધે છે; પરંતુ આ સમય મ્હને મ્હારી કીર્તિનો દીવો હોલવી નાખે એવો જણાયો. એક સ્ત્રીની સાથે હું વીર પુરૂષ પ્રપંચ કરૂં ?

મ્હને મ્હારા જીવ ઉપર તિરસ્કાર પેદા થયો. મ્હેં વિચાર્યું:— “ ધિક્કાર છે મ્હને ! એક સાધારણ રમણીની ચતુરાઇની જાળને

ભેદી નાખી જો હું તેને કેદ ન કરી શકું તો પછી મ્હારૂં બળ આવી રહ્યું. મ્હારા વીરત્વની પરીક્ષા થઇ ચુકી ! ”

અભિમાનથી હું ભાન ભૂલી ગયો. દાંતથી ઓષ્ઠને પીસતો પીસતો હું આત્મનાશના માર્ગ તરફ આકર્ષાયો. મ્હેં વિચાર્યું:— “ મ્હારા જેવા એક યોદ્ધાની આગળ એ એક સાધારણ અબળાની શી ચતુરાઇ ચાલવાની હતી ! ” જો આવો વિચાર કરતી વખતે મ્હારામાં ભવિષ્ય જાણી શકવાની શક્તિ હોત તો હું ભવિષ્યમાં દુઃખના દાવાનળમાં ના બળી મરત.

મ્હને વિચારમગ્ન અવસ્થામાં જોતાંજ અકબરશાહે મશ્કરી કરતા હોય એવા સ્વરે કહ્યું:—“ ઇસ્કાન્દાર ! ઇસ્કાન્દાર ! તમે ભય પામોછો ! તમેજ હળદીઘાટના યુદ્ધમાં શાહજાદા સલિમની ડાબી બાજુની રક્ષા કરી હતી ને ? હું તમારી શક્તિ, સાહસ અને તિક્ષ્ણ બુદ્ધિ ઉપર ભરોસો રાખુંછું, તેથીજ તમને આ કાર્ય સોંપુંછું. જાહેર યુદ્ધમાં હું સોહાણીને પકડી શકું તેમ નથી. લઢાઇમાં જો કે તેનો પરાજય થાય તો પણ તે મ્હારો કેદી નાજ થાય. એવો પ્રસંગ આવે તો તે ઝેર ખાઇને મરી જાય. મ્હારે સોહાણી તથા તેની સ્વરૂપવતી સુંદરી જોઇએ છીએ. એ ગુલે ગુલાબ મ્હારા રંગમહેલની દાસીની દાસી બનશે. ”

સૈનિક પુરૂષને વિશ્રામ લેવાનું કહી બાદશાહ દિવાનેખાસમાંથી વિશ્રામાલયમાં ચાલ્યા ગયા. જતી વખતે તેમણે કહ્યું:—“તમે અહિંથી રવાના થવાનો સરળ માર્ગ આ રાજદૂત પાસેથી જાણી લેજો; પરંતુ યાદ રાખજો કે થયેલી આજ્ઞાને પાળી શકશો નહિ તો તમારે તેનું ઘણું ભીષણ પરિણામ ભોગવવું પડશે. ”

બાદશાહ ચાલ્યા ગયા. હું પણ રાત્રે સૈનિક પાસેથી આવશ્યક માહિતી મેળવી લઇ ઘેર આવી પહોંચ્યો. કોણ જાણે કે શાથી આજે મ્હારા જીવને બિલકુલ ચેન પડતું નહોતું. છતાં મ્હારી આવી બે-ચેન અવસ્થામાં પણ હું મ્હારા અંગરખામાં રાખેલી સુંદરીની છબીને ભૂલી ગયો નહોતો. એ છબીને મ્હેં એક બે વખત જોઇ અને તેથી-જ મ્હારા પ્રાણમાં એક પ્રકારના ઉત્સાહે, તથા એક પ્રકારની શાંતિએ સંચાર કર્યો.

અરેરે ! શું જીવની આશા પૂરી થશે નહિ ? આ અપરૂપ રૂપવતી સુંદરી કોણ છે ! શું હું તેની સજીવ મૂર્ત્તિનાં એક પણ વખત દર્શન કરી શકીશ નહિ ! અરેરે ! રમણીના રૂપ ! ત્હારાથી જે ન થઇ શકે તે થોડુંજ છે. અરેરે ! મ્હેં ઉન્મત્તતાના સાગરમાં શા માટે ઝંપલાવ્યું ?

મનમાં ચિંતા, મુખપર ઉદ્વેગ, હૃદયમાં ઉત્તેજના અને પ્રાણમાં વ્યાકુળતાને લઇ હું મ્હારા દિવાનખાનામાં જઇ પહોંચ્યો. છતાં મ્હારા વિચારો તો બંધ પડયાજ નહોતા. શું હું સોહાણીને કેદ કરી શકીશ નહિ ? હું ઇસ્કાન્દારખાન—પાંચસો ઘોડે સ્વારોનો સરદાર. મ્હારા ભાગ્યચક્રને લીધે મ્હારે શિરે સોહાણીને કેદ કરવાનો અને તેને પરિણામે તેની પત્નીને દુઃખી કરવાનો પ્રસંગ આવી ચઢયો છે.

નોકરને હુક્કો તૈયાર કરવાનું ફરમાવ્યું. ત્યાર પછી એક પ્યાલો કૉફી પીને ચિત્તની ઉત્તેજના કાંઇક અંશે દૂર કરી. ત્યાર પછીથી મ્હેં ફરીથી પેલી સુરસુંદરીની છબી બ્હાર કાઢી, અને હું એક નજરે તેનું અવલોકન કરવા લાગ્યો. અરેરે ! શું હું ઉન્મત્તજ બની ગયોછું કે !

હોશિયાર હકીમો ! તમે કહી શકશો કે રૂપનો મોહ અને રૂપની ઉન્મત્તતા એ બન્ને એકજ પ્રકારના વ્યાધિ છે કે નહિ ? રૂપમાં દીવાનો બનેલો મનુષ્ય વિશ્વની સકળ ચીજોમાં કિન્નગળ રૂપની જ્યોતિ જોઇ શકે છે કે નહિ ? પંડિત મહાશયો ! તમે કહી શકશો કે જ્યાં રૂપનો મોહ છે ત્યાં નિઃસ્વાર્થ પ્રેમ જન્મ પામે છે કે નહિ ? ભયંકર વંટોળિયામાં ન્હાના ન્હાના છોડવા ટકી શકે છે કે નહિ ?

હું છબી જોઇ રહ્યો હતો. મ્હેં વિચાર્યું કે, આ વિશ્વમોહિની ઉન્માદગ્રસ્ત કરી દેનારી, સૌંદર્યમયી રમણીનું અસ્તિત્વ છે કે નહિ ? આ સુંદર છાયાની કાયા છે કે નહિ ?

એક વખત મ્હેં વિચાર્યું:—"આગ્રા શહેરમાં મ્હારા જે સ્નેહીઓ છે તેમને સર્વને આ છબી બતાવી પૂછી જોઇશ કે:—" કહી શકશો કે આ વિશ્વમોહિની કોણ છે ? " વળી પુનઃ એવો વિચાર આવ્યો કે, જો હું પેલા આલિની માને કે જેણે મ્હને આ છબી આપી છે તેને પંદર સોના મહોરો આપું તો તે આ સુરસુંદરીનું ખરૂં સ્થાન બતાવશે કે કેમ ?

મ્હારા માથા ઉપર જે ગંભીર કાર્યનો ભાર મૂકવામાં આવ્યો હતો તે હું ભૂલી ગયો. જે કઠોર કર્તવ્યનું આવતી કાલે સ્હવારેજ મ્હારે પ્રતિપાલન કરવાનું છે તે કર્તવ્ય હું ભૂલી ગયો, હું આ વિશ્વમોહિનીના રૂપ આગળ મ્હારા માન, જીવન, મરણ સર્વને ભૂલી ગયો.

અરેરે ! હવે સહન કરી શકતો નથી. કલ્પનાની સાથે શક્તિની પરીક્ષા કરવામાં હાર પામ્યો. મ્હારી પાસેજ ટેબલ ઉપર એક રકાબીમાં થોડાં ગુલાબનાં પુષ્પો પડયાં હતાં. તેઓ જાણે મ્હારી મશ્કરી કરતાં હસતાં હોય એમ મ્હને લાગ્યું. ગુલાબની સુગંધી ચારે દિ-

શાએ ફેલાઇ રહી હતી. મ્હને એમ લાગ્યું કે આ સુવાસ તે મ્હારા હાથમાંની પ્રતિમાનીજ સુવાસ છે. દિવાનખાનાને પ્રકાશિત કરતો દીપક બળતો હતો. મ્હને એમ લાગ્યું કે, એ દીવાના રૂપની જ્યોતિ પણ આ પ્રતિમાના અપૂર્વ રૂપના અંશ સમાન છે. મ્હેં અશાંત ચિત્તને શાંતિ આપવાને માટે દાસીને શરબત લાવવાનો હુકમ કર્યો.

તરતજ દાસી શરબત લઇ આવી, અને એક સુવર્ણનો પ્યાલો ભરી મ્હારી આગળ ધર્યો- વિના વિલંબે મ્હેં એ પ્યાલાને ન્યાય આપ્યો. ત્યાર પછી પાછો દીવાનાની માફક વ્હાલી છબીનું દર્શન કરવા લાગ્યો. કાંઇ વિચાર આવતાં મ્હેં દાસીને એ છબી બતાવી પ્રશ્ન કર્યો:—"સાકિ! તું કહી શકીશ કે આ છબી કોની છે?"

દાસીએ કાંઇ ઉત્તર નહિ આપતાં સ્મિત હાસ્ય કર્યું. હું દીવાનો બની ગયો છું એમ સમજી તે સલામ કરી ધીમે ધીમે ચાલી ગઇ!

શરબત પીવાથી મ્હારૂં ચંચળ ચિત વધારે ચંચળ બન્યું. શયનાલયમાં જઇ પથારીમાં પડી હું આકાશ પાતાળના વિચારો કરવા લાગ્યો. ત્યાર પછી ઉંઘી ગયો. આ ઉંઘમાં પણ સુખસ્વપ્નથી વિભોર બની ગયો.

કેવું ચમત્કારિક સ્વપ્ન! સ્વપ્નમાં—એ આવી છે. દેહમાં, મુખમાં, છાતીમાં, એ સુંદર સુંદરીની પ્રતિમાએ નિવાસ કર્યો હોય એમ જણાયું. મશ્કરીનું સ્મિત હાસ્ય કરતી કરતી એ જાણે મ્હને કહે છે કે:—"આ શું? તમે વીર પુરૂષ છો ને? તો પછી આમ દીવાના કેમ બની જાઓછો?" આ તિરસ્કાર કરવાથી પણ જાણે કે, એ તૃપ્ત થઇ નહિ. કાળા નાગની ફણા જેવા કેશકલાપમાં ગુંથેલાં ગુલાબનાં પુષ્પો કાઢી તેણે મ્હારા ઉપર નાખ્યાં. ત્યાર પછી

તેણે કહ્યું:–" આ જુઓ! હું તમારી પાસેજ છું. દીવાના પ્રેમી! મ્હને પકડી શકશો કે ?"

મધ્યરાત્રિએ શરબતનું ઘેન ઉતર્યું–સ્વપ્ન ઉડી ગયું. ત્યાર પછી ઉઠીને જોયું તો નોકર ભોજન સામગ્રી મૂકી ગયો હતો. ખાવાની ઇચ્છા નહોતી; તેમજ ખાઇ પણ શક્યો નહિ. રાત્રિનો ત્રીજો પ્રહર પૂર્ણ થવા આવ્યો હતો. સમ્રાટ્‌ના ફરમાનથી પ્રભાતમાંજ સોહાણીને કેદ કરવા જવું પડશે. મ્હેં મુસાફરીની સઘળી તૈયારી કરી નાંખી.

ત્યાર પછી ફરીથી નિદ્રા આવી. આ નિદ્રામાં પણ ફરી સ્વપ્ન જોયું. સ્વપ્ન પૂર્ણ થતાંજ હું જાગ્રત થયો. પ્રભાતકાળ થયો હોવાથી અલ્લાનું નામ લેતો લેતો હુ ઉઠયો. બ્હાર છજામાં જઇને જોયું તો બાદશાહના ફરમાન પ્રમાણે પચાસ ઘોડેસ્વારો મ્હારા બંગલાની પાસે આવેલા મેદાનમાં સજ્જ થઇ ઉભા રહ્યા હતા. એવામાં મ્હારા હાથ નીચે નોકરી કરનારા અલીમહમદે મ્હારી પાસે આવી નમન કરી કહ્યું:–" જનાબ ! અમે તૈયાર થઇ આપની આજ્ઞાની રાહ જોતા ઉભા છીએ."

મ્હેં તેમને આગળ ચાલવાનું કહ્યું, વળી એમ પણ કહી દીધું કે, અમુક સ્થળે હું તમને આવી મળીશ. મ્હારી આજ્ઞા મળતાંજ તેઓ ચાલ્યા ગયા. મ્હેં હાથમુખ ધોઈ સ્હવારનો નિમાજ પઢી વસ્ત્રો બદલી નાખ્યાં.

દ્વાર આગળ સજ્જિત અશ્વ ગરદન હલાવતો ખોંખારા કરી રહ્યો હતો. હું ખુદાનું નામ લઇ ઘોડેસ્વાર થયો. ઘોડો તીરવેગે દોડવા લાગ્યો. આ સમયે હું કઠોર કર્ત્તવ્ય કરવા જતો હતો છતાં પેલી સુરસુંદરીની સ્મૃતિને દૂર કરી શકયો નહોતો!

તૃતીય પરિચ્છેદ.

દિવસો સર્વના પસાર થાય છે. જેવી રીતે સુખના દિવસોમાં સૂર્ય ચંદ્ર પ્રકાશે છે તેવીજ રીતે દુઃખના દિવસોમાં પણ પ્રકાશે છે સુખી દુઃખી, રોગી ભોગી સર્વના દિવસો પસાર થાય છે. કોઇના દિવસો આનંદ તેમજ સુખમાં પસાર થાય છે તો કોઇના ચિંતા તેમજ દુઃખમાં પણ પસાર થાય છે. પૂર્ણિમાનો ઉજ્વળ પ્રકાશ જે પ્રમાણે સદાસર્વદા રહેતો નથી તેજ પ્રમાણે અમાવાસ્યાનો અંધકાર પણ હમેશાં રહેતો નથી. પુષ્પોની પરિસ્થિતિ જોવા જઇએ તો તેઓ જીવનનો કેટલોક સમય પૂર્ણ બ્હારમાં પસાર કરે છે તો કેટલોક સમય તદ્દન જીર્ણ અવસ્થામાં પસાર કરે છે. એક વખત તે આનંદથી આત્માને આકર્ષે છે તો એક વખત દુર્ગંધથી કંટાળો આપે છે. તાત્પર્ય એજ કે, એક પ્રકારની સ્થિતિ સદાને માટે કાયમ રહેતી નથી.

મ્હારો દુઃખનો દિવસ ધીમે ધીમે વીતી ગયો. માત્ર એકજ દિવસ નહી વીતી જતાં ત્રણ દિવસ વીતી ગયા. આ ત્રણે દિવસે સૂર્ય નારાયણનાં પ્રચંડ રશ્મિઓથી સમસ્ત જગત્ પૂર્વાનુસારજ પ્રકાશિત થઇ રહ્યું હતું. આ ત્રણે રાત્રિના સમયે કલંકી ચંદ્રે અસંખ્ય પુષ્પલતાઓને પૂર્વાનુસાર તેજસ્વી સફેદ સાડી પહેરાવી હતી. આમ છતાં મ્હારા પ્રાણમાં તો એકજ પ્રકારની ઉત્કંઠા, એકજ પ્રકારનો આવેગ અને એકજ પ્રકારની ચિંતા વસી રહી હતી.

પચાસ યોદ્ધાઓને સાથે લઇ કેટલાંક મયદાનો, જંગલો, નદીઓ, પર્વતો વગેરેમાંથી પસાર થઇને આજે હું ઉજ્જેની સુધી આવી

પહોંચ્યો છું. સરદારપુરનું મયદાન હવે માત્ર બે ગાઉજ દૂર આવેલું છે. સરદારપુરનું સાત ગાઉ સુધીનું મયદાન વટાવી રહેતાંની સાથેજ સાતપુડાના પર્વતનો ભાગ આવે છે, અને આ પર્વતના ઉપરજ સોહાણીનો દુર્ગ આવેલો છે.

મયદાનમાં જઇ પહોંચતાંજ મ્હેં મ્હારી સાથેના પચાસ સરદારોના ત્રણ ભાગ કરી નાખી તેમને જૂદી જૂદી દિશા તરફ જવાની આજ્ઞા આપી. જવાની આજ્ઞા આપતાં પૂર્વેજ તેમને પરદેશી વ્યાપારીઓના વેશમાં ઇદલમહેલના દુર્ગની આસપાસ એકત્ર થવાની સૂચના કરી.

પૂર્વે એક સમયે સાતપુડા પર્વતની ઉપર આવેલા ઇદલ નામના વિશાળ દુર્ગ ઉપર મોગલોની અર્દ્ધચંદ્રવાળી રક્ત પતાકા આકાશ સાથે વાતો કરતી હતી; પરંતુ સોહાણીએ બાહુબળથી એ રક્ત પતાકાને દૂર કરી તે સ્થળે પોતાની પઠાણ પતાકા સ્થાપિત કરી દીધી છે. પ્રથમ દુર્ગ અને ત્યાર પછી દુર્ગની આસપાસની જમીન પોતાની સત્તામાં લઇ સોહાણીએ પોતાનું એક સ્વાધીન રાજ્ય સ્થાપન કર્યું છે.

તેના દુર્ગની પાસેજ મોગલ સેનાએ પ્રવેશ કર્યો છે એમ જાણવામાં આવતાંજ સોહાણી સૂતેલા સિંહની માફક જાગ્રત થઇ જાય તેમ છે. ચારે દિશાએ તેના ગુપ્ત દૂતો ફર્યા કરે છે. તેની સત્તામાં સૈનિકો પણ કાંઇ થોડા નથી. જો તેઓ ધારે તો મ્હારા આ પચાસ સૈનિકોનો એક ક્ષણ માત્રમાં નાશ કરી શકે તેમ છે. સોહાણીએ બબ્બે વખત બાદશાહી સૈન્યને જાહેર યુદ્ધમાં પાછું હઠાવ્યું છે. આમ હોવાથીજ અમારે વેશ બદલવાની સાવધાનતા પ્રથમથી કરવી પડી.

ઇદલદુર્ગ પાસે જઈ પહોંચતાં પૂર્વે જ મ્હેં મ્હારા સૈનિકોને માટે ગુપ્ત વેશની વ્યવસ્થા કરી નાખી હતી. સર્વ સૈનિકો ગુપ્ત વેશમાં ભિન્ન ભિન્ન સ્થળે ઉતરી પડયા.

ઇદલદુર્ગની પાસેજ એક મ્હોટું ગામ સ્થાપિત થયેલું હતું. આ ગામમાં અનેક ધર્મશાળાઓ તેમજ કારીખાનાં (વીશીઓ) પણ હતાં. ઇદલદુર્ગ નામ મોગલોએજ રાખ્યું હતું. સ્વાધીનતાના શિરોમણી સોહાણીએ આ ઇદલદુર્ગ નામને બદલી નાખી તેને ઠેકાણે સોહાણીગંજ એવું નામ રાખ્યું હતું.

અકબરશાહની સાથે બે વખત સોહાણી જાહેર યુદ્ધમાં ઉતર્યો હતો. પ્રથમ વખતે સોહાણીએ પર્વત પ્રદેશ પરથી મોગલ સેનાને પલાનય કરી જવાની ફરજ પાડી હતી. બીજી વખતે અકબરશાહના સેનાપતિ જહાન્દારખાને સોહાણીના દુર્ગમાં ગુપ્ત રીતે અર્થાત્ ચોરની માફક પ્રવેશ કર્યો હતો; પરંતુ સોહાણીની શક્તિશાલિની પત્નીને એ વાતની પૂર્વેથીજ ખબર પડેલી હોવાથી તેણે પોતાના સ્વામીને દુર્ગની અંદર આવેલા ભોંયરામાં છુપાવી રાખ્યો હતો. એ બુદ્ધિમતી રમણીની ચતુરાઇથી જહાન્દારખાન બે દિવસ સુધી દુર્ગમાં આવેલા એક ગુપ્ત સ્થળે અટકી રહ્યો હતો. સોહાણીની સેનાએ તેની પાસેનો કાગળપત્રો વગેરે સામાન લૂંટી લીધો હતો. છેવટે તેણે સંધિની વિનંતિ કરી પોતાની આ દુઃખમાંથી મુક્તિ કરી લીધી હતી. જહાન્દારખાને જ્યારે સોહાણીની પત્નીનો તિરસ્કાર કરીને કહ્યું કેઃ—"તમારા પતિ પ્રાણભયથી ગભરાઇ જઇ કાયર પુરૂષની માફક આ દુર્ગમાં છુપાઇ રહ્યા છે. જો તેઓ ખરેખરા પઠાણ હોય તો પછી બ્હાર નીકળી મ્હારી આગળ પોતાની તરવારનું પાણી બતાવે !"

સોહાણીની વીરપત્નીએ આ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું હતું કેઃ—"મ્હારા સ્વામી તમારા જેવા ચોરની સાથે યુદ્ધ કરી પોતાના વીરત્વગૌરવને કલંકિત કરવાની ઇચ્છા રાખતા નથી. તમે જો વીરની માફક જાહેર રીતે આ ઇદ્દલપુરના દુર્ગ ઉપર હલ્લો કરશો તો તેઓ તમને તેમની તરવારનું પાણી બતાવશે. આજે તમેજ ચોરી કરવા જતાં સપડાયા છો. કાયર તેમજ બ્હાયલું કોણ છે એ તમારી અવસ્થાજ દર્શાવી આપે છે. તમારી આજુબાજુ જળ ભરી કાઢવાનો એક ઉપાય છે. જો કદાચિત તમે તમારી તરવાર તેમજ શિરપેચને અમારી આગળ મૂકશો નહિ તો તમારે તેમજ તમારી સેનાને જળ-સમાધિ લેવી પડશે."

જો કે પ્રથમ તો જહાન્દારખાને સોહાણીની પત્નીનાં આ વચનોને અસત્ય ધાર્યા હતાં; પરંતુ જ્યારે સોહાણીની પત્નીએ દુર્ગમાં છુપાવેલા એક ગુપ્ત માર્ગને મુક્ત કર્યો અને નર્મદાના જળનો પ્રચંડ પ્રવાહ એ ક્ષુદ્ર જગ્યામાં એકત્ર થવા લાગ્યો ત્યારે જહાન્દારખાનને ચૈતન્ય આવ્યું ! તેણે ન છુટકે પોતાની તરવાર તેમજ શિરપેચ સોહાણીની પત્નીના ચરણોમાં મૂક્યો અને દુર્ગનો ત્યાગ કરી જવાનું કબુલ કર્યું, અને આવી રીતે તેની મુક્તિ થઇ.

મોગલ સૈનિકો અપમાન પામીને એક પછી એક દુર્ગમાંથી બ્હાર નીકળી જવા લાગ્યા. સોહાણીની પત્નીએ આ સમયે ઉચ્ચ સ્વરે જહાન્દારખાનને કહ્યું:—" ખાન સાહેબ ! જો તમે ખરા વીર હો તો ફરીથી જાહેર રીતે આ અપમાનનો બદલો લેવા આવજો. તમારી તરવાર અને શિરપેચ મ્હારી પાસે મોજુદ રહેશે. જ્યારે

તમારી ઇચ્છામાં આવે ત્યારે તમારા બાહુબળથી એ વસ્તુઓને પાછી મેળવજો. ”

છેવટે જહાન્દારખાને અકબરશાહ પાસે જઇ તેમને સત્ય હકીકત નિવેદન કરી નહિ; છતાં તેણે મનમાંને મનમાં અનેક વખત એવો વિચાર કર્યો કેઃ—“ આવી અપાર શક્તિવાળી જો બીજી બે ચાર સ્ત્રીઓ હિંદુસ્તાનમાં હોય તો મોગલ રાજ્ય માત્ર બે દિવસમાંજ ચુર્ણ વિચુર્ણ થઇ જાય ! ”

જહાન્દારખાને જો કે ખરી હકીકત બાદશાહથી છુપાવી રાખી; પરંતુ આ હકીકત વિશેષ સમય સુધી છુપી રહી શકી નહિ. અકબરશાહે ક્રોધાવેશમાં આવી જઇ જહાન્દારખાનને સાતસો ઘોડેસ્વારોના સરદારના અધિકાર ઉપરથી પાંચસો ઘોડેસ્વારના સરદારનો અધિકારી કરી નાખ્યો, તથા આ અપમાનનો બદલો લેવાને માટે તેમણે ચતુરાઇથી સોહાણીને કેદ કરવાનો નિશ્ચય કર્યો.

જહાન્દારખાનની માફક મ્હારી પણ એવી દુર્દશા થાય નહિ તે માટે હું પ્રથમથીજ સાવધાન રહેવા લાગ્યો. મ્હારા સાથીઓને જૂદી જૂદી દિશાઓમાંથી ગુપ્તવેશ દ્વારા ઇંદલપુર નગરમાં પ્રવેશ કરવાની મ્હેં આજ્ઞા કરી દીધી. ઇદલદુર્ગ, નગર, તથા તેની આસપાસ આવેલા ડુંગરાળ પ્રદેશનો એક નકશો મ્હારી પાસે હતો. આ નકશોજ મ્હારો મુખ્ય આધાર હતો. સૈનિકોને મ્હેં મ્હારી સાથે ન રાખ્યા એનું કારણ એ હતું કે, સોહાણીના ગુપ્તદૂતો ચારે દિશાએ ફરતા હતા. છતાં મ્હેં એવી વ્યવસ્થા કરી રાખી કે, પ્રસંગ આવ્યે તેઓ સર્વે વિના વિલબે એકઠા થઇ શકે.

મ્હેં પણ વેશ બદલી નગરમાં પ્રવેશ કર્યો. વેશ બદલાયાથી હું

એક ઇરાની વ્યાપારી જેવો જણાતો હતો. નગરનો રસ્તો હું જાણતો નહોતો, તેથી ધીમે ધીમે હું સત્ય માર્ગની ખાત્રી કરતો કરતો આગળ જતો હતો.

કેટલેક દૂર જતાં મ્હેં રસ્તામાં એક દુકાન આગળ લોકોની ભીંડ થયલી જોઇ. આ ભીંડ થવાનું કારણ બીજું કાંઇ નહિ; પરંતુ એક જંગલી બાળિકા ગાયન ગાતી ગાતી ભિક્ષા માગતી હતી એજ હતું. સર્વે તન્મયતાથી તેનું મિષ્ટ તેમજ આકર્ષક ગાયન સાંભળતાં હતાં. સર્વેનાં ચિત્ત એકજ પ્રકારમાં ગુંથાયલાં હતાં. સમય વિચારી સર્વથી છુપી રાતે મ્હેં એ દુકાનની અંદર પ્રવેશ કર્યો. આ દુકાન એક કૉફીખાના તરીકે પ્રખ્યાત હતી.

કૉફીખાનાનો નોકર મ્હને વિદેશી જાણી તે પોતાના માલિકને મ્હારા આગમનની ખબર આપવા જઇ પહોંચ્યો. કેટલાક સમય પછી એક વૃદ્ધ પુરૂષે મ્હારી પાસે આવી અતિ નમ્રતાથી ઝુકી પડીને મ્હને સલામ કરી કહ્યું:—" મિજાજે શરીફ ! સાહેબ ! મેરા ગરીબ—ખાના મુબારક હુયે. "

વૃદ્ધની સફેદ દાઢી તથા સફેદ મુછો કુલફના સ્પર્શથી કાળી થયલી જણાતી હતી. તેનાં નેત્રોમાં સુરમો આંજેલો હતો, તથા હાથમાં એક સુવર્ણ મુદ્રિકા હતી. છેવટે આજ માણસ અર્થાત્ આ શોખીન શેખજી કે જે યમરાજાનાં નેત્રોમાં ધૂળ નાખવાનો યત્ન કરી રહ્યો હતો તેજ આ કૉફીખાનાનો માલિક છે એમ મ્હને માલૂમ પડયું. મ્હેં કહ્યું:—" શેખજી ! તમારા આ કૉફીખાનામાં હું થોડા દિવસને માટે રહેવાની ઇચ્છા રાખું છું. મ્હને આશ્રય મળશે કે ? તમે વયોવૃદ્ધ છો, હું આ દેશથી અજાણ્યો છું. ઇરાન દેશથી

વ્યવસાયને માટે—પેટને માટે—તમારા હિંદુસ્તાનમાં આવ્યો છું. તમે જેટલા પૈસા માગશો તેટલા હું આપીશ; પરંતુ ખાનપાનની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની થવી જોઇએ." આમ કહીને મ્હેં ખિસામાંથી પાંચ સોના મહોરો બ્હાર કાઢી વૃદ્ધ શેખજીના હાથમાં મૂકી.

મ્હને આનંદી માણસ જાણી શેખજીએ સ્મિતમુખે સોના મ્હોરોને પોતાના હાથમાં લીધી. ત્યાર પછી નોકરને સંકેત કરતાંની સાથેજ તેનો નોકર મ્હને મેડા ઉપરના એક નિર્જન ઓરડામાં લઈ ગયો.

કૉફીખાનામાં જે સૌથી વધારે સુંદર ઓરડો હતો તેજ મ્હને સોંપવામાં આવ્યો. શેખજીની અતિથિપરિચર્યાના ગુણથી કહો યા તો મ્હારા પૈસાના પ્રભાવથી કહો—ખાનપાનમાં કોઈ પણ પ્રકારનો અભાવ રહ્યો નહિ. હું ખાનપાન પૂર્ણ કરી શય્યામાં પડયો.

નિર્જનતા અનેક વિચારોને જન્મ આપે છે. મ્હારા મનમાં પણ અસંખ્ય વિચારો આવવા લાગ્યા. મ્હેં મનમાંજ વિચાર્યું કે:—" જો લોકોનું કહેવું સત્ય હોય તો સોડાણી આ કૉફીખાનામાં હમેશાં આવે છે ! પૈસાનો લોભ દર્શાવીને તથા ઉચ્ચ પદની આશા આપીને શું હું શેખજીને મ્હારી સત્તામાં લઇ શકીશ નહિ? શેખજીની સહાયતા પ્રાપ્ત થતાંજ સોડાણી સહેલાઇથી પકડી શકાશે નહિ ?" આવી રીતે વિચારોમાંને વિચારોમાંજ મ્હારી રાત્રિ પસાર થઇ ગઇ.

ચતુર્થ પરિચ્છેદ.

જે ઓરડો મ્હને નિવાસ કરવાને માટે આપવામાં આવ્યો, તે સર્વ પ્રકારની આવશ્યક વસ્તુઓથી ભરપૂર હતો. બીજે દિવસે સ્હવારે હું જાગ્રત થયો કે તરતજ એક નોકર આવીને મ્હોં ધોવાને માટે ગરમ જળ મૂકી ગયો. મ્હેં દંતધાવન કરી હાથ મ્હોં સાફ કર્યું. ત્યાર પછી મ્હેં ટેબલ ઉપર આવી પહોંચેલી કૅાફીને પેટમાં પધરાવી. કૅાફીની સાથે સાધારણ મેવો પણ લીધો.

હું કૅાફી પી રહ્યો કે તરતજ શેખજી આવી પહોંચ્યો. મ્હેં નોકરની સાથે તેની તેટલીક હકીકત જાણવા માટે વાતચિત કરી હતી; પરંતુ તેના નોકરો ખપ પૂરતુંજ બોલતા હોવાથી મ્હારી ધારણા ફળિભૂત થઇ નહોતી.

શેખજીએ આવતાંની સાથેજ મ્હને માન આપીને સ્મિતમુખે કહ્યું:—"સાહેબ ! આ ગરીબની ગુસ્તાખીને માફ કરજો. હું મ્હારી આ વૃદ્ધ અવસ્થામાં એક સુરૂપા નવયુવતીની સાથે મ્હારો સંસાર ચલાવું છું. આ કૅાફીખાનું, ઘરબાર વગેરે ઉપર તેનોજ અધિકાર છે. હું તો માત્ર તેનો તાબેદાર છું."

શેખજીની આ બેઅદબી મ્હારે ન છુટકે સહન કરવી પડી. મ્હેં મ્હારી સ્થિતિનો વિચાર કરી આત્મભાવને છુપાવી સ્મિતમુખે કહ્યું:—"જ્યારે હું અહિં નિવાસ કરૂં છું તે માટે તમે તમારી બીબીની રજા લીધી છે કે ?"

શેખજીએ પૂર્વવત્ સ્વરે કહ્યું:—"હા લીધી છે. આપે આપેલી સોના મહોરો પણ તેની તિજોરીમાં પડી છે. મ્હારી બીબીના

હુકમથીજ અમારા જહાંપન્નાહનો ખાસ ઓરડો આપને આપવામાં આવ્યો છે, જો કે આ ગરીબખાનું છે છતાં દયા લાવીને અહિંના બાદશાહ પણ અત્રે પધારે છે."

મ્હેં તદ્દન અજાણ્યા બની જઇને પ્રશ્ન કર્યો:—"જહાંપનાહ! બાદશાહ! અકબરશાહ કેમ?"

શેખજીએ મ્હોટેથી હસીને કહ્યું:—"આપ વિદેશી છો, આપે માત્ર અકબરશાહનુંજ નામ સાંભળ્યું હોય એમ લાગે છે. અમારૂં આ ન્હાનું રાજ્ય એક સ્વતંત્ર બાદશાહની સત્તામાં છે."

"ત્યારે શું અહુ મોગલોનું રાજ્ય નથી."

"ના. શાહ મહબ્બત દૌલા નસરતજંગ ખાન અલ્લી સોહાણી આ મુલ્કના બાદશાહ છે. તેઓજ આ કોરીખાનામાં પધારીને આ ગરીબ બંદાની બીબીના હાથનું ભોજન આરોગે છે!"

મ્હારી નસેનસમાં વિજળીનો પ્રવાહ ચાલવા લાગ્યો. ઉત્તેજનાથી મુખ તેમજ નેત્રો લાલચોળ બની ગયાં. સિંહ શિકારનું સ્થાન પ્રાપ્ત થતાં જેવી રીતે આશાથી ચંચળ બની જાય છે તેજ પ્રમાણે હું ભાન ભૂલી ગયો. આત્મભાવને છુપાવી રાખીને મ્હેં કહ્યું:—"વાહ! ત્યારે તો તમે ઘણા સૌભાગ્યવાન્ કહેવાઓ!"

શેખજીએ કાંઇક આનંદ પામી કહ્યું:—"તમે દેખાઓ છો વ્યાપારી, તેથી કરીને હું એક દિવસે બાદશાહ સાથે તમારી મુલાકાત કરાવી આપીશ. પરદેશી વ્યાપારીઓ તરફ બાદશાહ ઘણો પ્રેમ દર્શાવે છે. અજાયબીની વાત એ છે કે, તમે ઇરાન દેશના હોવા છતાં તમારી મુખાકૃતિ અમારા બાદશાહની મુખાકૃતિને બરાબર મળતી આવે છે!"

મ્હેં હસીને કહ્યું:—"ઠીક છે, કેટલેક સ્થળે એવું સામ્ય જોવામાં આવે છે. એમાં આશ્ચર્ય જેવું કશું નથી. બાદશાહ ક્યારે અત્રે પધારે છે?"

શેખજીએ ઉત્તર આપ્યો:—"અડધા કલાક પહેલાં તેઓ અહિં આવ્યા હતા. સરદારપુરના મયદાનમાંથી મોગલ બાદશાહની સેના ગુપ્ત રીતે આ તરફ આવે છે. આ સમાચાર મળતાંજ તેઓ આ શહેરનાં કૉફીખાનાંમાં કોઇ પણ મોગલ સૈનિક ઉતર્યો છે કે કેમ તેની તપાસ કરવા માટે તેઓ સર્વે કૉફીખાનાંમાં ફરી વળ્યા છે."

મ્હેં સોહાણીની વિચિત્ર શક્તિ માટે અનેક વાર્તાઓ સાંભળી હતી, પરંતુ હવે મ્હને માલૂમ પડયું કે સોહાણી પણ મ્હારા માલિક અકબરશાહના જેવી બુદ્ધિ દોડાવીનેજ કામ કરે છે. સરદારપુરનું મયદાન ઇદલપુરના દુર્ગથી આઠ માઇલ દૂર છે. જેના ગુપ્તદૂતો આઠ માઇલ સુધી ચતુરાઇથી તપાસ ચલાવે છે, તેની તીક્ષ્ણ બુદ્ધિની શી પ્રશંસા કરવી ? ! એવા ભયાનક શત્રુને હું કેવી રીતે મ્હારા કૌશલથી ફસાવી શકીશ ? !

કોઇ પણ પ્રકારની ઉત્સુકતા દર્શાવવાથી કિંવા જરૂર વિનાના પ્રશ્નો કરવાથી શેખજીના મનમાં સંદેહ આવશે એમ વિચારી મ્હેં કહ્યું:—"ભાગ્યમાં નિર્માણ થયું હશે તો આપના બાદશાહની સાથે મુલાકાત કરીશ અને થોડું ઘણું ઝવેરાત વેચીશ."

શેખજીએ એ વાતને દૂર રાખી સ્વાર્થની વાત કાઢતાં કહ્યું કે:—"આપે મ્હને જે પાંચ સોના મહોરો આપી છે તે તો એક માસના ઘર ભાડા તરીકે જમા કરવામાં આવી છે. બીબીએ કહ્યું છે કે, ખોરાકી બાબત.—"

મ્હેં કાંઇ પણ બોલ્યા સિવાય દશ સોના મ્હોરો શેખજીના હાથમાં મુકી. સોના મ્હોરોની પ્રાપ્તિ થવાથી શેખજીના મનને અપૂર્વ આનંદ થયો. મ્હેં હસીને કહ્યું:—" મિયાં સાહેબ ! પૈસા માટે ચિંતા કરશો નહિં. હું થાકયો પાકયો પરદેશી મુસાફિર છું. મ્હને ખુશ-મિજાજમાં રાખશો તો હું પણ તમારી કદર કર્યા સિવાય રહીશ નહિ. "

તરતજ શેખજી કાંઇ પણ ઉત્તર આપ્યા સિવાય મ્હારા ખાન-પાનની વ્યવસ્થા કરવા ચાલ્યો ગયો.

હું ગુલસાનાના વિચાર કરતો હતો ! જેનું રૂપ જોઇ હું ઉ-ન્મત્ત બની ગયો છું તે કયાં છે એ હું જાણતો નથી. અરેરે ! આમ છતાં પણ હું નિરાશામાં તેમજ દુરાશામાં બળી મરૂં છું ! ખુદા ! ખુદા ! મ્હારી આશાના ધન ગુલસાનાને મેળવી આપો. "

વળી પાછો ગુલસાનાના વિચારોને છોડી સોહાણી સંબંધી વિચાર કરવા લાગ્યો. જો કદાચ સોહાણીને ન પકડી શકું તો લ-જ્જા, કલંક, અપમાન, લાંછના, નિગ્રહ વગેરે સર્વ અદૃષ્ટમાં નિર્માણ થશે. વારંવાર પોતાના મનોરથમાં નિરાશા મળવાથી અકબરશાહ એટલા બધા ઉત્તેજિત બની ગયા હતા કે જો આ વખતે પણ તેઓ નિરાશ થાય તો મ્હને તોપને ગોળે ઉડાવી મૂકે !

આવા પ્રકારની ચિંતાને લીધે મ્હને શય્યા શુળી સમાન જ-ણાવા લાગી. મ્હેં બારીઓ ઉઘાડી નાખી. ચંદ્રના પ્રકાશથી પ્રકૃતિ દેવી શાંત તેમજ ગંભીર હાસ્ય કરી રહી હોય એમ જણાતું હતું. પ્રકૃતિદેવીના આ અપાર સૌંદર્યથી તેમજ માધુર્યથી મ્હારૂં ચંચળ ચિત્ત શાંત થયું નહિ.

ઘરમાં સુગંધિત દીપક બળતો હતો. એ દીપકની અંદર જે તેલ બળતું હતું તેની સુગંધ ઘણીજ ચિત્તાકર્ષક હોવાં છતાં મ્હને તે દારૂણુ વેદનાદાયક થઇ પડી. હું દીપક હોલવી નાંખી નિદ્રાધીન થવાનો યત્ન કરવા લાગ્યો.

તો પણ ચિંતા ! લોહી ચુશી લેનારી ચિંતા, મનને ભ્રમિત કરી નાખનારી ચિંતા મ્હારી વ્યાકુળતામાં વધારોજ કરતી હતી. મનના આવેગથી, આગ્રહથી તેમજ ઉત્કંઠાથી મ્હારાથી ઉચ્ચ સ્વરે બોલાઇ જવાયું કે:-" યે મેરા અલ્લા ! મહેરબાન—ખુદા ! મ્હારી આશા પૂર્ણ થશે કે નહિ ?"

પંચમ પરિચ્છેદ.

એકાએક મ્હારે કાને અવાજ આવ્યો કે:–' મુસાફિરા સાવધાન!"

હું મહા સાહસિક સરદાર હતો તો પણ આ અપરિચિત કંઠ-સ્વરથી ચમકી ઉઠયો. ભયથી નહિ; પરંતુ વિસ્મયથી ચમકી ઉઠયો. મ્હારા નિર્જન અંધકારમય ઓરડામાં અજાણ્યો અવાજ ક્યાંથી ? વળી આ કંઠસ્વર રમણીનો હોય એમ મ્હને લાગ્યું.

હું મ્હારા ઓરડાનું દ્વાર બંધ કરીને સૂઇ રહ્યો હતો. સૂઇ જતાં જતાં પહેલાં મ્હેં આખો ઓરડો બારિકાઇથી તપાસ્યો હતો. તો પછી આ ઓરડામાં મનુષ્યે પ્રવેશ કેવી રીતે કર્યો ? આમ છતાં જે અવાજ મ્હેં સાંભળ્યો તે અવાજ મ્હને મધુર જણાયો. પપૈયા અને કોકિલાના કંઠસ્વર કરતાં પણ એ સ્વર અતિ મોહક હતો."

મ્હેં ચિંતાપૂર્ણ સ્વરે પ્રશ્ન કર્યો:–"રમણી ! તું કોણ છે ? શા

માટે ગુપ્ત રીતે અહિં આવી છે? મ્હેં ત્હારૂં શું બગાડયું છે કે તું આવી અંધારી રાત્રે મ્હારી પાસે આવી છે?"

એક છાયામૂર્તિ ધીમે ધીમે મ્હારી શય્યા પાસે આવી પહોંચી. બ્હાર આકાશમાં ચાંદની ચમકી રહી હતી, તેથી ઓરડામાં કાંઇ ઘણો અંધકાર નહોતો. આ અંધારામાં મનુષ્ય જોઇ શકાય એમ હતું; પરંતુ ઓળખી શકાય એમ નહોતું.

મ્હેં ફરીથી પ્રશ્ન કર્યોઃ–" તું કોણ છે?"

એ રમણીએ કહ્યુંઃ–" મુસાફિર! તમને ભય લાગે છે?"

મ્હેં હસી પડીને કહ્યુંઃ–" યુદ્ધ એ મ્હારો ધંધો છે, જીવનનું વ્રત છે. લોહીથી ભીંજાયલું યુદ્ધસ્થળ એ મ્હારૂં ક્રીડાસ્થળ છે. અનેક મૃતદેહોના ઉપર થઇને હું હસતો હસતો ચાલ્યો જાઉંછું. મ્હને કોઇ પણ પ્રકારનો ભય લાગતો નથી. માત્ર આશ્ચર્ય લાગે છે. રમણી કહે કે તું કોણ છે?"

એ છાયા મૂર્તિએ ઉત્તર આપ્યો કેઃ–" સાહેબ! મ્હારી ઓળખાણની તમને શી જરૂર છે? તમે કહી શકશો કે આટલી રાત્રે હું ગુપ્ત રીતે શા માટે તમારી પાસે આવી છું? આ કારણ તમારે જાણવું છે કે? આ તૃષિત જીવનની ઇચ્છા હજુ સુધી પૂર્ણ થઇ નથી. આટલી બધી સુંદરતા ધારણ કરીને તમે શા માટે અત્રે આવ્યા?"

હું અજાણ્યો અતિથિ છું, અને મ્હારી આગળ એક અપૂર્વ સુંદરી આવીને કહે છે કેઃ–" આટલી બધી સુંદરતા ધારણ કરીને તમે શા માટે અત્રે આવ્યા?"

રમણીનાં વાક્યોથી મ્હેં આવેગપૂર્ણ કંઠે કહ્યુંઃ–"તું કોણ

છે તે જલદીથી કહે; નહિ તો પછી અસ્ત્રના આઘાતથી ત્હારી આ ધૃષ્ટતાનો યોગ્ય બદલો વિના વિલંબે આપીશ."

મશ્કરીના અવાજમાં રમણીએ ઉત્તર આપ્યો:-" વાહ ! ખરા વીર પુરૂષ! અરેરે! શું આવા વીરપુરૂષોનાં હૃદયો આટલાં બધાં પત્થર સમાન કઠોર હશે? આટલાં રૂઢ હશે?"

હું ઘણોજ અધૈર્ય બની ગયો. રૂષ્ટસ્વરે મ્હેં કહ્યું:-" સાવધાન ! હવે મ્હારા ધૈર્યની પરીક્ષા કરીશ નહિ. નહિ તો પછી ત્હારી દુર્દશા થશે."

રમણીએ હાસ્ય કરી કહ્યું:-" અભિસારિકાના પક્ષમાં દુર્દશા ઘણી તુચ્છ છે"

" તું અભિસારિકા છે? કોની આશાથી અભિસારિકા બની ગઇ છે?"

" તમારી આશાથી."

" મ્હારી આશાથી!"

" હા તમારીજ આશાથી, નિષ્ઠુર પુરૂષ ! આટલું બધું રૂપ ધારણ કરી નિરાશાની-દુઃખપૂર્ણ દુનિયામાં કેમ આવ્યા છો?"

" હું તને વિનંતિ કરીને પ્રશ્ન કરૂં છું કે તું કોણ છે તે કહે?"

" હું વૃદ્ધ શેખજીની તરૂણ પત્ની છું-મ્હારૂં નામ કુલસમ છે."

"એક પુરૂષની ધર્મપત્ની થઇને તું આટલી રાત્રે પરપુરૂષનું રૂપ જોવા આવી છે? વ્યભિચારનું પાપ કરવા આવી છે? તું રમણીકુળમાં કલંક સમાન છો! જા, સુંદરી! ત્હારા શયનાલયમાં ચાલી જા. મહાપાપ ન કર."

એ રમણીએ અભિમાનપૂર્વક કહ્યું:-" મોગલ ! તમે ઘણાજ

અજ્ઞાનીછો? હું પાપ કયાં કરૂં છું! જગતમાં જે સુંદર છે તેને જોવાથી જો પાપ થતું હોય તો ખુદા બાગ બગીચાઓમાં ગુન્હાઓ શા માટે બનાવત? આટલું બધું સુશોભિત તેમજ પ્રકાશિત ગગન શા માટે બનાવત? ચંદ્ર શા માટે બનાવત? પાપ શરીરમાં છે! પાપ સ્પર્શમાં છે! મન ખુલ્લું ક્ષેત્ર છે. હું વૃદ્ધની કોટે પડી છું. તમે સુંદર યુવક છો—તેથી તમને જોવા માટે આવી છું. તમારૂં દર્શન કરવામાં પણ પાપ છે કે?"

હું આ રમણીની યુક્તિ આગળ લાચાર બની ગયો. અનેક વિચારોમાં લીન થઇ ગયો. મ્હને વિચારમગ્ન જોઇ રમણીએ પ્રથમના જેવાજ સ્વરે કહ્યું:-"યુવક! પાપી કોણ છે? તમે કે હું? પઠાણ કન્યા બહુ બહુ તો માત્ર પાપનો વિચારજ કરે છે; પરંતુ તે પાપમાં પ્રવૃત્ત થતી નથી. અને તમે મોગલ–મહાપાપી છો!"

હું આશ્ચર્યથી એકાએક બોલી ઉઠયો:—"કારણ?"

એ પઠાણ રમણીએ મ્હારી શય્યાની છેકજ પાસે આવીને કહ્યું:—"જે એક સ્ત્રીના રૂપથી દીવાનો બની જઇ પોતાના મુખ્ય કર્તવ્યને વિસારી દેછે તે ઘણોજ પાપી છે! યુવક! તમે કહી શકશો કે આ છબી કોની છે?"

મ્હેં ચાંદનીના પ્રકાશમાં જોયું તો મ્હને માલૂમ પડયું કે, ગુલઆનાની જે છબી હું રાત્રિ દિવસ મ્હારી પાસે રાખી મૂકતો હતો તેજ છબી કુલસમના હાથમાં હતી!

મ્હેં રૂક્ષસ્વરે કહ્યું:—"રમણી! તું ઘણીજ તિરસ્કારપાત્ર છે. પરપુરૂષનું રૂપ જોવાને માટે જે આવી ગંભીર રાત્રે સ્વામીના સંગનો ત્યાગ કરીને આવી શકે છે, જે બીજાની છુપાવી રાખેલી આ છબી ચોરી શકે છે તેની નીચતાની સીમા નથી."

રમણીએ મુખ ઉચું કરી કહ્યું:—" મોગલ ! સાવધાન ! બીજું કોઇ સમજી શકયું નથી, તોપણ હું સમજી શકી છું કે તમે ઇરાની નહિ પરંતુ મોગલ છો, અને તેમાં પણ વળી સાધારણ મોગલ નહિ પરંતુ—અકબરશાહના સેનાપતિ છો ! "

હું ચમકી ઉઠયો. મ્હેં મ્હારાં વસ્ત્રોમાંથી એક તીક્ષ્ણ કટાર તરતજ બ્હાર કાઢી.

પઠાણ રમણીએ કહ્યું:-' જે રમણીના રૂપની ઉપાસનાથી આ-ટલા બધા ઉન્મત્ત બની જાય છે, જે કર્તવ્યની વાતને વિસારી દઇ રૂપની ચિંતાથી ચિંતાતુર બની જાય છે, તે કદાપિ રમણીની હત્યા કરી શકશે નહિ. હું તમારી આગળ મ્હારૂં હૃદય ધરૂં છું. તમે ભલે તમારા હાથમાંની કટારને મ્હારા હૃદયમાં ખોસી દ્યો. "

મ્હેં શું કરવું તેનો વિચાર કરતાં કહ્યું:—"કુલસમ ! હું વિચારી શકતો નથી કે, તું કેટલી શક્તિમયી છો! કહે જોઇએ કે, આ છબી તને કયાંથી મળી ? "

કુલસમે ઉત્તર આપ્યો:—" તમારા આ ઓરડામાંજ પડી રહી હતી. આજે તમે સંધ્યા સમય પૂર્વે દીપકના ઉજ્વળ પ્રકાશથી જયારે આ છબીનું અવલોકન કરતા હતા ત્યારે તમે તદ્દન તન્મય બની ગયા હતા. ફરીથી તમે જ્યારે એ છબીને તમારાં કપડાંમાં છુપાવવા ગયા ત્યારે એ છબી નીચે પડી ગઇ હતી આ વાતની તમને ખબર રહી નહોતી. ત્યાર પછી તમે ભોજન કરવાને માટે બીજા ઓરડામાં ગયા. આ સમયે મ્હેં મ્હારી દાસીને મોકલીને આ છબી મંગાવી લીધી હતી.

મ્હારી નિર્બુદ્ધિતાને માટે, અસાવધાનતાને માટે હું મ્હારા મન

માંને મનમાં અતિ અનુતાપ કરવા લાગ્યો. મ્હારાથી જે બન્યું હતું તે પાછું નહિ બન્યું થઇ શકે એમ નહોતું. કુલસમ જ્યારે છબીની વાતનો સ્વીકાર કરે છે અને મ્હને તે પાછી આપવાની ઇચ્છા દર્શાવે છે ત્યારે પછી તેના મનમાં બીજો કોઇ પણ ખોટો ઉદ્દેશ હોવો જોઇએ નહિ; પરંતુ તેનાં રહસ્યમય વચનોથી એટલું તો હું સમજી શકયો કે તેના અંતરમાં બીજો કોઇ ગુપ્ત ઉદ્દેશ હોવો જોઇએ. એ રમણીને આ છબી સંબંધીની કાંઇ વિશેષ હકીકત મળેલી હોવી જોઇએ.

મ્હેં કુલસમને હાંકી કાઢવાના વિચારથી તેને ભય દર્શાવતાં કહ્યું:-" બીબી ! ત્હારો સ્વામી સૂઇ રહેલો છે; છતાં તું તેનો ત્યાગ કરી અહિં મ્હારી પાસે આવી છે એ ત્હેં ઘણું ખોટું કામ કર્યું છે. જો તે કદાચિત અહિં આવી ચઢશે તો મ્હારા તેમજ ત્હારા સર્વસ્વનો નાશ થશે ! "

કુલસમ મ્હારાં ભયદર્શક વચનો સાંભળી રહેતાંની સાથેજ 'હો હો ' કરતી હસી પડી. શું આ રમણી પિશાચસિદ્ધા માયાવિની હશે ! આવી ગંભીર રાત્રે કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય એક અપરિચિત પુરૂષના ખાનગી ઓરડામાં તે આવી છે-તેની સાથે વાકયાલાપ કરે છે, સ્વામીનો ભય રાખતી નથી, કલંકનો ભય રાખતી નથી, અને છેવટે એમ માલૂમ પડે છે કે તેને તિરસ્કારનો ભય પણ જણાતો નથી !

મ્હને ચિંતાતુર જોઇ કુલસમે કહ્યું:—" શું તમે એવા વિચારો છો કે કદાચ મ્હારા સ્વામી અહિં આવી ચઢશે તો મ્હને વ્યભિચારિણી ધારશે ! એવો વિચાર યા તો ભય રાખશો નહિ. હું ધ·

અંતઃ આત્યાર સુધી તેમની અપરાધી થઈ નથી. તેઓ મ્હારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે. આટલી સ્વતંત્રતા મ્હેં તેમની પાસેથીજ મળી છે. બાલ્યાવસ્થાથી સુંદર પુષ્પો મ્હને ઘણાં પસંદ છે, આસમાની આકાશ ઘણું ગમે છે, સુંદર ગાન ઘણું મનોહર લાગે છે, નદીના વક્ષઃસ્થળ ઉપર વાયુને લીધે ઉછળતાં મોજાં જોવાનું મ્હને ઘણું મન થાય છે. આ પ્રવૃત્તિ હજુ પણ દૂર કરી શકતી નથી. આથી કરીનેજ તમને જોવાને આવીછું. મનુષ્ય જાતમાં તમે ઘણા સુંદર છો, અને સુંદરતાનું અવલોકન કરવું એ મ્હારી લાંબા કાળથીજ ચાલતી આવેલી પ્રવૃત્તિ છે."

હું આ વિચિત્ર સ્ત્રીની ધૃષ્ટતા વિશેષ સહન કરી શક્યો નહિ. મ્હેં કાતર સ્વરે કહ્યું:—"કુલસમ ! કુલસમ ! હું મુસાફિર છું, વિદેશી વ્યાપારી છું, મ્હારાં માન મર્યાદા પર જો કલંક લાગે તો પછી મ્હારો ધંધો બંધ પડી જાય. હું જે ઝવેરાત લાવ્યો છું તે પછી મ્હારાથી વેચી શકાય નહિ."

કુલસમે કહ્યું:—"ઇશ્વર તમારા ઝવેરાતને માટી તેમજ પત્થરો જેવું કરી નાખે એવુંજ હું ઇચ્છુંછું ! તમે જૂઠું બોલો છો! તમે વિદેશી વ્યાપારી નથી!"

મ્હેં ક્રોધાવેશમાંજ કહ્યું:—"તું દુષ્ટા છે, પાપિષ્ઠા છે, મિથ્યાવાદિની છે ? જા—હમણાંજ અહિંથી દૂર ચાલી જા, નહિ તો પછી હું ત્હારા નિદ્રિત પતિને હાંક મારીને જગાડીશ."

કુલસમે હસીને કહ્યું:—"બેલાશક જગાડો, જ્યાં સુધી હું પાપ કરીશ નહિ, અર્થાત્ પુણ્યમાર્ગ પર રહીશ—ત્યાં સુધી હું પતિનો બિલકુલ ભય રાખનાર નથી. પરાણુ કન્યા કદાપિ અસત્ય વચનો

ઉચ્ચારતી નથી. રાજ્યલોભી મોગલ, અને તેના નોકરો પેટને માટે સર્વ કાર્યો કરે છે ! ઉદાહરણ તરીકે તમેજ છો! તમારૂં નામ ઇસ્કાન્દારખાન છે—તમે અકબરશાહના સેનાપતિ છો. તમે મુસાફિરનો વેશ ધારણ કરી સોહાણીને પકડવા આવ્યા છો. તમે ખોટું બોલીને તમને પોતાને એક વિદેશી વ્યાપારી તરીકે ઓળખાવો છો ! ખરૂં પૂછાવો તો હું તમારૂં સૌંદર્ય જોવા આવી નથી. મ્હારા પોતાના કાર્ય માટે આવી છું. ”

કુલસમનાં આ વચનો સાંભળતાંની સાથેજ મ્હારી નસે નસમાં અતિ ઉષ્ણ લોહી વહેવા લાગ્યું. મ્હને મ્હારાં નેત્રો આગળ ભીષણ અંધકાર જણાવા લાગ્યો. આમ હોવા છતાં મ્હેં મ્હારી દૃઢતાનો ત્યાગ કર્યો નહિ. સ્પષ્ટ સ્વરે હું બોલી ઉઠયો:—“ પાપિષ્ઠા! ત્હારી છળનાથી હું ભૂલથાપ ખાવા માગતો નથી ! હમણાંને હમણાં અહિંથી ચાલી જા, મ્હારી નજર આગળથી દૂર થા. ”

કુલસમને આ અપમાનસૂચક શબ્દોથી ખોટું લાગ્યું નહિ; પરંતુ તે હસી પડી ! ફરીથી તે પૂર્વ પ્રમાણે ‘ હો—હો ’ કરતી હસી પડી. એ હાસ્ય જાણે કે તિરસ્કારદર્શક હોય એમ જણાયું ! હું પાંચસો સિપાહીઓનો સરદાર—અકબર બાદશાહનો માનીતો સેનાપતિ ! મ્હારી આગળ એક ચતુર રમણી પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્તે છે. મ્હેં ધીમે સ્વરે કહ્યું:—“ કુલસમ ! ત્હારો શો ઉદ્દેશ છે ? ”

કુલસમે તેજપૂર્ણ સ્વરે કહ્યું:—“ મૂર્ખ પુરૂષ ! વ્યભિચાર મ્હારો ઉદ્દેશ નથી ! પાપ મ્હારી કામના નથી. જો એમ હોત તો આજે હું આ ક્ષુદ્ર રાજ્યની રાજ્યેશ્વરી થઇ હોત. હું તો માત્ર ત-

આરી પરીક્ષા કરવા માટે આવીછું. એક કાર્ય માટે મ્હારે અન્ય એક માણસની મદદની જરૂર છે, એ મદદ તમે કરી શકો તેમ છો!"

મ્હેં વિરક્તિ દર્શાવી કહ્યું:—"હુ તને ત્હારા કોઇ પણ કાર્યમાં મદદ કરી શકીશ નહિ."

કુલસમે દૃઢ સ્વરે કહ્યું:—"તો પછી હું તમને મોતના પંઝામાં ફસાવીશ. પઠાણુ મોગલ કરતાં કેટલી બધી ભયાનક જાત છે, તેનું ઉદાહરણ દર્શાવી આપીશ. કહો શકશો કે—આ કાગળ કયો છે?"

વિના વિલંબે કુલસમે એક લાલરંગનો કાગળ મ્હારી આગળ ધર્યો. એ કાગળ બાદશાહી પરવાનો હતો. મ્હારી બેદરકારીથી આજે આ પરવાનો મ્હારા હાથમાંથી કુલસમના હાથમાં જઇ પડયો છે! કેવો ભયંકર પ્રકાર! સર્વસ્વનો નાશ થવાનો સમય સમીપ આવી પહોંચ્યો!

મ્હેં ચિંતાતુર સ્વરે પૂછયું:—"કુલસમ! કુલસમ! આ કાગળ તને ક્યાંથી મળ્યો?"

કુલસમે હસીને ઉત્તર આપ્યો:—"જ્યાંથી જમી મળી છે ત્યાંથીજ આ પરવાનો મળ્યો છે. તમે રૂપિયાની થેલી અંગરખાનાના ખિસાઆંથી બહાર કાઢી પેટીમાં મૂકવા ગયા હતા તે સમયેજ આ પરવાનો તમારા ખિસામાંથી નીચે પડી ગયો હતો!"

મ્હેં કહ્યું:—"હું કબુલ કરૂંછું કે મ્હારી ભૂલ થઇ છે; પરંતુ આ પરવાનો લઇને તું શું કરીશ?"

કુલસમે ઉત્તર આપ્યો:—"તેને વેચી દઇશ."

"કોને વેચીશ, કુલસમ? કેવી શર્તથી વેચીશ?"

"હાં—તમારૂં જીવન ! પણ-તમારૂં જીવન-મરણ ! આ પરવાનો તમારા બાદશાહ અકબરશાહને લખી દઇશ કે:— "આપના વિશ્વાસુ સેનાપતિ આવા પ્રકારની સાવધાનતાથી આપની આજ્ઞાનું પ્રતિપાલન કરે છે." જો આ પરવાનો અકબરશાહ નહિ રાખે તો પછી હું સોહાણીને વેચાતો આપીશ."

"હું તને હજાર સોનામહોરો આપું છું—તું પરવાનો મ્હને આપ."

"મ્હારે એક પણ સોનામહોર તમારી પાસેથી જોઇતી નથી. હું હમણાંજ કાંઇ પણ લીધા સિવાય આ પરવાનો તમને પાછો આપવા તૈયાર છું. મ્હારી વિનંતિ માત્ર એટલીજ છે કે મ્હને તમે મદદ કરો."

"કેવા પ્રકારની મદદ ?"

"પ્રથમ મદદ કરવાની પ્રતિજ્ઞા કરો; પછીથી હું પ્રકાર કહું."

"પ્રકાર કહ્યા સિવાય પ્રતિજ્ઞા કરી શકતો નથી."

"મ્હારે તમારી મદદની જરૂર છે માટે સઘળી વાત તમને કહું છું. જે સોહાણીને પકડવાને તમે આવ્યા છો—તે મ્હારો મુખ્ય શત્રુ છે, હું દરિદ્રની કન્યા છું. એ બળવાન્ રાજ્યેશ્વર છે, તેણે મ્હારૂં રૂપ જોઇને મ્હને પોતાની બેગમ બનાવવાની ઇચ્છા દર્શાવી હતી. મ્હારૂં સૌંદર્ય જોઇ ઉન્મત્ત બની જઇ શિરાજીની ખુમારીમાં તેણે મ્હારૂં વસ્ત્ર ખેંચ્યું હતું. હું મ્હારા એ અપમાનનો બદલો લેવાની ઇચ્છા રાખું છું, હું પાપિણી—અવિશ્વાસુ નથી સ્વામિ મ્હારા દેવતા છે, હું કુળકામિની છું. તમે યાદ રાખજો કે તમારી

ઓળખાણ તેમજ પ્રવૃત્તિની પિછાન મળ્યા સિવાય હું આવી ગંભીર રાત્રે તમારી પાસે કદાપિ આવત નહિ."

આશ્ચર્ય ! આ અદ્દભુત સ્ત્રી કોણ ! મ્હેં ચિત્કાર કરી કહ્યું:—"કુલસમ ! કુલસમ! તું કોણ છે ? આ રહસ્યનો ભાવાર્થ જલદીથી ખુલ્લો કર."

કુલસમે મ્હને ચિંતાતુર જોઇને કહ્યું—"ઇસ્કાન્દાર ! હું તમને ભાઇ કહીને બોલાવું છું, હું તમારી બ્હેન છું ! હું મ્હારા અપમાનનો બદલોજ લેવા માગું છું; વળી તમે જાણો છો કે સોહાણીની પત્ની પણ ઘણી અભિમાની છે. તે મ્હને વારંવાર એમ કહ્યા કરે છે કે:—"કુલસમ ! ત્હારા જેવી એક સુંદરી દાસી મળે તો મ્હારી સર્વ આશા પૂર્ણ થાય." હું દાસી ? અને તે રાજરાજેશ્વરી ! ઇસ્કાન્દાર ! બાલ્યાવસ્થાથીજ હું ઘણી અભિમાની છું ! પતિ આગળ મ્હેં અદ્યાપિ આ સર્વ બાબત સંબંધી એક પણ અક્ષર કહ્યો નથી. તમને મ્હારા ભાઇ જાણું છું, તેથીજ આ હકીકત આજે તમને નિવેદન કરી છે. તમે મ્હારા ભાઇ છો તો પછી આ ભગિનીનું માન સાચવો."

હું આશ્ચર્યથી અધીર બની ગયો. હું શક્તિ સાહસ સર્વ ગુમાવી બેઠો. મ્હેં આવેગ ભર્યા-દૃઢ સ્વરે કહ્યું:—"ભગિની ! તું જે કહે છે તે હું કરીશ. અલ્લાનું નામ લઇને પ્રતિજ્ઞા કરૂં છું કે, હું ત્હારા અપમાનનો બદલો વાળી આપીશ."

કુલસમે કહ્યું:—"આ લ્યો તમારો પરવાનો. આ જેની છબી છે તેને હું પિછાનું છું. જે દિવસે તમે સોહાણીની બેગમને બાંદીની બાંદી બનાવશો—તે દિવસે હું તમને તેની ઓળખાણ આપીશ."

હું અપાર ચિંતામાં મગ્ન હતો. કુલસમ એ મ્હારી આગળ એક પ્રકારના રહસ્યની પુતળી જેવી હતી! જેની છબીને હું મ્હારી છાતીથી દૂર થવા દેતો નથો, જેની છબીનું રાત્રિ દિવસ હું ચિંતન કર્યા કરી છેક દીવાનો બની ગયો છું તેને કુલસમ પિછાનતી હતી.

મ્હેં આવેગભર્યા અવાજે કહ્યું:—"કહે! કુલસમ આ છબી કોની છે?"

પણ હાય! એ માયાવિની કુલસમ કયાં છે? એ તો માયાબળથી કોઈ સ્વપ્નરાજ્યમાં ચાલી ગઇ છે.

ષષ્ઠ પરિચ્છેદ.

એકાએક મ્હારા ઓરડામાં આવેલા એક ગુપ્ત માર્ગે થઇને કુલસમ અદ્રશ્ય થઇ ગઇ. થોડા સમય પછીથી મ્હેં જોયું તો મ્હને અતિ આશ્ચર્ય લાગ્યું. મ્હારી આગળ કુલસમનો વૃદ્ધ સ્વામી શેખજી આવી પહોંચ્યો! શેખજીએ હસીને કહ્યું:—" મુસાફિર! હજુ સુધી નિદ્રાધીન થયા નથી! રાત્રિ ઘણી વીતી ગઇ છે. આવો ગંભીર રાત્રે કુલસમને શા માટે બોલાવી હતી? એ મ્હારી ધર્મપત્ની છે. મ્હેં તમને આશ્રય આપી તમારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનો આવોજ બદલો કે?"

મ્હેં મનમાંને મનમાં અતિ લજ્જિત થઇ જઇને વિચાર્યું કે, રામ! રામ! ખરેખર મ્હેં અન્યાયજ કર્યો છે; પરંતુ સત્ય રીતે જોવા જતાં આ પ્રકારમાં હું અપરાધી નહોતો. કુલસમ પોતાની ઇચ્છા-

થીજ મ્હારી પાસે આવી હતી. શેખજી પણ મ્હને તેની પત્નીના કરતાં વધારે નિર્લજ્જ જણાયો. કારણ કે તે પોતાની પત્નીને શાસન નહિ કરતાં મ્હને શાસન કરવા આવ્યો હતો!

શેખજીએ મ્હને નિરૂત્તર જોઇને કહ્યું:–" સાહેબ! આપ એમ ધારોછો કે હું કુલસમને શિક્ષા નહિ કરતાં તમારો તિરસ્કાર કરવા શા માટે આવ્યો? પરંતુ એનું કારણ હું પોતે પણ સમજી શકતો નથી. કુલસમ મ્હારી ત્રીજા પક્ષની ધર્મ-પરિણીતા પત્ની છે! તે કાંઇક માની છે! વળી તેનું ચરિત્ર પણ રહસ્યમય છે. હું કેટલીક વખત તેનું નિર્લજ્જ વર્ત્તન જોઇ સંદેહ પામું છું; પરંતુ મ્હને મ્હારા સંદેહનું કાંઇ પ્રત્યક્ષ પ્રમાણ મળતું નથી. કોઇ વખત તેનું અયોગ્ય સ્વચ્છંદ વર્ત્તન જોઇ મ્હને એમ લાગે છે કે તેણે પાપ માર્ગે પ્રયાણ કર્યું છે; પરંતુ તેણે સર્વ વસ્તુઓનો, માનાપમાનનો, ધન ભંડારનો ત્યાગ કરી સ્વેચ્છાથી આ વૃદ્ધ શેખજીને પોતાના પતિ તરીકે સ્વીકાર્યો છે એ વાત યાદ આવતાંજ એનું રહસ્ય શું છે તે હું સમજી શકતો નથી. વળી આશ્ચર્યની વાત તો એ છે કે તેના મનમાં બિલકુલ કપટ નથી. એ જ્યારે જે કાંઇ કરે છે તે બધું મ્હને કહી સંભળાવે છે. જો અપરાધ થયો હોય છે તો પગે પડીને માફી માગે છે, અને જો પોતાને નિરપરાધી ઠરાવી શકે છે તો પછી મ્હને આઠ દશ વચનો સંભળાવી પણ દે છે!"

હું સમજી ગયો કે શેખજી કુલસમનો સ્વામી હોવા છતાં પણ પત્નીના ચરિત્રની પરીક્ષા કરી શકવાને અસમર્થ હતો. મ્હેં સાંભળ્યું કે તે કુલસમના ઉપર સંદેહ પણ રાખે છે–અને વળી તેના ઉપર વિશ્વાસ પણ રાખે છે! આ કેવા આશ્ચર્યની વાત?!

હું ઘણુંજ વિચારમાં પડી ગયો. તરતજ મ્હેં મ્હારી સમશેરને મ્યાનમાં સરકાવી દીધી; પછીથી પ્રસન્નમુખે મ્હેં કહ્યું:—"શેખજી તમારા આ અયોગ્ય સંકલ્પને તમે દૂર કરો. તમારા મનમાં કદાપિ આવો વિચાર લાવશો નહિ."

શેખજીએ કહ્યું:—"જો માત્ર કુલસમનીજ વાત હોત તો હું મ્હારા નિશ્ચયનો ત્યાગ કરત; પરંતુ હું સોહાણીના સર્વસ્વનો પણ નાશ કરવાની ઇચ્છા રાખું છું, આ નિષ્ઠુર અત્યાચારી સંસારમાં એક સ્થળે ઝુંપડી બાંધી કુલસમના જેવું એક રત્ન મેળવી હું કાંઇક સુખી હતો! પરંતુ અભિમાની સોહાણીએ મ્હારા સુખમાં અગ્નિ સળગાવ્યો છે."

મ્હેં કહ્યું:—"જો તેમજ હોય તો પછી અપરાધ સોહાણીનો છે! કુલસમનો શો દોષ?"

શેખજીએ ઉત્તરમાં જણાવ્યું:—"દરિદ્રની પત્ની કુલસમ શા માટે આવું અપૂર્વ સૌંદર્ય લઇ પૃથિવીમાં આવી છે! આજ મ્હારા વિચાર પ્રમાણે તેનો મુખ્ય દોષ છે! તે સિવાય તેણે એક દિવસ મ્હારી નજર આગળ સોહાણીના મુખથી ઉચ્છિષ્ટ થયેલો શિરાજી પીધો છે. જો કુલસમે આમ ન કર્યું હોત તો અભિમાનના ગર્વમાં મદમસ્ત બનેલો સોહાણી કદાપિ આ ગરીબ વૃદ્ધની પત્ની ઉપર આસક્ત થાત કે?"

મ્હેં વાતને ફેરવી નાખવાના ઉદ્દેશથી કહ્યું:—"શેખજી! સોહાણીના સર્વસ્વનો નાશ કરવાની અમારી બન્નેની મહત્વાકાંક્ષા છે; પરંતુ તમારી સહાયતા મેળવીનેજ અમે સોહાણીને પકડવા માગીએ છીએ. હું તમને વિનંતિ કરૂં છું કે, કુલસમનો આ સામાન્ય અપરાધ

આપ કહો તેને હું મ્હારી બ્હેન માનું છું. એક સાધારણ કારણથી પરકેલી આના ઉપર સંદેહ રાખવો ઉચિત નથી. જો કુલસમનું અનિષ્ઠ કરવાનો યત્ન કરશો તો તમારા અંગનું લોહી રેડાયલું જોયા સિવાય હું દૂર થઇશ નહિ. કુલસમ એ એક પ્રકારના રહસ્યની મૂર્તિમા છે. અદ્યાપિ હું પણ તેના રહસ્યને કળી શક્યો નથી."

શેખજીએ કહ્યું:—"ખાનસાહેબ! ખરી વાત છે કે તેના અંતરના રહસ્યને જાણવું એ કાર્ય ઘણું કઠિણ છે. મ્હને લાગે છે કે તેણે ગુલસાના આગળ તેની જાતને વેચી નાખી છે. તમને પકડાવવાને માટે તેણે આ કપટજાળ રચી હોય એમ જણાય છે. કુલસમના લોહીથી તમારા હાથ તમારે રંગવા પડશે નહિ, એક કામ કરો કે જેથી સર્વ પ્રકારનું રક્ષણ થશે!"

મ્હેં આશ્ચર્ય પામી પૂછ્યું:—"શું કામ?"

શેખજીએ કહ્યું:—"હું સોહાણીને પકડાવી આપીશ. તમને મદદ કરીશ, પરંતુ માત્ર એક કરારથી."

"શો કરાર શેખજી?"

"સોહાણીને બંદીવાન બનાવવામાં આવે કે તરતજ તેને આગ્રા તરફ લઇ જવો. હું પણ તમારી સાથે આગ્રા આવીશ. હું ત્યાં આવી બાદશાહને નિવેદન કરીશ કે:—"આ કુલસમ ગુલસાનાને મળી જઇ દિલ્હીશ્વરના સેનાપતિને તેમના કર્ત્તવ્યથી વિમુખ કરવાનો યત્ન કરતી હતી." બાદશાહ આ અભિયોગથી નક્કી કુલસમના પ્રાણનો નાશ કરશે, તમે તેમની આગળ આ વાત કબુલ કરશો કે તરતજ સઘળો નિકાલ થઇ જશે. તમારી તરવાર રમણીના લોહીથી કલંકિત થશે નહિ."

મ્હેં મનમાં વિચાર્યું કે દુનિયામાંના આ અદ્ભુત જીવની સાથે ચતુરાઈ વાપર્યા સિવાય ઉપાય નથી. જો સોહાણીને બંદીવાન કરી આગ્રા લઇ જઇ શકાય તો પછી કુલસમના જીવનનું રક્ષણ કરવાનું કામ મ્હારે માટે વિશેષ કઠિન થઇ પડશે નહિ. આથી કરીને મ્હેં કહ્યું:—" આ હકીકત અસત્ય નથી. એમાં મ્હને કોઇ પણ પ્રકારની હરકત નથી. "

શેખજીએ કહ્યું:—" તમારી સમશેરને સ્પર્શ કરી કસમ ખાઓ."

મ્હેં કહ્યું:—" કસમ ખાવા એ મહાપાપ છે! કુરાને શરીફનો નિષેધ છે! હું મ્હારા જીવનમાં કદાપિ અસત્ય બોલતો નથી. તમે જે કહો છો તે હું કબુલ કરૂં છું, તમે કહી શકશો કે હમણાં કુલસમ ક્યાં છે?"

શેખજીએ કહ્યું:-" તે શયનાલયમાં બેઠી બેઠી ચિત્તને સ્થિર કરવા માટે શિરાજી પીએ છે. હું પણ સમસ્ત ઓરડાનાં દ્વારને તાળાં મારીને આવ્યો છું. તે અહિં આવી શકે એમ નથી. "

મ્હેં કહ્યું:—" મ્હારી પાસે પચાસ મોગલ સૈનિકો છે. તેઓ મ્હારાજ હુકમથી વેશ બદલી અહિંનાં જૂદાં જૂદાં જાહેર સ્થળોએ ઉતર્યા છે. તેમની મદદ સિવાય આપણે કાંઇ કરી શકીશું નહિ."

" પત્ર લખી આપો—હુંજ એ બાબતનો બંદોબસ્ત કરૂં છું. હમણાંજ તેઓ એકત્ર થઇ જશે."

" એક વાત હું પ્રથમ જાણવા માગું છું. તમે કયે રસ્તે થઇને દુર્ગમાં જશો શેખજી? "

" ગુપ્ત રસ્તે થઇને. આ રસ્તાની ચાર જણને માહિતી છે. આ

ચાર જણુ તે હું, કુલસમ, ગુલસાના અને સોહાણી છે !"

" ઠીક છે ત્યારે, આજથી તમેજ મ્હારા મિત્ર. જો આપણે આપણા કાર્યમાં ફતેહમંદ થઇશું તો શિરપાવ, જાગીર, સોનામહોરો જે માગશો તે સર્વ તમને સરકાર પાસેથી અપાવીશ."

શેખજી આ લાલચથી ઘણો પ્રસન્ન થયો. તરતજ મ્હેં નોકરોને એકત્ર થઇ જવાની સૂચનાનો એક સંકેતપત્ર આપ્યો. પત્ર લઇ શેખજી ચાલ્યો ગયો ! હું ઘટનાચક્રમાં પડીને ચાર જણના રહસ્યમાં સપડાયો. એક સોહાણી, બીજી તેની પત્ની, ત્રીજી કુલસમ અને ચોથો વૃદ્ધ શેખજી.

સપ્તમ પરિચ્છેદ.

શેખજીની વાતચિત સાંભળીને તથા તેના મુખના હાવભાવ જોઇને હું એટલું તો સમજી ગયો કે એ વિશ્વાસઘાતકતા કરશે નહિ. અડધા કલાકની અંદર શેખજીએ પાછા આવી પહોંચીને કહ્યું:—" સર્વ સૈનિકોને મ્હારા બાગમાં એકત્ર કર્યા છે. આપ જલદી પધારો."

હું તૈયારજ હતો, તેથી કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય મ્હેં શેખજીનું અનુસરણ કર્યું. હું અને મ્હારી સાથે પચાસ સૈનિકો માત્ર પંદર મિનિટની અંદર શેખજીએ દર્શાવેલા રસ્તે—ઇલ્લદુર્ગની નીચે આવેલા પહાડમાં થઇને ગુપચુપ ધારેલે સ્થળે જઇ પહોંચ્યા. કોઇના મુખમાંથી એક પણ શબ્દ નીકળતો નહોતો ! પરંતુ મ્હારા

આણુમાં અતિ આનંદ હતો ! આજ રાત્રે પ્રભાત થતાં પૂર્વે સોહ્રાબની મ્હારી કેદી થશે, અફઘરશાહનું સુખસ્વપ્ન સફળ થશે, તથા મ્હારું ભાગ્યચક્ર પણ ફરી જશે ! અરેરે ! મુગ્ધ મનુષ્ય ! આશાની છળનાથી તું જેટલો છેતરાય છે તેટલો બીજી કોઇ પણ રીતે છેતરાતો નથી.

પર્વત પ્રદેશ પર ચંદ્રનાં તેજસ્વી રશ્મિઓ ચમકી રહ્યાં હતાં.

શેખજીએ કહ્યું:—"મનુષ્ય પ્રકૃતિના મોહથી આશ્ચર્ય પામ્યા સિવાય રહેતો નથી. આ કુલસમનું ભુવનમોહિનીના જેવું રૂપ અને તેનો અદ્દભુત વ્યવહાર જોઇને હું પણ સર્વ ભૂલી ગયો છું. મ્હારું ભાગ્ય મ્હને ઘણો દુઃખી કરે છે. હું મ્હારા ભાગ્યને મ્હારે તાબે કરવાની ઇચ્છા રાખું છું."

મ્હેં હસીને કહ્યું:—"શેખજી ! ભાગ્યને હજુ સુધી તો કોઇ પોતાને તાબે કરી શક્યું નથી. સમ્રાટ્ કરી શક્યા નથી, તેમજ ફકીર કે મહાત્માની પણ કરી શક્યા નથી ! વળી તમે ને હું સામાન્ય મનુષ્યો છીએ; આપણે ભાગ્યને તાબે કરી શકીએ કે ?"

શેખજીએ કહ્યું:—"હું કરી શકીશ. મ્હારું ભાગ્ય સુખની આકાંક્ષા રાખે છે. આવી ઉંમરમાં રૂપવતી સ્ત્રીની સાથે સુખ મેળવવાની ઇચ્છા રાખે છે; પરંતુ હું તેને એ સુખનો ઉપભોગ કરવા દઇશ નહિ."

મ્હેં વિચાર્યું કે આ વળી એક પ્રકારનું અદ્દભુત રહસ્ય છે ! એ પોતે પોતાની જાતને તાબે કરવા માગે છે. કુલસમને માટે આ યોગ્ય પતિજ છે ! એ પણ ઉન્માદ અને આપણ એવાજ. મ્હેં કહ્યું:—

"શેખજી ! તમે કેવી રીતે તમારા નશીબને તાબે કરવાની ઇચ્છા રાખો છો ?"

શેખજીએ ઉત્તેજિત કરી કહ્યું:—" કુલસમના શરીરના લોહીની ધારાથી !"

મ્હેં કંપી ઉઠી કહ્યું:—"આ શું ! સ્ત્રીહત્યા કરશો કે ?"

શેખજીએ નિરાશાસૂચક વિકટ હાસ્ય કરીને કહ્યું:—"હા, આ વૃદ્ધાવસ્થામાં એમજ કરીશ. તો પણ સ્ત્રીના લોહીથી હું મ્હારા આ ક્ષીણ હાથને રંગીશ નહિ. જો એમ કરવું હોત તો આજ સુધી હું સ્થિરતાથી બેસી રહ્યો હોત નહિ. સૈનિક ! તમારી કમર પર લટકતી તરવાર યા તો કમરપટ્ટામાં છુપાઇ રહેલો છુરો મ્હને મ્હારા આ કાર્યમાં મદદ કરશે. હું વૃદ્ધ છું. અસ્ત્ર પકડવા જતાં મ્હારા હાથ કંપી ઉઠે છે ! આટલો ન્હાનો છુરો પણ દૃઢતાથી મુઠીમાં પકડી શકું નહિ; અને ધારો કે જો પકડી શકું તો પણ એ સ્વપ્ન સૌંદર્યમયી કુલસમની છાતીમાં ખોસી શકું નહિ. તેનું સુંદર મુખ જોતાંની સાથેજ હું સઘળું ભુલી જાઉં. મુસાફિર ! મ્હને મદદ કરો. હું તમારો ગુલામ થઇને રહીશ."

હું તે કેટલાને મદદ કરૂં ? ઘટનાચક્રની આવી ગુંચવણી મ્હારા જીવનમાં નિર્માણ થઇ હતી ! આવી કુસુમ સમાનકોમળ તેમજ સૌંદર્યમયી કુલસમનો, તેનો દીવાનો પતિ નાશ કરવાનું ચ્હાય છે ? મ્હેં ઉત્તેજિત સ્વરે કહ્યું:—"કેમ શેખજી ! કુલસમે તમારો એવો તે શો અપરાધ કર્યો છે કે જેથી કરીને તેની કોમળ છાતીને વીંધી નાખવાની ઇચ્છા રાખો છો ? સુંદર ગુલાબને બાળી ભસ્મ કરવાનો ઇરાદો ધરાવો છો ?"

શેખજીએ ઉત્તેજિત સ્વરે કહ્યું:—" શો અપરાધ કર્યો છે! અપરાધ! યા મેરા ખુદા! મેરા આસક ભી છુટ ગિયા—મહબ્બત ભી તુટ ગિયા! મુસાફિર! જ્યાં સુધી કુલસમ જીવતી હશે ત્યાં સુધી હું કદાપિ સુખી થઈ શકીશ નહિ. મ્હારો ભ્રમ દૂર થઇ ગયો છે!"

"નહિ—તમે ભ્રાંત છો! વિના કારણ વહેમાયા છો! હું ખાત્રીપૂર્વક કહી શકું છું કે, કુલસમે કદાપિ વ્યભિચાર કર્યો નથી અને કરશે પણ નહિ."

શેખજીએ કહ્યું:–" સાહેબ! હું પણ એજ વિચાર કરૂં છું; પરંતુ જો હું તેનો ત્વરાથી નાશ નહિ કરૂં તો તે જરૂર એક દિવસે પાપપંકમાં ડૂબશે–તે પોતાના રૂપના પ્રચંડ અગ્નિથી સઘળું બાળીને ભસ્મ કરી મુકશે."

"કેમ?"

"દુર્ગાધિપતિ જાતેજ—તેના પ્રેમાકાંક્ષી છે!"

"હાં, ઠીક છે! તમે કેવી રીતે આ વાત જાણી?"

"એ સંબંધી મ્હને અનેક પ્રમાણો મળ્યાં છે. સમય વિના કારણ ચાલ્યો જાય છે માટે હવે ખાસ મહત્વની બાબત સંબંધીજ વાત કરીશ. આપ મ્હારી આ પ્રાર્થના પૂર્ણ કરો. હું આપને મદદ કરીશ."

"જો કદાચિત આ નીચ કાર્યમાં હું તમને મદદ ન કરૂં તો?"

"હમણાંને હમણાં શાહ સોહાણીને સમાચાર મોકલી તમને કેદ કરાવીશ. હું પણ જાણું છું કે–તમે કોણ છો! તમે ધ્રાન્ગ વ્યાપારી નથી; પરંતુ અકબરશાહના સેનાપતિ છો! તમારૂં નામ ખરકાન્દારખાન છે!"

મ્હેં મ્યાનમાંથી તરવાર બ્હાર ખેંચી કાઢીને કહ્યું:–" આ ઓરડામાં હવે બીજું કોઇ નથી. શેખજી ! જો હમણાંજ તમારો વધ કરૂં તો તેથી હું સંકટમાંથી મુક્ત થાઉં–અને કુલસમનું પણ રક્ષણ થાય."

શેખજીએ વિકટ હાસ્ય કરીને કહ્યું:–" સાહેબ ! તમારાથી એવું કાંઇ બની શકે તેમ નથી. હું જાણું છું કે, તમે વીર પુરૂષ છો. સાચા વીરપુરૂષ છો ! તમારો સુયશ મ્હેં સાંભળ્યો છે. તમે કદાપિ અસ્ત્રહીન અસહાય વૃદ્ધનો એકાએક વધ કરશોજ નહિ એવી મ્હારી ખાત્રી છે; છતાં હું તમારી આગળ મ્હારી છાતી ધરૂં છું ! જો બની શકે તો બેલાશક તમારી તરવારથી મ્હારી છાતી વીંધી નાખો."

પ્રકૃતિ સ્તબ્ધ અને શાંત હતી. થોડે દૂર વહેતી સરિતાના 'ખળ ખળ' અવાજ સિવાય બીજો કોઇ પણ પ્રકારનો અવાજ સંભળાતો નહોતો.

આવા સમયે હું સોહાણીને કેદ કરવાને માટે મ્હારા સૈનિકો સાથે આગળ વધતો હતો.

એક વાંકમાંથી ફરી રહેતાંની સાથેજ સોહાણીનો દુર્ગ નજરે પડયો. દુર્ગ પણ ચંદ્રનાં રશ્મિઓથી સ્પષ્ટ રીતે જોઇ શકાતો હતો. છતાં રાજમહાલયના બીજે માળની એક બારી અદ્યાપિ ઉઘાડી હતી. આ બારીની તરફ દૃષ્ટિ કરતાં અંદરના ભાગમાં એક સુગંધિત તેજસ્વી દીપક બળતો જણાતો હતો.

શેખજી સર્વની આગળ ચાલતો હતો. એકાએક એક સ્થળે આશ્ચર્યથી ચમકી સ્થિર બની જઇ તેણે કહ્યું:—" સાહેબ ! ભાગ્ય મળ્યા ! "

મ્હેં વિચાર્યું કે સોહાણીના કોઈ ચાલાક પહેરગીરે અમને જોયા હશે. આથી કરીને મ્હેં પણ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો:—" શેખ-જી ! શું છે ? જે હોય તે જલદી કહે !"

શેખજીએ કહ્યું:—" હવે હું આપની સાથે આવી શકીશ નહિ. જે ઓરડામાં દીપક સળગે છે એ ઓરડોજ આ મુલ્કના બાદશાહ સોહાણીનો છે. આજે સોહાણી કોઇ પણ પ્રકારના આનંદ વિલાસનો ઉપભોગ ભોગવે છે. એ અત્યાર સુધી જાગતો હશે એવી પ્રથમ મ્હને કલ્પના પણ નહોતી. હવે સઘળું તમારા શ્રમ અને કૌશલ ઉપર આધાર રાખે છે. જે બાજુએ આપણે આવી પહોંચ્યા છીએ એ દુર્ગની પાછલી બાજુ છે, તથા આ બાજુએ થઇનેજ આપણે રાજમહાલયમાં પ્રવેશ કરવાનો છે; પરંતુ ચતુર સોહાણીએ આપણા આ માર્ગના દ્વાર આગળ કોઇ પહેરગીરને રાખ્યો હોય એમ માલૂમ પડે છે. જો તમારાથી બને તેમ હોય તો ગુપ્ત રીતે જઇને એ પહેરદારને એક પણ શબ્દ બોલવાનો સમય આપ્યા સિવાય ઠાર કરો કે જેથી આપણો માર્ગ નિષ્કંટક થાય. નહિ તો પછી એ પહેરદારના સંકેતસૂચક અવાજથી બીજા પઠાણ સિપાહીઓ એકત્ર થઇ જશે અને આ સ્થળેજ આપણા સર્વેની જીંદગીનો અંત આવી જશે. જો કદાચિત આપણા દુર્દૈવથી તમે ફસાઇ જાઓ તો કદાપિ આ ગુપ્ત માર્ગ મ્હેં તમને બતાવ્યો છે એ હકીકત શત્રુને જાહેર કરશો નહિ. આપના ઉપર ઉપકાર કરવા જતાં હું ઉલટો સંકટમાં આવી પડયો છું, અને મ્હારી સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઇ છે. વળી સોહાણીનો સ્વભાવ વિચિત્ર છે ! તે દુસ્મનનો ક્રૂરતાથી નાશ કરે છે; તેમાં પણ વિશ્વાસઘા-

તમને તો તે સખ્તમાં સખ્ત સજા કરે છે. અરેરે ! ખુદા ! હવે કાંઇ ઉપાય !"

મ્હેં કહ્યું:—" શેખજી ! જો આ સ્થળે તમારા સિવાય બીજો કોઇ માણસ આવા શબ્દો ઉચ્ચારત તો હું મ્હારી કટારથી તેની છાતી વીંધી નાખત; પરંતુ સુંદરી કુલસમને હું વિધવા કરવા માગતો નથી ! ભાઇ થઇને બ્હેનના સર્વસ્વનો નાશ કરવાની મ્હારી ઇચ્છા થતી નથી. શેખજી ! તમે યાદ રાખજો કે મોગલો-વિશ્વાસઘાતકને જે શિક્ષા કરે છે તેની કલ્પના સુદ્ધાં પઠાણોના હૃદયમાં હોતી નથી. બ્હાયલા ! કૂતરા ! તું બેલાશક ત્હારો જીવ બચાવી ચાલ્યો જા, અને મ્હારી નજર આગળથી દૂર થા; હવે મ્હારે ત્હારી મદદની જરૂર નથી."

વૃદ્ધ શેખજીએ હાથ ઉંચો કરી મ્હને સલામ કરી, તથા એક પણ શબ્દ બોલ્યા સિવાય તે પલાયન કરી ગયો; અને જોત જોતાંમાં દૃષ્ટિથી દૂર થયો.

અષ્ટમ પરિચ્છેદ.

"શેખજી તો રફુચક્કર થઇ ગયો; પરંતુ હું એક પ્રકારના મહા સંકટમાં પડ્યો. હું મ્હારા સૈનિકો સાથે સોહાણીના દુર્ગના ગુપ્તદ્વાર સુધી જઇ પહોંચ્યો હતો; પરંતુ દ્વાર લોખંડનું તેમજ ઘણું ન્હાનું હતું. મ્હેં તપાસ કરી જોઇ તો આ દ્વાર અંદરથી બંધ હતું અને તે ઉઘાડ્યા સિવાય દુર્ગમાં જવાનો બીજો એક પણ માર્ગ નહોતો.

મ્હેં વિચાર્યું કે, હવે કરવું શું ? શું હું આટલે આવેલો કોરો

આનામાં પાછો ચાલ્યો જાઉં ? નહિજ, કોઈ પણ પ્રકારે દુર્ગમાં પ્રવેશ કરવાનો ઉપાય તો કરવોજ જોઈએ.

ચંદ્રમા ધીમે ધીમે અલોપ થતા હતા. ચાંદનીનો પ્રકાશ ઝાંખો થવા લાગ્યો હતો. એવામાં એકાએક એક મનુષ્યની આકૃતિ મ્હારી નજરે પડી. મ્હેં વિચાર્યું કે, કદાચ મ્હારા શબ્દોથી પસ્તાઇને શેખજી પાછો આવ્યો હશે; પરંતુ એ આકૃતિ જેમ જેમ આગળ આવવા લાગી તેમ તેમ મ્હને માલૂમ પડયું કે, એ પુરૂષની નહિ; પરંતુ સ્ત્રીની આકૃતિ છે !

સ્ત્રીજાત ! આટલી રાત્રે ! આવી ભીષણ જગ્યાએ ! હું વધારે વખત સ્થિરતા ધારણ કરી શકયો નહિ. મ્યાનમાંની તરવાર બ્હાર ખેંચી કાઢી એ સ્ત્રી તરફ હું ધસ્યો. મેઘની નીચે ઢંકાયલા ચંદ્રની ઝાંખી જ્યોતિથી મ્હારી તરવાર ચમકી ઉઠી.

આ સમયે મ્હારા મનમાં, વિજળીના જેવી સ્ફુર્તિવાળી સોહાણીની વીર્યવતી પત્નીની વાત ઉદય પામી. જો આ સ્ત્રી તેજ હોય તો તો અમારા દિવસજ ગણાઇ ચુકયા ! જહાન્દારખાન મ્હારા કરતાં અભિજ્ઞ અને વૃદ્ધ સેનાપતિ હતા. તેને જ્યારે એ વીર નારીએ હાલ બેહાલ કરી મૂકયો હતો તો પછી તેની આગળ હું કોણ માત્ર?

હું ઉત્કંઠાથી, આગ્રહથી કઠોર સ્વરે બોલી ઉઠયો:–" તું કોણ છે ? ખરી ઓળખાણ આપ, નહિ તો હમણાં ત્હારે સંકટને સ્વાધીન થવું પડશે."

તે અજાણી સ્ત્રી મ્હને નાગી તરવાર હાથમાં લઇ તેના તરફ આગળ ધસતો જોઇ બોલી:–" ઇસ્કાન્દાર ! ભાઇ ! હું કુલસમ છું ! સ્થિર થાઓ ! ધૈર્યને હારી જશો નહિ !"

મ્હેં આશ્ચર્યથી પ્રશ્ન કર્યોઃ—"કુલસમ ! બ્હેન ! તું અહિં કેવી રીતે આવી ?"

કુલસમે કહ્યું:—" ધીમેથી બોલો. હું ગુપ્ત રીતે તમારી પાછળ પાછળ આવતી હતી. મ્હારા સ્વામી ઘણા બ્હીકણુ છે. તેમનો સ્વભાવ હું સારી રીતે જાણું છું. મ્હેં વિચાર્યું હતું કે, સાધારણ ભય જણાતાંજ તે તમને સંકટમાં નાખી સટકી જશે. વળી તે ઉપરાંત આ ગુપ્તદ્વારની ચાવી મ્હારી પાસે રહે છે. શેખજી ઉતાવળમાંને ઉતાવળમાં ચાવી લેવાનું ભૂલી ગયા હતા. એ તમારી સાથે હોત તો પણ આ સંકટ સમયે તમને કોઇ પણ પ્રકારની સહાયતા કરી શકત નહિ."

અરે ! આ કેવી આશ્ચર્યજનક સુંદરી ! ખરેખર ! ખુદાએ કુલસમને કોઇ વિચિત્ર પ્રકારનીજ બનાવી છે. આવા પ્રકારની બુદ્ધિશાળી સ્ત્રી પ્રાપ્ત થયા છતાં પણ શેખજીને સંતોષ થતો નથી એ ઘણા અફસોસની વાત છે !

કુલસમે મ્હને શાંત જોઇને કહ્યું:—" ભાઇ ! આશ્ચર્ય પામશો નહિ. મ્હેં ભીંતની પાછળ ઉભી રહીને તમારી તથા મ્હારા પતિની સમસ્ત વાતચિત સાંભળી લીધી છે. તેઓ ઘણાજ ભીરૂ છે ! ઘણાજ ક્ષુદ્ર હૃદયના છે ! હું અવિશ્વાસિની નથી. ખુદાના કસમ લઇને હું કહી શકું છું કે, હજુ સુધી મ્હેં મ્હારા સતીધર્મની વિરૂદ્ધ કોઇ પણ પ્રકારનું પાપ કર્મ કર્યું નથી. તમારી સાથે મ્હેં જે પ્રકારની વાતચિત કરી હતી તે માત્ર તમારા ચરિત્રબળની પરીક્ષા કરવાને માટેજ કરી હતી. સોહાણી પોતાની પત્નીના પ્રેમને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે એ મ્હારા પતિ જાણે છે. સોહાણીના સર્વસ્વનો નાશ કરવાની પણ તેમની મહત્વાકાંક્ષા છે; પરંતુ તેમની

મહત્વાકાંક્ષા પૂર્ણ કરવા જેટલી શક્તિ તેમનામાં નથી. આમ હોવાથીજ તેઓ મ્હારા જીવનો ભોગ લેવાની ઈચ્છા રાખે છે."

વખત વીતી જતો જાણીને મ્હેં કહ્યું:—" બ્હેન ! હું સઘળું સમજું છું; પરંતુ હું જ્યાં સુધી હયાત હોઇશ ત્યાં સુધી ત્હારા એક વાળને પણ ઈજા થશે નહિ. આ જો સોહાણીના વિલાસભુવનમાંનો દીવો લગભગ હોલવાઇ જવા આવ્યો છે. એમ લાગે છે કે, તે શયન કરવા ગયો છે. હવે મ્હને તું આ ગુપ્તદ્વારની ચાવી આપ. હું દુર્ગમાં પ્રવેશ કરૂં. "

કુલસમે આગ્રહપૂર્વક કહ્યું:—" બરાબર વખતસર આપણે અહિં આવી પહોંચ્યાં છીએ ! મ્હને લાગે છે કે સોહાણીએ આજે અતિશય મદિરાપાન કર્યું છે ! તો પછી આવો સુયોગ મળ્યે વખત નકામો જવા દેવો ઉચિત નથી. "

કુલસમે તરતજ પોતાના ઓઢણામાંથી એક મ્હોટી ચાવી બ્હાર કાઢી એ દ્વારના એક ખુણામાં એક છિદ્ર હતું એ છિદ્રમાં ચાવી નાખતાંની સાથેજ દ્વાર ઉઘડી ગયું.

મ્હેં આનંદથી અધીરા બની જઇને કહ્યું:—" કુલસમ ! ખરેખર, તું માયાવિની છો! "

કુલસમે તરતજ ગુપ્તદ્વારમાંથી ચાવી કાઢી લઇને કહ્યું:— " ભાઈ ! ઘણીજ સાવધાનતાથી કામ કરજો ! જો સોહાણી તમને જોઇ જશે તો તે શિકારી વાઘની માફક ભયંકર રૂપ ધારણ કરશે. અને તેની પત્ની ગુલસાના તો વળી તેનાથી પણ વધારે ભયંકર બની જશે. આ લ્યો દોરડાનો વીંટો; જો કદાચિત સોહાણીને કેદ કરી શકશો તો તમને ફરીથી મળીશ, નહિ તો પછી છેવટની વિદાય."

આમ કહીને વિના વિલંબે કુસુમ ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ.

હવે અતિ કઠોર કર્ત્તવ્ય મ્હારી આગળ આવી પડયું. મ્હેં આ નિર્જન રાત્રે એક વખત ખુદાને યાદ કર્યા. મ્હારી આ પ્રાર્થનાથી મ્હારા દુર્બળ ચિત્તમાં સંપૂર્ણ શક્તિનો સંચાર થયો. મ્હેં તેજ વખતે ધીમેથી સંકેત સૂચક અવાજ કર્યો.

નવમ પરિચ્છેદ.

મ્હારો સંકેતધ્વનિ સાંભળતાં ન સાંભળતાંમાં તો દશ બળવાન મોગલ સૈનિકો હાથમાં ખુલ્લી તરવાર સાથે મ્હારી આગળ આવી પહોંચ્યા. મ્હેં તેઓ પૈકીના એકને સંબોધીને કહ્યું:—" મહમદઅલી! ધીમે ધીમે આ ઝાંખા પ્રકાશવાળા ઓરડા તરફ ચાલ્યા જાઓ. જો કોઇ પણ માણસ તમને અટકાવે અગર તો તમને સ્હામું મળે તો તેને એક પણ શબ્દ બોલવાનો સમય નહિ આપતાં ગળું દબાવી ગુંગળાવી યમસદનને માર્ગે પહોંચાડી દેજો.

પુનઃ કોમળ સ્વરે સંકેતસૂચક અવાજ કર્યો. વળી ફરીથી બીજા પંદર સૈનિકો શાંતિથી ધીમે પગલે આવી મ્હારી પાસે ઉપસ્થિત થયા. મ્હેં તેઓમાંથી દશ જણને મ્હારી સાથે લઇને રાજમહેલમાં પ્રવેશ કર્યો.

તે સમયે ચંદ્રનો પ્રકાશ તદ્દન ક્ષીણ થઇ ગયો હતો. પ્રકૃતિ ધીમે ધીમે અંધકારમાં આવૃત્ત થતી હતી. તરતજ અમે શાંતિથી ધીમે પગલે રાજપ્રાસાદના પ્રવેશદ્વાર આગળ જઇ પહોંચ્યા.

એ દ્વાર આગળ એક સશસ્ત્ર સૈનિક પહેરો ભરતો હતો! તે અમારી વિભિન્ન જાતિનો દેહ તેમજ રંગીન શિરપેચ જોઇ ભયની ભાવનાથી બૂમ પાડી બોલી ઉઠયો:—"દુશ્મન! શયતાન! ભાઇઓ સાવધાન!"

મ્હારી સાથે બિનકાસિમ નામનો એક સાહસિક સૈનિક હતો. તેણે ક્ષણમાત્રમાં આ પહેરદારનું મસ્તક તેના ધડથી જુદું કરી નાખ્યું.

મ્હેં ખુદાને ધન્યવાદ આપી સોહાણીના પ્રાસાદમાં પ્રવેશ કર્યો, અને ધીમે ધીમે સોહાણીના દરબારગૃહ આગળ જઇ પહોંચ્યો. આ દરબારગૃહ અનેક પ્રકારના ઐશ્વર્ય ભાવથી સુસજ્જિત હતું. મ્હેં બિનકાસિમને કહ્યું:—"તમારામાંના પાંચ જણ મ્હારી સાથે આવો, અને બાકીના સૈનિકો આ સ્થળે માર્ગની રક્ષા કરો."

સુસજ્જિત દરબારગૃહમાંથી એક નિસરણી ઉપર જવાને માટે હતી. આથી કરીને એ નિસરણીના છેક નીચેના પગથીઆ પાસે પાંચ સશસ્ત્ર સૈનિકોને માર્ગ સાચવવા રાખી બાકીના સશસ્ત્ર સૈનિકો સાથે હું નિસરણી ચઢવા લાગ્યો. નિસરણી ચઢી રહેતાંની સાથેજ અમે એક વિશાળ છજામાં જઇ ચઢયા. આ છજાની દક્ષિણ બાજુનો ભાગ ખુલ્લો હોવાથી મંદમંદ શીતળ પવનનો આસ્વાદ ત્યાંથી લઇ શકાય તેમ હતું; એટલુંજ નહિ, પરંતુ સોહાણીના રાજપ્રાસાદની આસપાસ આવેલા બગીચાનાં સુંદર પુષ્પોની સૌગંધ એટલી બધી તીવ્ર હતી કે તે પોતાની ખુશબો ઠેઠ છજા સુધી પ્હોંચાડી શકતી હતી. હું આ છજામાં બે સૈનિકોને પહેરો ભરવાને રાખી આગળ વધ્યો અને એક દ્વારમાં થઇ એક વિશાળ શયનાલયમાં જઇ પહોં-

ચ્યો. આ શયનાલયમાં અનેક ન્હાના ન્હાના ઓરડાઓ આવેલા હતા. ભિન્ન ભિન્ન માર્ગેથી એ શયનાલયમાં પ્રવેશ થઈ શકતો હતો. દરેક શયનાલયમાં તેજસ્વી દીપકો સળગી રહ્યા હતા, પરંતુ ત્યાં આગળ કોઈ પણ મનુષ્ય પ્રાણિ હોય એમ ધારી શકાતું નહોતું. સોહાણી કયા ઓરડામાં હશે એ સંબંધી હું વિચાર કરવા લાગ્યો કુલસમે મ્હને પ્રથમથી જણાવી દીધું હતું કે, સોહાણી બીજે માળ રહે છે. ઉત્સવના આનંદથી શરબતમાં ભાન ભૂલેલા સોહાણીને કેદ કરવાનો આવો સુયોગ જીવનમાં પુનઃ પ્રાપ્ત થશે નહિ એમ મ્હને લાગ્યું.

વિચાર કરતો કરતો વળી સહજ આગળ જવા લાગ્યો, એવામાં મ્હારી જમણી બાજુએ એક બીજો જૂદો ઓરડો મ્હારી નજરે પડ્યો! એકાએક આ ઓરડાનું દ્વાર ખુલી ગયું! દ્વાર ખુલી જતાંની સાથેજ મ્હેં જે દેખાવ જોયો એ દેખાવથી હું ઘણા આશ્ચર્યમાં પડી ગયો! હું નિર્જીવ પુતળાની પ્રમાણે સ્થિરતાથી જ્યાં હતો ત્યાંજ ઉભો રહ્યો.

એક રૂપવતી રાણી એ ઓરડાનું દ્વાર ઉઘાડી બ્હાર નીકળી. તેના ડાબા હાથમાં એક દીપક હતો. જમણા હાથમાં એક સુવર્ણપાત્ર હતું. તેનો કેશકલાપ તેના લલાટની આસપાસ ફેલાઈ રહ્યો હતો. તથા દીપકના પ્રકાશથી તે ભીષણ નાગની માફક ચમકી રહ્યો હતો, મણિજડિત વસ્ત્ર એ દીપકના પ્રકાશથી અપૂર્વ રીતે ઝળહળી રહ્યું હતું. તેના ગુલેગુલાબી ગાલનો રંગ કુમળા ગુલાબના રંગથી પણ વિશેષ સુંદર અને આકર્ષક જણાતો હતો.

એક ક્ષણ સુધી મ્હેં સ્વરૂપવતી અપ્સરાના જેવી મૂર્તિનાં દર્શન કર્યાં. તેનું દર્શન કરતાંજ હું આશ્ચર્યથી કંપી ઉઠયો! ચારે આંખો એકત્ર થતાં એના ગુલાબી ગાલ ઉપર વિશેષ લાલીની સુરખી પ્ર-

સરી રહી. આ દષ્ટિ શરમ ભરેલી અને સચકિત હતી. મ્હારો જીવ આનંદથી નાચવા લાગ્યો, જાણે કે આશા આવીને કોમળ સ્વરે મ્હારા કાનમાં કહેવા લાગી કે:—"તેજ—આ જેને માટે તું દીવાનો બની ગયો છે, તેજ—આં!"

શું ત્યારે આ ખરી રીતે એજ છે! જેની છબી હું રાત્રિ દિવસ મ્હારા છાતી સાથે ચાંપીને ફરૂં છું, નિદ્રામાં, જાગરણમાં, સ્વપ્નમાં, ધ્યાનમાં અર્થાત્ દરેક કાર્યમાં જેની ઉજવળ તેજસ્વી મૂર્ત્તિ લઇને કલ્પનાની સહાયતાથી સ્વપ્નરાજ્યની સૃષ્ટિ કરી છે એજ સર્વશ્રેષ્ઠ સુંદરી આજે મ્હારી આગળ ઉભી છે!

એ રૂપવતી રાણી સ્થિર, શાંત તેમજ અચળ હતી. તેના મુખ ઉપર એક પ્રકારની ઉત્સુકતાનો ભાવ હોવા છતાં—તેના ઉપર જાણે વ્યગ્રતા નથી. આવી રાત્રે એક જણ બ વાન્ શરીરવાળા સશસ્ત્ર મોગલ સૈનિકને પોતાની આગળ જોઇને પણ તે જાણે કે લેશ પણ ભય પામી નહિ યા તો તેણે એક અબળાની માફક બુમ પણ પાડી નહિ.

ધીમે ધીમે સમય વિચારી આ સુંદરીએ પોતાના વસ્ત્રથી પોતાનું ઉઘાડું મસ્તક અર્ધ ભાગનાં ઢાંકી દીધું ગુલાબી રંગના વસ્ત્રમાંથી તેના અંગની અપૂર્વ જ્યોતિ બ્હાર પ્રકાશી નીકળવા લાગી! કેવું ભુવનમોહનરૂપ! કેવું નિષ્કલંક સૌંદર્ય! જે છબી જોઇ હું ઉન્મત્ત બની ગયો હતો, પાગલ બની ગયો હતો, દીવાનો બની ગયો હતો તેનીજ આ સજીવ પ્રતિમા હતી!

રમણીએ દ્દઢ સ્વરે પ્રશ્ન કર્યો:—" આપ કોણ છો? આવી રાત્રે આબરૂદાર ગૃહસ્થના અંતઃપુરમાં ચોરની માફક શા માટે આવ્યા છો?"

આવા પ્રશ્નથી હું પ્રથમ તો ઘણો વિચારમાં પડી ગયો! સુંદરીના સુંદર મુખમાંથી નીકળતા ક્રોધદર્શક શબ્દો પણ મ્હને કેવા સુંદર લાગ્યા! મ્હેં સચકિત નેત્રોએ જોયું કે એ કાળા તારા જેવાં ચક્ષુઓમાં ક્રોધ સળગી રહ્યો છે! ક્ષોભથી તેના ગુલાબી ઓષ્ઠ સહજ હાલી રહ્યા છે.

મ્હેં મધુર સ્વરે પ્રશ્ન કર્યો:—"તમે કોણ છો?"

ઉત્તર મળ્યો કે:—હું ગુલસાના! આ દુર્ગના માલિકની પત્ની! આ પ્રાસાદની ધણિયાણી! તથા આ ક્ષુદ્ર સ્વાતંત્ર રાજ્યની અધીશ્વરી!! હું તમને મ્હારી સત્તાથી આજ્ઞા કરૂં છું કે વિના વિલંબે અહિંથી ચાલ્યા જાઓ, નહી તો તમારા લોહીથી આ સ્થળની જમીન ભીંજાઇ જશે. અમારી બળવાન્ પઠાણ સેના તમને તમારા આવા નીચ કાર્યનો બદલો હમણાંજ આપશે."

મ્હેં કાંઇક વિરક્ત બની જઇ કહ્યું:—"તમારી સેનાનો ઉપર આવવાનો માર્ગ મ્હેં બંધ કરી દીધો છે; અને તે કાર્ય કર્યા પછી-થીજ હું અહિં આવ્યો છું. હું સમ્રાટ અકબરશાહનો સેનાપતિ છું. મારી પાસે ઘણું સૈન્ય છે. તમે જાણો છો જે કે—તમારા સ્વામી સોહાણી કેટલી સેનાથી રાજ્ય ચલાવે છે?"

એ શૌર્યવાન્ રમણી મ્હારા શબ્દોથી ઘણી ગુસ્સે ભરાઇ હોય એમ લાગ્યું. છેવટે તેણે અપમાનસૂચક સ્વરે કહ્યું:—"તમે પણ જહાન્દારખાનના જેવા માણસ જણાઓ છો. તે પણ ચોરની માફક આ પ્રમાણે એક દિવસે દુર્ગમાં આવ્યો હતો, અને તમે પણ તેજ પ્રમાણે આવ્યા છો! મોગલ સેનાપતિઓ આવી રીતેજ શત્રુઓ ઉપર જય મેળવે છે. તમારી મુખમુદ્રા વગેરે જોતાં તો તમે ઉચ્ચકુળમાં

પયદા થયા હો એમ લાગે છે. તમારામાં સૈનિકનું મહત્વ હોય એમ પણ જણાય છે. તમને તમારા આ મહત્વના સોગન આપીને કહું છું કે તમે હમણાંને હમણાં અહિંથી ચાલ્યા જાઓ. જો સાહસ હોય તો પ્રભાતકાળે બ્હારથી દુર્ગ ઉપર ચઢાઇ કરી પઠાણ સૈન્યની શક્તિની પરીક્ષા કરજો, તથા તે સાથે મોગલોના વીરત્વનો પરિચય પણ કરાવજો.

હું આ નિર્ભય રમણીનાં દઢ વચનો શ્રવણ કરી સ્થિર થઇ ગયો. આ તો તેજ કે જેને માટે હું દીવાનો બની ગયો છું! આ તો એજ કે જેના વિચારોમાં મ્હને સુખ છે, જેનું ધ્યાન ધરતાં મ્હને અતિ આનંદ ઉપજે છે. આટલા દિવસ સુધી જેને માટે તૃષ્ણામાં બળી મરતો હતો—તેજ શાંતિ સરોવર આજે મ્હારી નજર આગળ છે! સમુદ્રને કિનારે જઇ પહોંચવા છતાં તૃષ્ણા તૃપ્ત થતી નથી. માન, સંભ્રમ, યશ, ઉચ્ચ અધિકાર સર્વ ઉંડા જળમાં ડૂબી જાય તો પણ હું ભયથી બ્હીનાર નથી. મ્હારી કર્તવ્યહીનતાને લીધે જો કદાચ અકબર શાહ મ્હને જીવથી મારી નંખાવે—હાથીના પગ નીચે છુંદાવી નખાવે તે સર્વ સહન કરવાને હું તૈયાર છું; પરંતુ આનો ત્યાગ કરવાને તૈયાર નથી.

ખુદા! તમે આ સૃષ્ટિની અંદર રમણીને આટલું બધું રૂપ શા માટે આપ્યું? જેનું રૂપ જોતાં મનમાં પાપવૃત્તિનો પ્રવેશ થાય છે—ધર્મવૃત્તિ શિથિલ થઇ જાય છે, સદાચાર શક્તિ વિનાના થઇ જાય છે, કર્તવ્યજ્ઞાન ચાલ્યું જાય છે એવી ભયંકર જ્વાળા આપે શા માટે સર્જિત કરી છે? એને શું મ્હોટામાં મ્હોટી પરીક્ષાને માટે તો સર્જિત નથી કરી ને?!

એકાએક રમણીનાં મધુર વચનોથી મ્હારા વિચારો સ્થિર થઇ ગયા, ગુલસાનાએ કહ્યું:—" મોગલ સેનાપતિ ! મ્હને લાગે છે કે મ્હારાં વચનોથી તમને કાંઇ પસ્તાવો થાય છે. શું તમે નથી સમજી શકયા કે તમે કેવી નીચ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયા છો ? વીર પુરૂષ થઇ પોતાના ધણીની વાસના પરિતૃપ્ત કરવા માટે, એક વીર પુરૂષનો વિશ્વાસઘાત કરીને ચોરની માફક નીચતાનો આશ્રય શા માટે લ્યો છો ? આ સુવર્ણનું હિંદુસ્થાન અકબર બાદશાહની પયદા કરેલી સંપત્તિ નથી. એના ઉપર તમારા સ્વામીનો જેટલો અધિકાર છે તેટલોજ અધિકાર મ્હારા સ્વામીનો પણ છે. જેનું બાહુબળ વિશેષ હશે તેજ હિંદુસ્થાનમાં પોતાના રાજ્યની પ્રતિષ્ઠા કરશે. જાઓ, ચાલ્યા જાઓઃ—ખરા વીરની માફક વર્ત્તો. હવે હું સમજી કે કોણે તમને દુર્ગનો માર્ગ દેખાડયો છે. કાલે સ્હવારે જો અમારૂં આધિપત્ય વિલુપ્ત નહિ થાય તો પેલી દાસીની દાસી કુલસમ અને કૂતરા કરતાં પણ વધારે અધમ પેલા વૃદ્ધ શયતાન શેખજીના લોહીથી ઇદલગઢની વધ્યભૂમિ ભીંજાઇ જશે. "

ગુલસાનાએ રોષના આવેશમાં જે વચનો ઉચ્ચાર્યાં તેમાંનાં ઘણાં ખરાં હું સાંભળી શકયો નહિ. હું શત્રુના ઉપર જય મેળવવા આવીને મુગ્ધની માફક મ્હોટા શત્રુની જાળમાં ફસાયો. મ્હારી બુદ્ધિ, વિવેક, શક્તિ, સાહસ તેમજ કર્તવ્યજ્ઞાન સર્વ ગુલસાનાના અદ્વિતીય પ્રચંડ વેગવાળા રૂપના પ્રવાહમાં તણાઇ ગયું.

અહા ! એ ધીમે ધીમે ફરકતાં મૃદુ ઉજ્વળ નેત્રોમાં કેટલું બધું તેજ છે ! કેવી આકર્ષક અને હૃદયભેદક ભાષા છે ! કેવી મોહિની શક્તિ છે ! ગુલાબી અધરોષ્ઠ કેવા સુંદર ભાવમય દેખાય

છે ! છુટા લટકતા કાળા સર્પના જેવા કેશકલાપનું કેવું મનોમુગ્ધ સૌંદર્ય છે ! મૃદુ પવનના વેગથી કપોળ પ્રદેશ ઉપર ગેલ કરતી કેશકલાપની લટ હૃદયમાં કેવો સખ્ત આઘાત કરે છે ! હું આ સર્વ સુંદરતા જોતો જોતો સ્થિર, ધીર અને ગંભીર બની જઇ એકજ સ્થળે ઉભો રહ્યો.

ગુલસાનાએ વિરક્ત ભાવથી કહ્યું:—" હવે હું વિશેષ વિલંબ સુધી રાહ જોઇ શકતી નથી. મ્હારા સ્વામી મ્હારી રાહ જોઇને બેસી રહ્યા છે. હું તેમને માટે આ સુવર્ણપાત્રમાં શરબત લેવા આવી હતી ! મોગલ ! તમે શું દીવાના છો ? ટગર ટગર મ્હારા તરફ નજર કરીને શું જોઇ રહ્યા છો ? "

હું આવેગ ભર્યો, દીવાના મનુષ્યની માફક ગુલસાનાની પાસે ગયો, તથા પ્રેમથી રૂંધાઇ ગયેલા સ્વરે મ્હેં કહ્યું:—" ગુલસાના ! ગુલસાના ! તું કેવી સુંદર છે ! "

ગુલસાનાએ સ્મિત કરીને કહ્યું:—"ઇશ્વરે દયા લાવી મ્હને સુંદરી બનાવી છે તો તમને પણ તે પરમકૃપાળુએ કૃપા કરી વીર સાહસિક યોદ્ધા બનાવ્યા છે. મોગલ સેનાપતિ ! વિના કારણ સમય ગુમાવશો નહિ. રૂપનું દર્શન કરવાનો આ સમય નથી. હું પરસ્ત્રી છું. જાઓ-હમણાંને હમણાં અહિંથી ચાલ્યા જાઓ. જો ઇચ્છા હોય તો એક દિવસ મ્હારા સ્વામીના મિત્ર તરીકે પધારી મ્હારા હાથનો ઇરાની શિરાજી પી તૃપ્ત થઇને જજો. "

કેવી કઠોર મશ્કરી ! કુસુમ સમાન કોમળ રમણીનો જીવ આટલો બધો કઠિન કેમ ? હું ખરેખરો ઉન્મત્ત છું. મ્હેં આવેગ ભર્યો સ્વરે કહ્યું:—" ગુલસાના ! આવી સુંદરી થઇને નિષ્ઠુર

બનીશ નહિ. તું મ્હારા પ્રાણમંદિરમાં દેવીની પ્રતિમા પ્રમાણે બિરાજેલી છે. આ જો ત્હારી છબી હું છાતી સાથે ચાંપી રાખીનેજ મ્હારા દિવસો પસાર કરૂં છું, જ્યારે ખુદાની કૃપાથી હું ત્હારૂં પ્રત્યક્ષ દર્શન કરી શકયો છું તો હવે મ્હને ત્હારા સૌંદર્યને બરાબર જોઇ લેવા દે. ”

ગુલસાનાએ આશ્ચર્ય પામીને પુછ્યું:—“ તમે શું કહો છો ! મ્હારી છબી તમારી પાસે ક્યાંથી ? ”

હું એક ક્ષણમાંજ છબીને પાછી બ્હાર કાઢી બોલ્યો:—“ આ લે જો ! હું કહું છું તે ખોટું છે કે ખરૂં ?! ”

ગુલસાનાએ દીપકને સતેજ કરી મ્હારા હાથમાંની છબીને જોઇ કહ્યું:—“ ખરેખર એજ છે ! આ તસ્બીર મ્હેં એક વૃદ્ધા બાંદીને પાંચ ખાસડાંના મૂલ્યે વેચવા આપી હતી. મ્હેં વિચાર્યું હતું કે—એનો ખરીદનાર મળી આવશે નહિ, છતાં મ્હને લાગે છે કે, તમે પાંચ ખાસડાંની કીમતે આ છબીબી ખરીદી છે. તમારે હમણાં શું જોઇએ છીએ ? ”

મ્હેં એક રોગીના જેવા ક્ષીણ સ્વરે કહ્યું:—“ગુલસાના ! ગુલસાના ! ત્હારા આ ગુલાબી કોમળ હાથ ઉપર મ્હને એક વખત ચુંબન કરવા દે. ”

મ્હારી આ માગણીથી ગુલસાના ગુસ્સે ભરાઇ થોડે દુર ખસી ગઇ. ત્યાર પછી છંછેડાયલી નાગણની માફક તેણે કહ્યું:—“ઇસ્કાન્દારખાન ! તમે ભયંકર પાપી છો ! મ્હારા સ્વામી સિવાય કોઇને પણ મ્હારા હાથ ઉપર ચુંબન કરવાનો અધિકાર નથી ! તમારૂં

આ કાર્ય ક્ષમાપાત્ર નથી. સુયોગ મળતાંજ હું ખોજાઓને બોલાવી તમારા મસ્તકને જમીન ઉપર આળોટતું કરી નાખીશ."

મ્હેં જમીન ઉપર બેસી જઇ ઘણા નમ્ર સ્વરે કહ્યું:—"ગુલસાના ! સુંદરી ! ત્હારૂં આવું અપૂર્વ સ્વરૂપ છે છતાં તું આટલી બધી નિષ્ઠુર કેમ ? ત્હારા રૂપમોહમાં પડી હું મ્હારી ફરજ ભૂલી ગયો છું. મ્હારા ઉપર દયા કર.!"

ગુલસાનાએ એક ક્ષણ માત્રમાંજ પોતાનાં વસ્ત્રોમાં છુપાવી રાખેલી તીક્ષ્ણ કટાર બ્હાર કાઢી કહ્યું:—"હું પઠાણ છું ! મોગલ નથી. તમારી બુદ્ધિ નાશી ગઇ છે. તમે તમારા અકબર બાદશાહે તમને સોંપેલું કર્ત્તવ્ય ભૂલી ગયા છો; પરંતુ હું મ્હારા સ્વામી સોહાણી તરફનું મ્હારૂં કર્ત્તવ્ય ભૂલી જાઉં તેમ નથી. ફરીથી જો આવી અયોગ્ય વાત કરશો તો તમારી આ વિશાળ છાતીમાં મ્હારી આ તીક્ષ્ણ કટાર ખોશી ઘાલીશ."

આટલો બધો ઉપહાસ ! આટલી બધી ઉપેક્ષા ! આવી ઉપેક્ષાથી રૂપનો મોહ ઓછો થયો. આત્મ સન્માન અને કર્ત્તવ્યબુદ્ધિ મ્હારામાં પ્રબળ થઇ પડી. મ્હારા મનમાં એક કઠિન કલ્પના જાગૃત થઇ. મનમાંને મનમાં નિશ્ચય કર્યો કે આ સિંહણને ખુશામદથી કદાપિ આધીન કરી શકીશ નહિ. જેનો પતિપ્રેમ આવો ગંભીર છે, જે આવી જાત્યભિમાની છે તે કદાપી સહજમાં આધીન થઇ શકશે નહિ, પરંતુ જો હું આજે રાત્રે સોહાણીને કેદ કરી શકું તો પછી કાલે પ્રાતઃકાળે આ ગુલસાના સર્વ પ્રકારે મ્હને આધીન થશે. આજે જે મ્હારી આટલી ઉપેક્ષા કરે છે તે કાલે ઘટનાચક્રના પરિવર્ત્તનથી સંપૂર્ણ રીતે મ્હારી કૃપાભિખારિણી થઇ પડશે; તથા તેમ કર-

વાથી મ્હારા કર્તવ્યમાં પણ ખામી આવશે નહિ.

આમ વિચારી તરતજ મ્હેં સંકેતનો અવાજ કર્યો. આ અવાજ સાંભળી બ્હાર છજામાં ઉભેલા સૈનિકો શાંતિથી પોતાના હાથમાં નાગી તલવારો લઇને મ્હારી પાસે આવી પહોંચ્યા. મ્હારો સંકેત-ધ્વનિ છેક ઇદલદુર્ગના પ્રવેશ દ્વાર સુધી જઇ પહોંચ્યો હોય એમ મ્હને પછીથી માલૂમ પડયું. કારણ કે પ્રવેશદ્વાર આગળ ઉભા રાખવામાં આવેલા સશસ્ત્ર સૈનિકોએ પણ વિના વિલંબે મ્હારી પાસે આવીને કુરનસ બજાવી.

ક્ષણમાંજ આટલા બધા મોગલ સૈનિકોને પોતાની પાસે હાજર થયેલા જોતાંજ ગુલસાના ઘણી ગભરાઇ ગઇ. બાજી કોઇ સ્ત્રી જો તેને સ્થળે હોત તો તે અવશ્ય મ્હારા ચરણોમાં નમી પડત; પરંતુ વિધાતાએ ગુલસાનાને કોઈ વિચિત્ર પ્રકારનાં સાહિત્યોથીજ નિર્માણ કરી હતી. આવી સંકટમય સ્થિતિમાં પણ તેણે સાહસનો ત્યાગ કર્યો નહિ. તેણે કહ્યું:—" શું તમે એમ ધારો છો કે મ્હારા પતિ મદિરાપાનથી ઉન્મત્ત અને બેભાન બની ગયા છે અને તેમને તમે સહજમાં કેદ કરવા માગો છો ? નહિ નહિ. તમારાથી એમ બની શકશે નહિ. જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી તો તેમ કદાપિ બની શકશે નહિ. "

આ સમયે સુયોગ પ્રાપ્ત કરી મ્હેં કહ્યું:—"આ પ્રમાણે પાંચસો મોગલ સૈનિકો આ દુર્ગની આસપાસ ઉભા છે ! પર્વતની નીચે બીજા પણ પાંચસો હુકમની રાહ જોઇ રહ્યા છે. સુંદરી ! આટલાથી શું સમજી શકતી નથી કે તમારા સર્વસ્વનો નાશ હવે જલદીથી થશે."

મ્હારાં આ ભયસૂચક વાક્યોથી ગુલસાનાનું મુખ શબના જેવું

મલિન બની ગયું; તો પણ તે બુદ્ધિ હારી ગઇ નહિ. સાહસનો સંચય કરી દઢ સ્વરે તેણે કહ્યું:—" ઇરકાન્દારખાન ! જો તેમજ હોય—મ્હારા વૈધવ્યથી ઈશ્વર રાજી થતા હોય તો પછી મ્હારી શી શકિત કે હું મ્હારા ભાગ્યને પલટાવી શકું ? પરન્તુ તમે સાહસિક વીર છો, બાદશાહના સેનાપતિ છો. જે માર્ગ ધર્મના નામથી ઓળખાય છે, તે માર્ગ સ્વીકારો અને કોઇનું અનિષ્ટ કરવાનો ખ્યાલ પણ હૃદયમાં ન ધરો; વળી આ ક્ષુદ્ર રમણી જીવનની કીંમત પણ શી છે ? પરંતુ તમને ખબર છે કે આવી વિશ્વાસઘાતકતાથી તમારા જીવન ઉપર મહા કલંક લાગશે. હલદીઘાટનાં યુધ્ધોમાં તમે અપાર વીરત્વનું દર્શન કરાવ્યું છે તો પણ આ કલંક તમારે માથેથી કદાપિ દૂર થશે નહિ. ઇરકાન્દારખાન ! તમે કહોછોને કે, 'ત્હારી છબીને રાત્રિ દિવસ હું મ્હારી છાતી સાથે ચાંપી રાખું છું; જો તેમ હોય, તમારો મ્હારા તરફ થોડો ઘણો પણ પ્રેમ હોય તો આજની રાત્રિ માટે મ્હારી માત્ર એકજ પ્રાર્થના સ્વીકારો. મ્હારા પતિ હમણાં મદિરાપાનથી ઉન્મત્ત બની ગયા છે. વિહ્વળ બની ગયા છે, હમણાં તેમનામાં બિલકુલ શક્તિ નથી. તમે આજે તેમને કેદ કરશો નહિ. જ્યારે તમારૂં સૈન્ય આ પ્રાસાદમાં આવ્યું છે અને તેની અમારા સૈન્યને બિલકુલ ખબર નથી તો પછી તમે તમારી આ યુક્તિમાં પરાજય તો નહિજ પામો. ઇરકાન્દાર ! કાલે પ્રભાતકાળે મ્હારા સ્વામી સાથે જાહેર યુદ્ધ કરીને તેમનો પરાજય કરી તમે બેલાશક તેમને તમારા કેદી બનાવજો. તેમ કરવાથી તમારૂં વીરત્વ તથા ગૌરવ સહસ્રધા પ્રકાશિત થશે."

મ્હેં કહ્યું:—"તેમ બની શકશે નહિ. સુંદરી ! મ્હને ક્ષમા કર !

બાદશાહનું લુણ ખાઇ હું તેમનો વિશ્વાસઘાતક થઇ શકીશ નહિ. જે કરવાને માટે અત્રે આવ્યો છું તે હમણાંજ કરીશને કરીશજ."

ગુલસાનાને મ્હારાં આ દૃઢ વચનોથી ઘણો ભય લાગ્યો. તેનું મુખ સુકાઇ ગયું. વળી પાછા ક્ષણ માત્રમાં તેના ઓષ્ઠાધર ધીમે ધીમે હાલવા લાગ્યા, વાદળાંઓમાં વિદ્યુત્ ચમકી ઉઠી.

ગુલસાનાએ ગંભીર મુખે કહ્યું:—"જેઓ વિશ્વાસઘાત કરતા નથી તેમના ઉપર પઠાણો ઘણો પ્રેમ રાખે છે ! હું અત્યાર સુધી તમારા ચિત્તની પરીક્ષા કરતી હતી. હું હવે જાણી શકી છું કે, મ્હારૂં ભાગ્યચક્ર ફર્યું છે. મ્હારા પતિ દેવતાના સુખના દિવસો પૂર્ણ થવા આવ્યા છે. કાલે સ્હવારથીજ આ દુર્ગ ઉપર જ્યાં પઠાણોની પતાકા ફરકે છે ત્યાં મોગલોની પતાકા ફરકશે. ઇસ્કાન્દાર તમારી સાથેની વાતચિત ઉપરથી હું સમજી શકી છું કે તમે કર્તવ્યપરાયણ અને સ્વામિભક્ત વીર છો. હું અદ્યાપિ આ ક્ષુદ્ર દુર્ગની અધીશ્વરી છું, આ ક્ષુદ્ર રાજ્યની રાણી છું. ઇસ્કાન્દાર ! આ અબળાની એક સામાન્ય પ્રાર્થના સ્વીકારશો કે ?"

આમ કહીને ગુલસાનાએ દીનતાથી નીચે નમી જઇ મ્હારા વસ્ત્રના છેડાને ચુંબન કર્યું તથા પુનઃ તે કહેવા લાગીઃ—"આપો ઇસ્કાન્દાર ! એક પ્રકારની ભિક્ષા મ્હને આપો. સ્વામીની રક્ષાને માટે, સતી સર્વ કાર્યો કરી શકે છે. સંકટો હર્ષથી સહન કરી શકે છે. હું ગુમાન અભિમાન તેજ વગેરે ભૂલી જઇ કર જોડીને તમારી પાસે એક પ્રકારની ભિક્ષા માગું છું. આ દુર્ગ હું તમને સોંપી દઇશ. રાજ્યના ખજાનામાં જે મણિ, મુક્તા તથા રત્નાદિ છે તે સર્વ તમારૂં થશે. અમારો એક પણ સૈનિક તમને હરકત કરશે

નહિ એક બિંદુ જેટલું લોહી પણ પૃથ્વી ઉપર પડવાનો પ્રસંગ આવશે નહિ. હું મ્હારા સર્વસ્વ સમાન સ્વામીને લઇને-ગુપ્ત રીતે આ દુર્ગમાંથી ચાલી જઇશ. રસ્તાની ભિખારિણી થઇશ, ઇરકાન્દાર-ખાન ! સેનાપતિ સાહેબ ! એક વીરને છાજે એવું મહત્વ દેખાડો. હું દુર્ગ તમને સોંપું છું—તેના બદલામાં તમે મ્હને મ્હારા પતિ-દેવતા સોંપો."

ગુલસાનાનાં વાક્યોએ મ્હારૂં હૃદય વીંધી નાખ્યું તથાપિ આ વખતે કઠોર હૃદય કર્યા સિવાય ચાલે તેમ નહોતું. મ્હેં કહ્યું:—" ગુલસાના ! ત્હારી પ્રાર્થના પૂર્ણ કરવા જતાં મ્હારે મ્હારા જીવનની આહુતિ આપવી પડે તેમ છે. બાદશાહને સોહાણી જોઇએ છે, તેનું રાજ્ય જોઇએ છે અને તું પણ જોઇએ છે. હવે કહે કે આવા પ્રકારમાં હું તને કેવી રીતે મદદ કરી શકું ? ગુલસાના ! હું નિરૂપાય છું, લાચાર છું. "

તરતજ ગુલસાનાએ રૂદ્રમૂર્ત્તિ ધારણ કરી કહ્યું:—" ઇરકાન્દાર ! યાદ રાખજો કે તમારો સમાટ્ર મ્હારા મૃતદેહનેજ મેળવશે. ગુલસાના જીવિત અવસ્થામાં તેના રંગમહેલમાં કદાપિ પ્રવેશ કરશે નહિ. તીવ્ર ઝેર મ્હારી સઘળી જવાળાને દૂર કરશે. નહિ નહિ—કદાપિ ગુલસાના અને તેના પતિ કેદ થઇને અકબર બાદશાહની આગળ હાજર થશે નહિ. એ માટે જો મ્હને મ્હારી પોતાની જાતેજ વૈધવ્ય મેળવવું પડશે તો પણ હું ડરનાર નથી. ઇરકાન્દારખાન ! પઠાણ કન્યા પોતાની આબરૂનું મૂલ્ય સારી રીતે સમજે છે ! જો કદાચ સ્વામીના તથા મ્હારા પ્રાણના બદલામાં આબરૂ મળે તેમ હશે તો તેમ કરીશ. હસતાં હસતાં હું મ્હારા સ્વામીને ઝેર પાઇ દઇશ. "

મનમાને મનમાં મ્હેં ગુલસાનાની ઘણી પ્રશંસા કરી પછી મ્હેં કહ્યું:—"સુંદરી ! વૃથા વિલંબ શા માટે કરે છે ! ત્હારા સ્વામી ક્યાં આગળ છે તે કહે."

આ પ્રશ્નથી ગુલસાનાનો કોમળ દેહ થરથર કંપી ઉઠ્યો. તે અદ્વિતીય સુંદરીનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. અશ્રુધારા તેના હૃદયના આવેગની ઉષ્ણતાથી વિગળિત થઇને તેના બન્ને ગુલાબી ગાલ ઉપર થઇને તેના વક્ષઃસ્થળને ચુંબન કરવા લાગી. તેના ગુલાબી અધરોષ્ઠ મૃદુ મૃદુ કંપવા લાગ્યા. હું કેવો નિષ્ઠુર છું! હું શા માટે મ્હારા હૃદયની આરાધ્ય દેવીને, સુખરાજ્યની સ્વપ્નમયી અપ્સરાને નિર્દય દૈત્યની માફક દુઃખી કરૂં છું ! મ્હેં મનમાં વિચાર્યું કે અકબરશાહના ક્રોધાગ્નિમાં બળી મરવું પડે તો બળી જઇશ, માન અપમાનની દરકાર નહિ કરીશ; પરંતુ ગુલસાનાના આત્માને કોઇ પણ પ્રકારે દુભાવીશ નહિ."

વિશ્વમાં પોતાનું સુખ કોણ નથી ઇચ્છતું ? ગુલસાનાની છબી જોઇને, મનમાને મનમાં તેના રૂપની પૂજા કરીને હું તેના ઉપર પ્રેમ રાખું છું. ગુલસાનાની પ્રાર્થના પ્રમાણે એક રાત્રિની રાહ જોઉં તો તેમાં શી હરકત છે? સૈન્ય જ્યારે દુર્ગમાં છે તો પછી સોહાણીને નાશી છુટવાનો તથા તેને તેના સૈન્યને એકત્ર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થનાર નથી, તો પછી થોડા સમય સુધી રાહ જોવામાં શું જાય છે ? શું મ્હારા આ પ્રકારથી ગુલસાનાના હૃદયમાં થોડી ઘણી પણ કૃતજ્ઞ બુદ્ધિ જન્મ નહિ પામે ? સોહાણી કેદી થઇ આગ્રા આવશે એટલે તેનો શિરચ્છેદ થશે યાતો તેને જીવનપર્યંત અંધકારમય ઓરડામાં પડી રહેવું પડશે આમ થશે એટલે

સ્વર્ગસુંદરી ગુલસાના મ્હારી થશે! હું મ્હારા પુરષ્કાર તરીકે સમ્રાટ્ પાસે ગુલસાનાનીજ માગણી કરીશ.

બાળી દુરાશાથી મ્હારો જીવ આનંદથી ઉછળવા લાગ્યો ઘટનાચક્રમાં પડી ગુલસાના મ્હારી થશે એવી ઉન્મત્ત આશાથી હું બોલી ઉઠયો:—" ગુલસાના ! ત્હારે શું જોઇએ છીએ ? "

ગુલસાનાએ સજળ નેત્રોએ કહ્યું:—" એક પ્રકારની સાધારણ ભિક્ષા. મ્હારા સ્વામીના દેહમાં પઠાણોનું ગરમ લોહી વહે છે. જેણે પોતાના બાહુબળથી અકબરશાહની માફક પ્રતાપશાળી બાદશાહના હાથમાંથી ઇદલદુર્ગ કાઢી લીધો છે—નૂતન રાજ્યની પ્રતિષ્ઠા કરી છે, એ મદિરાથી વિહ્વળ બનેલી અવસ્થામાં બાદશાહના કેદી થાય એવી તેમની પત્નીની ઇચ્છા નથી. અકબરશાહ વિચારશે, લોકો વિચારશે કે સોહાણી વીર નથી. વિલાસના વેચાયલા છે. ઇસ્કાન્દાર સાહેબ ! આવી અવસ્થામાં જો કદાચ મ્હારા સ્વામીને કેદ કરશો તો એ કલંક તેમના જીવન મરણમાંથી કદાપિ દૂર થશે નહિ. મ્હારી નમ્ર પ્રાર્થના એજ છે કે પ્રભાતકાળ સુધી આપ આપના નિશ્ચયને મુલતવી રાખો; પછીથી જેમ યોગ્ય લાગે તેમ કરજો. "

તે સમયે મ્હારા મનમાં દારુણ દુરાશા હતી. આ દુરાશા મ્હારા કાનમાં મિષ્ટ સ્વરે કહેતી હતી કે:—" ભય શો છે ઇસ્કાન્દાર! ગુલસાનાની વાત સાંભળ. એ સ્વર્ગસુંદરી ગુલસાના ત્હારીજ થશે. આ દુર્ગ ઉપર જય મેળવ્યો છે તેથી માન, સંભ્રમ, યશ, આબરૂ વગેરે પણ ત્હને પ્રાપ્ત થશે. સુંદરી વીરને ભોગવવાનેજ માટેજ છે. તું વીર છે. આ સુંદરી ગુલસાના—ત્હારી છે. આશાની છલનાથી જે સુખચિત્ર મનમાંને મનમાં અંકિત કર્યું છે. તે જો કદાચ સત્ય

કરવાની ઇચ્છા હોય તો—મ્હારા જીવનની અતૃપ્ત આકાંક્ષાને પૂર્ણ કરવાની ઇચ્છા હોય તો ગુલસાનાની વિનંતિ સ્વીકાર. ”

મ્હેં નિરૂપાયે કહ્યું:—“ ગુલસાના ! ગુલસાના ! હવે હું ત્હારી આવી હૃદયદ્રાવક સ્થિતિ જોઇ શકતો નથી; જેથી કરીને તું સુખી થઇ શકે તે સર્વ કરવા હું તૈયાર છું. ”

ગુલસાનાએ આનંદપૂર્વક કહ્યું:—“ ઇસ્કાન્દારખાન ! ખુદા તમારૂં ભલું કરો. સમય આવ્યે ગુલસાના પણ તમારે માટે આત્મત્યાગ કરવામાં પાછી પ્હાની કરશે નહિ. ”

ગુલસાનાનાં આ વચનોથી મ્હારા મનનું સમાધાન થયું, જેના ઉપર ઉપકાર કરવામાં આવે છે તે માણસના મનમાં તેના ઉપર કરવામાં આવેલા ઉપકારને લીધે શ્રધ્ધા આવે છે, પ્રેમ આવે છે, સ્નેહ આવે છે, તથા ભક્તિ આવે છે. ગુલસાના પણ જો કદાચ પાષાણ હૃદયની ન હોય તો, અકૃતજ્ઞ ન હોય તો અવશ્ય એક દિવસ હું આ ઉપકારનો બદલો પ્રાપ્ત કરીશ. ગમે તેમ હોય તો પણ હું ગુલસાનાને ઇચ્છું છું. ”

પાઠક! મ્હારા જીવનની કહાણી જેમ ઘટવાની હતી તેમ ઘટી છે. ક્ષણે ક્ષણે ભાગ્યેજ ઘટનાચક્ર નિર્માણ કરી મ્હને તેમાં ઘસડી આણ્યો છે તેને હું અવનત મસ્તકે સહન કર્યા કરૂં છું જે કાંઇ બન્યું છે તે કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય નિવેદન કરતો જાઉં છું. દોષ મ્હારો નહિ પણ મ્હારા ભાગ્યનો છે, ચિત્તવૃત્તિનો છે. એ સિવાય બીજા કોઇનો પણ દોષ નથી.

ગુલસાનાએ કૃતજ્ઞ બુદ્ધિથી પોતાના બન્ને હાથ ઉંચા કરી આજ મુખે કહ્યું:—“અલ્લા તમને આ તમારા મહત્વનો બદલો અવશ્ય

આપશે. આજે તમે શત્રુ સ્વરૂપે આવ્યા છો, છતાં તમે અમારા અતિથિ છો; વાતચિતમાં આપણો ઘણો વખત પસાર થઈ ગયો છે. સોહાણી સાહેબ હજુ પોતાના શરબતના છેલ્લા પ્યાલાની રાહ જોઇ બેસી રહ્યા છે. હું તેમને માટે શરબત લેવા જાઉં છું. તમે આ સ્થાને થોડા સમય સુધી રાહ જુઓ.'' આમ કહીને ગુલસાના જલદીથી પાસે આવેલા એક સુંદર ઓરડામાં ચાલી ગઇ, તથા ત્યાં આગળ તેણે પોતાના હસ્તમાંના દીપકને સતેજ કર્યો. એ ઓરડામાં સ્વચ્છ પ્રકાશ પડતાંની સાથેજ મ્હેં જોયું કે તેમાં અનેક પ્રકારની વસ્તુઓ સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી હતી. ગુલસાનાએ આ ઓરડામાં મ્હને બોલાવ્યો કે વિના વિલંબે હું ત્યાં ગયો. હું ત્યાં ગયો કે તરતજ તેણે એક અનેકાસન તરફ આંગળી કરી મ્હને સંબોધીને કહ્યું:—" સેનાપતિ સાહેબ! થોડા સમય સુધી આ વિરાસન ઉપર બિરાજો. હું હમણાંજ પાછી આવી પહોંચીશ. "

ગુલસાના ચાલી ગઇ. સુરસુંદરી ક્ષણ માત્રમાં અદ્રશ્ય થઇ ગઇ. રાખી ગઇ માત્ર મોહ અને તેજ. સુર ચાલ્યો ગયો પરંતુ રહ્યું માત્ર તેનું તાન.

અતિ ઉજ્વળ રૂપ સૌંદર્યથી જે મનુષ્ય વિમુગ્ધ થયું હોય-છે તેને હિતાહિતનું જ્ઞાન રહેતું નથી. મ્હેં મનમાં વિચાર્યું;—" કેવું આશ્ચર્ય! હું એના સર્વસ્વનો નાશ કરવા આવ્યો છું, મ્હારે લીધેજ તે આવતી કાલે રસ્તામાં રખડતી ભિખારણ થઇ જશે; તેમ છતાં આટલી બધી ઉદારતા ભરેલો વ્યવહાર! ખરેખર, શું ગુલસાનાનો જીવ આટલો બધો ઉન્નત છે? શું એ પોતાના સર્વસ્વનો નાશ કરવા આવનાર શત્રુને પણ મિત્ર સમાન સમજે છે? પરંતુ એમ

હોવું સર્વથા અસંભવિત છે, મ્હને લાગે છે કે આ આતિથ્ય માત્ર મ્હને છેતરવાને માટેજ છે. કદાચિત તે પોતાના પતિને સમજાવી મ્હને ફસાવીને જહાન્દારખાનના જેવી તો મ્હારી અવસ્થા નહિ કરે ?" વળી બીજી ક્ષણે એવો વિચાર આવ્યો કેઃ—" નહિ, નહિ, હું ખોટી આશંકા ધરાવું છું જેનું આટલું બધું રૂપ છે, જેનું હૃદય, શક્તિ, સાહસ અને તેજથી પરિપૂર્ણ છે તે કદાપિ નીચ વિશ્વાસઘાતિની થઇ શકે નહિ. "

એકાએક પુનઃ ગુલસાના મ્હારી પાસે આવી પહોંચી. તેણે મદનમોહિનીની મૂર્ત્તિ સ્વરૂપે ફરીથી મ્હને દર્શન આપ્યું! તેનુ મુખ ચિંતાશૂન્ય તથા હાસ્યવિકસિત જણાતું હતું ! તેણે સ્મિત મુખે કહ્યુંઃ—" મ્હારા સ્વામીને મ્હેં તમારા આગમનના સમાચાર નિવેદન કર્યા છે. તમે અમારૂં માન સાચવવાને મ્હારી જે પ્રાર્થના સ્વીકારી છે એ બાબતમાં તેઓ કાંઇક નારાજ છે, છતાં મ્હને ખાત્રી છે કે તેઓ આવતી કાલે રહવાર સુધીમાં મ્હારી વાતનો સ્વીકાર કરશે. આત્મરક્ષણનો ઉપાય નહિ હોવાથી લાચારીથી તેઓ એ સંબંધી અસંમત થઇ શકશે નહિ. ત્યાર પછી ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે. તેમના આદેશથીજ હું અતિથિ સત્કાર કરવા આવી છું. હું ઘણોજ ઉત્તમ ઇસ્પહાની પુલાંઉ બનાવું છું. અતિથિ ! હમણાંજ તમે તેનો સ્વાદ મેળવી શકશો. "

ગુલસાના આ વાક્યો એટલી તો સરળતાથી બોલી કે, મ્હને તેના બોલવા ઉપર કોઇ પણ પ્રકારનો સંદેહ આવ્યો નહિ; તો પણ મ્હેં કહ્યુંઃ—" ગુલસાના ! જે ત્હારો શત્રુ છે, ત્હારા સ્વામીનો શત્રુ છે, જે તમારા બન્નેનું સર્વસ્વ નષ્ટપાયઃ કરવા આવ્યો છે તેના ત-

રફ આટલી બધી કરણા—આટલો બધો પ્રેમ શા માટે ? ”

ગુલસાનાએ એક હૃદયભેદક કટાક્ષ ફેંકી કહ્યું:—“ ખાનસાહેબ ! એમ ન હ ધારતા કે હું સ્વાર્થ સાધવાને માટેજ તમને આટલું બધું માન આપું છું ! અકબરશાહ જ્યારે જાણશે કે, તેમના માનનીય સેનાપતિની, દુર્ગાધિપતિની પત્ની ગુલસાનાએ મિત્રભાવે સેવા કરી છે ત્યારે તેઓ મ્હારા સ્વામી તરફ દયાદૃષ્ટિથી જોશે ! અકબરશાહ પાસે અનેક સેનાપતિઓ હોવા છતાં તેમણે દુર્ગ ઉપર જય મેળવવાને તમનેજ મોકલ્યા છે તે ઉપરથી તેમની તમારા ઉપર ઘણી માયા મમતા હોવી જોઇએ; આથી કરીને તમ પણ અમારી અતિથી સેવાથી સંતુષ્ટ થઇ અકબરશાહ આગળ અમારા પક્ષનું સમર્થન કરશો. કદાચ એમ થવાથી મ્હારા સ્વામી આ રાજ્ય ફરીથી મેળવી પણ શકે ખરા. ”

ગુલસાનાનું આ સર્વ કહેવું મ્હને વાસ્તવિક જણાયું. તેના શબ્દોથી મ્હને માલૂમ પડી આવ્યું કે, સ્વાર્થ સિવાય એ પ્રાણની ઉદારતા અને હૃદયનું મહત્વ દર્શાવવા આવી નથી. જે ગુલસાનાને માટે હું દીવાનો બની ગયો છું—જેને હૃદય-વિહારિણી રાજરાજેશ્વરી કરીને હું જીવને શાંત કરું છું—એજ અદ્વિતીય સુંદરી, રૂપવતી ગુલસાના મ્હારા તરફ વૈરાગ્યને બદલે આટલો બધો અનુરાગ દર્શાવે છે. અરેરે ! મનુષ્ય ! અરેરે સ્વાર્થ ! આને માટે તું ન કરી શકે એવું એક પણ કાર્ય નથી.

ગુલસાના મ્હને વિચારમાં જોઇ બોલી ઉઠી:—“ ખાનસાહેબ ! શો વિચાર કરો છો ? મ્હને લાગે છે કે હું કપટથી તમારા તરફ પ્રેમ દર્શાવું છું એવી તમને શંકા થાય છે, જો તમને એવી શંકા થતી

હોય તો તે અસ્થાને છે. મ્હારા મનમાં કોઇ પણ પ્રકારનો ખોટો ઉદ્દેશ નથી. પાંચસો સૈનિકોથી તમે આ દુર્ગ ઘેરી લીધો છે—અને અમારા પક્ષ માટે એક પણ સિપાહી હાલમાં આ સ્થાને નથી. તે ઉપરાંત સોહાણી સાહેબ પણ મદિરાપાનથી હમણાં અસ્વસ્થ છે. આવી પરિસ્થિતિ હોવા છતાં વિશ્વાસઘાત થવાની કલ્પના કરવી એ મ્હોટી ભૂલ છે. જો આજે કદાચ ઉત્સવને લીધે અમારા સૈનિકોને રજા ન આપી દીધી હોત. જો કદાચ પચાસ પડાણુ યોદ્ધાઓ આ દુર્ગમાં યા તો દુર્ગની આસપાસ હોત તો ગુલસાના તમારી ખુશામદ કરવાને બદલે તમને તમારૂં અપમાન કરી હાંકી કાઢત. અમે બિલકુલ નિરાધાર સ્થિતિમાં છીએ; આથી કરીને તમને સંતુષ્ટ રાખવા સિવાય અમારો બીજો એક પણ ઉપાય નથી.

વળી થોડા સમય સુધી શાંત રહ્યા પછી પુનઃ ગુલસાનાએ કહ્યું:—" ખાનસાહેબ! આપ બેસો હું આપને માટે ભોજન અને ઉત્તમ શિરાજી લઇને આવું છું. "

જાદુગરની પયદા કરેલી માયાની મૂર્તિ પ્રમાણે, કોઇ મંત્રબળથી ગુલસાના આશ્ચર્યથી એ સ્થાનેથી અદ્રશ્ય થઇ ગઇ. આ સમય દરમ્યાન હું જે ઓરડામાં બેઠો હતો તે ઓરડાનું મ્હેં બરાબર અવલોકન કરી લીધું. કૅાચ, સોફા વગેરે આરામનાં આસનોથી આ ઓરડો સુસજ્જિત હતો. અનેક પ્રકારનાં વાદ્ય યંત્રો, જેવાં કે, સતાર, સારંગી, બિન વગેરે ખુંટીઓ ઉપર લટકાવી રાખેલાં જણાતાં હતાં. સુગંધિત પુષ્પોની સુવાસ મનને મદોન્મત્ત બનાવી મૂકે તેમ હતું, આ વિશાળ ઓરડાના મધ્ય ભાગમાં એક બનાવટી ફુવારો નિર્માણ કરવામાં આવ્યો હતો કે જેમાંથી ગુલાબજળની ધારાઓ ઉડી રહી હતી.

આ ઓરડાની સુંદરતા તેમજ વિલાસિતા જોઇ મ્હેં વિચાર્યું કે આ ઓરડો ગુલસાનાનો હશે અગર તો સોહાણીનો વિલાસમહેલ હશે. મ્હારી ખાત્રી થઇ કે દિલ્લીશ્વરના કરતાં પઠાણ યોદ્ધા સોહાણીનો વિલાસ પણ કાંઇ ઓછો નથી.

તેજમયી સુંદરી ગુલસાના ફરી પાછી આવી પહોંચી. આ સમયે તે એકલી નહોતી. તેની સાથે બે બાંદીઓ હતી. એક બાંદીના હાથમાં ભોજન સામગ્રી હતી અને બીજીના હાથમાં ઉત્તમ શિરાજીની બૉટલ અને સુવર્ણનો પ્યાલો હતો.

ગુલસાનાએ પોતાના ગુલાબી હોઠ પર સ્મિતની લહરિયોને નૃત્ય કરાવતાં કહ્યું:—" સાહેબ ! અમારી પઠાણ જાતિનો આજ નિયમ છે. અમે અમારા અતિથિ તરફ માન દર્શાવવા માટે પ્રથમ ખાનપાનની વ્યવસ્થા કરીએ છીએ. હું આશા રાખું છું કે આપ પણ કૃપા ભાવે અમારા આ નિયમને અનુસરી આપની આગળ હાજર કરવામાં આવતા ખાનપાનને ન્યાય આપશો."

ઉપર પ્રમાણે કહી ગુલસાના મ્હારી છેક પાસે આવીને ઉભી રહી. અતિશય સ્નેહ દર્શાવતાં તેણે પોતાને હાથેજ મ્હારા મસ્તક ઉપરનો શિરપેચ ઉંચકી લીધો. ત્યાર પછી તે જાતે મ્હારાં વસ્ત્રો ઉતારવા લાગી. એ વિજળી જેવા સ્પર્શથી મ્હારી નસેનસમાં અગ્નિ સળગી ઉઠયો. તેની બન્ને બાંદીઓમાંથી એક આગળ આવી મ્હારી કમરમાં લટકતી શમશેર તેમજ છરાને કાઢી લઇ મ્હારી આગળ મૂક્યાં. આ આ પ્રકારમાં હું તેમને કોઇ પણ રીતે રોકી શકયો નહિ; કારણ કે હું વિજળી જેવા સ્પર્શથી ધ્રુજતો હતો, અશાંત હતો, દીવાનો બની ગયો હતો! આટલી બધી માયા, આટલી બધી કૃપા જેના પાસેથી

પ્રાપ્ત થઇ તેને કોઇ પણ પ્રકારે નારાજ કરવાનું સાહસ મ્હારાથી થઇ શક્યું નહિ.

મ્હારાં વસ્ત્રો બદલાવી નાખી હાસ્યમુખે મદિરાનો પ્યાલો મ્હારા હાથમાં આપીને ગુલસાનાએ કહ્યું:—" આ ફુવારાની પાસે હાથ મ્હોં ધોઇ નાખો. "

મ્હેં વિના વિલંબે તેના કહેવા પ્રમાણે કર્યું. ત્યાર પછી પાછો આસન ઉપર આવીને બેઠો. એટલામાં તો મ્હારી પાસેના ટેબલ ઉપર વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થો રાખવામાં આવ્યા હતા. ગુલસાના બાંદીને જે જે લાવવાનું કહેવા લાગી તે તો બાંદી વિના વિલંબે હાજર કરવા લાગી. હું ગુલસાનાની પ્રાર્થનાનો અસ્વીકાર કરી શકયો નહિ અને તેથી દરેક પદાર્થ મ્હેં મ્હારી ઇચ્છાનુસાર ખાધો. હું ખાઇ રહ્યો એટલે ગુલસાનાએ પુનઃ એક પ્યાલો મદિરાથી ભરી મ્હારા હાથમાં આપતાં કહ્યું:—" અફધાનિસ્થાનમાં અંગુરક્ષેત્રો અસંખ્ય છે; અમારા દેશમાં અમે અંગુરનો રસ પાઇનેજ અતિથિનો સત્કાર કરીએ છીએ; પરંતુ આ દેશ અફઘાનિસ્થાન નથી તેથી આ આપને માટે બશેરાનો ઉત્તમ શિરાજી હાજર કરવામાં આવે છે, આપ અમારા શત્રુ નથી, એવી ખાત્રી કરવાને માટે આપ મ્હારા હાથમાંના આ શિરાજી પાત્રને સ્વીકારી તેને ન્યાય આપો. "

આ સમયે મ્હને એવો સંદેહ થઇ આવ્યો કે—શિરાજીમાં કોઇ વિષમય પદાર્થ તો નહિ હોય ? મ્હારી હત્યા કરે તો પછી તેને કોઇ પણ પ્રકારનો ભય રહે તેમ નથી. તેનો સ્વામી સ્વતંત્ર છે, રાજ્ય સ્વતંત્ર છે, તેમજ તે પોતે પણ સ્વતંત્ર છે !

ગુલસાના પુનઃ મ્હને વિચાર કરતો જોઇ કહેવા લાગી:—"ખાન-

સાહેબ ! વિચાર કરશો નહિ. મ્હેં તમારા શિરાજીપાત્રમાં તમને ખુદાના દરબારમાં પહોંચાડવાની ઔષધિ મેળવી નથી. એટલી બધી નીચતા પઠાણ રમણી કરી શકે તેમ નથી. તેમણે પોતાના જીવનને સંકટમાં નાખી અતિથિના જીવનનું રક્ષણ કર્યાનાં ઉદાહરણો પણ જગતના ઇતિહાસમાંથી અનેક મળી આવે તેમ છે ! ”

ગુલસાનાનાં આ વચનોથી હું શરમાઇ ગયો. તેના જેવી ચતુર સ્ત્રી આગળ આવા પ્રકારે ચિત્તની દુર્બળતા દર્શાવવી યોગ્ય નથી એમ વિચારી હું આગ્રહ કરતો બોલી ઉઠયોઃ—“ લાવ ગુલસાના ! શિરાજી લાવ ! ”

ગુલસાનાએ પોતાના હાથમાંનો પ્યાલો મ્હારા હાથમાં આપી મ્હને કહ્યું:—“ ખાન સાહેબ ! મ્હારા સ્વામીની આજ્ઞાથી હું એક કલાકને માટે આપની સેવા કરવાને તૈયાર છું ! હું ઉત્તમ પ્રકારે વિણા વગાડી જાણું છું. જો કદાચ રજા હોય તો યથાશકિત આપના જીવને પણ આનંદ આપું ?”

મ્હેં આનંદથી શિરાજી પાત્રને મ્હારા મુખમાં ખાલી કરી નાખ્યું. સ્નેહમયી સુંદરીના હાથનો શિરાજી મ્હને અપૂર્વ આનંદદાતા જણાવા લાગ્યો. મ્હેં ગુલસાનાનાં બન્ને હાથ મ્હારા હાથમાં લઇને કહ્યું:—“ ગુલસાના ! એક ગાન ગા. વિણા વગાડવાની જરૂર નથી—ત્હારો વિણાને શરમાવે એવો સુમિષ્ટ સુર સાંભળવાનેજ હું અતિ આતુર છું. ”

ગુલસાનાએ મ્હારા મનને આનંદ આપવા માટે એક ગાયન ગાવાની શરૂઆત કરી. ગુલસાનાના આકર્ષક સુરથી સમસ્ત વિલાસમહેલ જાણે ગુંજારવ કરી રહ્યો હોય એમ જણાયું. હું જાણે ઇંદ-

રાજ્યમાં જઇ પહોંચ્યો હોઉં એવી મ્હને કલ્પના થવા લાગી. હું મનમાંને મનમાં બોલી ઉઠયો:—' હે શોભાસંપદયયી પૃથ્વી ! આજે ત્હારામાં આટલા બધા સૌંદર્યનો વિકાસ કેમ ? હે શુભ્ર જ્યોત્સ્ના ! આજે ત્હારામાં આટલી બધી મધુરતા કેમ ? હે પુષ્પવાસ વાસિત મલય! આજે ત્હારા સ્પર્શથી આટલી બધી શીતળતા કેમ ?

પ્રથમથીજ મ્હેં ગુલસાનાના કહેવાથી મ્હારાં વસ્ત્રો બદલી નાખ્યાં હતાં. મ્હારાં સર્વ વસ્ત્રો તેમજ તરવાર, છરો વગેરે મ્હારી પાસેજ પડેલા સોફા ઉપર રાખવામાં આંવ્યાં હતાં. ગુલસાનાએ તેના પતિનો એક સુંદર પોષાક મ્હને પહેરવાને માટે આપ્યો હતો.

અદ્વિતીય સુંદરી ગુલસાનાએ પુનઃ શિરાજી પાત્ર ભરી મ્હારા મુખ આગળ ધર્યું. મ્હેં ક્ષણુ માત્રમાં એ પાત્રને ન્યાય આપ્યો. મ્હારૂં મન એક પ્રકારના અવર્ણનીય આનંદ સાગરમાં નૃત્ય કરવા લાગ્યું. પ્રાણુમાં ઉલ્લાસમય આકાંક્ષા અને તે સાથેજ ધીમે ધીમે સુખ પ્રવૃત્તિ જાગૃત થઇ. એ અપરૂપ સૌંદર્યવતી સુવર્ણ પ્રતિમા ગુલસાના મ્હારી દૃષ્ટિમાં સવિશેષ સુંદર જણાતી હતી. જાગૃત અવસ્થા મ્હને સ્વપ્ન સમાન જણાવા લાગી. મ્હને ચેતના હતી, પરંતુ તેની ક્રિયા નહોતી. મ્હારો પ્રાણુ હતો, પરંતુ તે કોઇને વેચી દીધેલો હતો. મ્હારૂં મન મ્હારે વશ નહોતું. મ્હારાં નેત્રો એક પ્રકારના અતિ સુંદર સ્વરૂપ સાગરમાં ડુબી ગયાં હતાં. હું એક નજરે ગુલસાના તરફ જોઇ રહી કાંઇ વિચાર કરવા લાગ્યો.

ગુલસાના મ્હારા મુખ ઉપર મોહપૂર્ણ ભાવના જોઇ સમજી ગઇ કે, કર્તવ્યપરાયણુ પવિત્ર અસિવ્રતધારી વીરપુરૂષ—સુંદરી અને શિરાજીથી પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે ! તેણે વિચાર્યું કે, મનુષ્યનો

ધર્મ, કર્તવ્ય, પ્રભુભક્તિ, ચરિત્રબળ વગેરે રૂપવન્હિમાં એક ક્ષણ માત્રમાં ભસ્મિભૂત થઇ જાય છે. આથી કરીને ગુલસાનાએ સ્મિત મુખે કહ્યું-"મ્હારા મુખ તરફ ટગર ટગર શું જોઇ રહ્યા છો, ઇસ્કાન્દાર સાહેબ?"

મ્હેં આવેગ ભર્યા અવાજે કહ્યું:—"શું જોઉં છું! જોઉં-છું! જોઉં છું ત્હારૂં આ સુંદર શિરોમણી સ્વરૂપ. ખુદાએ ત્હારા અંગ પ્રત્યંગમાં કેટલી બધી મોહકતા મૂકી છે તેજ હું જોઉં છું. હું ત્હારી આ છબીને છાતી સાથે ચાંપી દીવાનાની માફક મ્હારા દિવસો પસાર કરૂં છું. એકાંતમાં મ્હેં અનેક વખત કલ્પનાસૃષ્ટિમાં ત્હારૂં દર્શન કર્યું છે; પરંતુ પ્રાણુની સ્વપ્નમય આશા પૂર્ણ થતી નથી; મનની ઇચ્છા તૃપ્ત થતી નથી; છેવટે આજે ત્હારૂં પ્રત્યક્ષ દર્શન થતાં મ્હારી ઇચ્છા પૂર્ણ થઇ છે. ગુલસાના! તું શા માટે આવું સર્વાંગ સુંદર સ્વરૂપ ધારણ કરી પૃથિવીમાં ઉત્પન્ન થઇ છે?"

ગુલસાનાએ હાસ્યવિકસિત સ્વરે કહ્યું:—"ખાનસાહેબ! શું તમે મ્હને અદ્વિતીય સુંદરી સમજો છો? જે કલંક વગરના સ્વચ્છ દર્પણમાં હું હમેશાં મ્હારૂં મુખ જોઉં છું એ દર્પણ તો તમારી માફક કાંઇ કહેતું નથી. જે સ્વામી હમેશાં ટગર ટગર મ્હારા તરફ જોયા કરે છે તેઓ પણ તમારી માફક કાંઇ કહેતા નથી. બળ્યું આ રૂપ! આ રૂપને લીધે તમે આવા દીવાના બની ગયા છો? કહો ઇસ્કાન્દાર! શું કરવાથી તમે તૃપ્ત થશો! ફરીથી એક ગાયન ગાઉં, સાંભળશો?"

ફરીથી કોકિલના કંઠનો આલાપ છુટયો, સમસ્ત વિશ્વ આ સમયે મ્હને ગાનતાનમાં મસ્તાન હોય એમ જણાયું. નિદ્રિત પપૈયાઓ વગેરેની નિદ્રાનો ભંગ થયો.

એકાએક સંગીત શાંત થયું. હું સ્વપ્નરાજ્યમાં ઇચ્છાનુસાર ભટક્યા કરતો હતો. શિરાજીનું ઘેન ઘણું ચઢી ગયું હતું. પ્રાણમાં સુખ, નેત્રોમાં સુખ, હૃદયમાં સુખ, સ્પર્શમાં સુખ તેમજ શ્રવણમાં પણ સુખ જણાવા લાગ્યું બ્હાર, અંદર, ઉંચે અને નીચે સર્વત્ર સ્વર્ગીય સુખનો અનુભવ થવા લાગ્યો. મ્હેં મનમાંને મનમાં વિચાર્યું:— "કર્ત્તવ્ય કૂવામાં પડો, સ્વામિભક્તિ દૂર થાઓ, યશ, માન વગેરેનો નાશ થાઓ, બધુંય જહન્નમમાં જાઓ; ગુલસાના આગળ એ સર્વની કોડીની પણ કીંમત નથી."

ગુલસાના મ્હારા આવેશમય ભાવને જોઇ કહેવા લાગી:—"હુ-સ્કાન્દાર! મ્હને થોડા સમયને માટે રજા આપો, હું મ્હારૂં કાર્ય પૂર્ણ કરી ફરીથી તમારી સેવામાં હાજર થઇશ."

ઉપર પ્રમાણે કહી તે વિદ્યુત્ ગતિથી ચાલી ગઇ. હું તેને રોકી શક્યો નહિ. એક વખત એવો વિચાર થઇ આવ્યો હતો કે હું તેને એમ કહું કે:—"ગુલસાના જઇશ નહિ. સાતમા સ્વર્ગના સર્વોચ્ચ સુખ શિખર પર ચઢાવી તું મ્હને પાષાણ હૃદયથી ધક્કો મારી દુઃખના પાતાળમાં પાડી નાખીશ નહિ." પરંતુ આમ કહેવાનું સાહસ મ્હારાથી થઈ શક્યું નહિ. હું અસ્વસ્થ ચિત્તે નિદ્રાધીન થઇ ગયો.

આ નિદ્રા નહિ પરંતુ તંદ્રા હતી; કારણકે હજુ પણ મ્હારા વિચારો સર્વાંશે ચાલ્યા ગયા નહોતા. સ્વપ્ન આવતાં મેં જોયું કે હું સ્વર્ગના એક અતિશય ઉજ્વળ વિલાસાલયમાં હુરીઓની વચ્ચે ઉંચા સુવર્ણના આસન ઉપર બેઠો છું. આ વિલાસાલયમાં અનેક સુ-ગંધી દીપકો પોતાનો પ્રકાશ સર્વત્ર ફેલાવી રહ્યા હતા. અનેક પ્રકારનાં સુગંધિત પુષ્પોની સૌરભ આત્મા તેમજ મનને અવર્ણનીય

આનંદનો ઉપભોગ કરાવતી હતી. પુષ્કળ વાદ્યયંત્રોના સુર મ્હારા કાને અથડાતા હતા. સુરની સાથે આલાપ આપી સર્વ હુરીઓ સંગીત ગાતી હતી. એ હુરીઓમાં જે મુખ્ય હતી તે અતુલનીય સ્વરૂપવંતી સુંદરી હતી. તે મ્હને સુવર્ણપાત્રમાં શિરાજી ભરીને આપતી હતી. કેટલાક સમય સુધી તેના તરફ જોઇ રહેતાં મ્હને માલૂમ પડયું કે તે હુરી નહિ પરંતુ ગુલસાના હતી.

ત્યારે શું ગુલસાના પરી છે? ત્યારે શું એ મૃત્યુલોકની નથી! શું એ સ્વર્ગની અધિષ્ઠાત્રી દેવી છે!

મ્હેં આવેગથી એ સ્વપ્નમાં દેખાયલી ગુલસાનાને આલિંગન કરવાને માટે મ્હારા હાથ લાંબા કર્યા. મ્હારી આવી ધૃષ્ટતાથી ગુલસાના ઘણી ક્રોધે ભરાઇ હોય એમ મ્હને જણાયું. તેના હરનિશ હાસ્યથી વિકસિત રહેતા મુખ ઉપર વૈરાગ્ય ભાવના જણાવા લાગી. તે કાંઇક ક્રોધાવેશમાંજ કહેવા લાગી: "નરાધમ! કર્તવ્ય ભૂલી જઇ, પરસ્ત્રીના તરફ કામાતુર દૃષ્ટિથી જુએ છે! તું જાણે છે કે આ સ્વર્ગ છે! આ કાંઇ નર્કના અંશવાળી પૃથ્વી નથી! જા, ચાલ્યો જા, આ સ્થળે તને સ્થાન મળશે નહિ. ત્હારી આ નીચતાનો પુરષ્કાર પાંચ ખાસડાં છે!" આમ કહીને ક્રોધે ભરાયલી ગુલસાનાએ પગની લાત મારી મ્હને સિંહાસન ઉપરથી ગબડાવી દીધો. હું મ્હોટેથી બુમ મારી બોલી ઉઠયો:—"ગુલસાના! ગુલસાના!"

કોઇએ ઉત્તર આપ્યો નહિ, જેથી મ્હારી સ્વપ્નમયી વિકટ નિદ્રાનો ભંગ થયો.

અંધકાર. મ્હારી ચોદીશ ભીષણ અંધકાર મ્હને દેખાયો. આવા ભીષણ અંધકારમાં સ્પર્શ શક્તિથી મ્હેં મહા મુશ્કિલીએ દ્વાર શોધવાનો યત્ન કર્યો; પરંતુ શોધી શકયો નહિ.

કોણે મ્હને આ સ્થળે આવી રીતે કેદ કર્યો ! ગુલસાનાએ ? નહિ, નહિ, એમ બનેજ નહિ. ગુલસાના તો મ્હને નિદ્રાધીન થયેલો જોઈ બીજા ઓરડામાં ચાલી ગઇ હશે. હું આ બંધ ઓરડામાંથી ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:—" ગુલસાના ! ગુલસાના ! "

એકાએક બ્હારથી કોઇએ ક્રોધપૂર્ણ સ્વરે કહ્યું:—"કેદી ! ગુલસાનાને માટે શા સારૂં વ્યાકુળ બની જાય છે ? તેને તો બાદશાહની દાસી થવા માટે આગ્રા મોકલી દેવામાં આવી છે. કાલે પ્રભાતકાળે ત્હારે પણ કેદી બનીને આગ્રા તરફ આવવું પડશે."

આ વચનો સાંભળતાંજ હું સર્વ રહસ્ય સમજી ગયો. અરેરે, આ શું થયું ! ચતુર ગુલસાના, મ્હને ચતુરાઇથી કેદ કરી મ્હારા સર્વસ્વનો નાશ કરી પલાયન કરી ગઇ હતી. બળ્યું રમણીનું રૂપ! બળી મુગ્ધ મનુષ્યની રૂપોન્મત્તતા. હું કેવો મૂર્ખ કે મ્હેં બુધ્ધિમતી ગુલસાનાના શબ્દો ઉપર વિશ્વાસ રાખ્યો ? જે પહેરગીરે મ્હને કેદી તરીકે સંબોધ્યો તે જાફરઅલી હતો તે મ્હારોજ સૈનિક હતો. મ્હેં ધીમેથી કહ્યું:—"જાફરઅલી! શું તું મ્હને ઓળખી શકતો નથી ? બારણું ઉઘાડી નાખ આપણા સર્વસ્વનો નાશ થયો છે: સોહાણી પલાયન કરી ગયો છે! અને હું તેને બદલે કેદી બન્યો છું."

પરંતુ મ્હારા શબ્દ કોણ સાંભળે ! મ્હેં ઘણી બુમો મારી પરંતુ કોઇ આવ્યું નહિ. માત્ર ઓરડમાં થતો મ્હારા અવાજનો પડઘોજ મ્હને સંભળાતો હતો, તથા એ પડઘો સાંભળી મ્હારી મૂર્ખતા ઉપર મ્હને ઘણી શરમ આવતી હતી. હું નિરૂપાયે પ્રભાતકાળની રાહ જોવા લાગ્યો.

\+ + + +

બીજે દિવસે સ્હવારે ઓરડાની બ્હારથી જાફરઅલીએ મ્હને કહ્યું:–" સોહાણી સાહેબ ! અમારા સેનાપતિની એવી આજ્ઞા છે કે તમને કેદ કરી લઇ હમણાંને હમણાં આગ્રા તરફ ઉપડી જવું. તમે તૈયાર થાઓ. "

મ્હેં ક્રોધાવેશમાં કહ્યું:—"જાફર ! શું તું દીવાનો બની ગયો છે ? "

જાફર ઉત્તરમાં બોલી ઉઠયો:—" હું નહિ, પરંતુ તમે દીવાના બની ગયા છે ! જે અજ્ઞાની પુરૂષ અકબરશાહના જેવા શક્તિશાળી સમ્રાટની ક્ષમતા વિરૂદ્ધ વર્તન ચલાવે છે તે દીવાનો કે હું ? અ-મારા સેનાપતિ ઇસ્કાન્દારખાનની યુક્તિથી તમે અમારા કેદી થઇ પડયા છો, તથા હવે અમે તમને તેમની આજ્ઞા પ્રમાણે વિના વિ-લંબે આગ્રા લઇ જઇશું. "

મ્હારા ક્રોધની સીમા રહી નહિ. મ્હેં ક્રોધાવેશમાં કહ્યું:—" અરે જાફરા ત્હેં ભાંગ બાંગ પીધી છે કે શું? હુંજ ઇસ્કાન્દારખાન છું ?"

જાફરે મશ્કરી કરતાં કહ્યું:—"તેથી તો જનાબ ! અમે તમારું સંમાન કરવા આવ્યા છીએ. સોહાણી ! એમ નહિ ધારતા કે દીવાના બની જવાનો ઢોંગ કરી તમે અમને છેતરી મુક્તિ પામશો. "

હું વિશેષ વખત સુધી આ પ્રકાર સહન કરી શકયો નહિ. દ્વારની છેક પાસે આવીને મ્હેં કહ્યું:—" જાફરઅલ્લી ! હું ત્હારો સેનાપતિ ઇસ્કાન્દારખાન છું, શત્રુની ચતુરાઇથી હું અહિં કેદી થઈ પડયો છું. આપણું ધાર્યું ધૂળધાણી થયું છે. ત્વરાથી દ્વાર ઉઘાડ–સો-હાણી પલાયન કરી ગયો છે. "

આ સમયે જાફરે દ્વાર ઉઘાડી નાખ્યાં. તેના હાથમાં એક સળગતો દીપક હતો ! મ્હને કેદીની અવસ્થામાં જોતાંજ તે ભયથી કંપી ઉઠ્યો. તેણે પોતાના બન્ને હાથ જોડી કહ્યું:—" આ શું જનાબ ! આપ આ સ્થળે આવી સ્થિતિમાં ! આવા વેષમાં ! આપ તો પ્રભાત સમયે દુર્ગની બ્હાર ચાલ્યા ગયા હતા ને ? ! "

શું પ્રકાર બન્યો હતો તે તરત હું સમજી ગયો. ગુલસાના મ્હને શિરાજીથી અજ્ઞાન બનાવી, ચતુરાઇથી મ્હારું ધાર્યું ધૂળધાણી કરી પોતાના સ્વામી સાથે પલાયન કરી ગઇ હતી. તેણે આગ્રહ કરીને આ માટે મ્હારાં વસ્ત્રો બદલાવી નાખ્યાં હતાં એનું કારણ પણ હું સમજી ગયો. મ્હારો કાઢી નાખેલો સેનાપતિનો પોષાક તેણે પોતાના પતિને પહેરાવી તે ઘણી સહેલાઇથી પતિસહ ગચ્છંતિ કરી ગઇ હતી; તથા મ્હારા સૈનીકોએ તેના પતિને ઇસ્કાન્દાર સમજી દુર્ગમાંથી જવા દીધો હતો; કારણ કે સોહાણીનું અને મ્હારું મુખ મળતું હતું, કે જે બાબતનો ઉલ્લેખ આગળ કરવામાં આવ્યો છે.

મ્હને જે મદિરાપાન કરાવવામાં આવ્યું હતું, તેની સાથે અવશ્ય કોઇ માદક પદાર્થ એકત્ર કરવામાં આવ્યો હતો, જો તેમ ન થયું હોય તો હું જલદીથી અજ્ઞાન કેમ બની જાઉં ? ઇસ્કાન્દારના વેશમાં સોહાણીએ મ્હારા ઓરડામાં મ્હને કેદ કરી ત્યાંથી પલાયન કરી જતી વખતે તેણે જાફરઅલીને એમ કહ્યું હતું કે:—" આ ઓરડામાં સોહાણીને કેદ કરવામાં આવ્યો છે. કાલે પ્રભાતકાળે તેને બ્હાર કાઢજો. " આથી કરીને જાફર અલીએ મ્હને સોહાણી સમજી મ્હારી મશ્કરી કરી હતી. જાફરઅલીના જેવો એક ચાલાક સૈનિક મ્હારા જેવાજ અન્ય માણસને જોઇ છે.

તણાઈ જાય, એમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. જાફરને મ્હેં સર્વ હકીકત પૂછી લીધી અને તેણે પણ બનેલો પ્રકાર મ્હને અથેતિ કહી સંભળાવ્યો.

અરેરે, હું કેવો મૂર્ખ ! એ રમણીના રૂપથી મુગ્ધ બની જઇને મ્હેં મ્હારા સર્વ સુખનો નાશ કર્યો. બાદશાહને આ પ્રકારે કેવી રીતે નિવેદન કરીશ તેનો નિશ્ચય હું કરી શક્યો નહિ ! આ પ્રકારનું કારણ મ્હારી મૂર્ખતાજ હતી. જો બાદશાહના જાણવામાં સવ સત્ય પ્રકાર આવે તો તેઓ મ્હને મ્હારા જીવનપર્યંત કારાગારમાં રાખે યા તો મ્હારા પ્રાણદંડનો પણ હુકમ કરે ! બળ્યું ! સુંદર રમણીનું રૂપ ! એ રૂપના ઉપાસક બનીને મ્હેં મ્હારા જીવનને સંકટને સ્વાધીન કરી મૂક્યું. શોચનીય મૃત્યના ભયથી મ્હારી ચિંતાની સીમા રહી નહિ.

મ્હેં તરતજ સોહાણીનાં વસ્ત્રો કાઢી નાખ્યાં. એક સૈનિક સરાઇખાનામાંથી મ્હારા માટે એક નવીન પોષાક લઇ આવ્યો. મ્હેં રાજમહેલના સર્વ ઓરડાઓની બરાબર તપાસ કરી; પરંતુ એકકે ઓરડામાંથી કોઇનો પત્તો લાગ્યો નહિ. સોહાણી તેમજ ગુલસાના કોઇ જણાયું નહિ. દેહ હતો પણ પ્રાણ નહોતો. પિંજર હતું પણ પક્ષી નહોતું. જે સ્થળે પૂર્ણતા હતી, તે સ્થળે વિરાટ શૂન્ય ભાવે સ્થાન લીધું હતું.

ઉત્તેજનાથી, નિરાશાથી, દારૂણ મર્મવેદનાથી હું ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:—" ગુલસાના ! સર્વ નાશકારિણી ! ત્હેં શા માટે મ્હને છેતરી મ્હારા સર્વસ્વનો નાશ કર્યો ?"

નિર્જન રાજમહેલમાંથી મ્હારા શબ્દનો પુનઃ ભીષણ પડઘો મ્હારા કાને પડયો

હું વિશેષ સમય વ્યર્થ ગુમાવવો ઉચિત સમજ્યો નહિ તેથી ફરીને જેવો હું મ્હારા સૈનિકો સાથે કોરીખાના તરફ જવાની તૈયારી કરી રહ્યો હતો, એવામાં જમીન ઉપર પડી રહેલો લાલરંગનો એક પત્ર મ્હારી નજરે પડયો. મ્હેં ઘણી જીજ્ઞાસાથી એ પત્ર ઉંચકી લીધો તો તેમાં લખેલું હતું કે:—

"જે પુરૂષ સામાન્ય છબી જોઇ રમણીના રૂપમોહથી ઉન્મત્ત બની જાય છે, તેનું કેવું શોચનીય પરિણામ આવે છે એ તમારી સ્થિતિ ઉપરથી તમે સમજી શકશો. ઇસ્કાન્દાર ! તમારી છબીના કલ્યાણથીજ હું મ્હારા સ્વામીને કાળના કરાળ મુખમાંથી છોડાવીને લઇ જવા માટે સમર્થ થઇ છું. અકબર બાદશાહના સેનાપતિ થઇને તમે તમારૂં કર્ત્તવ્ય ભૂલી પરસ્ત્રી ઉપર આશક થયા છો. તમે તમારા શાહેનશાહ અકબરશાહ તરફ નિમકહરામ થયા છો, જેથી તમે સેનાપતિના પદને માટે તો શું પરંતુ એક સૈનિકના પદને માટે પણ અયોગ્ય છો. તમે મ્હને તમારા શાહની બાંદી બનાવવામાં નિરાશ થયા છો ! સાવધાન ! હવે કદાપિ આબરૂદાર વંશની સ્ત્રીની છબી જોઇએ કામકલુષિત હૃદયમાં તેની આકાંક્ષા રાખશો નહિ. જે છબીએ તમારા સર્વસ્વનો નાશ કર્યો—તેની કીંમત પાંચ ખાસડાં છે. મ્હેં એ મૂલ્યથીજ મ્હારી બાંદીને એ છબી પ્રદાન કરી હતી. તમારા શાહ અકબરશાહ તમારા અદ્ભૂત કર્ત્તવ્યનો ઇતિહાસ જાણશે ત્યારે તેઓ તમને મ્હારૂં ઠરાવેલું મૂલ્ય આપશેજ. તમે જ્યારે આ પત્ર પ્રાપ્ત કરશો ત્યારે તો અમે ઘણે દૂર જઇ પહોંચ્યાં હોઇશું. એટલું યાદ રાખજો કે, સિંહ જો માત્ર એકજ વખત પિંજરામાંથી છુટી જાય છે તો પછી તેને પકડવાનું કાર્ય ઘણુંજ મુશ્કેલ થઇ પડે છે." ગુલસાના.

ગુલસાનાએ લખેલો પત્ર મ્હેં તિરસ્કારથી વાંચી મ્હારા પગ નીચે ખુંદી નાખ્યો. ત્યાર પછી મ્હેં મ્હારા સાથીદાર સૈનિકોને કહ્યું:—"તમે હમણાંને હમણાં બ્હાર આપણી સાથે જે પચાસ સૈનીકો આવ્યા છે તેમને એકત્ર કરો, તથા પહાડ, પર્વત, નદી, શહેર વગેરે સ્થળો તપાસી આપણાં ભયંકર શત્રુ સોહાણી તેમજ તેની વિશ્વાસઘાતક પત્ની ગુલસાનાને શોધી કાઢો: નહિ તો પછી આપણે સર્વેને અકબરશાહના ક્રોધનો ભોગ થવું પડશે."

હું નિરૂપાયે શેખજીના કારીખાનામાં પાછો જઇ પહોંચ્યો. ત્યાં જઇને જોયું તો શેખજી અદ્યાપિ પલાયન કરી ગયો નહોતો, તે ચિંતાતુર ચિત્તે એક પલંગ ઉપર બેઠો બેઠો કાંઇ વિચાર કરી રહ્યો હતો

મ્હેં પિશાચના જેવા કઠોર સ્વરે કહ્યું:—"શેખજી ?"

શેખજીએ આશ્ચર્યથી ઉભા થઇ સલામ કરી કહ્યું:—"આ શું ? આપ આવી રીતે અહિં પાછા કેમ ફર્યા ?"

મ્હેં ક્રોધપૂર્ણ સ્વરે પ્રશ્ન કર્યો:—"શેખજી ? ત્હેં મને આવા રૂપમાં કદાપિ જોયો છે કે ?"

શેખજીએ આશ્ચર્યથી કહ્યું:—"આ ગુલામ આપની મશ્કરીને પાત્ર નથી. મ્હેં કરેલા સાધારણ ઉપકારના બદલામાં આ ગુલામ આપ દર્શાવો છો એટલા બધા ક્રોધને પાત્ર નથી. આપ નામવરે યાદ રાખવું જોઇએ કે, મ્હારે લીધેજ આપ સોહાણીને પકડી શકવાને સમર્થ થયા છો."

શેખજીનાં વચનો સાંભળવામાં આવતાંજ મ્હારા આશ્ચર્યની સીમા

રહી નહિ. મ્હેં જીજ્ઞાસાથી કહ્યું:—" શેખજી! સર્વ હકીકત સ્પષ્ટ રીતે કહે. "

શેખજીએ ઉત્તરમાં કહ્યું:—" આપે આ ઘટનામય રાત્રિના છેલ્લા પ્રહરે પધારી મ્હારા ચાકરને જાગ્રત કરી કૉફી પીધી છે! ત્યાર પછી આપ મને બોલાવવાનો નિષેધ કરી ચાલ્યા ગયા હતા.પ્રભાત સમયે ચાકરને મ્હોડે મ્હેં એમ સાંભળ્યું છે કે, આપને તેણે અતિ ચિંતાતુર મુખે ચાલ્યા જતા જોયા હતા. એ સંબંધી કોઇ પ્રકારનો ભ્રમ થયો નથી. પરંતુ સાહેબ! આપે શા માટે મ્હારા સર્વસ્વનો નાશ કર્યો ? "

આશ્ચર્ય ઉપર આશ્ચર્ય! હું સમજી ગયો કે પ્રભાતકાળ થતાં પહેલાં સોહાણીએ મ્હારાંજ વસ્ત્રો પહેરી, મહારાજ વેશમાં અત્રે કૉફી પીધી છે. આકૃતિનું તેજ તથા વસ્ત્રોનું સરખાપણું જોઇ શેખજીનો ચાકર ભૂલાવામાં પડી ગયો હતો; પરંતુ શેખજીના સર્વસ્વનો કેવી રીતે નાશ થયો, તે હું સમજી શક્યો નહિ. મ્હને નિરૂત્તર જોઇ શે. ખજીએ કહ્યું:—" જનાબેઆલિ! હવે આ ગુલામના ઉપર દયા કરો. મ્હારા જીવનો આનંદ, આશા તેમજ ઉત્સાહ કુલસમ ક્યાં છે તે કહો! તે મ્હને પાછી સોંપી દ્યો. તે ગમે તેવી હોય પરંતુ મ્હને મ્હારા જીવ કરતાં પણ વિશેષ વ્હાલી છે. "

મ્હેં શપથ ખાઇને કહ્યું:—શેખજી! હું અલ્લાના કસમ ખાઈ ને કહું છું કે, કુલસમની કોઈ પણ પ્રકારની મ્હને ખબર નથી."

શેખજી બોલી ઉઠ્યો:—"ખાનસાહેબ! અકબર બાદશાહના સેનાપતિ આટલા બધા નીચ હશે એમ તો મ્હેં આજેજ જાણ્યું! મ્હારા સુખમાં આગ સળગાવી, મ્હારા આ તન બદનને જલાવી આપે શો

લાભ મેળવ્યો તે હું સમજી શકતો નથી. મ્હારો ચાકર કહેતો હતો કે તેણે આપની સાથે એક સ્ત્રીને પર્વત ઉપર ચઢતાં જોઇ છે. તે બીજી કોઇ નહિ, પરંતુ મ્હારી કુલસમ હોવી જોઇએ.

હું ક્રોધથી બેફામ બની ગયો, તથા જમણા હાથની મુઠી વાળી બોલી ઉઠયો:—" નહિ, આ સઘળો ભ્રમ છે. તું મૂર્ખ છે, તેથીજ મ્હારે માથે ખોટો આરોપ મૂકે છે. મ્હારાં વસ્ત્રો પહેરી કાલે રાત્રે અત્રે જે કૉફી પી ગયું તે સોહાણી હતો; તથા તેની સાથે જે સ્ત્રી હતી તે કુલસમ નહિ, પરંતુ ગુલસાના હતી."

પછીથી મ્હેં ધીમે ધીમે સર્વ હકીકત શેખજીને સ્પષ્ટ રીતે કહી સંભળાવી. મ્હારી સર્વ હકીકત સાંભળી રહ્યા પછી શેખજી ભયથી તથા આશ્ચર્યથી શું કરવું તેના મ્હોટા વિચારમાં પડી ગયો.

કૉફીખાનામાં મ્હારે માટે જે ઓરડો નિર્માણ કરવામાં આવ્યો હતો, તેજ ઓરડામાં મ્હેં ચિંતાતુર ચિત્તે પ્રવેશ કર્યો. ત્યાં મ્હેં જે દેખાવ જોયો તેથી મ્હારૂં હૃદય અટકી જવા આવ્યું હું. ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:—" શેખજી! સર્વ નાશ થયું છે. અહિં આવી જોઇ તો જા! "

શેખજીએ વિના વિલંબે મ્હારા ઓરડામાં પ્રવેશ કરી કહ્યું:—" શું નાશ પામ્યું છે સાહેબ ? "

મ્હેં દુઃખથી અધીરા બની જઇ કરૂણાપૂર્ણ સ્વરે કહ્યું—" જોઇ શકતો નથી ! પાપીષ્ઠ સોહાણી મ્હારી પેટી ઉઘાડી જરૂરના સરકારી કાગળ પત્રો કાઢી લઇ ચાલ્યો ગયો છે. આ પેટીમાં બાદશાહની વિરૂદ્ધ તેણે જે કેટલાક પત્રો લખ્યા હતા તે હતા. તે પત્રો પણ એ લઇ ગયો છે. જો એ સર્વ પત્રો હું બાદશાહને પાછા નહિ પહો-

ચાકું તો તેઓ મ્હારો જીવ લેશે. શેખજી ! સોહાણીએ મ્હને જહન્નમમાં ફેંકી દીધો છે. સર્વ નાશકારિણી ગુલસાનાએ મ્હારો વિશ્વાસઘાત કરી મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે. ”

મ્હેં પેટીમાંની વસ્તુઓ ફરીથી તપાસી જોઇ. ઇશ્વરે મ્હને મદદ કરી. તપાસ કરતાં મ્હને માલૂમ પડયું કે એક બે સામાન્ય પત્રો સિવાય બીજા ગુપ્ત પત્રો સોહાણીના હાથમાં ગયા નહોતા. અતિ જરૂરના બીજા કેટલાક પત્રો મ્હારી બીજી પેટીમાં હતા. તે નષ્ટ થયા નહોતા. મ્હને ઘણો આનંદ થયો; પરંતુ સોહાણી તેમજ ગુલસાનાના પલાયન સંબંધીના વિચારે પુનઃ હું ભાવી દુઃખના વિચારોમાં પડી ગયો. હવે વૃથા વિચાર કરવાથી શું વળે તેમ હતું ? પક્ષી નાશી ગયા પછી તેના ખાલી પિંજરા તરફ જોઇ વિલાપ કરવો એ નિષ્ફળ છે. મ્હારા સર્વ સૈનિકો પાસે આવેલા પર્વતમય પ્રદેશમાં એકત્ર થઇ ગયા હતા. મ્હેં શેખજીને કહ્યું:—“ ત્હારા ચાકરને એક વખત બોલાવ, તેને હું એક બે પ્રશ્નો પૂછવાની ઇચ્છા રાખું છું. ”

તરતજ એ ચાકરને મ્હારી આગળ બોલાવવામાં આવ્યો. તે મ્હને જોતાંજ ઘણા આશ્ચર્યમાં પડી ગયો. તે માત્ર એટલુંજ બોલ્યો કેઃ—“ રાત્રે આપ આવ્યા હતા ! નહિ નહિ હું ભૂલ કરૂં છું. ઓ ખુદા ! બે મનુષ્યોના દેખાવમાં આટલું બધું સરખાપણું ? ”

મ્હેં ચાકરને શાંતિ આપી કહ્યું:—“ ત્હારે ભય પામવાનું કાંઇ કારણ નથી. અમે સર્વ એક ચતુરા સ્ત્રીના ચાતુર્યમાં ફસાઇ પડયા છીએ; પરંતુ તું કહી શકીશ કે, તેઓ કયે રસ્તે ગયાં છે ? ”

ચાકરે આંગળી કરી દૂર આવેલા પર્વત પરથી જતો એક રસ્તો દર્શાવ્યો. તરતજ હું શેખજીનો હિસાબ ચુકાવી મ્હારો સર્વ સરસામાન લઇ ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યો. એવામાં શેખજીએ કહ્યું:—" જનાબેઆલિ ! મ્હને આપની સાથે લઇ જાઓ."

મ્હેં ક્રોધાવેશમાં કહ્યું:—" શેખજી ! ત્હારે વિના કારણ મ્હારી સાથે માર્ગમાં દુઃખ ભોગવવાની શી જરૂર છે ? "

શેખજી ઉત્તરમાં બોલ્યો:—" એક સુંદરીના રૂપ માટે આપ જ્યારે આટલું બધું દુઃખ સહન કરી શકો છો ત્યારે પછી હું શું માત્ર માર્ગનું દુખ સહન કરી શકીશ નહિ ? મ્હને ખાત્રી છે કે કુલસમ, સોહાણી તેમજ ગુલસાના સાથે પલાયન કરી ગઇ છે. કુલસમ સિવાય હું એક ક્ષણ પણ રહી શકતો નથી; તદુપરાંત આપ પહાડી પ્રદેશમાં આવેલા માર્ગથી તદ્દન અપરિચિત છો. જો હું સાથે હોઇશ તો આપ આપનો હેતુ સહેલાઇથી સફળ કરી શકશો. "

અડધા કલાકમાં તો શેખજી તથા સૈનિકોની સાથે મ્હેં પહાડી માર્ગે-આગળ વધવા માંડયું. મ્હેં કેટલાક સૈનિકોને જૂદી જૂદી દિશા તરફ મોકલ્યા, તથા તેમને સૂચના પણ આપી દીધી કે:—" જો સોહાણી નજરે પડે તો મ્હને તરત ખબર આપજો. "

મધ્યાન્હકાળે અમે એક વિસ્તિર્ણ પહાડ ઉપર જઇ ચઢયા. એ સ્થળે મુકામ કરી અમે અમારી પાછળના સૈનિકોના આગમનની રાહ જોવા લાગ્યા. એવામાં કોઇ રમણીનો રૂદન સ્વર કાને પડવાથી અમને પણું આશ્ચર્ય લાગ્યું. શેખજીએ કહ્યું:—" સાહેબ ! આ રૂદનસ્વર આ પહાડી પ્રદેશ નીચેના નદી કિનારા તરફથી આવતો જણાય છે ! "

આમ કહી શેખજી કોઇ પણ પ્રકારની સંમતની રાહ જોયા સિવાય ઉઠીને ચાલ્યો ગયો. અડધા કલાક પછી હાંફતાં હાંફતાં પાછા આવીને તેણે કહ્યું:—"સાહેબ ! સોહાણી ! સોહાણી !"

મ્હેં ઉઠી ઉભા થઇને વ્યગ્રતાથી પ્રશ્ન કર્યો:—ક્યાં છે ! ક્યાં છે ? શેખજી ! મ્હને કહે કે મ્હારો શિકાર ક્યાં છે ?"

શેખજીએ ઉત્તરમાં કહ્યું:—"મ્હારી સાથે આવો. તેઓ હવે નાશી છુટે એમ નથી. તેમની સાથે એક પણ સૈનિક નથી. વ્યાકુળ ન બની જશો. શાંત ચિત્તે મ્હારી સાથે ચાલો."

હું મ્હારા સૈનિકોને એજ સ્થળે બેસી રહેવાનું કહી શેખજીની સાથે આગળ વધ્યો. થોડે દૂર જતાંજ મ્હેં સરિતાનો કિનારો જોયો. આ કિનારા ઉપર મ્હેં એક પુરૂષને સૂતેલો તેમજ તેની પાસે બે રમણીઓને બેસી રહેલી જોઇ."

શેખજીએ એ તરફ આંગળી કરી કહ્યું:—"કેમ કાંઇ જોઇ શકાય છે કે ? શું પ્રકાર છે તે સમજી શકાય છે કે ?"

મ્હેં કહ્યું:—"કોઇ એક પુરૂષ નદી કિનારે સૂઇ રહેલો જણાય છે."

"અને બીજું કાંઇ ?"

"બીજી બે રમણીઓ તેની પાસે બેસી રહેલી છે. તેઓ પૈકી એક રમણી રૂદન કરે છે."

"આપની ધારણા સત્ય છે. નદી કિનારે સૂઇ રહેલો પુરૂષ સોહાણી છે, તથા બીજી બે રમણીઓ તે ગુલસાના અને કુલસમ છે. ચાલો આપણે પર્વતની નીચે ઉતરીએ !"

મહા મહેનતે અપાર દુઃખ સહન કરીને અમે ધારેલે સ્થળે જઇ પહોંચ્યા. ત્યાં જઇ પહોંચીને જોયું તો તે બન્ને રમણીઓમાંની એક ખરેખર ગુલસાનાજ તથા બીજી કુલસમ હતી! સોહાણી એ નદી કિનારે આર્દ્રભૂમિ ઉપર શાંતિ તેમજ સ્થિરતાથી સૂતો હતો. હું શ્પષ્ટસ્વરે બોલી ઉઠ્યો:—"ગુલસાના! હવે તું ત્હારા વિશ્વાસઘાતનું પરિણામ ભોગવ."

ગુલસાના મ્હારો સ્વર સાંભળી દીવાનીની માફક મ્હારી પાસે આવી મ્હારા બન્ને હાથ પકડી રૂદન કરતી કહેવા લાગી:—"ઇસ્કાન્દાર સાહેબ! મ્હારા સર્વ સુખનો નાશ થયો છે. મ્હેં મ્હારા સ્વામિ દેવતાને સંકટમાંથી મુક્ત તો કર્યા; પરંતુ મૃત્યુના ભયંકર મુખમાંથી હું તેમનું રક્ષણ કરી શકી નહિ."

મ્હેં આશ્ચર્યથી પ્રશ્ન કર્યો:—"ગુલસાના! શું બન્યું છે તે વિસ્તારથી કહે."

ગુલસાનાએ કહ્યું:—"અરેરે! આ જુઓ, એ એકનિષ્ઠ વીર શિરોમણિ સોહાણી પ્રાણહીન થઇને આ સરિતાના કિનારે ચિરનિદ્રામાં સૂતા છે. હાયરે ભાગ્ય! હાયરે હતભાગિની ગુલસાના!"

મ્હેં ગુલસાનાને સાંત્વન આપતાં કહ્યું:—"ગુલસાના! ભાગ્યને ફેરવવું એ મનુષ્યની શક્તિ બ્હાર છે. આવો શોચનીય પ્રકાર કેવી રીતે બન્યો?"

ગુલસાનાએ પોતાના વસ્ત્રના પાલવથી નેત્રોમાંનું અશ્રુજળ સાફ કરતાં કરતાં કહ્યું:—"પહાડ ઉપરથી ઉતરતી વખતે ચિંતાને લીધે તેમનો પગ ખસી ગયો અને તેથી કરીનેજ તેઓએ પોતાની આલોકની લીલા પૂર્ણ કરી."

ગુલસાના મ્હારી આગળ મહાઅપરાધિની હતી. થોડા સમય પૂર્વે તે મ્હારા સર્વસ્વનો નાશ કરવા તૈયાર થઇ હતી; આમ છતાં તેના કમનશીબનું શોચનીય પરિણામ જોતાંજ મ્હારૂં હૃદય ભરાઇ આવ્યું. બદલાની ઇચ્છા, વૈરની વૃત્તિ શિથિલ થઇ ગઇ. હું તેનો અપરાધ ભૂલી ગયો. મ્હેં કોમળ કંઠે કહ્યું:—"ગુલસાના ! હવે ત્હારે માટે શું કરવું તે કહે. ત્હારા જેવી મહીયસી રમણીની આજ્ઞા પૂર્ણ કરવામાં હું બિલકુલ પાછી પ્હાની કરીશ નહિ."

ગુલસાનાએ રૂદન કરતાં કરતાં કહ્યું:—"જે મ્હારૂં સર્વસ્વ હતું, જેને લીધે મ્હારો સંસાર ચાલતો હતો, જેની કૃપાને લીધે હું એક ક્ષુદ્ર રાજ્યની રાણી થઇ હતી તેઓ ચાલ્યા ગયા છે. એ પ્રેમ તથા એ સ્નેહ હવે હું આ અસાર સંસારમાંથી પ્રાપ્ત કરી શકવાની નથી. રાજાની રાણી આજે ગાંડી બની ગઇ–રસ્તાની ભિખારણ બની ગઇ ! મ્હારા આ સ્વામીનો દેહ વનપશુઓનો આહાર ન થઈ પડે, તેની સદ્ગતિ થાય એવી વ્યવસ્થા તમારે કૃપાભાવે કરવી પડશે. એ સિવાય હવે તમને બીજું કાંઇ કાર્ય જણાવવા જેવું નથી."

ગુલસાનાની કરૂણાજનક સ્થિતિ જોઇ મ્હારાં નેત્રોમાંથી આંસુ ઉભરાઇ જવા લાગ્યાં. હું બોલી ઉઠ્યો:–"કહે કહે ગુલસાના ! આ સિવાય બીજું શું કરવાથી ત્હારૂં મન પ્રસન્ન થશે ?"

ગુલસાનાએ સ્થિરતાથી થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યો; ત્યાર પછી તેણે કહ્યું:–"તમારા માલિક અકબરશાહ, સોહાણીને પકડી મંગાવવાની ઇચ્છા રાખે છે. વળી તમને પણ એવી આજ્ઞા કરવામાં આવી છે તો તમે હવે સમ્રાટ્ અકબરશાહની આજ્ઞાનું પ્રતિપાલન કરો."

ગુલસાના નેત્રોમાંનું જળ ફરીથી સાફ કરી કહેવા લાગ્યા:— "ધરકાન્દાર ! શું તમે એમ ધારોછો કે, અકબરશાહનું અંતઃકરણ એટલું બધું નીચ છે કે તેઓ નિર્જીવ શત્રુના શરીરનું અપમાન કરી તેને રઝળાવશે ? નહિ નહિ, તેમ બને એ કદાપિ સંભવિત નથી. તેઓ આ દેહની ઘણાજ ઠાઠમાઠથી સુંદર સ્થાને અંત્યેષ્ટિ ક્રિયા કરશે. મ્હારા સ્વામી અનેક સદ્‌ગુણોથી તેમજ વીરત્વથી વિભુષિત થઇને આ પૃથ્વીમાં પધાર્યા હતા. તો પછી તેઓ ઘણાજ સંમાનથી સમાધિસ્થ થાય એવી મ્હારી કામના છે. મ્હેં તમારી સાથે જે ચાતુર્ય ચલાવ્યું છે તે ભૂલી જાઓ. આવા સંકટ સમયે તમે મ્હને મદદ કરો. પતિદેવતાના જીવનની સાથેજ મ્હારૂં સર્વસ્વ ચાલ્યું ગયું છે. સોહાણી રાજ્યેશ્વર થઇને જન્મ્યા હતા. હું તેમની પ્રેમાધિકારિણી પત્ની રૂપે રાજરાણી થઇ હતી; પરંતુ ખુદાએ જ્યારે એ સુખમય સ્થિતિનો નાશ કર્યો છે ત્યારે હવે આ જીવનની કોઇ પણ પ્રકારની સાર્થકતા નથી. જ્યાં સુધી પતિનો આ નિર્જીવ દેહ કબરની માટી સાથે મળી જશે નહિ ત્યાં સુધી હું તેમની કબર પાસે બેસી રૂદન કર્યા કરીશ ત્યાર પછી તેમની કબર ઉપર એક ઉજ્વળ સમાધિ મંદિર સ્થાપન કરીને જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી દીવાની બની જઇને ખુદા પાસે તેમનું કલ્યાણ થવાની પ્રાર્થના કરીશ."

ગુલસાનાનાં આ વચનોથી હું તેના ચરિત્રનું મહત્વ સમજી શકયો. તેનો પ્રતિપ્રેમ હવેજ મ્હારા જાણવામાં આવ્યો! દેવી! ધન્ય છે તને ! ધન્ય છે ત્હારા પતિપ્રેમને !

મ્હેં ધીરતાથી કહ્યું:—"ગુલસાના! શાંત થા ! શાંત થા, રૂદન

કરવાથી કાંઇ વળવાનું નથી, સમાધિ–મંદિર સ્થાપન કરવાને માટે જે કાંઇ ખર્ચ થશે તે સઘળું હું તને આપીશ. હુંજ ત્હારા આ શોચનીય અકાળ વૈધવ્યનું કારણ છું. હું મહાપાપી છું. મ્હારા કઠોર પાપનું પ્રાયશ્ચિત મ્હારે કરવું જ જોઇએ. મ્હેં મ્હારા માલિક અકબરશાહનો વિશ્વાસઘાત કર્યો છે. એક સતી સાધ્વી સુંદરીના રૂપથી મોહિત બની જઇ મ્હેં એક જંગલી પશુના જેવું વર્તન ચલાવ્યું છે. ગુલસાના ! મ્હારે મ્હારા આ ભયંકર પાપનું પ્રાયશ્ચિત્ત અવશ્ય કરવું જોઇએ ! જેથી કરીને ત્હારા જીવને શાંતિ મળે, તે કરવાથીજ મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત થશે. સમાધિ–મંદિર સ્થાપન કરવામાં ભલે ગમે એટલું ખર્ચ થાય તો પણ હું એ સઘળું તને આપીશ."

ગુલસાનાએ કહ્યું:—"ઇસ્કાન્દાર! તમારે તેમ કરવાની કાંઇ જરૂર નથી. મ્હારી પાસે ઘણું કીંમતી જરજવાહિર છે. મ્હારા પતિદેવતાએ એક દિવસે એ સઘળું મ્હને પ્રેમના ઉપહાર તરીકે અર્પણ કર્યું હતું; તેથી તેમની સ્મૃતિની રક્ષા કરવાને માટે એ બધું ખર્ચ કરવામાં મ્હારો જીવ લેશ પણ દુભાશે નહિ." આમ કહીને ગુલસાનાએ એક મ્હોટી ભારે કોથળી મ્હારા હાથમાં મૂકી.

મ્હેં એ કોથળીનું મુખ ઉઘાડીને જોયું તો તેમાં અનેક કીંમતી, રત્નો મણિઓ, માણિકો, મોતીઓ, પોખરાજો વગેરે પ્રકાશી રહેલાં જણાયાં. જો એમાંનાં માત્ર બે ચાર વેચવામાં આવે, અને તેની જે કીંમત ઉપજે તેટલું તો શું પણ તેનો અર્દ્ધ ભાગ હું આ જીવનપર્યંત મહેનત કરૂં તો પણ મેળવી શકું નહિ.

રસ્તામાં હવે વિશેષ વખત વ્યર્થ ગુમાવવો યોગ્ય નથી એમ વિચારીને ગુલસાનાએ શેખજીને ઇદલગઢ તરફ મોકલ્યો, તથા ત્યાંથી અનેક પ્રકારના સુગંધિત પદાર્થો મંગાવવામાં આવ્યા. એક ગાડી તેમજ પાલખી તથા ચાર ભોઇઓને પણ બોલાવી મંગાવવામાં આવ્યા. મ્હેં સોહાણીના સર્વ શરીરે સુગંધી પદાર્થોનો લેપ કર્યો. ત્યાર પછી એ શૂરવીર શિરોમણિના નિર્જીવ દેહને ગાડીમાં સુવાડવામાં આવ્યો.

ત્યાર પછી મ્હેં ગુલસાનાને પાલખીમાં બેસવાની પાર્થના કરી; પરંતુ તેમ કરવાને તે કોઇ પણ પ્રકારે સંમત થઇ નહિ. તે રૂદન કરતાં કરતાં અસ્પષ્ટ સ્વરે કહેવા લાગીઃ—" ઇસ્કાન્દાર! હવે—એ વિલાસભોગ શા માટે જોઇએ? રાણી બનીને એક દિવસે જે રત્નજડિત પાલખીમાં બેસતી હતી તે હવે ભિખારિણી થઇને કયા સુખથી તેમાં બિરાજે?! પગે ચાલીને આવવું એજ મ્હારે માટે ઉચિત છે. ચાલવાથી મને કોઈ પણ પ્રકારે વિશેષ દુઃખ થશે નહિ."

મ્હેં જ્યારે ગુલસાનાને ઘણા સમય સુધી સમજાવી ત્યારે તે પાલખીમાં બેઠી. પછીથી અમે આગ્રા તરફ ચાલી નીકળ્યાં.

\+ + + +

આગ્રા જઇ પહોંચતાંની સાથેજ મ્હેં પ્રથમ બાદશાહની મુલાકાત લીધી. શહેનશાહ—એ સમયે દિવાનેખાસમાં બેસી રાજા બીરબલ અને રામદાસ નામના એક પંડિતની સાથે હિંદુશાસ્ત્ર સંબંધી વાતચિત ચલાવી રહ્યા હતા. બે બાંદીઓ તેમને પવન નાખતી હતી.

મ્હેં રિવાજ પ્રમાણે કુરનસ બજાવી નમ્ર સ્વરે કહ્યુંઃ—" શહેનશાહ! ખુદા આપને ચિરાયુ તેમજ સૌભાગ્યવાન્ કરો. આપને આપના ગુલામનો પણ ગુલામ નમન કરે છે."

આ શબ્દો સાંભળતાંજ બાદશાહના મુખારવિંદ ઉપર ક્રોધ અગ્નિના ચિહ્નો જણાવા લાગ્યાં. તેઓ મ્હારા ઉપર ઘણા ક્રોધે ભરાયા છે એમ સમજવામાં મ્હને વિલંબ લાગ્યો નહિ. મ્હારૂં હૃદય ત્વરાથી ધડકવા લાગ્યું. મ્હને એવી આશંકા થઇ આવી કે શું મ્હારા આવી પહોંચતાં પૂર્વે તો સોહાણી સંબંધીની સમસ્ત હકીકત તેમના જાણવામાં આવી નહિ હોય ?

દિલ્લીશ્વરે કઠોર સ્વરે કહ્યું:—"તમારા જેવા ઉપયુક્ત, વિશ્વાસુ અને કર્ત્તવ્યપરાયણ સેનાપતિ બીજા બે ચાર હોત તો—મ્હારી જય-લક્ષ્મી સદા મ્હને આધીન થઇ રહેત."

હું શહેનશાહના વાક્યનો ઉત્તર આપવાનું સાહસ કરી શક્યો નહિ. આ કઠોર વાગ્બાણથી મ્હારા સર્વાંગમાંથી પસીનાના બિંદુઓ છુટવા લાગ્યાં. મસ્તકની અંદર ભયંકર દર્દ થવા લાગ્યું. મ્હેં મનમાંને મનમાંજ વિચાર્યું કે:—"સોહાણી સંબંધીની સઘળી હકીકત અવશ્ય બાદશાહના જાણવામાં આવી છે; પરંતુ તેમને કોણ આ સમાચાર આટલા જલદીથી પહોંચાડયા ?"

બાદશાહે ગંભીર સ્વરે કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! તમારો અપરાધ રાજનીતિ પ્રમાણે ક્ષમાપાત્ર નથી. જો તમે તમારૂં કર્ત્તવ્ય બરાબર બજાવ્યું હોત, તો આજે હું સોહાણીને અવશ્ય જીવિત અવસ્થામાં મેળવી શકત; તથા તેના બદલા તરીકે તમને એકાદ પ્રદેશના શાસનકર્તાનો અધિકાર પ્રાપ્ત થયો હોત; પરંતુ—"

બાદશાહ વિશેષ કાંઇ બોલ્યા નહિ. આ 'પરંતુ' શબ્દની અંદર બાકીની સર્વ હકીકત રહી ગઇ. મ્હેં જાણ્યું કે મ્હારૂં ભાગ્ય ફુટ્યું છે. બાદશાહ ગુસ્સાના આવેશમાં મ્હને ઉન્મત્ત હાથીના ચરણો નીચે

ચગદાવી નખાવશે કે પછી સર્પ કરડાવી મ્હારો પ્રાણ લેશે. અને જો કદાચ મ્હારા સદ્ભાગ્યે મ્હારો જીવ બચી જશે તો પછી મ્હારે આ જીવનપર્યંત કારાગારનું અસહ્ય દુઃખ સહન કરવું પડશે."

બાદશાહે એકાએક શાંતિનો ભંગ કરી ગંભીર મુખે પૂછ્યું:—"સોહાણીનો મૃતદેહ ક્યાં છે ?"

મ્હેં કંપતાં કંપતાં કહ્યું:—"મૃતદેહને આગ્રા આણવામાં આવ્યો છે. તે સંબંધી બાદશાહ નામવરની અનુમતિની રાહ જોઉં છું."

બાદશાહે તરતજ એક ખોજા તરફ નજર કરી વિરક્ત સ્વરે કહ્યું:—"મીર મુન્શીને બોલાવી લાવ !"

ખોજો ચાલ્યો ગયો. હું ઉભો હતો ત્યાંનો ત્યાં ઉભો રહીને આકાશ પાતાળના વિચાર કરવા લાગ્યો. અત્યાર સુધી હું બાદશાહના અનુગ્રહને તેમજ પ્રેમને પાત્ર હતો. આજે ભાગ્યચક્રના ફેરફારથી હું તેમના કોપને પાત્ર થઇ પડયો. મ્હેં તેમના મુખ ઉપરનો ફેરફાર જોઇને વિચાર્યું કે, તેઓ મ્હારા ઉપર ઘણાજ ગુસ્સે ભરાયા છે. મ્હેં ઘુંટણીએ પડી અતિ નમ્ર સ્વરે કહ્યું:—"દીન દુનિયાના માલિક ! ગરીબપરવર ! આ પ્રકારમાં મ્હારી સર્વ ગોસ્તાખી માફ કરો."

બાદશાહે પૂર્વવત્ સ્વરે કહ્યું:—"ઇસ્ફન્દાર ! જે નેત્રોમાં પ્રેમ પયદા થાય છે, તેજ નેત્રોમાં ગુસ્સો પયદા થાય છે. હું સમજી શકતો નથી કે, તમારા આ અપરાધની તમને કેવી ભયંકર શિક્ષા થશે."

બરાબર આજ સમયે મીર મુન્શીએ આવી કુરનસ બજાવી: બાદશાહે ગંભીર સ્વરે તેમને આજ્ઞા કરી કે:—"વિદ્રોહી દુર્ગાધિપતિ

સોહાણીના પવિત્ર મૃતદેહને આપણા અમીર ઉમરાવોના સમાધિ-ક્ષેત્રમાં આજેજ સમાધિસ્થ કરાવો. ખજાનચી પાસેથી સમાધિ ખર્ચ માટે પાંચસો મ્હોરો લઇ જાઓ. આ શયતાન ઇસ્કન્દારખાનને પણ તમારી સાથે લઇ જાઓ. એજ સઘળો બંદોબસ્ત કરી આપશે. હું સમયસર સમાધિક્ષેત્રમાં હાજર થઇશ."

આમ કહીને બાદશાહ પાછા પોતાની પાસે બેઠેલા પંડિત અને રાજા બીરબલ સાથે વાતચિત કરવા લાગ્યા. હું અને મીર મુન્શી કુરનસ બજાવી ભયથી કંપતા હૃદયે દિવાનેખાસનો ત્યાગ કરી મ્હાર ચાલી નીકળ્યા.

દશમ પરિચ્છેદ.

મીર મુન્શીની તેમજ મ્હારી વ્યવસ્થાથી સોહાણીનો મૃતદેહ—સુવર્ણથી મઢેલી અતિ કીંમતી પાલખી ઉપર સુવાડવામાં આવ્યો. સુખડ, ચંદન વગેરે સુગંધી પદાર્થોનો તેના ઉપર લેપ કરવામાં આવ્યો. ત્યાર પછી એ નિર્જીવદેહને ઘણાજ ઠાઠમાઠથી સમાધિક્ષેત્રમાં લઇ જવામાં આવ્યો. પછી હું મ્હારા મકાનમાં પાછો આવ્યો.

ગુલસાના મ્હારે ત્યાંજ ઉતરી હતી. મ્હારા પોતાના વ્યવહારનું ઉપરનું દિવાનખાનું મ્હેં તેને સ્વાધીન કર્યું હતું. મ્હારા મનમાં અલાપ અનેક પ્રકારના વિચારો આવતા હતા. એક વખત મનમાં એવો વિચાર થઇ આવ્યો કે, હવે હું તેની મુલાકાત લઇશ નહિ તથા એક મૂર્ખની માફક સળગતા અગ્નિની સાથે ક્રીડા કરીશ નહિ!

મ્હેં ગુલસાનાની શુશ્રુષાને માટે બે બાંદીઓ નિયુક્ત કરી હતી. અને એ બન્નેની સાથે કુલસમ પણ હતી. શેખજીએ પણ મ્હારાજ બંગલામાં એક ઓરડો પોતાને રહેવાને માટે રાખી લીધો હતો.

મ્હને ઘણો શ્રમ પહોંચેલો હોવાથી મ્હેં એક પ્યાલો કૉફી પીધી. જૂના વિશ્વાસુ નોકરે મ્હારે માટે અનેક પ્રકારના ખાદ્યપદાર્થો તૈયાર કર્યા હતા. મ્હારો આહાર તૈયાર થતાં પૂર્વે મ્હેં ગુલસાનાને માટે અનેક પ્રકારના સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થો તૈયાર કરાવી તેના દિવાનખાનામાં મોકલ્યા હતા. સ્નાન કરી થોડું જળપાન કર્યા પશ્ચાત્ રસ્તાનો થાક દૂર થયો. ત્યાર પછી હું ચિંતાતુર ચિત્તે મ્હારી ભવિષ્યમાં કેવી અવસ્થા થશે તેનો વિચાર કરવા લાગ્યો. આ સમયે એકાએક કુલસમ મ્હારી પાસે આવી પહોંચી.

મ્હેં જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો:—"કેમ કુલસમ ! શા સમાચાર છે ? ત્હારી બીબીએ સ્નાન કરી ભોજન લીધું કે નહિ ?"

કુલસમે ઉત્તર આપ્યો:—"તેમણે સ્નાન તો કર્યું છે; પરંતુ કોઇ પણ પ્રકારે તેઓ ભોજન કરવાને સંમત થતાં નથી. તેઓ એક વખત તમને મળવાને ઇચ્છે છે."

કુલસમનાં વાક્યો સાંભળી મ્હારૂં મન ચંચળ બની ગયું. ગુલસાનાએ બે દિવસથી જળ સિવાય કોઇ પણ ખાદ્ય પદાર્થ આરોગ્યો નહોતો. આજે કોઇ પણ પ્રકારે તેને ભોજન કરાવવાની જરૂર હતી; તેથી હું કુલસમની સાથે તેની પાસે જવા લાગ્યો.

મ્હેં મનમાંને મનમાં વિચાર્યું:—"ગુલસાનાની આવી શોચનીય સ્થિતિ કરનાર હું જ છું. મ્હારે લીધેજ એ રાજરાણી આજે રસ્તાની ભિખારિણી બની ગઇ છે; પરંતુ તેના ભાગ્યનો આવો ફેર-

શ્વાર જોવામાં આવવા છતાં મ્હને કાંઈ સુઝયું નહિ, અદ્યાપિ હું મ્હારા ચિત્ત ઉપર સંયમ રાખી શકતો નથી. રસ્તે જે બે દિવસો પસાર થયા છે, એ બે દિવસ દરમ્યાન મ્હેં ગુલસાના સાથે બિલકુલ વાતચિત કરી નથી. "

મ્હને ચિંતાતુર જોઇ કુલસમે કહ્યું:—" સાહેબ ! તમે જો યત્ન કરશો તો બીબી સાહેબને થોડું ઘણું ભોજન કરાવી શકશો. મ્હારૂં કહેવું તો તેઓ બિલકુલ માનતાંજ નથી. "

મ્હારે ત્યાં મ્હારા અતિથિ સ્વરૂપે ઉતરી ગુલસાના ઉપવાસી રહે એ માટે મ્હને ઘણી લાગણી થઇ. મ્હેં મલિન મુખે તેના દિવાનખાનામાં પ્રવેશ કર્યો. ત્યાં જઇને જોયું તો અપ્સરાના જેવી રૂપવતી રામા ગુલસાના એક કોચ ઉપર સુઇ રહી હતી. જાણે કે એક ન્હાના સરવરમાં પદ્મ પ્રસ્ફુટિત થયું છે. તેનો છુટો કેશકલાપ તેની પીઠ ઉપર કપોળ પ્રદેશ ઉપર તેમજ સ્કંધ પ્રદેશ ઉપર વિસ્તિર્ણ થઇને તેની ચપકના જેવી ગૌરકાંતિ સાથે પોતાનું શ્યામ સ્વરૂપ મેળવવાનો યત્ન કરતો હતો. જાણે કે ચંચળ વિદ્યુલ્લતાએ સ્થિર બની જઇ પૃથિવીનો આશ્રય લીધો હતો.

તેના ચક્ષુજળથી તેનાં ઉભય નેત્રોમાં અશ્રુનાં બિંદુઓ સ્વચ્છ મોતીના જેવાં દેખાતાં હતાં. તેનાં નેત્રોમાંનો સ્વચ્છ ભાગ રૂદનને લીધે લાલ બની ગયો હતો. કપોળ પ્રદેશ ઉપર ચિંતાને લીધે કરચલીઓ પડી ગઇ હતી. અરેરે ! આમ છતાં પણ એ વિશ્વમોહિનીની કમનીય કાંતિ સહજ પણ ઓછી થઇ નહોતી. એક આસમાની સાડીથી તેનું સમસ્ત શરીર ઢંકાઇ રહેલું હતું. નજર કરતાં એમ માલૂમ પડી

આવતું હતું કે જાણે શરદ્‌ની રાત્રિએ સુનીલ ગગનમંડળમાં વિદ્યુતની જ્યોતિ સ્થિરતાથી પ્રકાશી કેમ ન રહી હોય ?

મ્હેં સ્નેહપૂર્ણ સ્વરે કહ્યું—" ગુલસાના ! શા માટે બિલકુલ ભોજન કરતી નથી ? "

ગુલસાનાએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. તે તરતજ જમીન ઉપર બિછાવેલી શય્યાના ઉપર બેઠી; તથા વસ્ત્રના પાલવથી તેણે પોતાનું ચક્ષુજળ સાફ કરી નાખ્યું. ત્યાર પછી તેણે પોતાના અવ્યવસ્થિત કેશકલાપને એકત્રિત કરતાં કરતાં મ્હારી તરફ કઠોર નજર કરી કહ્યું:—" ઇરકાન્દારખાન ! મ્હારાં નેત્રોમાં આ શ્રાવણ ભાદરવો કોણે વહેવડાવ્યો ? માલવ દેશમાં આવેલા સ્વતંત્ર સ્થાનમાં અમે બન્ને જણાં અમારો સુખમય સંસાર ચલાવતાં હતાં એ સંસારને સુખમય સ્થિતિમાં તમે શા માટે જોઇ શકયા નહિ ? ઉચ્ચ પહાડો ઉપર આવેલા દાઉલદુર્ગમાં શત્રુઓના જુલ્મથી દૂર રહી પ્રેમાનંદથી અમે અમારો સંસાર ચલાવી સુખમાં રહેતાં હતાં તે તમારાથી શા માટે જોઇ શકાયું નહિ ? જો સોહાણી પોતાના ન્હાના સામ્રાજ્યમાં મૃત્યુ પામ્યા હોત તો આજે સમસ્ત પ્રજા કાળાં વસ્ત્રો પહેરી ચિંતાતુર ચિત્તે સ્વામીના શબની પાછળ જાત. તેમને માટે આગ્રા શહેરમાં અશ્રુપાત્ કરનાર આ અભાગિની સિવાય બીજું કોઇ નથી. રત્નજડિત રાજવસ્ત્રો સહિત જેના મૃતદેહને સમ્રાટને યોગ્ય થઇ પડે એવા માન સાથે, સમસ્ત સૈનિકો તેમજ પ્રજાજનો સાથે, સમાધિક્ષેત્રમાં લઇ જવામાં આવત તેમના શબદેહની સાથે જનાર આજે એક પણ સૈનિક નથી ! મ્હારા જીવની અંદર જે ભયંકર દાવાગ્નિ સળગી રહ્યો છે તે શું તમારી અતિથી-સેવાથી શાંત થશે એવી તમારી

જાણ્યા છે કે ? નહિ નહિ, ઇસ્કાન્દાર ! જ્યાં સુધી હું સ્વામીના અકાળ મૃત્યુનો બદલો લઇ શકીશ નહિ ત્યાં સુધી મ્હારો આત્મા બિલકુલ શાંત થનાર નથી. જીવમાં સળગી રહેલો દારૂણ દાવાગ્નિ દૂર થનાર નથી. ”

ગુલસાનાનાં આ વાગ્બાણોએ મ્હારા મર્મપ્રદેશને વીંધી નાખ્યો. જેને લીધે હું આવા નૃશંસ કાર્યના કારણરૂપ થઇ પડ્યો તે સમ્રાટ્ અકબરશાહ પણ મ્હારા દુર્ભાગ્યે મ્હારા ઉપર ગુસ્સે ભરાયા હતા ! મ્હેં મનમાંને મનમાં વિચાર્યું કે, મ્હેં અન્યાયજ કર્યો છે. ગુલસાનાની આ સ્વભાવિક બદલાની આશાને અટકાવવાની શક્તિ મ્હારામાં નહોતી.

હું કાંઇ પણ બોલ્યો નહિ. ગુલસાનાનો સમસ્ત તિરસ્કાર શાંતિથી સહન કરીને જેવો હું ત્યાંથી ઉઠી ચાલ્યો જવાની તૈયારી કરતો હતો એવામાં તેણે ઉચ્ચ સ્વરે પ્રશ્ન કર્યો:—“ ઇસ્કાન્દાર ! મ્હારા સ્વામીનો મૃતદેહ ક્યાં છે ? તેના સંસ્કાર સંબંધી શી વ્યવસ્થા કરી છે ? ”

મ્હેં ધીમે સ્વરે ઉત્તર આપ્યો:—“ બાદશાહની આજ્ઞાથી મીર મુન્શી તેમના ઉમરાવો સાથે કબરસ્થાનમાં ગયા છે. સમ્રાટે આ સમાધિના ખર્ચને માટે પાંચસો સોના મ્હોરોની મંજૂરી આપી છે ”

આ વાક્યોથી ગુલસાના છંછેડાયલી સિંહણ પ્રમાણે ક્રોધે ભરાઇ. તેણે આવેશમય સ્વરે કહ્યું:—“ નહિ નહિ, જ્યાં સુધી સોહાણીની પત્ની જીવતી છે ત્યાં સુધી તે દિલ્હીશ્વરની દયાનું દાન ગ્રહણ કરશે નહિ. બે દિવસ પૂર્વે હું એક ન્હાના રાજ્યની સર્જેશ્વરી હતી. મ્હેં મ્હારે હાથેજ દરિદ્રોને અનેક પ્રકારનું દાન આપ્યું છે. મ્હારા સ્વામી જોકે અકાળે આલોકનો ત્યાગ કરી મ્હને

દુર્ભાગ્યવતી કરી ગયા છે, તો પણ દરિદ્ર કરી ગયા નથી. તમે દિલ્હીશ્વરને કહી દ્યો કે સોહાણીની પત્ની તેમની આ દયાનું દાન લેવાની ઇચ્છા રાખતી નથી. તમે થોડો સમય રાહ જુઓ, હું હમણાંજ આવું છું."

ક્ષણ માત્રમાં તો ગુલસાનાએ પાસેના ઓરડામાં પ્રવેશ કર્યો, તથા એક પેટી ઉઘાડી તેમાંથી તે એક નકશી કાર્યથી શોભી રહેલી હાથીદાંતના ન્હાની પેટી બહાર કાઢીને લાવી. મ્હારી તથા કુલસમની હાજરીમા એ પેટી ઉઘાડવામાં આવી. મ્હેં વિસ્મયપૂર્ણ નેત્રોએ જોયું તો તેની અંદર કેટલાક રત્નહાર, કેટલાક ઉજવળ જ્યોતિમય હીરા અને કપોતના ઇંડા જેવડાં બે મુક્તા પડયાં હતાં. આ સિવાય બીજું પણ વિવિધ પ્રકારનું જવેરાત મ્હારી નજરે પડયું. આ જવેરાતની ઉજવળ જ્યોતિથી સમસ્ત દિવાનખાનું પ્રકાશી રહ્યું હોય એવો ભાસ થવા લાગ્યો. તેના ઉપર બારીમાંથી આવતો સૂર્યનો પ્રકાશ પડતાં તે સઘળું વિજળીની માફક ચમકવા લાગ્યું, અને તેની સાથેજ ગુલસાનાનાં નેત્રો વિશેષ ઉજવળ થઇ ગયાં.

ગુલસાનાએ કઠોર તિરસ્કારસૂચક સ્વરે કહ્યું:—' તમારા બાદશાહને કહો કે તેઓએ તેમના વિજિત શત્રુના મૃતદેહને સમાધિસ્થ કરાવવા માટે જે દાન આપવાનું જાહિર કર્યું છે તે માટે હું તેમની ઘણી આભારી થઇ છું. ખુદાએ હવે મને દુઃખ દેવામાં કાંઇ બાકી રાખી નથી. આવી સ્થિતિમાં તેમના આભારનો બદલો વાળવાને હું શક્તિવતી નથી. મ્હેં મ્હારા પરલોકવાસી પતિના મુખે સાંભળ્યું છે કે, જે બાજાના દાનથી સમાધિસ્થ થાય છે તે પુરૂષના મૃત આત્મા તરફ દેવતા નારાજ થાય છે. તેમણે મ્હને આ કીંમતી રત્નપૂર્ણ પેટી આ-

પતી વખતે કહ્યું છે કે:—" ગુલસાના ! ભાગ્ય મનુષ્યને છેતર્યા સિવાય રહેતું નથી. આજે મ્હારી પાસે રાજ ઐશ્વર્ય છે—કાલે કદાચ એમાંનું કાંઇ પણુ ન હોય. મ્હારા પિતામહ ખલ્ખના શાસનકર્તા હતા; પરંતુ ભાગ્યપરીક્ષાને માટે બાબરશાહની સાથે હિંદુસ્તાનમાં આવ્યા હતા. કાલે કદાચ મ્હારૂં આ રાજ્ય ચાલ્યું જાય, ઐશ્વર્ય જાય, આલોકનું સર્વસ્વ જાય તો પણુ મ્હારી સમાધિના સંમાનમાં કોઇ પણુ પ્રકારે ખામી ન આવે એટલું ખાસ કરીને લક્ષ્યમાં રાખજે. હું આ રત્નાલંકારો તને ઉપયોગ કરવા માટે આપું છું. કદાચ નિરાધાર અવસ્થામાં મ્હારૂં મૃત્યુ થાય તો પછી આ રત્નાલંકારોનો ઉપયોગ કરી મ્હારી સમાધિના સંમાનને જાળવા રાખજે." ઇસ્કાન્દાર ! તમારા સમ્રાટ્‌ને આ સર્વ હકીકત અર્થેતિ નિવેદન કરજો. આ રત્નાદિ વેચવાથી જે પ્રાપ્ત થશે તેમાંથી મ્હારા સ્વામીના માનને યોગ્ય થઇ પડે એવો સમાધિ તૈયાર થશે. સોહાણીની પત્ની આ સંબંધી કોઇની પણુ ઋણી થવાની ઇચ્છા રાખતી નથી."

ગુલસાનાનાં સ્વાભિમાનનાં વચનો સાંભળતાંજ મ્હારો પ્રાણુ પણુ જાણે કે ગૌરવથી પ્રકાશી ઉઠયો. મ્હેં કંપિત સ્વરે કહ્યું:—"ગુલસાના ! સાધ્વી ! ત્હારો પતિપ્રેમ, ત્હારી સ્વાભિમાનતા, ત્હારૂં પાતિવ્રત્ય સકળ સ્ત્રીજાતિને માટે અનુકરણીય છે; પરંતુ ત્હારી પાસેના જવાહિરનો તું ખર્ચ કરી નાખીશ તો પછી ભવિષ્યમાં ત્હારી ઘણી ખરાબ દશા થશે !"

ગુલસાનાએ સ્થિરતાથી કહ્યું:—" જો કદાચ ભાગ્યમાં એમજ નિર્માણુ થયું હશે, જો ખુદાએ મ્હારા નસીબમાં ભિક્ષા માગવાનું લખ્યું હશે, તો તેથી દુનિયામાં આ ભિખારિણી દીવાનીને એક

પાઇ પૈસો અગર તો મુઠી અનાજ આપતાં કોઇ આંચકો ખાશે નહિ. ”

ગુલસાનાના આ હૃદયભેદક શબ્દોએ મ્હારા હૃદયને સખ્ત આઘાત કર્યો. અનુશોચના, ઘૃણા, તથા લજ્જા મ્હારા ઉત્તેજિત મર્મસ્થળને બહુ દુઃખ દેવા લાગી. કોઇ જાણે કે તીક્ષ્ણ કટારથી મ્હારા હૃદયને વીંધી નાખવા લાગ્યું. હું આ દુઃખ સહન કરી શક્યો નહિ તેથી એ દિવાનખાનાની બહાર નીકળ્યો.

પરંતુ ગુલસાના મ્હને છોડે તેમ નહોતી. હું તેનો ત્યાગ કરી દિવાનખાનાની બહાર નીકળ્યો તો પણ મુક્તિ મેળવી શક્યો નહિ. કેટલાક સમય પછી કુલસમ આવીને પેલા અલંકારોની પેટી મ્હારી આગળ મૂકી ગઇ. મ્હેં એક વિનંતિપત્રમાં સઘળી હકીકત નિવેદન કરી તે પત્ર સાથે અલંકારોની પેટી એક વિશ્વાસુ નોકર સાથે અકબર બાદશાહ તરફ રવાના કરી.

એકાદશ પરિચ્છેદ.

એક કલાકમાં તો એ નોકર પાછો આવી પહોંચ્યો. તેની સાથે ચાર ખોજાઓ આવ્યા હતા. એક રત્નજડિત સુંદર પાલખી પણ આવી હતી અને તે સાથે બાદશાહનો એક પત્ર પણ આવ્યો હતો.

બાદશાહે એ પત્રમાં લખ્યું હતું કેઃ—“સોહાગણીની ગૌરવમયી પત્ની—સાધ્વી ગુલસાનાનું કહેવું હું માન્ય કરૂં છું; પરંતુ મ્હારી એવી ઇચ્છા છે કે તે એક વખત આ ગરીબખાનામાં પધારે. ”

બાદશાહના પત્રમાંની હકીકત વાંચીને હુ ઘણા વિચારમાં પડી ગયો. બાદશાહના આદેશથી ગુલસાનાને તેમના દરબારમાં નિરૂપાયે હાજર થવાનું હતું; છતાં તેમનો તેની તરફ આટલો બધો અનુગ્રહ તેમજ વિનય શા માટે ! વળી હમણાં તો ગુલસાના સર્વ રીતે તેમની સત્તામાં હતી. તો પછી શું બાદશાહે પોતાની સ્વાભાવિક ઉદારતાને લીધે તો આવી મ્હોટાઇ નહિ દર્શાવી હોય !

ગમે તેમ હોય, તો પણ હું ખોજાઓને બ્હાર રાહ જોવાનું કહી ગુલસાના પાસે ગયો, તથા તેના હાથમાં બાદશાહનો પત્ર મૂકીને મ્હેં કહ્યું:—" દિલ્હીશ્વરે તમારા ઉપર આ પત્ર મોકલ્યો છે. "

ગુલસાનાએ પત્ર વાંચી મ્હને પાછો આપ્યો. આશ્ચર્યની વાત તો એ હતી કે, તેના મુખ ઉપર આ પત્રને લીધે કોઇ પણ પ્રકારનો ફેરફાર થયેલો જણાયો નહિ. તે સ્થિરતાથી ઉભી રહી કાંઇ વિચાર કરવા લાગી. તેની એ વિચારમાળા મહાશૂન્યની માફક સીમા વિનાની હતી.

મ્હેં કહ્યું:—" ગુલસાના ! ત્હારે માટે બાદશાહે પાલખી તથા ખોજાઓ મોકલ્યા છે. સંધ્યા સમયે સોહાણી સાહેબની સમાધિ જનાર છે. બાદશાહના માણસો બહાર ત્હારી રાહ જોઇ રહ્યા છે. "

ગુલસાનાએ કહ્યું:—હા, હું જઉં છું, અકબરશાહના રંગમહેલમાં જઉં છું. મ્હેં સાંભળ્યું છે કે, અકબરશાહ ઘણા ઉદાર સ્વભાવના છે. એ ઉદારતાની પરીક્ષા હું આજે અવશ્ય કરીશ. મેં સાંભળ્યું છે કે તેઓ સત્ય ન્યાય કરવામાં પ્રશંસિત થયા છે ! તેઓ કેવી રીતે ન્યાયની મર્યાદા કરે છે એ પણ આજે જોઇશ !! " આમ કહી તે જવાની તૈયારી કરવા લાગી.

મ્હેં પૂછ્યું:—"આવા વેશમાંજ સમ્રાટ્ પાસે જઇશ?"

ગુલસાનાએ ઉત્તર આપ્યો:—"હવે હું નિરાધાર અનાથિની તેમજ દીવાની છું. આ વેશજ હવે મ્હારે માટે સારો છે."

આમ કહીને સ્વાભિમાની ગુલસાના ધીમે ધીમે બ્હાર ચાલી નીકળી. મ્હેં કુલસમને કહ્યું:-"કુલસમ! તું પણ પાલખીમાં સાથે જા."

કુલસમ શાંત ચિત્તે આ સર્વ પ્રકાર જોઇ રહી હતી. મ્હારા કહેવા પ્રમાણે તે ગુલસાના સાથે જવાને માટે તૈયાર થઇ. ગુલસાનાએ પણ આ સંબંધી કોઇ પણ પ્રકારે નારાજી દર્શાવી નહિ.

બન્ને જણાં સમ્રાટ્ તરફથી આવેલી પાલખીમાં બેઠાં. ત્યાર પશ્ચાત્ ખોજાઓ નગ્ન તલવારો હાથમાં લઇ પાલખી સાથે જવાને તૈયાર થયા. ભોઇઓ વિના વિલંબે પાલખી ઉંચકી રાજમહાલય તરફ જવા લાગ્યા. આવેલા ખોજાઓ પૈકી મુખ્ય ખોજાનું નામ કુલકફ હતું તેણે જતી વખતે મ્હને કહ્યું:—"બાદશાહે આપને સમાધિક્ષેત્રમાં હાજર રહેવાનું ફરમાવ્યું છે."

સમયસર હું સમાધિક્ષેમાં જઇ પહોંચ્યો. ત્યાં મ્હેં જે ભીષણ દેખાવ જોયો તે હું આ જીવનપર્યંત કદાપિ ભૂલી શકોશ નહિ. અસંખ્ય સૈનિકો સોહાણીના મૃતદેહની આસપાસ વિંટળાઇ ચિંતાતુર ચિત્તે સમાધિક્ષેત્ર તરફ આવતા હતા. વચ્ચે એક હાથી ઉપર આગલા હોદ્દા ઉપર સમ્રાટ્ અકબરશાહ બિરાજ્યા હતા. તેમની પાછળના હોદ્દા ઉપર શાહજાદા સલિમની સ્વારી બિરાજી હતી. બીજા એક હોદ્દા ઉપર સમ્રાટ્ના વજીરો બિરાજ્યા હતા. મહારાજા માનસિંહ સર્વ અશ્વારોહી તેમજ પાયદળની આગળ પગે ચાલતા હતા. સનિકોની નગ્ન તરવારો ઉપર અસ્ત થતા ઉષાકાંતની જ્યોતિ પડવાથી

એક પ્રકારનો ભયંકર દેખાવ જોતા હોઇએ એવો ભાસ થતો હતો.

આ ઉપરાંત બીજા કેટલાનાં નામ નિવેદન કરૂં? રાજસભામાં જેઓ મુખ્ય હતા, યુદ્ધમાં જેઓ મુખ્ય સેનાપતિ હતા, રાજ્યના જેઓ આધારસ્તંભ હતા, તેઓ સર્વે આ સમયે સમાધિક્ષેત્ર-કબરસ્થાન તરફ આવતા જણાતા હતા.

સમાધિક્ષેત્રમાં આવી આ સર્વ મંડળ ઉભું રહ્યું. દિલ્હીશ્વર તેમજ સુલતાન સલિમ હોદા ઉપરથી ઉતરી સમાધિક્ષેત્રમાં આવી સોહાણીના મૃતદેહની બન્ને બાજુએ ઉભા રહ્યા. આ સમયે સૈન્યના "અલ્લા હો અકબર" ના અવાજથી ગગનમંડળ વિદિર્ણ થવા લાગ્યું.

ઠંડી માટીના ગર્ભમાં તૈયાર કરાવેલી સુગંધિત સમાધિમાં સોહાણીના નિર્જીવ દેહને મુકવામાં આવ્યો; અને ત્યાર પછી તેના ઉપર બાદશાહી ઠાઠને યોગ્ય થઇ પડે એવી વ્યવસ્થા કરવામાં આવી.

આ સમયે અકબરશાહે અશ્રુપૂર્ણ નેત્રોએ કહ્યું:—" બે વીર પુરૂષો દિલ્હીશ્વરની ક્ષમતાથી પોતાની જીવનલીલા પૂર્ણ કરી ગયા છે. એ બન્ને પૈકી એક ચિત્તોડાધિપતિ રાજપુતકુળ ચુડામણિ મહારાણા પ્રતાપસિંહ અને બીજા માલવેશ્વર સોહાણી છે. આજ કદાચ આ વીર પુરૂષ જીવત અવસ્થામાં મ્હારી આગળ હાજર હોત; તો તેમને શત્રુ તરીકે નહિ, પરંતુ મિત્ર તરીકે આલિંગન કરત. વીર પુરૂષનું સંમાન તથા ગૌરવ સાચવવું એ વીર પુરૂષનો ધર્મ છે. તે પ્રમાણે આજની સમમાધિનું માન સાચવવાનો મ્હેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. તેથીજ આજે ભારતસમ્રાટ્ અકબરશાહ સમાધિક્ષેત્રમાં હાજર થયા છે."

સમયાનુસાર સમાધિકાર્ય પુર્ણ થઇ ગયું, તથા સર્વેએ સ્થાનનો ત્યાગ કર્યો. રહી માત્ર ગુલસાના.

અકબરશાહે કહ્યું:—"ગુલસાના ! મ્હારા મનનો વિચાર હું જાણી શકયો છું. મ્હારો પતિપ્રેમ અડગ છે. ઉન્નત હ્રદયનું પવિત્ર કાર્ય અટકાવવાની હું બિલકુલ ઈચ્છા રાખતો નથી, તું અહિંજ રહીને મ્હારૂં છેવટનું કર્ત્તવ્ય કર. આ ઇસ્કાન્દારખાન તને રાજમહેલમાં પહોંચાડી દેશે. મ્હારે માટે બ્હાર પાલખી રાહ જોઇ રહી છે." આમ કહી બાદશાહ ચિંતાતુર ચિત્તે ચાલ્યા ગયા. ગુલસાના ધીમે ધીમે પતિની સમાધિ પાસે જઇને બેઠી. એ સમાધિની માટી ઉપર પોતાનો દેહ નાખી રૂદન કરતી કરતી તે કહેવા લાગી:—"હે સ્વામિન્ ! હે જીવિતેશ્વર ! આજથી તમારા નશ્વરદેહ સાથેનો સંબંધ દૂર થયો ખરો; પરંતુ નક્કી યાદ રાખજો કે, ગુલસાના તમારા વિયોગમાં વિશેષ વખત સુધી રહી શકશે નહિ."

ગુલસાનાનો કંઠ અટકી ગયો. તે અસ્પષ્ટ સ્વરે કાંઇ બોલવા લાગી; પરંતુ હું તેમાંનું કાંઇ સમજી શકયો નહિ.

આ સમયે સંધ્યાકાળ થયો હતો. સંધ્યાદેવીની કાળાશ ધીમે ધીમે સમાધિક્ષેત્રમાં ફેલાતી હતી, તથા એ કાળાશની સાથે ભયંકરતા એકત્રિત થઇ ગઇ હોય એવો ભાસ થતો હતો.

અંધકારનું સામ્રાજ્ય વિશેષ ફેલાતું જોઇને મ્હેં કોમળ સ્વરે ગુલસાનાને કહ્યું:—"ગુલસાના ! ચાલ, આપણે હવે ઘેર જઇએ."

ગુલસાના ઉઠીને ઉભી થઇ તથા તિરસ્કારપૂર્ણ સ્વરે તેણે કહ્યું:— "ઇસ્કાન્દારખાન ! હવે હું ક્યાં જાઉં ? આ સમસ્ત જગતમાં મ્હારે

જવાનું હવે એક પણ સ્થળ રહ્યું નથી. ઇરફાનદાર ! તમે વગર વાંકે શા માટે મ્હારા સર્વસ્વનો નાશ કર્યો ?"

મ્હેં કાંઇ પણ બોલ્યા સિવાય બાદશાહની આજ્ઞા પ્રમાણે તેને રાજમહાલય તરફ પહોંચાડી દીધી. ખરેખર, મ્હેં તેના ઉપર જે અપકાર કર્યો છે એ મહાપાપનું પ્રાયશ્ચિત્તજ નથી ! ગુલસાના રંગ-મહેલમાં ચાલી ગઇ.

અરેરે ! શા માટે મ્હેં ગુલસાનાની છબી મફત ખરીદી ચારે દિશાએથી દુઃખનો દાવાગ્નિ સળગાવ્યો ?

દ્વાદશ પરિચ્છેદ.

આ સમાધિને બીજે દિવસે જે પ્રભાત આવ્યું તે મ્હારા ભાગ્યમાં ઘણુંજ ખરાબ હતું. પ્રભાતકાળે પથારીમાંથી ઉઠી જેવો હું પ્રાતઃકૃત્યાદિ કરવા લાગ્યો કે, તરતજ એક મોગલ ઘોડેસ્વાર મ્હારી તરફ આવતો જણાયો.

મ્હેં પહેલાં વિચાર્યું કે, બાદશાહ ગુલસાનાના ચિંતાતુર ચિત્તને શાંત કરી શક્યા નહિ હોય તેથી તેમણે મ્હને બોલાવ્યો હશે. જલદીથી હાથ મ્હોં ધોઈ હું નીચે આવ્યો. ત્યાં આવીને જોયું તો મ્હને ઘણું આશ્ચર્ય લાગ્યું; કારણ કે, મ્હારા બંગલાના દ્વાર આગળ બે મોગલ પહેરગીરો નગ્ન સમશેર સાથે પહેરો ભરતા હતા. તેઓએ મ્હને જોઇ જાણે મ્હારી મશ્કરી કરતા હોય એવા ભાવથી મ્હને માન આપ્યું. જેઓ બે દિવસ પૂર્વે મ્હારી સાધારણ કૃપાદષ્ટિને માટે આતુર રહેતા તેમના વર્તનમાં આજે આવો ફેરફાર કેમ !

હું તેઓ બન્નેમાંથી એકનું નામ જાણતો હતો. તેને મ્હેં પ્રશ્ન કર્યોઃ—" મુબારક ! કેમ શો પ્રકાર છે ? "

મુબારકે ઉત્તર આપ્યોઃ—" સાહેબ ! બાદશાહે આજ્ઞા કરી છે કે આપને નજરકેદી થઇને રહેવું પડશે. આપને બંગલામાંથી બહાર નીકળવા દેવા નહિ એવો જહાંપન્નાહે અમને હુકમ કર્યો છે. "

મુબારકનાં આ વચનો સાંભળતાંજ મ્હારૂં મુખમંડળ મલિન થઇ ગયું. મ્હેં મનમાં વિચાર્યું કે હવે મ્હારા રંગરાગ પૂરા થયા છે ! એવામાં એકાએક ઉપર જણાવેલા અશ્વારોહીએ આવી પહોંચી મ્હારા હાથમાં એક પત્ર મૂક્યો. પત્રની હકીકત વાંચી જોતાંજ મ્હારી નજર આગળ સમસ્ત વિશ્વબ્રહ્માંડ ભમવા લાગ્યું. બાદશાહની આજ્ઞાથી હું અપરાધી તેમજ કેદી બન્યો. કર્ત્તવ્યકર્મનો તિરસ્કાર એજ મ્હારો મુખ્ય અપરાધ હતો !

એક દિવસે ગુલસાનાએ કાતર કંઠે મ્હને અનુરોધ કર્યો હતો કેઃ—" ઇસ્કાન્દાર ! મ્હારા સ્વામીની યોગ્યતાને સમજી તેમને કેદી તરીકે આગ્રા લઇ જાઓ " આજે ભાગ્યચક્રના પરિવર્તનથી બાદશાહના પહેરગીર આગળ મ્હારે પણ એવીજ વિનંતિ કરવાનો વખત આવી પહોંચ્યો.

મધ્યાન્હે હું કેદી સ્વરૂપમાં ખાસ દરબારમાં હાજર થયો. જો કે મ્હારા હાથ પગ બાંધવામાં આવ્યા નહોતા, તો પણ મ્હારી આજુબાજુ પહેરગીરો ઉભા રહ્યા હતા. આમ છતાં મ્હારૂં સદ્‌ભાગ્ય એ હતું કે, ખાસ દરબારમાં ભારતસમ્રાટ અને રાજા બીરબલ સિવાય બીજું કોઇ નહોતું.

મનના અસાધારણ દુઃખથી મ્હારા હૃદયમાં ઘણી વેદના થવા લાગી. ભાગ્યચક્રનું કેવું વિચિત્ર પરિવર્તન ! એક માસ પૂર્વે આજે

અકબરશાહ પાસેથી યોગ્ય માનપાન મેળવી હું મ્હારા કર્તવ્યને પૂર્ણ કરવા વિદાય થયો હતો; પરંતુ ભાગ્યના કોપનો ભોગ થઇ પડી. હું આજે બાદશાહની પાસે કેદી સ્વરૂપમાં ઉભો છું. ભાગ્ય તેમજ કર્મફળે મ્હને ભીષણ રહસ્યમય અંધકારમાંજ રાખી મૂક્યો છે.

બાદશાહે ગંભીર કંઠે કહ્યું:—" ઈસ્કાન્દારખાન ! મોગલ બાદશાહના સેનાપતિ થઇને, એક મહાન્ કર્તવ્યનો ભાર શિર ઉપર લઇને તમે સ્વેચ્છાથી ભયંકર અપરાધ કર્યો છે. એક સુંદર સ્ત્રીના રૂપમોહમાં પડી તમે દિલ્લીશ્વરના સંમાન તેમજ ગૌરવને હાનિ પહોંચાડી છે. તમારો અપરાધ બિલકુલ ક્ષમાપાત્ર નથી. જો કદાચ મ્હારો પોતાનો પુત્ર સુલતાન શાહસલિમ આવો અપરાધ કરત તો હું તેને પણ જીવનપર્યંત કેદ કરત. જો રમણીના રૂપમોહમાં પડયા સિવાય તમે તમારા કર્ત્તવ્યનું બરાબર પ્રતિપાલન કર્યું હોત તો આજે તમને ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થયો હોત. મ્હેં ઘણી વખત તમારી કાર્યદક્ષતાનો અને વિશ્વાસનો પરિચય પ્રાપ્ત કર્યો છે, અને તેથી કરીનેજ હું તમને તમારા આ ભયંકર ગુન્હા બદલે પ્રાણદંડની શિક્ષા નહિ કરતાં આ જીવન કારાદંડની શિક્ષા કરૂં છું."

ભીમ ભૈરવ વજ્રનાદની માફક બાદશાહના આ કઠોર દંડની આજ્ઞા મ્હારે કાને પડી. મ્હારા મસ્તકમાં ભયંકર અગ્નિ સળગતો હોય એવો મ્હને ભાસ થયો. મ્હેં મનમાં ને મનમાં કહ્યું કે:—" હે પૃથિવી માતા ! મ્હને તમારા ઉદરમાં સ્થાન આપો કે જેથી હું આ ભયંકર દુઃખથી મુક્ત થઈ શાંતિ મેળવી શકું.

આ સમયે બાદશાહે ગંભીર કંઠે કહ્યું:—" ગુલસાના ! "

ગુલસાના વિના વિલંબે ખાસ દરબારમાં આવી, બાદશાહને કુરનસ બજાવી–માન આપી ઉભી રહી. મ્હારું મુખ સુકાઇ ગયું, બદન કંપી ઉઠ્યું.

બાદશાહે કહ્યું:—"ગુલસાના ! તું વીરપત્ની છે, પતિવ્રતા છે. સ્વામીના અકાળ મૃત્યુનો બદલો લેવાને માટે ત્હેં મ્હારી આગળ વિનંતિ કરી છે. જે ઇસ્કાન્દારખાને મ્હારા વિશ્વાસુ સેનાપતિ થઈને ત્હારા સતીધર્મ ઉપર અત્યાચારની કામના પોતાના મનમાં ધરાવી છે તેમને હું તેમના જીવનપર્યંત સખ્ત કેદની શિક્ષા ફરમાવું છું."

આ સમયે મ્હને માલૂમ પડયું કે, પદ્માણુ આ ઘણીજ ભયંકર રીતે પોતાનું વૈર લે છે ! જેનું રૂપ જોઈ હું મુગ્ધ બન્યો છું, જેને લીધે આજે મ્હારી આવી દુર્દશા થઈ છે એ રમણી નહિ પણ સાક્ષાત રાક્ષસી છે ! મોહિની સ્વરૂપમાં પિશાચિણી છે ! કોમળાંગી દેખાવા છતાં વજ્રાગ્નિના જેવી જ્વાળામયી છે. મિષ્ટભાષિણી હોવા છતાં છલનામયી ક્રૂર હૃદયવાળી છે.

અરેરે ! કયી દુર્ભાગ્યની ક્ષણે મ્હેં વૃદ્ધા છબીવાળી પાસથી આ પાષાણ પ્રતિમા ગુલસાનાની છબી ખરીદી છે ? કયી દુર્ભાગ્યની ક્ષણે હું એ છબી જોઈ તેના ઉપર મુગ્ધ થયો છું ? છબીવાળીએ મ્હને કહ્યું છે કે, "છબીની કીંમત પાંચ ખાસડાં છે." એ કીંમત બરાબર નથી. આ સમયે જો હું મ્હારા દુર્ભાગ્યથી બચી જઈશ તો સમજીશ કે છબીની કીંમત મ્હેં અદા કરી છે.

ગુલસાનાએ જમીન ઉપર બેસી જઈ રૂદન કરતાં કરતાં કહ્યું:—"ભારત સમ્રાટ્ ! મ્હેં આપને જે વિનંતિ કરી છે તેનો ન્યાય બરાબર થયો છે. મ્હારી પ્રતિહિંસાની આશા પૂર્ણ થઇ છે. ખુદા ! આપનું કલ્યાણ કરો. હવે આ દાસીની અંતિમ્ પ્રાર્થના એજ છે કે આ કેદી ઇસ્કાન્દારખાનને તમે મુક્તિદાન દ્યો."

અકબરશાહે કહ્યું:—"રાજદંડ અને રાજ આજ્ઞા ઇચ્છાધીન રમતની વસ્તુ નથી. ન્યાયાલય નાટયશાળા નથી. ગુલસાના ! તું મ્હારા અંતઃપુરમાં જા. ત્યાં આગળ તું બાદશાહી બેગમના મહેલમાં રહેજે ખાનગી.

રહી શકીશ. એ સંબંધીનો સમસ્ત બંદોબસ્ત મ્હેં પ્રથમથીજ કર્યો છે. યથા સમયે તને સ્વાધીન કરવામાં આવશે."

બાદશાહની આજ્ઞા પ્રમાણે કાંઈ પણ બોલ્યા સિવાય ગુલસાના ચાલી ગઈ. થોડા સમય પછી બાદશાહ પણ ખાસ દરબારમાંથી ચાલ્યા ગયા. રહ્યા માત્ર હું, પહેરગીરો અને રાજા બીરબલ.

રાજા બીરબલ, બાદશાહની રાજધાનીના રક્ષક હતા. તેમની આજ્ઞા પ્રમાણે પહેરગીરો મ્હને કેદખાનામાં લઈ ગયા. તેઓએ મ્હને બેડીઓ નાખી નહોતી એ મ્હારૂં મહાસૌભાગ્ય છે એમ હું સમજ્યો.

કેદખાનામાં ઘણોજ અંધકાર હતો ! પાસે પડેલી વસ્તુ પણ જોઈ શકાય તેમ નહોતું. કેદખાના એ ભીષણ અંધકારે મ્હને મૃત્યુના દારૂણ અંધકારનો ભાસ કરાવ્યો. હું ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:— " મ્હને તમે જીવથી મારી નાખો પરંતુ આવી રીતે દુઃખ ન દ્યો. મ્હારે જીવન જોઈતું નથી, જીવનનું આવું દુઃખ જોઈતું નથી. મૃત્યુજ જોઇએ છીએ ! મ્હને મૃત્યુ આપો ! "

એવામાં કોઈએ મ્હારી અંધકારપૂર્ણ ઓરડીનું દ્વાર ઉઘાડી અંદર પ્રવેશ કર્યો, તથા આવનાર વ્યક્તિએ કહ્યું:—" કેદી ! તમારે માટે અન્ન પાણી મૂકી જાઉં છું. ભૂખ લાગ્યેથી આહાર કરજો. પાસે જે પર્ણશય્યા છે તેના ઉપર નિદ્રા આવ્યેથી સુઈ જજો. "

ભીષણ અંધકાર દૃષ્ટિ આગળ ઉપસ્થિત થયો હતો તેથી મ્હેં પ્રશ્ન કર્યો:—" પહેરગીર ! રાત્રિ કેટલી વીતી છે ? "

પહેરગીરે કહ્યું:—" એક પ્રહર પૂર્ણ થઈ ગયો છે ! તમારી સાથે વિશેષ વાતચીત કરવાની રજા નથી. હું જાઉં છું. " આમ કહી તે ઓરડીનું દ્વાર બંધ કરી ચાલ્યો ગયો.

અરેરે મ્હારા ભાગ્યમાં આટલું બધું દુઃખ ભોગવવાનું લખેલું છે!

હુંજ એક વખતે રણવિજયી સેનાપતિ ઇસ્કાન્દાર હતો કે પૂર્વે જેને જોતાંજ લોકો જમીન સુધી નીચા વળી માન આપતા હતા, પહેરેગીરો શિર નમાવી યોગ્ય માન આપતા હતા; પરંતુ અરેરે! કેવો ભાગ્યનો ફેરફાર! આજે એક સાધારણ પહેરેગીર મ્હારી વાત સાંભળવાને ઉભો પણ રહેતો નથી! મ્હારા પ્રશ્નનો ઉત્તર સુદ્ધાં આપતો નથી.

પરોપકાર કરવાનું સર્વોત્તમ સાધન

સાહિત્યસેવા છે. સાહિત્યસેવા બજાવવાથી અસાધારણ પુણ્યની પ્રાપ્તિ થાય છે, તો પરોપકાર કરવાની ઇચ્છાથી આ કથાકુંજ—નવલકથામાળાનાં ગ્રાહકો વધારવાને માટે પ્રત્યેક સાહિત્યવિલાસી બંધુને પ્રાર્થના કરવામાં આવે છે. આવું નિર્દોષ, રસિક, જ્ઞાનપૂર્ણ વાચન દેશમાં વિશેષ પ્રમાણમાં ફેલાવવાથી આપણા દેશમાંના કલેશપૂર્ણ સંસાર સોનાના સંસાર થશે, અશાંતિપૂર્ણ જીવનમાં શાંતિના તરંગો ઉછળશે. સ્ત્રીમંડળ પતિભક્તિની પ્રભુતા સમજશે, પુરૂષો સ્ત્રીઓને સ્વર્ગની દેવીઓ સમાન માનશે. માટે આ માળાનાં ગ્રાહકો વધારવા પ્રત્યે લક્ષ્ય આપવાની અમે અમારા ગ્રાહકબંધુઓને તથા સાહિત્યવિલાસી સજ્જનોને પુનઃ સપ્રેમ વિનંતિ કરીએ છીએ. કોઇ પણ બંધુ હેંડબીલો, ઑર્ડર કાર્ડો વગેરે મંગાવશે તો તે વિના વિલંબે મોકલી આપવામાં આવશે.

લખો:—મેનેજર કથાકુંજ—ઑફિસ.

અમદાવાદ.

ભૂખના દુઃખથી ભોજન કરવાની તો ઇચ્છા થઇ, પરંતુ શંકાશીલ વિચાર આવવાથી ભોજન કરવાનું સાહસ મ્હારાથી કરી શકાયુ નહિ. જો કદાચ બાદશાહની આજ્ઞાથી મ્હારા ખોરાકમાં વિષ મેળવવામાં આવ્યું હોત તો !

ખોરાક પડયો રહ્યો. અંધકારમાં હાથ ફેરવી ફેરવીને શય્યા શોધી કાઢી. એ શય્યા માત્ર નામનીજ શય્યા હતી. ગુલસાનાએ લીધેલા આવા ભયંકર બદલા માટે મ્હને તેનો ઘણોજ તિરસ્કાર આવ્યો.

હું નિરૂપાયે શય્યામાં સૂતો; પરંતુ નિદ્રા આવી નહિ. જાણે કે હજારો વિંછીઓ ક્ષુધાતુર સ્થિતિમાં એ શય્યાની અંદર સંતાઇ રહી મ્હને ડંખ મારતા ન હોય એમ મ્હને થવા લાગ્યું. મ્હારા દુઃખની સીમા રહી નહિ.

આવી રીતે કેટલો સમય પસાર થયો તેનું મ્હને ભાન રહ્યું નહિ એવામાં મ્હારે કાને કોઇનાં ધીમાં પગલાંનો થતો અવાજ પડયો. મ્હેં મનમાંને મનમાં વિચાર્યું કે હવે મ્હારી જીવનયાત્રા સંપૂર્ણ થવા આવી. બાદશાહની આજ્ઞાથીજ પેલીક્રૂર ગુલસાનાની વિનંતિથી, કોઇ ગુપ્તઘાતક મ્હારી હત્યા કરવાનેજ આવે છે. હું ભૂમિ ઉપરની શય્યામાંથી ઉઠી મનમાંને મનમાં કહેવા લાગ્યો:---"હે ખુદા ! આ ગુપ્તઘાતકના હાથમાંથી મ્હારૂં રક્ષણ કર."

એ અપરિચિત મૂર્તિએ ધીમેથી હું જે ઓરડીમાં કેદ હતો તે ઓરડીમાં પ્રવેશ કરી કહ્યું:—" કેદી ! ખુદાએ ત્હારૂં રક્ષણ કર્યું છે."

મ્હેં જીજ્ઞાસાથી પૂછ્યું:—' તમે કોણ મહાપ્રાણ છો ? તમે કોણ દયાળુ દેવાત્મા છો ? શું તમે ખુદાના પ્રતિનિધિના સ્વરૂપમાં મ્હારૂં રક્ષણ કરવાને આવ્યા છો ? "

આવનાર મૂર્તિએ કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! એક અતિ પતિ-

પરાયણા રમણીને અકાળે વૈધવ્ય દુઃખમાં નાંખી તમે જે પાપ કર્યું છે, તેનું પ્રાયશ્ચિત્ત હવે પૂરું થયું છે, તેથી ખુદાએ તમારી ઉપર દયા કરી છે."

શોભાનઅલ્લા ! આ અવાજને તો હું ઓળખતો હતો. આ કોણ ? મ્હેં જીજ્ઞાસાથી પૂછ્યું:—"તમારી ઓળખાણ આપો ! કહો કે તમે કોણ છો ? શા માટે અહિં આવ્યા છો ?"

એ મૂર્તિએ કહ્યું:—"મ્હારી ઓળખાણની કાંઇ જરૂર નથી. જો તારી છુટવાની ઇચ્છા હોય તો-મ્હારી સાથે આવો."

મ્હેં કહ્યું:—"હાં, તમારી સાથે આવ્યા સિવાય મ્હારો છુટકારો નથી, પરંતુ તમે કોણ છો તે નહિ કહો તો હું તમારી સાથે આવીશ નહિ, હું આ આ કેદીના સ્થિતિના દુઃખમાંજ મ્હારી જીવનલીલા જલદીથી પૂરી કરીશ."

"ધીમેથી બોલો ! હું બીજી કોઇ નહિ, પરંતુ હતભાગિની ગુલસાના છું." ? આશ્ચર્ય ઉપર આશ્ચર્ય ! જે ગુલસાનાએ થોડા સમય ઉપર બાદશાહને વિનંતિ કરી મ્હને કેદ કરાવ્યો હતો તેજ મ્હને છોડાવવાને શા માટે આવી ? ત્યારે ગુલસાના અંતઃકરણથી મ્હને ચ્હાય છે ? નહિ નહિ હું ભુલું છું—હું મહામૂર્ખ છું—દીવાનો છું."

અરેરે ! કેવો આ રૂપનો મોહ ! જે ગુલસાનાને માટે મ્હારે કેદી થવું પડયું છે તે વળી મ્હને ચ્હાય ખરી કે ?!

ગુલસાના જાણે મ્હારા મનના વિચારો સમજી ગઇ હોય તેવી રીતે કહેવા લાગી:—"ઇસ્કાન્દાર ! તમે એમ વિચારો છો કે હું અંતઃકરણથી ગુપ્ત રીતે તમને ચ્હાઉં છું ! પરંતુ આળસથી કોઇના ઉપર કોઇ મનુષ્ય જેમ અત્યાચાર કરે છે અને પછીથી તે સંબંધી તેને પસ્તાવો થાય છે તેજ પ્રમાણે તમારી આવી સ્થિતિ મ્હેં આળ-

સિક હૃદયે કરી અને પછીથી મ્હને તે માટે ઘણો પસ્તાવો થવા આવ્યો. માટેજ હું તમને છોડાવવા આવી છું. વળી હવે મ્હારી બદલો લેવાની આશા પૂર્ણ થઇ છે. મ્હારા સ્વામીના મૃતદેહ તરફ તમે જે માન દર્શાવ્યું છે, જે બાદશાહી ઠાઠમાઠથી એ દેહને આ રાજધાનીમાં આણ્યો છે એ તમારા હૃદયના મહત્વને માટે જ હું તમને કાંઇક કૃતજ્ઞતા દર્શાવવા આવી છું. વિના કારણ વખત ગુમાવશો નહિ પહેરાગીરોને મ્હેં હિંદુસ્તાની ચેરીમેરીથી વશ કરેલા છે તેથી કરીનેજ તેઓ મ્હારા હાથની બનાવેલી ભાંગ પી બેહોશ બની ગયા છે. જો હવે વિશેષ વખત ગુમાવશો તો આપણી બન્નેની દુર્દશા થશે. ”

ગુલસાનાનાં વચનોથી મ્હારો ભ્રમ દૂર થયો. હું તરતજ ગુલસાનાની સાથે જવાને તૈયાર થયો. હુંજ પૂર્વે વીરધર્મનો આશ્રય લેનાર સૈનિક હતો; પરંતુ આત્યારે મ્હારે રમણીના વચનો પાલવ પકડીને નાશી છુટવાનો વખત આવ્યો ! પરંતુ શું કરું ? બીજો કોઇ ઉપાય નહોતો. અકબરશાહનો હુકમ ફરે તેમ નહોતો. જીવનપર્યંત કારાગારનું દુઃખ સહન કરવા કરતાં આવી શરમ ભરેલી રીતે પલાયન કરી જવુંજ મ્હારે માટે ઉત્તમ હતું.

કોઇએ માર્ગમાં અમને અડચણ કરી નહિ. અમે બન્ને જણાં ગંભીર રાત્રિએ એક ગુપ્તદ્વારમાં થઇને આગ્રાદુર્ગ પાસે વહેતી યમુના નદીને કિનારે જઇ પહોંચ્યા. ત્યાં જતાંજ મ્હેં જોયું કે ત્યાં આગળ એક નૌકા તૈયાર રાખવામાં આવી હતી. ગુલસાનાએ મ્હને કહ્યું—“આ નૌકામાં બેસો કોઇ પણ પ્રકારનું સંકટ વેઠ્યા સિવાય તમે નાશી છૂટો એમ વિચારીને મ્હેં આ નાકાનો બંદોબસ્ત કરી રાખ્યો છે. ”

મ્હેં પ્રશ્ન કર્યો:—"ગુલસાના ! તું ક્યાં જઇશ ? "

ગુલસાનાએ ઉત્તર આપ્યો:—"હું પણ બીજી એક નૌકામાં આવીશ. તમારી નૌકા ચાલી જશે એટલે બીજી એક નૌકા અહિં આવશે."

મ્હેં પૂછ્યું:—"મ્હારી સાથેજ કેમ નથી આવતી ? " ગુલસાનાએ ઉત્તર આપ્યો:—"નહિ, હજુ તમે ચિત્તસંયમ કરી શક્યા નથી ! આટલું બધું દુ:ખ પડયા છતાં હજુ તમે તમારા મનમાંથી મ્હારી છબીનો મોહ દૂર કરી શક્યા નથી ! "

વિશેષ કાંઇ બોલવાનો મ્હને વખત મળ્યો નહિ. ગુલસાનાએ માછીઓને કહ્યું કે:—"નૌકા જવા દો. "

માછીઓએ નૌકા ચલાવી. આ સમયે એકાએક નૌકામાં કોઇ ભારે વસ્તુ આવીને પડી. મ્હેં તરતજ તે ઉંચકી લીધી તો એક કોથળી હતી.

બરાબર આજ સમયે ગુલસાના નદી કિનારેથી બોલી ઉઠી:— " તમારી પાસે બિલકુલ દ્રવ્ય નથી. હું તમને તમારા રસ્તાના ખર્ચ માટે જે થોડું ઘણું દ્રવ્ય આપું છું તેને દયા કરીને સ્વીકારો."

હું કાંઇ કહેવા જાઉં તે પૂર્વે તો ગુલસાના ગંભીર અંધકારમાં અદ્રશ્ય થઇ ગઇ. મ્હેં મનમાંને મનમાં વિચાર્યું:—'આ કોણ ? દેવી કે માનવી ! રમણી હોવા છતાં આવી અલૌકિક રહસ્યમયી ! એના ચરિત્રના રહસ્યને સમજી શકવું એ મ્હારા જેવા મૂઢથી બને તેમ નથી." અંધકારમાં અમારી નૌકા જળની અંદર આગળ વધવા લાગી! હું ગુલસાનાના રહસ્યમય જીવનના વિચારો કરવામાં મગ્ન બની ગયો! ત્યાર પછી મ્હારા ભાગ્યમાં શું શું બન્યું તે આ પુસ્તકનો દ્વિતીય ખંડ વાંચી જોવાથી પાઠકોને માલૂમ પડશે.

દ્વિતીય ખંડ.

ઉપકારનો બદલો.

પ્રથમ પરિચ્છેદ.

(ઈસ્કાન્દારખાનની કથા.)

પ્રકૃતિ શાંત તેમજ નિસ્તબ્ધ હતી. આકાશમાં નક્ષત્રો પ્રકાશી રહ્યાં હતાં. આવી નિર્જન ગંભીર રાત્રે રાજમાર્ગ ઉપર આવેલી એક જીર્ણ મસજીદનાં પગથીયાં ઉપર હું હતભાગી બેઠો હતો. એક પણ નિશાચર એ સ્થળે આવી મ્હારી ચિંતા દૂર કરી શકતું નહિ. ગગનની જેવી રીતે સીમા નહોતી તેવી રીતે મ્હારી ચિંતાની પણ સીમા નહોતી.

એકાએક રાત્રિની આ ભયંકર નિસ્તબ્ધતાનો ભંગ કરીને કોઇ કર્કશ સ્વરે બોલી ઉઠયું:—" દુષ્ટ ! આ ત્હારૂંજ કામ કે ? વિશ્વાસઘાતક ? શયતાન ! "

તેના ઉત્તરમાં કોઇએ રૂષ્ટસ્વરે ગર્જના કરી કહ્યું:—" આજે મ્હને ઉત્તમ સુયોગ પ્રાપ્ત થયો છે. આજે આ આત્માદખાને બસ એવોજ નિશ્ચય કર્યો છે કે, **कार्यं साधयामि वा देहं पातयामि.** આજે આ ક્ષુદ્ર જીવન દઇશ કે પછી માળવાના રાજાધિરાજનું મસ્તક જમીન ઉપર આળોટતું કરીશ. ત્યાર પછી સર્વના જાણવામાં આવશે કે માળવાનું રાજસિંહાસન માત્ર એકજ દિવસમાં રાજા વિનાનું બની ગયું છે ! "

મ્હેં વધારે વખત બેસવું ઉચિત ધાર્યું નહિ. મ્હારા શરીરમાં ગરમ લોહી વહેવા લાગ્યું. મ્હારી કમર પર મ્યાનમાં રાખેલી તરવાર લટકી રહી હતી. હું મ્હારી તીક્ષ્ણ તેમજ તેજસ્વી તરવારને મ્યાનમાંથી બ્હાર ખેંચી કાઢી ભીષણ અંધકારમાં જે દિશાએથી ઉપરના મનુષ્યોનો અવાજ આવતો હતો એ તરફ જવા લાગ્યો, તથા જલદીથી ઘટનાસ્થળે જઇ પહોંચ્યો.

મ્હેં ત્યાં જઇને જોયું કે બે પુરૂષો એ સ્થળે સાધારણ અંધકારમાં ઉભા હતા. આ બે પૈકી એક પુરૂષે એકના માથા ઉપર પોતાની તરવાર ધરી હતી. તેણે જેના ઉપર આ તરવાર ઉંચકી હતી તે પુરૂષ પાસે એક પણ શસ્ત્ર નહોતું. તે સ્થિરતાથી મૃત્યુની રાહ જોતો ઉભો હતો.

શસ્ત્ર વગરના માણસેક હ્યું:—"આત્માદખાન ! રાજવંશમાં જન્મ પામીને આવો નીચ ન થા. વીર થઇને આવું અનુચિત કાર્ય ન કર. વળી જો તું વીર હોય તો મ્હને માત્ર એકજ હથિયાર આપી મ્હારી સાથે યુદ્ધમાં ઉતર."

આત્માદખાને કહ્યું:—"ત્હેં જ્યારે મ્હારા પિતાના વક્ષઃસ્થળમાં ત્હારી તીક્ષ્ણ કટાર ખોસી ઘાલી હતી ત્યારે તેમને શસ્ત્ર લેવાનો કે આપવાનો સુયોગ આપ્યો હતો કે ? ના ના, દુષ્ટ ! આજે ત્હારો કાળ ત્હારી રાહ જોઇ રહ્યો છે. ત્હેં મ્હારા પિતાનું ખૂન કર્યું છે તેથી હું ત્હારા તરફ કોઈ પણ પ્રકારે દયા દર્શાવી શકું તેમ નથી."

આત્માદ્ખાન જેવો એ શસ્ત્રહીન મનુષ્યના ઉપર પોતાની તરવારનો ઘા કરવા ગયો કે તરતજ હું છંછેડાયલા વાઘની માફક છલંગ મારી તેના ઉપર ટૂટી પડયો. એક ક્ષણ માત્રમાં તો તે પૃથ્વી ઉપર પડયો. તે નીચે પડયો કે હું તેની છાતી ઉપર ચઢી બેઠો તથા મ્હેં તેનાં સઘળાં હથિયારો કાઢી લઇ શસ્ત્રહીન મનુષ્ય તરફ ફેંક્યાં.

વિના વિલંબે એ માણુસે શસ્ત્રો ઉંચકી લીધાં. ત્યાર પછી મ્હેં મ્હારા શિકારને છોડી દીધો. પોતાની આગળ વિપદ આવી પડેલી જાણી તે ક્ષણુ માત્રમાંજ ત્યાંથી પલાયન કરી ગયો અને અંધકારમાં અદ્રશ્ય થયો.

હવે જે એક માણુસ રહ્યો ત્હેણે મ્હને પ્રેમથી આલિંગન કરીને કહ્યું:—"ધન્ય છે, પરમકૃપાળુ પરમાત્માને, કે જેણે આજે મ્હારો ઉદ્ધાર કરવાને માટેજ તમને મોકલ્યા છે તે પિતાને ધન્ય છે; ધન્ય છે તમારા પરોપકારને! બંધુ! તમે કોણ છો? માળવેશ્વરના ઉપર તમે આજે અસાધારણ ઉપકાર કર્યો છે. આ '**ઉપકારનો બદલો**' વાળી શકાય તેમ નથીજ!"

મ્હેં તરતજ જમીન ઉપર બેસી પડી માળવેશ્વરના વસ્ત્રના છેડાને ચુંબન કર્યું, તથા કહ્યું:—"જહાંપન્નાહ! માળવેશ્વર! એક વીર પુરૂષનું જે કર્તવ્ય હોય છે તેજ મ્હેં બજાવ્યું છે. રાજ્ય લોહીથી આ પવિત્ર ભૂમિ કલંકિત થાત. મ્હેં મ્હારો ધર્મ માત્ર બજાવ્યો છે. કૃપા કરી મ્હને વિદાય આપો."

માળવેશ્વરે આગ્રહસૂચક સ્વરે કહ્યું:—"નહિ નહિ, તેમ બની શકેજ નહિ. ઉપકાર કરનાર મિત્રને એક ક્ષણુમાંજ ભૂલી જવામાં આવે તો બાજ બહાદુરના નામને કલંક લાગે. જેને લીધે આજે મ્હેં પુનર્જીવન પ્રાપ્ત કર્યું છે તેને હમણાં ને હમણાં હું વિદાય કરી શકું તેમ નથી. તમે મ્હારા માનનીય અતિથિ છો."

મ્હેં નમ્ર વચને ઉત્તર આપ્યો:—"જહાંપનાહ! આવા પ્રકારના આપના સન્માનને લીધે હું આપને અંતઃકરણથી ધન્યવાદ આપું છું. પરંતુ પ્રતિજ્ઞા લ્યો કે—"

"શાની પ્રતિજ્ઞા મુસાફર?"

"આવતી કાલે પ્રભાતકાળેજ મ્હને વિદાયગીરી આપશો?"

"જો આ સંબંધી વિશેષ કાંઇ હરકત ઉપસ્થિત નહિ થાય તો તમને વિદાયગીરી આપીશ."

"શી હરકત ?"

"હરકતોથી પરિપૂર્ણ એવા આ સંસારમાં હરકતની શી ખોટ છે ? વારૂ મુસાફર ? તમે મુસલમાન છો કે ?"

"જી હા; મુસલમાન સૈનિક છું ?"

"તમે મ્હારા જીવનદાતા છો. તમને રાજમહેલમાં ન લઇ જઉં તો મ્હારે મહારાણી રૂપમતી બેગમનો ઘણો ઠપકો સહન કરવો પડે. હું ધારૂં છું કે મ્હને ઠપકો મળે એવી ઇચ્છા આપને હોવી જોઇએ નહિ."

રાત્રિના અંધકારમાં અમે બન્ને ધીમે ધીમે આગળ વધવા લાગ્યા. હું મ્હારી ચિંતામાંજ મગ્ન હતો. મ્હારી આગળ માળવેશ્વર શાંતિથી ચાલતા હતા. મ્હેં વિચાર્યું કે, તેઓ પણ બનેલા બનાવને પોતાના મનમાંથી હજુ સુધી દૂર કરી શક્યા નથી.

યથાસમયે અમે રાજમહેલની પાસે જઇ પહોંચ્યા. અત્યાર સુધીનો રસ્તો સપાટ હતો; પરંતુ હવે બાકી રહેલો માર્ગ ઉંચાણુ-વાળો હતો તેથી મ્હને એમ લાગ્યું કે, કોઇ વિશાળ પર્વતના ઉચ્ચ ભાગને સપાટ કરેલો હોઇ તેના ઉપર રાજમહેલ બાંધવામાં આવ્યો હશે.

આઘેથીજ રાજમહેલમાં પ્રકાશતા દીપકોનો પ્રકાશ મ્હારી નજરે પડયો. અમે રાજમહેલની ઘણીજ પાસે હતા. પરંતુ માળવેશ્વરને એકાએક અન્ય માર્ગ તરફ જતા જોઈ મ્હને અતિ આશ્ચર્ય લાગ્યું. હું મ્હારી ઉત્સુકતાને સમાવી શક્યો નહિ તેથી મ્હેં પ્રશ્ન કર્યો:—"જહાંપનાહ ! આપને એક પ્રશ્ન પૂછી શકીશ કે ?"

માળવેશ્વરે કહ્યું:—"તે પૂર્વે હું તમને એક વિનંતિ કરી શકીશ કે ?"

મ્હેં અતિ નમ્રતાથી કહ્યું:—"આ ગુલામ આપની ઇચ્છાને આધીન છે. આટલી બધી મર્યાદા આ ગુલામ આગળ રાખવાનું કાંઇ કારણ ?"

"તમે મ્હને પ્રતિજ્ઞાથી બાંધ્યો છે તે જાણો છો ને? તો પછી તમારે પણ એક પ્રકારની પ્રતિજ્ઞામાં બંધાવું પડશે ?"

"શાની પ્રતિજ્ઞા ? કૃપાભાવે નિવેદન કરો ?"

"વિશેષ વખતને માટે કદાચ ન બની શકે તો માત્ર આજની રાત્રિ માટે, જહાંપનાહ, ગુલામ વગેરે સંબોધનોનો ઉપયોગ કરવાનું છોડી દ્યો. બોલો બની શકશે કે ?"

મ્હેં માળવાધિપતિના આ મહત્વસૂચક વાક્યનો કાંઈ ઉત્તર આપ્યો નહિ. ઉત્તર આપવાનો સમય પણ મ્હને મળ્યો નહિ. તે સમયે અમે રાજમહેલના દ્વાર પાસે જઇ પહોંચ્યા હતા. આ દ્વાર રાજમહેલનું ગુપ્તદ્વાર હતું.

માળવાધિપતિને વિચિત્ર વેશમાં જોતાંજ પહેરદારે શસ્ત્ર નમાવી અમને ઉભયને યોગ્ય માન આપ્યું. માળવેશ્વરે મ્હને સાથે લઇને રાજ્યમહેલમાં પ્રવેશ કર્યો. હું રાજ્યમહેલનું સૌંદર્ય જોઇ મુગ્ધ બની ગયો.

દરેક ઓરડામાં સુગંધિત દીપકો સળગતા હતા. સર્વ થાંભલાઓને પૉલીસ કરેલા હોઇ તેમને અનેક પ્રકારના રંગોથી રંગી સુશોભિત કરવામાં આવ્યા હતા. દરેક સ્તંભના ઉપર જૂદાં જૂદાં પુષ્પોની માળાઓ લટકાવવામાં આવી હતી. ચારે દિશાએથી અંતઃકરણને શાંત તેમજ શીતળ કરે એવી સુગંધી આવતી હતી.

જૂદે જૂદે સ્થળે સફેદ પત્થરના પાત્રમાં લોબાન તેમજ ચંદન સળગી રહ્યાં હતાં! રાજ્યમહેલમાં પ્રવેશ કરતાંની સાથેજ મ્હારા મનની

સકળ જ્વાળા શાંત થઇ ગઇ. મ્હેં વિચાર્યું કે હું કષ્ટપૂર્ણ પૃથિવીનો ત્યાગ કરી સુખદાતા સ્વર્ગલોકમાં આવી ચઢ્યો છું !

માળવેશ્વરે એક ઓરડામાં પ્રવેશ કરી કહ્યું:—" પરોપકારી પુરૂષ ! આ ઓરડો આજની રાત્રે તમારે માટે નિર્માણ થયો છે. મધ્યરાત્રિ થઇ ગઇ છે. હું અને તમે બન્ને થાકેલા છીએ. રાત્રે તમને જે જે વસ્તુઓની જરૂર પડશે તે સઘળી બાંદીઓ પહોંચાડશે. આ મકાન તમારૂંજ છે, એમ જાણી આ ગરીબ ઝુંપડીનો સાધારણ સત્કાર સ્વીકારજો. જ્યાં સુધી તમારો આહાર વગેરે થશે નહિ ત્યાં સુધી હું પોતે તમારી સેવામાં હાજર રહીશ."

માળવેશ્વરના સૌજન્યથી મ્હને અપૂર્વ આનંદ થયો; તેમની આ ઉદારતાને માટે તેમને અસંખ્ય ધન્યવાદ આપીને મ્હેં કહ્યું:— " જનાબેઆલિ ! આપને એટલું બધું કષ્ટ ઉઠાવવાની જરૂર નથી. આપના જેવા રાજરાજેશ્વરની આટલી બધી કૃપાને હું પાત્ર નથી."

મ્હારી નામરજી જાણી તરતજ માળવેશ્વર મ્હારી વિદાય લઈ ચાલ્યા ગયા.

બાંદીઓએ સુવર્ણ પાત્રમાં સુવાસિત જળ લાવીને મ્હારા પગ ધોઇ નાખ્યા. મ્હારો મુસાફરનો પોષાક બદલી નાખીને તેમણે મ્હને ઘણો કીંમતી પોષાક પહેરાવ્યો તથા અનેક પ્રકારની સુપાચ્ય ખાદ્ય સામગ્રીથી મ્હારા આહારસ્થાનને સજ્જિત કરી નાખ્યું.

મ્હેં વિચાર્યું કે, આ પણ ભાગ્યચક્રનું એક અદ્દભૂત રહસ્ય છે ! ભાગ્ય વિચિત્ર ઘટનાચક્રને નિર્માણ કરી કોઇ સમયે મનુષ્યને દુઃખના અથાગ સાગરમાં ડૂબાવી દે છે તો કોઇ સમયે તેને સુખના સુવર્ણમય શિખર ઉપર ચઢાવી દે છે !

દ્વિતીય પરિચ્છેદ.

રાત્રે નિદ્રા આવી નહિ. રાત્રિના છેવટના કલાક સુધી ભૂત અને વર્ત્તમાન કાળના વિચારો આવ્યા કર્યા. મ્હેં વિચાર્યું મનુષ્યનું ભાગ્ય-શરદ્‌ના મેઘના જેવું અતિ પરિવર્ત્તનશીલ છે. મ્હારા ભાગ્યમાં આ સત્ય જેટલા પ્રમાણમાં પરિસ્ફુટ થયું છે તે પ્રમાણે મ્હને લાગે છે કે, ઘણા થોડાજ માણસોના ભાગ્યમાં થયું હશે. રમણીના રૂપમોહમાં પડવાથી માણસને કેટલું બધું કષ્ટ વેઠવું પડે છે તે હું ભૂતકાળની ઘટનાથી સારી રીતે સ્હમજી શકયો છું. ભાગ્ય એવું છે કે તે મનુષ્યને એક વખતજ છેતરીને શાંત બેસી રહેતું નથી. ઉજ્વળ દીપકની જ્યોતિમાં પડવાથી પતંગની જેવી દશા થાય છે તેવીજ અવસ્થા ભાગ્ય, મનુષ્યની કરે છે.

મ્હારૂં નામ ઇસ્કાન્દારખાન સરદાર. મ્હારો એ અધિકાર બે માસ પૂર્વે હતો, પરંતુ હમણાં નથી. બે માસ પૂર્વે હું દિલ્લીશ્વર અકબરશાહનો એક પ્રિય સેનાપતિ હતો, મોગલ સૈનિકોનો એક મ્હોટો સરદાર હતો, ત્યારે આજે ભાગ્યચક્રની છળનાથી હું રસ્તાનો ભિખારી થઈ ગયો છું.

મ્હારો અપરાધ એજ કે એક પ્રપંચી નારીના સૌંદર્યથી મોહિત થઇને હું રાજ્ય તરફનું મ્હારૂં કર્ત્તવ્ય ભૂલી ગયો હતો, દિલ્લીશ્વરનો સેનાપતિ થઇને મ્હેં તેમનું કાર્ય કરવા તરફ લક્ષ્ય દર્શાવ્યું હતું. બાદશાહે આ મ્હારા ગુન્હાને માટે મ્હને કેદખાનામાં બંદીવાન્ તરીકે રાખ્યો હતો; પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જે નારીની છળનામાં પડવાથી મ્હારી આ દુર્દશા થઈ છે તેણેજ મ્હને દયાવશ થઇ કેદખાનામાંથી મુક્ત કર્યો. તેના આવા સ્વાર્થહીન ઉપકાર માટે હું તેનો

આભારી થયો છું. પરંતુ આ મ્હારા દુર્ભાગ્યનું કારણ સ્વરૂપ છે. આ માટે હું તેને હમેશાં શ્રાપ આપું છું.

ગમે તેમ હોય તો પણ આગ્રા તરફ પાછા જવાનો હવે કોઈ ઉપાય નથી. હું નાશી છુટેલો કેદી છું. જો ફરીથી પકડાઉં તો સમ્રાટ્‌ના આદેશથી મ્હને હાથીના પગ નીચે ચગદાવી મારી નાખવામાં આવે, યાતો સર્પદંશ કરાવવામાં આવે. નવીન યૌવન, આટલી આશા, આનંદ, ઉદ્યમ, ઉત્સાહ વગેરેને સાથે લઇ હું મરી શકું તેમ નથી. આથી કરીનેજ ભીત મનુષ્યની માફક નાશી છુટી મ્હેં મ્હારો જીવ બચાવ્યો છે !

ફકીરના વેશમાં સેંકડો ગામ, નગર, જંગલો, પહાડો, નદીઓ વગેરે ઓળંગીને છેવટે હું માળવા દેશમાં આવ્યો છું. મ્હેં મનમાંજ વિચાર્યું હતું કે, માળવા સ્વતંત્ર રાજ્ય છે. કદાચિત્ ત્યાં જવાથી ભાગ્યની મ્હારા ઉપર ફરીથી થોડી ઘણી કૃપા પણ થાય; અને થયું પણ તેમજ. એથી કરીનેજ આજે હું સ્વતંત્ર માળવેશ્વરનો માનનીય અતિથિ છું !

ધીમે ધીમે રજની વીતિ પ્રભાત થયું. સમસ્ત રાત્રિપર્યંત નિદ્રાનો આસ્વાદ લઇ પક્ષીઓ પોતાના મધુર કંઠથી નવજીવનનો સંચાર કરવા લાગ્યાં. ઉષાના ઉજ્વળ પ્રકાશથી મ્હારો ઓરડો પ્રકાશિત થયો. બારીમાં થઇને સૂર્યનાં તેજસ્વી કિરણો મ્હારી શય્યા ઉપર પ્રકાશવા લાગ્યાં. હું શેષરાત્રે સહજ નિદ્રાધીન થયો હતો, પરંતુ એ નિદ્રા પણ સ્વપ્નમયી હતી. એ સ્વપ્ન ગઇ રાત્રે બનેલા પ્રકારને અનુસરતું હતું.

શય્યાનો ત્યાગ કરતાંની સાથેજ મ્હેં જોયું કે બે બાંદીઓ મ્હારા પ્રાતઃકૃત્યાદિમાં સુવાસિત જળ લઇને ઉભી હતી, મ્હેં ખુદાનું નામ લઇને શય્યાનો ત્યાગ કર્યો.

હું મ્હોં વગેરે ધોઇ રહ્યો કે બીજી બે બાંદીઓ એક કૉફીનો પ્યાલો અને એક રકાબીમાં થોડો મેવો લઇ હાજર થઇ. હું એક વિરામાસન ઉપર બેઠો બેઠો કૉફી તેમજ મેવાને ન્યાય આપવા લાગ્યો. બે દાસીઓ હાથમાં પંખો લઇ મ્હને વાયુ નાખવા લાગી.

આ સમયે મ્હને વિચાર આવ્યો કે શું હું અકબરશાહનો રાજકેદી છું? ભાગ્યચક્રના પ્રભાવે આજે મ્હને આટલું બધું માન મળ્યું છે! હું મનમાંને મનમાંજ બોલ્યોઃ—"ભાગ્ય! તને ફાવે તેટલી છળના કર; પરંતુ યાદ રાખજે કે હવેથી હું ગમે એવા સુખ દુઃખથી વિચળિત થનાર નથી."

આ સમયે એક ખોજાએ આવી મ્હારા હાથમાં એક ન્હાનો પત્ર મૂક્યો. આ પત્ર વાંચી જોતાંજ મ્હને માલૂમ પડ્યું કે માળવેશ્વર મ્હને યાદ કરે છે. હું ખોજાની સાથેજ તેમના દરબારમાં જવા લાગ્યો.

તૃતીય પરિચ્છેદ.

હું જે ઓરડામાં જઇ પહોંચ્યો હતો, એ માળવેશ્વરના દરબારનો ઓરડો નહોતો; પરંતુ એક નિર્જન ઓરડો હતો. માળવેશ્વર બાજ બહાદુર આ ઓરડામાં એક કીંમતી આસન ઉપર ચિંતાતુર ચિત્તે બેઠા હતા. બે હૃષ્ટપુષ્ટ ખોજાઓ નાગી તરવાર હાથમાં લઇ તેમની આજુબાજુ ઉભા હતા. ચાર સુંદર બાંદીઓ તેમને ધીમે ધીમે પવન નાખતી હતી. હું બાજબહાદુર પાસે ગયો, તથા અદબથી કુરનસ બજાવી એક બાજુએ ઉભો રહ્યો.

મ્હને માલૂમ પડી આવ્યું કે બાજબહાદુરના મુખ ઉપર ગઇ કાલની રાત્રિના જેવી પ્રસન્નતા નહોતી. તેમના વદનમંડળ ઉપર એક

પ્રકારની કઠોર ગંભીરતા જણાતી હતી, જેની તરવારના બળથી માળવા આજે પણ સ્વતંત્ર રહીને મોગલ રાજ–પતાકાની આધીનતા સ્વીકારતું નથી, જેણે ગઇ રાત્રે મ્હને પોતાનો જીવનદાતા જાણી મ્હારૂં અસાધારણ સંમાન કર્યું છે, મિત્રને ઉચિત થઇ પડે એવા પ્રેમ ભાવથી મ્હને પોતાના અતિથિ તરીકે જેણે રાજમહેલમાં આશ્રય આપ્યો છે એ માળવેશ્વરના મુખ ઉપર આવા પ્રકારનું પરિવર્તન કેમ થયું ? હું આ ગંભીર રહસ્યને સ્હમજી શકયો નહિ, મ્હેં પુનઃ તેમને કુરનસ બજાવી મનમાંને મનમાં વિચાર્યું કે ભાગ્યચક્રમાં વળી શું કાંઇ નવીન પ્રકાર બનવાનું નિર્માણ થયું છે કે ?

હું નિસ્તબ્ધ તેમજ ભયભીત બની ગયો હતો. સમસ્ત ગૃહ નિસ્તબ્ધ હતું, એકાએક આ નિસ્તબ્ધતાનો ભેદ કરીને કોઇનો ગંભીર અવાજ કાને પડયો કેઃ—" મુસાફર ! "

મ્હેં ત્રીજી વખત કુરનસ બજાવી કહ્યુંઃ—" ફરમાવો નામવર, જહાંપનાહનો શો હુકમ છે ? "

બાજબહાદુરે મ્હારી અવસ્થા જોઇ સ્મિત કરી કહ્યુંઃ—" અકબર બાદશાહના સેનાપતિઓ સર્વ પ્રકારની અવસ્થામાં દાસત્વનો સ્વીકાર કરી શકે છે, એ તમને જોતાં માલૂમ પડી આવે છે. "

હું માળવેશ્વરના આ શબ્દોથી ઘણું આશ્ચર્ય પામ્યો ! હું દિલ્લીશ્વરનો સેનાપતિ છું, એ તેમણે ક્યાંથી જાણ્યું ? વિસ્મયથી, ઉત્કંઠાથી તેમજ આવેગથી મ્હારો કંઠ સુકાઇ જવા લાગ્યો. મ્હેં વિહ્વળતાથી કહ્યું—" જહાંપનાહ ! આપ નામવરની ભૂલ છે. હું હવે દિલ્લીશ્વરનો સેનાપતિ નથી. "

માળવેશ્વરે હસીને કહ્યુંઃ—" હમણાં તેમના સેનાપતિ નથી; પરંતુ એક માસ પૂર્વે હતા ! હમણાં તો તમે એક નાશી છુટેલા રાજ્યકેદી છો ? "

આ શબ્દોથી મ્હારો ભય વધી પડયો. માળવેશ્વર શું મનુષ્યનું મુખ જોઇને તેના મનની વાત જાણી શકે છે? જે પરીના પ્રભાવમાં મ્હને સંપૂર્ણ વિશ્વાસ છે, એ પરી માર્ફત તો માળવેશ્વર મ્હારી પૂર્વકથા નહિ જાણી ગયા હોય!

મ્હને મુગ્ધ તેમજ વિહ્વળ બની ગયેલો જોઇને માળવેશ્વરે કહ્યું:–"ઇરકાન્દારખાન! તમે સોહાણીના સર્વસ્વનો નાશ કર્યો છે, અને હવે માલૂમ પડે છે કે તમે મ્હારા સર્વસ્વનો પણ નાશ કરવાને આવ્યા છો! ગઇ રાત્રે તમે મ્હારા જીવનનું રક્ષણ કર્યું છે એ સત્ય છે! તમારા શૌર્ય–વીર્ય–મંડિત, સૈનિકહૃદયે પ્રથમથીજ મ્હારો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કરી રાખ્યો હતો; જો તમે કદાચ પૂર્વેથીજ જાણી શક્યા હોત કે હું બાજબહાદુર—"

હું વચમાંજ બોલી ઉઠયો—"જનાબેઆલિ! આ ગુલામની ગુસ્તાખી માફ કરો. મ્હેં આપને માળવેશ્વર તરીકે ઓળખેલા હતા તેથીજ આપના કીંમતી જીવનની રક્ષા કરવાને માટે હું અગ્રેસર થયો હતો."

માળવેશ્વરે સ્મિત કરી પ્રશ્ન કર્યો:—"સાક્ષી શી?"

મ્હેં ઉત્તેજિત ભાવથી કહ્યું:—"સાક્ષી મ્હારા શબ્દો! ઇશ્વરના સોગન. આપ જે સંદેહ કરો છો તે વાસ્તવિક નથી. અકબરશાહની સાથે હવે મ્હારો કોઇ પણ પ્રકારનો સંબંધ નથી! હું રાજ્ય દંડથી દંડિત થયેલો, કારાગારમાંથી નાશી છુટેલો કેદી છું. જો કદાચિત્ ગુલસાના હમણાં આવીને આ સ્થળે હાજર થાય તો—"

બાજબહાદુર ગુલસાનાનું નામ સાંભળી આશ્ચર્યથી ઉભા થઇ ગયા, ઉત્તેજિત્ કંઠે તેમણે કહ્યું:—"ગુલસાના? સોહાણીની પત્ની?"

મ્હેં કહ્યું:—"જહાંપનાહની ધારણા બરાબર છે."

બાજબહાદુર:—"કહી શકશો કે એ રમણી રત્ન ક્યાં છે?"

"હું તે જાણતો નથી જનાબ! તેણેજ મ્હને કારાગારમાંથી મુક્ત કર્યો છે. તેની કૃપાથીજ બાદશાહની જલ્લાદોની તરવારમાંથી આ જીવનું રક્ષણ થયું છે."

માળવેશ્વરે વિસ્મયતાથી પુનઃ પ્રશ્ન કર્યો:—"ગુલસાના? સોહાણીની પત્ની? તેની સાથે તમારે શો સંબંધ છે?"

"કોઇ પણ પ્રકારનો સંબંધ નથી. જો કોઇ પણ પ્રકારનો સંબંધ જોવા જઇએ તો તે મ્હારી દુશ્મન છે."

"દુશ્મન? ત્યારે શું તમને તમારા દુશ્મનેજ મોતના પંઝામાંથી બચાવ્યા છે?"

"એ સર્વ વાત ઘણી વિસ્તૃત છે. જો જરૂર હશે તો બીજે સ્થળે આપ નામવરને એ સર્વ હકીકત હું જણાવીશ."

"હાલ ગુલસાના ક્યાં છે એ તમે કહી શકશો કે?"

"ના—તો પણ હું અનુમાનથી કહી શકું છું કે તે ઘણું કરીને આગ્રામાં છે!"

"અકબર બાદશાહના રંગમહેલમાં?"

"ઘણું કરીને તો તેમજ છે; પરંતુ ગુલસાના પોતાનું માન સાચવવાનું સારી રીતે જાણે છે."

"હું પણ એ જાણું છું; એથી કરીનેજ રંગમહેલની વાત સાંભળી હું આશ્ચર્ય પામ્યો હતો. તેની સાથે તમારો આલાપ કેટલા સમય સુધી થયો હતો?"

"માત્ર એકજ રાત્રિ સુધી; અને તેને પરિણામેજ મ્હારા સર્વસ્વનો નાશ થયો છે."

"સ્હમજ્યો છું. તમે તેના રૂપથી મોહિત થઇને તમારો નાશ કર્યો છે! તેનો સ્વામી સોહાણી હાલમાં મોગલ બાદશાહનો કેદી છે કે?"

"ના જી, સોહાણી આપઘાત કરી મરણને શરણ થયો છે."

"આત્મહત્યા ?"

"હા, પ્રાણભયથી આત્મહત્યા કરે એવો સોહાણી નહોતો. નાશી જતી વખતે ડુંગરાળ પ્રદેશમાં તેનો પગ ખસી પડવાથી તે વીર શિરોમણિનું મૃત્યુ થયું છે."

"તમે તમારી નજરે સોહાણીને મૃત્યુ પામેલો જોયો છે ?"

"હા, મ્હેંજ તેને—"

"કહો, કહો, અટકી શા માટે ગયા ?"

"જહાંપનાહ, મ્હને ક્ષમા કરો."

"ઇસ્કાન્દારખાન ! યાદ રાખજો કે માળવેશ્વર બાજબહાદુર પણ પોતાના સ્વાધીન રાજ્યમાં, તમારા અકબર બાદશાહની માફક સર્વ પ્રકારે શક્તિમાન છે. તે જે જાણવા ચ્હાય છે, તે નહિ જણાવો તો તમારે સખ્ત શિક્ષા ભોગવવી પડશે."

"તે હું જાણું છું; પરંતુ જે અધમે આપના જીવનનું રક્ષણ કર્યું છે તેને આપ શિક્ષા કરો એ સંભવિત નથી."

માળવેશ્વરે પ્રસન્ન મુખે કહ્યું:—"યુવક ! માળવેશ્વર બાજ બહાદુરને તમે એટલા બધા નીચ પ્રકૃતિના ધારશો નહિ. ઉપકારનો બદલો કેમ વાળવો એ તેમને શિખવવું પડે એમ નથી. ગઇ કાલે રાત્રે જ્યારે તમારાં વસ્ત્રો બદલાવવામાં આવ્યાં ત્યારે તેમાંથી આ પત્ર નીચે પડી ગયો હતો. એક બાંદીએ તે ઉંચકી લઇ મ્હારા મુખ્ય ખોજાને આપ્યો હતો. ખોજાએ એ કાગળ મ્હને આપ્યો. એ પત્ર ફાટી ગયેલો હોવા છતાં તે ઉપરથી હું જાણી શક્યો છું કે તમે અકબરશાહના દંડિત સેનાપતિ ઇસ્કાન્દારખાન છો. ગુલસાનાને હું ઘણી સારી રીતે પિછાનું છું. એક સમયે તેનું અપ્સરા જેવું સ્વરૂપ જોઇ હું મોહિત બની ગયો હતો, અને મ્હેં તેના

હાથની માગણી કરી હતી; પરંતુ ગર્વિતા ગુલસાનાએ મ્હારા જેવા રાજેશ્વરની માગણીનો ઇન્કાર કરી પોતાના પતિ સોહાણી તરફ વફાદારી દર્શાવી હતી. આથી કરીનેજ તમારા મુખે ગુલસાનાનું નામ સાંભળી હું કાંઇક આશ્ચર્ય પામ્યો હતો. તેથીજ મ્હેં તમને ઉત્સુકતાથી સોહાણીના સમાચાર પૂછયા હતા. ગઇ કાલે રાત્રે મ્હેં તમારી આગળ પ્રતિજ્ઞા કરી હતી કે આવતી કાલે સ્હવારે તમને કોઇ પણ પ્રકારે નહિ રોકતાં તમને રજા આપીશ; પરંતુ મુસાફર ! તમે જાણો છો કે જેણે મ્હારા જીવનની રક્ષા કરી છે તેનો આભાર કાંઈ સાધારણ નથી. આ જીવન સુધી યત્ન કરવા છતાં જીવનદાતાનું રૂણ વાળી શકાતું નથી. આજથી હું તમને મ્હારી સેનાના પાંચસો સૈનિકોના સરદાર બનાવું છું. રંગમહેલના રક્ષક તરીકે તમે આ રાજ-મહાલયમાં રહો. લગભગ એક માસ થયાં મ્હારા અંતઃપુરના મુખ્ય સેનાપતિનું મૃત્યુ થયું છે તેથી હું તમને આ અધિકાર આપું છું. જેણે મ્હારા જીવનનું રક્ષણ કર્યું છે તેને હું મ્હારા અંતઃપુરનો અધિકારી કરવામાં અવિશ્વાસ રાખતો નથી. માત્ર એટલું યાદ રાખજો કે મ્હેં તમને કેટલું બધું જોખમ ભરેલું કાર્ય સોંપ્યું છે ! ”

હું બાજબહાદુરની આ અસ્વાભાવિક ઉદારતાથી ઘણો મુગ્ધ બની ગયો. તેમણે આ ઉદારતાદર્શક આપેલા અધિકારની હું ઉપેક્ષા કરી શકયો નહિ. ઉપકાર કરી ઉપકાર સ્વીકારવાને માટે મ્હારાથી ના પાડી શકાઇ નહિ. આમ છતાં હું શરૂઆતથી ઘટનાચક્રનો દાસ છું. જે ભાગ્ય આજે મ્હને અતિ દૂર માળવાપ્રદેશમાં ખેંચી લાવ્યું છે એ એકાએક નૂતન અને અસંભવિત પરિવર્ત્તન કરી નાખે એમાં શું આશ્ચર્ય ?

માળવેશ્વરે પુનઃ નમ્ર સ્વરે કહ્યું:—“ ઇસ્કાન્દારખાન ! ઉપર ઇશ્વર છે અને નીચે કર્ત્તવ્ય છે; આ બે વચનો હમેશાં ધ્યાનમાં રાખજો. મ્હેં તમને જે સખ્ત કર્ત્તવ્ય ભાર સોંપ્યો છે તેની મર્યાદાનું

રક્ષણ કરજો. મ્હારા બીજા પણ વિશ્વાસપાત્ર માણસો છે, કે જેમને હું આવું જોખમ ભરેલું કાર્ય સોંપી શકું તેમ છું; પરંતુ તેમની ઉપેક્ષા કરીને, હૃદયની કૃતજ્ઞતાથીજ હું તમને ગૌરવ ભરેલો અધિકાર અર્પણ કરૂં છું. મનુષ્ય પોતેજ પોતાનો શત્રુ છે એમ મનમાં રાખીને તમારા કર્ત્તવ્યનું પાલન કરજો. તમે આજે સ્હવારે અહિંથી વિદાય થઇ જવાની વાત કરી હતી; પરંતુ જુઓ, કે મ્હેં તમને કેવી રીતે કેદ કર્યા! હવે શક્તિ હોય તો પલાયન કરી જાઓ!"

માળવેશ્વર આમ કહીને તરતજ એ ઓરડામાંથી ચાલ્યા ગયા. હું એજ ઓરડામાં ઉભો ઉભો અનેક પ્રકારના વિચાર કરતો હતો. એવામાં એક નોકરે આવી મ્હારી આગળ કુરનસ બજાવી કહ્યું:—"ઇસ્કાન્દારખાન સાહેબ! આજથી તમે અમારા સેનાપતિ છો. જહાંપનાહની આજ્ઞાથી હું આપને આપના આવાસસ્થાને લઇ જવાને માટે આવ્યો છું. મ્હારી સાથે આવો:" હું મંત્રમુગ્ધ પ્રમાણે એ રાજકર્મચારીની પાછળ જવા લાગ્યો.

તે મ્હને રાજમહેલની અંદર એક સુસજ્જિત ઓરડામાં લઇ ગયો. એ ઓરડાની સજ્જા જોઇને હું વિમુગ્ધ બની ગયો. ઉદાર હૃદયવાળા માળવેશ્વરે મ્હારે રહેવાને માટે જે સ્થાન નક્કી કર્યું હતું તે રાજદરબારી ઠાઠથી પરિપૂર્ણ હતું.

આ ઓરડામાં પ્રવેશ કરતાંની સાથેજ મ્હારી સેવાને માટે નિમવામાં આવેલી બાંદીઓએ મ્હારી આગળ હાજર થઇ મ્હને યથાયોગ્ય માન આપ્યું. મ્હેં વિચાર્યું બરાબર ગઇ કાલે રાત્રે આ સમયે હું આશ્રયવિનાનો હતો, તેમજ નિરાધાર સ્થિતિમાં રાજમાર્ગ ઉપર ભટકતો હતો; પરંતુ ભાગ્યચક્રના પ્રભાવને લીધે આજે મ્હને સ્વર્ગ-સુખની પ્રાપ્તિ થઇ છે. હમણાં હું એક સ્વાધીન રાજ્યના રાજાના અંતઃપુરનો રક્ષક બન્યો છું. મ્હારે માટે સર્વ પ્રકારની સામગ્રીથી

સુસજ્જિત ઓરડો મ્હને સોંપવામાં આવ્યો છે! ચાર બાંદીઓ તથા બે બંદાઓ મ્હારી સેવા ચાકરી માટે રાખવામાં આવ્યા છે. આવી રીતે સ્વર્ગસુખની પ્રાપ્તિ થયા થતાં હું ભૂતકાળના દુઃખની સ્મૃતિને દૂર કરી શક્યો નહિ. સ્નેહમયી જન્મભૂમિ આગ્રાને ભૂલી શક્યો નહિ. પેલી સુંદરી ગુલસાના કે જે મ્હારા આ સ્વર્ગસુખની પ્રાપ્તિના કારણુ રૂપ છે એ ક્યાં છે?

પ્રભાતે ઉઠીને મ્હેં પ્રાર્થના કરી કેઃ—"હે! મહિમામય ઇશ્વર! હે દીન દુનિયાના માંલીક ખુદા! મ્હને જે અવસ્થામાં રાખ્યો છે એ અવસ્થામાંજ હું સુખી છું. એક વખત હું મ્હારા કર્તવ્યને ભૂલી ગયો હતો કે જેને પરિણામે મ્હારા સર્વસ્વનો નાશ થયો છે. હવે એ પ્રમાણે હું બુદ્ધિભ્રમથી ભ્રમિત થઇશ નહિ. હવે હે પ્રભુ! આ અસ્થિર ચિત્ત, રમણીના રૂપમોહથી ચળિત ન થાય એમ કરજો. પ્રભુ! દયાળુ દેવ! આ વિદિર્ણ હૃદયમાંથી ગુલસાનાની સ્મૃતિને સદાને માટે દૂર કરો તથા મ્હારી ચિંતા હરો."

દિવસો કોઇને માટે પણ રાહ જોતા નથી. સુખમાં, દુઃખમાં, આનંદમાં નિરાનંદમાં સર્વના દિવસો પસાર થાય છે. મ્હારા દિવસો પણ પસાર થવા લાગ્યા. મ્હારા ઉપરી અધિકારી ઇબ્રાહિમખાન, મ્હારા સરળ તેમજ નમ્ર વ્યવહારથી સર્વદા અતિ સંતુષ્ટ રહેતા હતા. માળવેશ્વર બાજબહાદુર સાથે હમેશાં મ્હારી મુલાકાત થતી હતી. તેઓ હમેશાં મ્હારી સાથે પોતાના એક આત્મીય પ્રમાણે વાર્તાલાપ કરતા હતા.

નૂતન કાર્યમાં નિયુક્ત થવાથી હું ઘણા દિવસથી શહેર જોવા જઇ શક્યો નહોતો. સંધ્યા સમયે હમેશાં મ્હને ફુરસદ મળતી હતી. એક દિવસે મ્હારી આ ઇચ્છાની પ્રબળતાને હું દબાવી શક્યો નહિ અને તેથી શહેર જોવા નીકળી પડ્યો.

શહેરમાં જતાં પહેલાં મ્હેં ઇબ્રાહિમ સાહેબને સાથે લઇ જવાનો વિચાર કર્યો હતો; પરંતુ મ્હારા સુખને માટે તેમને દુઃખ દેવું મ્હને વ્યાજબી લાગ્યું નહિ તેથી હું એકલોજ ચાલી નીકળ્યો.

ચતુર્થ પરિચ્છેદ.

ભગવાન્ દિવાકર સંધ્યાસુંદરીની મુલાકાત લેવા માટે પશ્ચિમાકાશમાં પહોંચી ચુક્યા હતા. આસમાની રંગનું આકાશ ધીમે ધીમે શ્યામવર્ણ થતું હતું. ચાર તારકો ગગનગાત્રમાં પ્રકાશી રહ્યા હતા.

હું ચાલતો ચાલતો રસ્તા ઉપર આવેલા એક બે મજલાના મકાન પાસે આવી પહોંચ્યો. આ મકાનમાંથી કોઇના સુંદર સંગીતના આકર્ષક આલાપો મ્હારા શ્રવણે પડયા. કોણ ગાય છે એ હું જાણતો નહોતો; છતાં એટલું તો હું ખાત્રીપૂર્વક જણાવી શકું છું કે એ આકર્ષક સ્વર કોઇ લલનાનો હતો. એ સૂર આખા ઓરડામાં ઘુમ્યા કરતો હતો; અને તે સ્થળે જાણે કે આબદ્ધ રહી શકવાને અસમર્થ થવાથી બ્હારના સુસ્નિગ્ધ મલયગાત્રમાં પોતાનો અંગભાર રાખી શાંતિ મેળવતો હતો!

કેવું સુમિષ્ટ ગાન! કેવો સુંદર કંઠ! આ સુકંઠ, સુતાન, તેમજ સુસ્વર સાથે એ રમણી ઉપરને મજલે બેસી ગાતી હતી કે—

"મુશ્કિલકા ઇસ્ દુનિયામે ભાઇ, રાખો ધરમ કિ નિશાના.
આખેર હોયેગા, સબ છુટેગા, હિંયા માયા મોકાન્ ઘર બના.
ધરમકો બિચમે રાખો કરમ, પ્રેમસે કરો ભાઈ દિલ્ નરમ્;
આગે ચલ ભાઇ, પિછુ નાહિ રહો, સબ સે હો જાઓ શ્યાણા.
બાન્દા બાંદી અમિર ફકિર, કાજિ હાજિ રાજા વજીર;
સબ્કોહિ ભાઇ પ્યાર કરો—મરણકો નાહિ ઠિકાના."

એક વખત, બે વખત, ત્રણ વખત આ સંગીત વારંવાર ગવાયું. આમ છતાં પણ તેનું નૂતનત્વ અને મધુરતા દૂર થતાં નહોતાં. ગાન અટકી ગયું. સમસ્ત ઓરડો નિસ્તબ્ધ થઇ ગયો. પ્રત્યક્ષ વસ્તુનો વિરામ થયો તો પણ સ્વપ્ન દૂર થતું નહોતું ! સૂર ચાલ્યો ગયો પણ પ્રતિધ્વનિ–પડઘો રહ્યો. પ્રાણ ગયો પરંતુ સ્મૃતિ રહી. આશા વિદાય થઇ પણ આનંદ રહ્યો ? વિરામ થયો છે તો જાણે કે ચિરઆરામ ક્રીડા કરે છે.

આ ગાન સાંભળવાને ઘણાં માણસો રસ્તા ઉપર એકત્રિત થયાં હતાં; પરંતુ સંગીતનો વિરામ થતાંજ સર્વે નિરાશ ચિત્તે જૂદે જૂદે માર્ગે થઇને ચાલ્યા ગયા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે દૌલતાબાદ શહેરથી બે ગાયિકાઓ આવી છે. તેઓ બન્ને નિત્ય સંધ્યા સમયે આવી રીતે ખુદાના મહિમાનું કીર્ત્તન કરે છે.

આ સમયે મ્હારા મનમાં એક કઠિન કલ્પનાનો ઉદય થયો. ઇબ્રાહિમ સાહેબ મ્હને હમેશાં કહ્યા કરતા હતા કે, એક દિવસે મ્હને તેઓ મીના મસજીદ બતાવશે. આ મીના–મસજીદ, બાજબહાદુરનાં મહારાણી રૂપમતીની કીર્ત્તિ હતી.

હું મીનામસજીદ જોવાને માટે ચાલી નીકળ્યો. જેને પૂછતો તેના તરફથી એવોજ ઉત્તર મળતો કે હજુ થોડે દૂર છે. છેવટે આ સુપ્રસિદ્ધ મસજીદ પાસે હું જઈ પહોંચ્યો.

કેવું સુંદર કોતર કામ ! તેનો બ્હારનો ભાગ પૉલિસ કરેલા પત્થરોનો બનાવવામાં આવ્યો હતો. અંદર સુંદર શિલ્પ કામ હતું ! મ્હેં આગ્રામાં અનેક મસજીદો જોઇ હતી; દિલ્લીમાં અનેક અમીર ઉમરાવના શિલ્પ કામના નમુના સ્વરૂપ બંગલાઓ જોયા હતા, પરંતુ આ મસજીદના જેવી શોભા અદ્યાપિ કોઇ પણ સ્થળે જોઇ નહોતી.

હું મસજીદની અંદર ગયો અને નિમાજ કર્યો. અંતરમાં એક

પ્રકારની અવર્ણનીય શાંતિ ફેલાઇ રહી. જ્યારે મ્હને એવી ખબર પડી કે રાત્રિનો પ્રથમ પ્રહર વીતી ગયો છે ત્યારે વિશેષ સમય સુધી રોકાઇ રહેવું મ્હેં વ્યાજબી ધાર્યું નહિ; કારણકે મ્હારા કર્તવ્યનો ભાર સાધારણ પ્રકારનો નહોતો.

મ્હેં મસજીદની બ્હાર આવી એક્કો યાતો પાલખીની તપાસ કરી; પરંતુ કાંઇપણ મળી આવ્યું નહિ. આથી કરીને હું થાકી ગયેલા પગની સહાયતાથી માર્ગ કાપવા લાગ્યો. એ રસ્તાનો હું તદ્દન અ-જાણ્યો હતો. રાત્રિ જો કે વિશેષ વીતી ગઇ નહોતી; તો પણ એ માર્ગે મુસાફરોની સંખ્યા ઘણીજ થોડી જણાતી હતી.

થોડે સુધી તો ધીમે ધીમે હું ચાલ્યો ગયો, એવામાં એક માણસે ત્વરાથી આવી મ્હને પાછળથી ધક્કો મારી ભૂમિ ઉપર ગબડાવી દીધો.

એકાએક અંધકારમાંથી બીજો એક માણુસ આવી મ્હારી છાતી ઉપર ચઢી બેઠો. ત્રિજા એક માણુસે મ્હારી કમરમાં લટકતી તરવારને મ્યાનમાંથી બ્હાર ખેંચી લીધી.

મ્હેં વિચાર્યું કે, હું દુશ્મનોના પંઝામાં સપડાયો છું; પરંતુ તેઓમાંના એક જણે કહ્યું:—"હતભાગ્ય શયતાન ? તે દિવસે આત-માદખાનના સંકલ્પને વિફળ કર્યો હતો, તથા બાજબહાદુરના જીવનું રક્ષણ કરી બહાદુરી બતાવી હતી તેનું ફળ આજે ભોગવ."

ક્ષણમાત્રમાં હું સર્વ રહસ્ય સ્હમજી ગયો. હું તેમની ચાલાકીથી શસ્ત્રહીન બની ગયો છું એ પણ મ્હારી ધ્યાન બ્હાર નહોતું. મ્હેં કહ્યું:—" આતમાદખાન ! તુ વીર છે. મ્હને છોડી દે—મ્હને અસ્ત્ર આપ; વીરની માફક દ્વંદ્વ યુદ્ધમાં મ્હારી સ્હામે ઉત્તર "

આતમાદખાને કહ્યું:—" હું તને છોડી શકું તેમ છું; પરંતુ એક પ્રકારની શર્ત ઉપર. તું મુસલમાન છે, ખુદાતાલાના પવિત્ર ના-મના કસમ લઇને તું કહે કે તું અમને સહાયતા કરીશ. "

મ્હેં પ્રશ્ન કર્યો:—" કહે, હું તમને કેવી રીતે સહાયતા કરી શકું તેમ છું ? "

આતમાદખાને ક્રોધાવેશમાં કહ્યું:—"ત્હેં જે જીવનું રક્ષણ કર્યું છે તેજ જીવનો ગુપ્ત રીતે ઘાત કરી તેના પ્રાણનું રૂધિર લાવી આપવાના કામમાં–"

આતમાદખાનની આ શર્ત સાંભળી હું ઘણોજ ક્રોધે ભરાયો. મ્હેં તેને ધક્કો મારી ભોંય ભેગો કરવાનો યત્ન કર્યો; પરંતુ કાંઇ બન્યું નહિ. તેના સાથીદારોએ તરતજ મ્હારા હાથ પગ બાંધી દીધા.

દુરાચારી આતમાદખાને ગુસ્સાના આવેશમાં કહ્યું:—" હમણાંજ અલ્લાના નામના કસમ લઇને મ્હારી શર્ત કબૂલ કર, નહિ તો થોડાજ કાળમાં ત્હારે આલોકની યાત્રા પૂર્ણ કરવી પડશે. "

મ્હેં પણ ક્રોધાવેશમાં ઉત્તર આપ્યો:—" તું ઘણોજ નરાધમ છે ! માનવ નહિ પણ દાનવ છે. ખુદાતાલાનું પવિત્ર નામ આવાં નીચ કાર્યોમાં લેવાથી મહાપાપ લાગે છે. જીવન અતિ તુચ્છ છે–"

આતમાદખાને મ્હને વિશેષ બોલવા દીધો નહિ. મુહૂર્ત માત્રમાં તેના વક્ષઃસ્થળમાંથી તેણે એક સુતીક્ષ્ણ કટાર બ્હાર ખેંચી કાઢી મ્હારી છાતીમાં આઘાત કર્યો.

પંચમ પરિચ્છેદ.

ઘાયલ થયા પછી કેટલા દિવસો પસાર થઇ ગયા છે, તે હું બરાબર જણાવી શકતો નથી; પરંતુ મ્હારી ચેતનાની સાથે સાથે પૂર્વસ્મૃતિ તાજી થઈ આવે છે. ઘણા દિવસ પછી મ્હેં આંખ ઉઘાડી ચારે દિશાનું અવલોકન કર્યું. જે દેખાવ મ્હેં જોયો તેથી મ્હારો

વિસ્મય સહસ્ત્રધા વૃદ્ધિંગત થઇ ગયો. એક સુસજ્જિત દિવાનખાનાની અંદર એક બાજુએ સુંવાળી શય્યામાં હું સુતો હતો. એ દિવાનખાનાની શોભા રાજદરબારના ઠાઠથી પણ ચઢીયાતી હતી !

મ્હારી શય્યા સમીપ એક વૃદ્ધ ઉભા હતા. વૃદ્ધ કોઇને સંબોધી આશાપૂર્ણ સ્વરે બોલી ઉઠયાઃ—"બ્હેન ! હવે કોઇ પણ પ્રકારનો ભય નથી. મ્હારો પરિશ્રમ સાર્થક થયો છે. ખુદાતાલાએ આપણી તરફ રહેમ નજર કરી છે! મુસાફરે પુનર્જીવન પ્રાપ્ત કર્યું છે."

વૃદ્ધ કોને સંબોધીને બોલ્યા એ જાણવાને માટે મ્હેં દિવાનખાનાની ચારે દિશા તરફ દૃષ્ટિ કરી, તો મ્હને માલૂમ પડયું કે, મ્હારા ચરણો આગળ એક પરમ લાવણ્યવતી સુંદર રમણી બેઠી છે.

મ્હારી આંખો સાથે તેની આંખોનું સંધાન થતાં તેણે પોતાનું મુખ વસ્ત્રના પાલવમાં છુપાવી દીધું. ત્યાર પછી ઘણા કોમળ સ્વરે તેણે કહ્યુંઃ—"ત્યારે હવે કોઇ પણ પ્રકારનો ભય નથીને હકીમ સાહેબ ?"

હકીમ સાહેબે મસ્તક હલાવીને નિર્ભયતાનું સૂચન કર્યું. પછી નમ્રસ્વરે તેમણે કહ્યુંઃ—" જે દવા આવી છે તેજ ચાલુ રાખજો, તથા જરૂર પડે તો મ્હને ફરીથી બોલાવજો."

હકીમ ચાલ્યા ગયા. પેલી સુંદરી પણ છાયા પ્રમાણે ક્ષણ માત્રમાં તેમની પાછળ અદ્રશ્ય થઇ ગઈ. દિવાનખાનામાં રહ્યો માત્ર હું એકલો.

આ શું ! સ્વપ્ન ? આ કોણ છે ? ભાગ્યચક્રનો ભોગ થઇ પડેલા મુસાફરનો જીવ બચાવવાને માટે કોણ આટલું બધું કષ્ટ સહન કરે-છે ? મ્હેં સાંભળ્યું છે કે દેવલોકની અપ્સરાઓ કોઇ અભાગી જીવને સંકટમાં જોઇ તેને આશ્રય આપે છે ! આ એવી કોઈ અપ્સરાજ છે કે શું ?

મ્હારો આ ચિંતાનો પ્રવાહ છિન્ન થતાં ના થતાંમાં તો બે

બાંદીઓએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો. તેમનાં બન્નેનાં મુખનો અર્દ્ધ-ભાગ અવગુંઠનથી ઢંકાયલો હતો. આ બન્નેમાંની એક બાંદીએ અગ્રે-સર થઇને કહ્યું:—" સાહેબ ! ગૃહ સ્વામિનીના આદેશથી અમે આપની પરિચર્યાને માટે નિયુક્ત થયેલી છીએ, આપ આ શરબત પીઓ. એથી કરીને આપના શરીરમાં શક્તિનો સંચાર થશે."

મ્હેં નમ્રતાથી કહ્યું:—" આ હતભાગ્ય મુસાફરનું જીવન જેની મ્હેનતથી બચી શક્યું છે તેનું નામ હું જાણી શકીશ કે ?"

બાંદીએ ઉત્તર આપ્યો:—" એ પ્રશ્નનો હમણાં ઉત્તર આપવાની આજ્ઞા નથી."

મ્હેં કહ્યું:—" તો પછી હું શરબત પીશ નહિ."

બાંદી બોલી ઉઠી:—" આવી રીતે તમે અમારી સ્વામિની તરફ કૃતઘ્નતા દર્શાવવાની ઇચ્છા રાખો છો કે ?"

આ તીવ્ર તિરસ્કારથી હું શરમાઇ ગયો. મ્હેં કહ્યું:—" ના, ના. હું કાંઇ પણ જાણવા માગતો નથી."

શરબતની અંદર શું હતું એ હું જાણતો નહોતો ! મ્હારા જીવનમાં નવીન શક્તિ આવી. શય્યા હવે સારી લાગતી નહોતી. મ્હેં ઉઠીને બેઠા થવાનો યત્ન કર્યો.

જે બાંદીએ મ્હને શરબત આપ્યો હતો તે જલદીથી મ્હારી પાસે આવી બોલી ઉઠી:—" જનાબ ! આ શું કરો છો ? હકીમ સાહેબે આપને પથારીમાંજ સુવાડી રાખવાનો આદેશ કર્યો છે. ખુદા તમારા મદદગાર છે. કારણ કે શત્રુની કટાર તમારી છાતીમાં આઘાત કરી સ્કંધ આગળ ભરાઇ રહી હતી; છતાં તમે બચી ગયા છો."

મ્હેં ઉત્કંઠાથી પ્રશ્ન કર્યો:—" ત્યારે શું આઘાત ઘણો ભયંકર થયો હતો ?"

બાંદીએ કહ્યું:—"ના, ના; પરંતુ ઉઠીને બેઠા થવા માટે અ-દ્યાપિ હકીમ સાહેબની રજા નથી; કદાચિત્ તેમ કરવા જતાં ફરીથી રક્તસ્રાવ થશે."

હું વિશેષ કાંઇ બોલી શકયો નહિ. ઔષધના ગુણથી નિદ્રાધીન થઇ પડયો. નિદ્રાની સાથે સ્પપ્ન પણ આવ્યું.

સ્વપ્નમાં મ્હેં જોયું કે, ભુવનમોહિની જેવું રૂપ ધરાવનારી અદ્વિતીય સુંદરી મ્હને અભય દર્શાવતી મધુર કંઠે કહેવા લાગી:—"મુસાફર! ભય રાખવાનું કારણ નથી. હું તમને બચાવીશ. તમારી સેવા કરીશ."

નિદ્રા ઉડી ગઇ; પરંતુ સ્વપ્નની સ્મૃતિ દૂર થઈ નહિ. નેત્રો ઉઘાડીને જોયું તો જે સુંદરી સ્વપ્નમાં મ્હને આશ્વાસન આપતી હતી તેનું અસ્તિત્વ પણ નહોતું.

ત્યારે શું એ છાયામૂર્તિ હશે! ત્યારે શું તેની કાયા નહિજ હોય! નહિ, નહિ, એમ હોવું સર્વથા અસંભવિત છે. એ મુખ, એ નેત્રો, એ નજર, તથા એ સ્મિતહાસ્ય જે મૂર્તિનાં હતાં તે જીવતી દેવીની પ્રતિમા હોવી જોઇએ; પરંતુ સાંભળવામાં આવ્યું છે કે, સ્વપ્ન એ મિથ્યા છે! મિથ્યા સાથે સત્યની તુલના ક્યાંથી કરી શકાય? એક વખત મનમાં વિચાર્યું આ સર્વ કદાચિત મ્હારા મસ્તકની દુર્બલ કલ્પનાઓનું પરિણામ હશે. મ્હેં મ્હારી પાસે પૂર્વેની એ બાંદીઓને બેઠેલી જોઇ. મ્હેં વિચાર્યું કે જો, એમને પૂછીશ તો આ રહસ્ય કાંઇક જાણી શકીશ; પરંતુ અરેરે! મ્હારો એ ઉદ્દેશ સફળ થયો નહિ.

દિવસ પછી દિવસ ગયા. અવિશ્રાંત સેવા ચાકરી તેમજ હકીમની દવાના પ્રભાવથી હું ધીમે ધીમે આરામ પામ્યો; પરંતુ આવી અવસ્થામાં વિશેષ મુદ્દત સુધી પડી રહેવું મ્હને ગમ્યું નહિ. એકાંતનો મ્હને કંટાળો આવવા લાગ્યો. દિવસે દિવસે જે રહસ્ય હું જાણુ-

વાની જીજ્ઞાસા રાખતો હતો તે વિશેષ ઘનીભૂત થયા કરતું હતું. જેણે મ્હને આશ્રય આપ્યો છે તે અવશ્ય સ્વર્ગલોકની અપ્સરાજ છે. માતૃ-પ્રેમ, ભગિનીપ્રેમ યાતો કોઇપણ પ્રકારના પ્રેમનો અભાવ નથી. એક રખડતા ભટકતા મુસાફર તરફ આવો દૈવી પ્રેમ શા માટે દર્શાવવામાં આવતો હશે ? મ્હેં જેમ બને તેમ જલદીથી આ અદ્ભૂત ઘટનાનું રહસ્ય જાણવાનો નિશ્ચય કર્યો. પાસું ફેરવી પાછો સુઇ ગયો; પરંતુ નિદ્રા નાશી ગઇ.

ગંભીર રાત્રિનો સમય હતો. પ્રકૃતિ શાંત હતી. મ્હારૂં દિવાન-ખાનું નિર્જન હતું. માત્ર એક સુગંધિત દીપકનો મંદ પ્રકાશ પ્રકાશી રહ્યો હતો. મ્હારી શય્યા ઉપર કોઇએ મૂકેલી પુષ્પમાળાઓથી સમસ્ત દિવાનખાનામાં સુગંધિ પ્રસરી રહી હતી.

હું શય્યાનો ત્યાગ કરી ઉઠયો. ઘણીજ ચુપકીથી દિવાનખાનાનું દ્વાર ઉઘાડી બ્હાર નીકળ્યો; પરંતુ કોઇ પ્રકારના વિચિત્ર ભયથી મ્હારો જીવ કંપવા લાગ્યો. બ્હાર નીકળતાંજ હું એક આરસપહાણના ઓટલા ઉપર આવ્યો. આ ઓટલો ઘણો વિશાળ હોઇ ઉત્તર દક્ષિણ દિશામાં આવેલો હતો. આ ઓટલાની નીચેથી માંડીને ઘણે દૂર સુધી એક સુવિસ્તૃત ઉદ્યાન આવેલો હતો. આ ઉદ્યાનમાં અનેક સુગંધી પુષ્પોની સૌરભ ફેલાઇ રહી હતી.

ચંદ્રદેવ વસુંધરા ઉપર અમૃતધારા વરસાવી રહ્યા હતા. થોડે દૂર આવેલી શુભ્ર–સલિલા નર્મદાના સુશીતલ તરંગોની સાથે ચંદ્ર-કિરણો નૃત્ય કરી રહ્યાં હતાં.

હું ધીમે ધીમે ઓટલાના છેડા સુધી આવી પહોંચ્યો. આ સ્થળે એક સુંદર નિસરણી આવેલી હતી, કે જેનાં પગથીઆં ચઢતાં ઉપર જવાય તેમ હતું. આ નિસરણી ઉપર એક અદ્વિતીય શોભામયી સુંદરી ઉભી હતી. તેના સુંદર મુખ ઉપર પણ ચંદ્રનાં કિરણો પ્રકાશી રહ્યાં હતાં.

હું એ અપરૂપ સુંદરીની સુંદરતાનું નિરિક્ષણુ કરવા લાગ્યો. મ્હને તે સુંદરી જીવ વિનાની જણાઇ ! કારણ કે જો તેનામાં જીવ હોય તો પછી પત્થરની પ્રતિમા પ્રમાણે તે સ્થિર શા માટે ઉભી રહે ?

એ સ્થળે વિશેષ સમય સુધી ઉભા રહેવું યોગ્ય નથી એમ વિચારી હું મ્હારા દિવાનખાના તરપ વળ્યો. જેવો હું પાછો વળ્યો કે મ્હારા પગને ઠોકર વાગી. મ્હને મ્હારો જીવ બેચેન જણાવા લાગ્યો. એવામાં સુંદરી અદ્રસ્ય થઇ ગઈ હોય એવો મ્હને ભાસ થયો. હું પણુ પછી મ્હારા જીવને બેચેન અવસ્થામાં રાખીનેજ દિવાનખાના તરફ ગયો. દિવાનખાનાના દ્વાર પાસે જઇ પહોંચ્યો તો એક બાંદી મ્હારી તરફ આવતી મ્હને માલૂમ પડી. મ્હને જોતાંની સાથેજ તે બોલી ઉઠી:–" જનાબ ! આપને નિદ્રાધીન થયેલા જોઇ હું ભોજન કરવાને માટે ગઇ હતી; પરંતુ પાછી આવીને જોઉંછું તો આપ શય્યામાં નહોતા; આથી હું ઘણી ગભરાઇ ગઇ હતી. "

જો બાંદીને હું ખરો ઉત્તર આપવા જાઉં તો પકડાઇ જાઉં તેમ હતું; તેથીજ કપટનો આશ્રય લઇને નિરૂપાયે મ્હેં કહ્યું:— " ગરમ શય્યા હવે સારી લાગતી નથી ! ઘણીજ વેદના થતી હતી તેથીજ બ્હારની સુવાસિત હવાથી શાંતિ પ્રાપ્ત કરવા નીકળ્યો હતો."

બાંદીએ કહ્યું:—" ખુદા ! આપને જલદીથી આરામ કરો."

મ્હેં કહ્યું:—" બાંદી ! ત્હારી સ્વામિનીને કહે કે તેમણે આ હતભાગી તરફ જે દયાદષ્ટિ દર્શાવી છે, તે માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ખુદા તેને હમેશાં સુખી રાખો. વળી વિશેષમાં તેમને નિવેદન કર કે હું આવતી કાલે પ્રભાત સમયેજ આ સ્થાનનો ત્યાગ કરવાની ઇચ્છા રાખું છું; પરંતુ જતાં પહેલાં તેમની પિછાન થશે તો મ્હને અસાધારણ આનંદ થશે.

બાંદીએ ઉત્તર આપ્યોઃ—" જનાબની જેવી ઇચ્છા. કાલે પ્રભાત સમયેજ હું તેમને આ હકીકત નિવેદન કરીશ. "

હું પુનઃ શય્યામાં સુતો. બાંદી પાસેની ઓરડીમાં જઇને સુઇ રહી—અનુમાનથી જાણી શકયો કે મધ્યરાત્રિ વીતી ગઇ હતી. શય્યામાં સુતો સુતો વિચાર કરવા લાગ્યો કે, એ અતુલ સૌંદર્યમયી રમણી કોણ હશે ? મ્હારા જીવનની રક્ષા કરનાર દયાળુ દેવી તો એ નહિ હોય ?

બીજે દિવસે પ્રભાતકાળ પૂર્વે બાંદીએ આવી મ્હને કહ્યુંઃ— " જનાબ મ્હેં મ્હારી સ્વામિનીને આપનો સંદેશો પહોંચાડયો છે. તેમણે એક પત્ર અને આ ન્હાની થેલી આપને ઉપહાર તરીકે મોકલી છે. આપને માટે અશ્વ તૈયાર રાખવામાં આવ્યો છે. જો આ ઉપહારનો આપ સ્વીકાર નહિ કરો તો તેમનો આત્મા ઘણો દુભાશે."

મ્હેં જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યોઃ—" પત્ર કયાં છે ? "

બાંદીએ ઉત્તર આપ્યોઃ—" આ થેલીમાંજ છે "

મ્હેં જોયું તો થેલીનું મ્હોં શીલ મારી બંધ કરવામાં આવ્યું હતું. હું શીલ કાઢી નાખવાનો યત્ન કરતો હતો, એવામાં બાંદી બોલી ઉઠીઃ—" મ્હારી સ્વામિનીએ એમ કહેવડાવ્યું છે કે, આ સ્થાનનો ત્યાગ કર્યા પછીથીજ તેમનો પત્ર વાંચજો. જો આ સામાન્ય વિનંતિ માન્ય નહિ કરો તો તેમને ખોટું લાગશે."

હું તરતજ મ્હારો પૂર્વેનો દરબારી પોષાક પહેરી દિવાનખાનાની બ્હાર નીકળ્યો. બાંદીને ઇનામ તરીકે થોડી સોનામહોરો આપવા માંડી—પરંતુ તે તેણે લીધી નહિ.

મનમાંજ વિચાર્યું કે આ બધો દેખાવ સ્વપ્ન તો નહિ હોય ?! ગઇ રાત્રે નિસરણી ઉપર ચંદ્રકિરણથી શોભી રહેલી જે સુંદરી જોઇ છે તે પણ સ્વપ્નની પ્રતિમા તો નહિ હોય ! મ્હને લાગે છે કે આ અભાગી જીવન રહસ્યમય દેખાવો જોવામાંજ પસાર થશે !

વિશેષ સમયનો અવકાશ રહ્યો નહિ. અશ્વપાળે આવી નમ્ર સ્વરે કહ્યું:—" પ્રભુ ! હું અશ્વને સજ્જિત કરી આપની રાહ જોઇ ઉભો રહ્યો છું."

હું વિના વિલંબે ઘોડેસ્વાર થઇ ચાલી નીકળ્યો.

ષષ્ઠ પરિચ્છેદ.

અતિશય દુઃખમાં પણ સુખ હોય છે. પર્વતના પત્થરોમાં પણ જે પ્રમાણે હીરાઓ છુપાયલા હોય છે તેવીજ રીતે દુઃખમાં સુખનો સમાવેશ થયેલો હોય છે એમ હું કેટલાક દિવસથી બનતા પ્રકારો ઉપરથી સ્પષ્ટ સમજી શક્યો છું; માટેજ આટલા બધા દુઃખમાં પણ સુખની સ્મૃતિને સાથે લઇ હું માળવાના રાજમહેલમાં પાછો આવ્યો. આવીને જોયું તો જડ પ્રકૃતિ સ્થિર, શાંત તથા નિર્મળ હતી; આમ છતાં મ્હારા મનમાં દાવાનળ સળગી રહ્યો હોય એમ મ્હને લાગ્યું. અરેરે ! સર્વ દૂર થઇ શકે છે; પરંતુ સ્મૃતિ દૂર થઇ શકતી નથી !

ઇબ્રાહિમ સાહેબને મ્હને પાછો આવેલો જોતાંજ અતિ આશ્ચર્ય લાગ્યું. હું એકાએક ગૂમ થઇ ગયેલો હોવાથી તેઓ તથા માળવાધિપતિ પોતે પણ ઘણા વિસ્મયમાં પડી ગયા હતા. મ્હારી શોધ કરવાને માટે તેઓએ અનેક યત્નો કર્યા હતા એમ મ્હને પાછળથી માલૂમ પડી આવ્યું.

આત્માદખાને મ્હારા ઉપર ગુજારેલા સીતમની સર્વ હકીકત મ્હેં ઇબ્રાહિમ સાહેબને નિવેદન કરી અને તેથી તેમનું આશ્ચર્ય ઘણે અંશે દૂર થયું; પરંતુ કોની સેવા ચાકરીથી મ્હને આરામ થયો એ જાણવાને માટે ઇબ્રાહિમ સાહેબ ઘણુ આતુર હતા, છતાં આ વાત

ગુપ્ત રાખવાના હેતુથી મ્હેં તેમને આડુંઅવળું સમજાવી તેમના મનનું સમાધાન કર્યું.

સમય મળતાંજ મ્હેં માળવેશ્વરની પણ એકાંતમાં મુલાકાત લીધી. તેમની આગળ મ્હેં બનેલી સર્વ હકીકત નિવેદન કરી. તેમનું ભલું કરવા જતાં હું ફરીથી જીવના જોખમમાં આવી પડયો હતો એ સાંભળી તેમને ઘણું દુઃખ થયું. આથી કરીને બીજે દિવસે આત્માદખાનને પકડી લાવનારને સારૂં ઇનામ આપવાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

ત્યાર પછી દિવસ ઉપર દિવસ વીતી જવા લાગ્યા. હમણાં હું માળવેશ્વરના રાજમહેલનો મુખ્ય રક્ષક હતો. કેટલીક અડચણોને લીધે હજુ સુધી હું પેલી ભુવનમોહિની તરફથી મળેલી થેલી ખોલી શકયો નહોતો, તેમજ તેમાંનો પત્ર પણ વાંચી શકયો નહોતો. રાજમહેલમાં આવ્યા પછી બીજે દિવસે રાત્રે મ્હેં એ થેલીની શીલ ખોલી નાખી, તથા તેમાંનો પત્ર બ્હાર કાઢી ઘણી જીજ્ઞાસાથી હું વાંચવા લાગ્યો. પત્રની હકીકત આ પ્રમાણે હતીઃ—

" સહૃદય મુસાફિર !

મ્હેં મ્હારી બાંદીને મુખે સાંભળ્યું છે કે, તમે આવતી કાલે પ્રભાતકાળે અત્રેથી વિદાય થનાર છો. વળી જો હું તમને રોકી રાખું તો તમારા કાર્યને નુકશાન પહોંચે. જો તે દિવસે 'નીલઝરણા' પાસેથી પાછા ફરતાં મ્હને વિલંબ થયો હોત તો આપના જીવનને હું બચાવી શકત નહિ. મ્હારા શરીરરક્ષકોએ આપને રસ્તામાં પડેલા જોઇને એ સંબંધીની મ્હને ખબર આપી હતી. આપને ઘાયલ અવસ્થામાં બેભાન બની ગયેલા જોવામાં આવવાથી રમણીના સ્વભાવ અનુસાર મ્હારા મનમાં દયાદેવીનો સંચાર થયો અને તેથીજ મ્હેં આપને મ્હારે ત્યાં લાવી રાખ્યા, તથા આપની સેવા–શુશ્રુષા કરી. હવે આપ આ દાસીની

સેવાથી આરોગ્ય પામ્યા છો. જો મ્હારી કાંઇ ભૂલ જણાઇ હોય તો તે માટે ક્ષમાદૃષ્ટિથી જોશો. આપને મ્હારી ઓળખાણ મેળવવાની અભિલાષા હતી એ મ્હારા જાણવામાં આવ્યું છે; પરંતુ મુસાફર ! ખુદાની દુનિયામાં અનેક જીવ છે અને હું પણ એમાંનોજ એક જીવ છું. ગમે તેમ હો; પરંતુ આપની વાતચિત કરવાની રીતભાત, મુખમંડળ વગેરે જોઇને હું સમજી ગઇ છું કે, આપ કોઇ ઉચ્ચ કુળમાં પયદા થયલા સૈનિક પુરૂષ છો. આપને માર્ગમાં અનુકૂળતા થઇ પડે, તથા કોઇ પ્રકારનું સંકટ ન નડે એ હેતુથી આ થેલીમાં જે યતકિંચિત દ્રવ્યાદિ મોકલું છું તેને સ્નેહના ચિહ્ન,–સહાનુભૂતિના ચિહ્ન તરીકે સ્વીકારી આભારી કરશો. દાનની શક્તિ ખુદાએ મ્હને આપી નથી. આ અબળાની સર્વ ભૂલોની ક્ષમા કરશો.” **રૂબિયા.**

રૂબિયા ! રૂબિયા ! કેવું સુંદર નામ ! પત્ર પણ કેવા સૌજન્યથી લખેલો છે ! આ રમણી કોણ છે ! આ કયી સ્વર્ગવિહારિણી દેવી મૃત્યુલોકના મનુષ્યો ઉપર દયા કરવાને માટે આ અસાર સંસારમાં આવી છે ! મનમાં વિચાર્યું કે, પેલી અદ્વિતીય સુંદરી કે જેને મ્હેં ઓટલા પાસે આવેલી નિસરણી પાસે જોઇ હતી તે તો રૂબિયા નહિ હોય ? શું તેજ રૂબિયા હશે ! શું તેજ આ પત્રલેખિકા હશે !

એકાંતમાં બેસીને વિચારની સહાયતાથી એ નિસરણી પાસે જોયેલી સુંદર લલના રૂબિયાની પ્રતિમા મ્હેં મ્હારા મનની અંદર હાજર કરી. એ પ્રતિમા અતિ ઉજ્વળ તેમજ અતિ મધુર હતી. કલ્પનાસુંદરી આંગળી કરી જાણે કહેતી કેમ ન હોય કેઃ—“આ એજ—કે જેણે તને બચાવ્યો છે !”

આવી રીતે વિચારોમાંને વિચારોમાં એક અઠવાડીયું વીતી ગયું. સુંદર શોભામયી વસંતની રાત્રિ આવી. સર્વ વૃક્ષો નવીન પર્ણોથી

શોભી રહ્યાં. આકાશ સુનિર્મળ ચંદનીથી જાણે હાસ્યથી પુલકિત કેમ ના જણાતું હોય એવો ભાસ થવા લાગ્યો. સમીરની મંદમંદ લહરિયોથી રાજ્યોદ્યાન નંદનવન સમાન જણાવવા લાગ્યો.

ઇબ્રાહિમ સાહેબે એક દિવસે મ્હને જણાવી દીધું હતું કે, અંતઃપુરના એક અમુક સ્થળ સુધી મ્હને જવાને અધિકાર છે. આજ સુધી મ્હેં એ સ્થળની માત્ર સીમાજ જોઇ રાખી હતી; પરંતુ ત્યાં આગળ ગયો નહોતો. એ સીમા રંગમહેલનો જે બહારનો ભાગ હતો ત્યાં સુધી આવેલી હતી. એ સીમાની પાસેજ ગગનને સ્પર્શ કરી રહેલો, આરસપહાણના પત્થરોનો બનેલો, માળવાધિપતિનો રંગમહેલ હતો. મ્હેં સાંભળ્યું હતું કે, એ રંગમહેલમાં માળવાધિપતિ બાજબહાદુરની પત્ની રૂપવતી બેગમ નિવાસ કરે છે.

ભાગ્ય ક્યાં તથા કેવી રીતે મનુષ્યના જીવનમાં ફેરફાર કરે છે તે જો કદાચ પ્રથમથીજ જાણી શકાતું હોત તો ભાગ્યમાં થતા દુઃખદાયક ફેરફાર અને તેના ફળને છિન્નભિન્ન કરી નાખવામાં આવત; પરંતુ વિધાતાના નિયમ પ્રમાણે ભાગ્યની ગતિને કોઇ પિછાની શકતું નથી. જે ભાગ્ય મ્હારા હતભાગી જીવનમાં અનેક પ્રકારના ફેરફારો કરે છે તે આજે મ્હને એક નવીન માર્ગે લઇ ગયું.

રાત્રિના સુમારે નવ વાગ્યા હતા. સ્નિગ્ધ તેમજ સુગંધિત વાયુ મ્હારા વિભ્રમિત આત્માને શાંત તેમજ શીતળ કરતો હતો. એવામાં રંગમહેલના એક ઓરડામાંથી હૃદયભેદક સંગીત સ્વર મ્હારા સાંભળવામાં આવ્યો. હું એ સંગીત સ્વર જે તરફથી આવતો હતો તે તરફ ધીમે પગલે જવા લાગ્યો.

હું રંગમહેલની પાસે આવેલા ઉદ્યાનમાં જઇને એક પત્થરના આસન ઉપર બેઠો, તથા અમૃતમય ગાનનું પાન કરવા લાગ્યો. જો કે ગાનનો કેટલોક અર્થ હું સ્પષ્ટ રીતે સમજી શક્યો નહિ, તોપણ

તેના સુરના તીવ્ર શરબતથી મ્હારૂં ચિત્ત ભ્રમિત થઇ ગયું. જાણે કે એક અદૃશ્ય અપ્સરા-કાનનનું પૂર્ણ સૌંદર્ય મ્હારી ચારે તરફ પ્રકાશી ઉઠયું. હું આવી રીતે વિમુગ્ધ અવસ્થામાં ક્યાં સુધી બેસી રહ્યો હતો તેની મ્હને ખબર રહી નથી.

જે ઓરડામાંથી સંગીત સ્વર નીકળતો હતો એ ઓરડો અનેક દીપકથી પ્રકાશી રહ્યો હતો ! કેટલાક સમય પછી મ્હેં જોયું કે, એક કમનીય રમણીની પ્રતિમા ધીમે ધીમે એ ઓરડાની ઉદ્યાન આગળ પડતી બારી પાસે આવીને ઉભી રહી ! એ પ્રતિમાના મુખ ઉપર દીપકોનો ઉજ્વળ પ્રકાશ પડી રહ્યો હતો. નર્મદાના કિનારા ઉપર આવેલા બંગાલામાં જે દેવીની પ્રતિમા જોઇ હતી તેનીજ આ કાયા હોય એમ મ્હને લાગ્યું. એકાએક એ પ્રતિમા બારી આગળથી ખસી ગઇ; તથા હું પણ એ સુંદરીના રૂપનું દર્શન કરી ઉન્મત્ત બની ગયો હતો તેથી મ્હોટે સ્વરે બોલી ઉઠયોઃ—" રૂબિયા ! દેવી ! તું ! તું આ સ્થળે ક્યાંથી ?"

આમ બોલી હું થોડા સમય સુધી એ બારી તરફ દૃષ્ટિજ કરીને બેસી રહ્યો. એવામાં એક બુરખો નાખેલી રમણીએ જલદીથી મ્હારી પાસે આવી પોતાના મુખ ઉપરથી બુરખો ઉંચો કર્યો. ત્યાર પછી તેણે કહ્યુંઃ—" સાહેબ ! આપનું સાહસ કાંઇ થોડું નથી ! આપ જાણોછો કે રૂબિયા કોણ છે ? શાહજાદી રૂબિયાના નામનો ઉચ્ચાર કરી તમે આ શું બોલો છો ? "

હું સંકટમાં સપડાયો. શાહજાદી શબ્દ સાંભળવામાં આવતાંજ ભયથી કંપી ઉઠયો. રૂબિયા શાહજાદી છે ! ભોગ મળ્યા મ્હારા ભાગ્યના ! મ્હેં ઘણી મૂર્ખાઇ ભરેલું કામ કર્યું. મ્હેં કહ્યુંઃ—" બિબિ સાહેબા ! મ્હને લાગે છે કે તમારા સાંભળવામાં ભૂલ થઇ છે."

મ્હારી સાથે જે રમણી વાતચિત કરતી હતી તે તાતારિણી

હોઇ રાજાના અંતઃપુરની રક્ષક હતી. રાજાના અંતઃપુરોની રક્ષા આવી અસ્ત્ર શસ્ત્રથી વિભુષિત રહેનારી સ્ત્રીઓજ મુખ્યત્વે કરીને કરે-છે. રંગમહેલ એ બેગમોનું ન્હાનું રાજ્ય છે. એ રાજ્યનો સર્વાધિ-કાર તેમનીજ સત્તામાં હોય છે. તેઓ સ્વભાવથીજ અતિ ઉગ્ર પ્રકૃ-તિની હોઇ અપરાધી તરફ કદાપિ ક્ષમાદષ્ટિ કરતી નથી. રમણી હોવા છતાં તેઓ એટલી બધી નિષ્ઠુર હોય છે કે, તેમની નિષ્ઠુરતાની હકીકત સાંભળવામાં આવતાં પુરૂષનો જીવ પણ ભયથી કંપી ઉઠે છે.

તાતારિણીએ ઉત્તર આપ્યો:—"કદાચ મ્હારા સાંભળવામાં ભૂલ થઇ હશે; પરંતુ શાહજાદીની તો ભૂલ નહિ થઇ હોયને? તેમણે પોતેજ પોતાનું નામ ઉચ્ચારનાર કોણ છે તેની તપાસ કરવા માટે મ્હને મોકલી છે."

નિરૂપાયે મ્હેં પ્રશ્ન કર્યો:—"જો કદાચ તેમજ હોય તો મ્હારા આ અપરાધની માફી મળી શકે તેમ નથી કે, બીબી?"

તાતારિણીએ કહ્યું:—"હા ઉપાય છે; પરંતુ તે શાહજાદીના હાથમાં છે. પ્રથમ આપ કોણ છો તે નિવેદન કરો?"

મ્હેં તે સમયે અમાસની અંધકારપૂર્ણ મધ્યરાત્રિમાં વિજળી જોઇ. મ્હેં ઉત્તરમાં કહ્યું:—"હું માળવેશ્વરનો પુરીરક્ષક સેનાપતિ દસ્કાન્દારખાન છું."

તાતારિણીએ કઠોર હાસ્ય કરી કહ્યું:—"અતિ આશ્ચર્યની વાત! તમે બાજબહાદુરના નોકર હોવા છતાં તમારી આટલી બધી ધૃષ્ટતા? તમે ઘણું અન્યાય ભરેલું કામ કર્યું છે. શાહજાદીનું નામ લઈ તમે એકલી શાહજાદીનુંજ નહિ, પરંતુ માળવેશ્વરનું પણ અપમાન કર્યું છે."

તાતારિણીનાં વચનોથી મ્હારી ગભરામણનો પાર રહ્યો નહિ. મ્હેં ધીમેથી કહ્યું:—"આ અપરાધની કોઈ પણ પ્રકારે ક્ષમા નહિ મળે કે, બીબી? શાહજાદી આ સેવકના તરફ દયા નહિજ દર્શાવે?"

"મ્હને તો નથી લાગતું કે દયા દર્શાવે!"

"તો પછી બીજો કોઇ ઉપાય?"

"શોચનીય મૃત્યુ. રંગમહેલના ઉદ્યાનમાં પુરૂષને પ્રવેશ કરવાની રજા નથી. પુરીરક્ષક સેનાપતિ થઇને તમે એ વાત જાણતા નથી એ ઘણું આશ્ચર્ય ભરેલું છે!"

"હું કાંઇ રંગમહેલની છેક પાસે આવીને બેઠો નથી."

"કદાચ આ બાબતમાં તમે બિનગુન્હેગાર ઠરશો તો પણ માળવાધિપતિની કન્યાના નામનો ઉચ્ચાર કર્યો છે તેથી તમે ગુન્હેગાર છો અને ઠરશો."

"બીબી! આ અપરાધનું પ્રાયશ્ચિત્ત શું છે?"

"જલ્લાદની તરવારથી શિરચ્છેદ!"

"શાહજાદીને કહેજો કે તેમણે એક દિવસે જે મુસાફિરના જીવનનું રક્ષણ કર્યું હતું તેજ મુસાફિર અંતઃકરણથી તેમને દયાળુ દેવી સમાન સમજે છે; અને તેથીજ એ મુસાફિરથી આ અપરાધ થયો છે. જે જીવનું તેમણે રક્ષણ કર્યું છે, એ જીવ સર્વાંશે તેમની સત્તામાં છે. હું તેમને સંતોષ આપવા માટે આનંદથી મૃત્યુને આલિંગન કરીશ.":

તાતારિણીએ કહ્યું:—"શાહજાદીને આ હકીકત નિવેદન કરીશ. કાલે બરાબર આજ વખતે તમે આ સ્થળે આવજો. તે સમયે હું તમને તેમની આજ્ઞા જણાવીશ." આમ કહી એ તાતારિણી થોડે દૂર જઇ, ઉદ્યાન સાથે આવેલી રંગમહેલની દિવાલમાં આવેલું એક ન્હાનું દ્વાર ઉઘાડી, પ્રેતની છાયા પ્રમાણે અદ્રશ્ય થઇ ગઇ. હું થોડા સમય સુધી ઉદ્યાનમાં બેસી રહ્યો અને ત્યાર પછી ભવિષ્યની સ્થિતિ સંબંધી વિચારો કરતો કરતો મ્હારે ઠેકાણે ચાલ્યો ગયો.

સપ્તમ પરિચ્છેદ.

અરે સુખ ! અરે સુખ ! કરતો આ વિશાળ વિશ્વમાં ચારે દિશાએ દીવાનાની માફક ભટકયા કરૂં છું; તો પણ ઇચ્છિત સુખનું દર્શન કરી શકતો નથી. સમસ્ત જીવન દુઃખની પીડામાં, તેમજ ગાઢ નિશ્વાસો મૂકવામાંજ પસાર થઇ ગયું. આશાની છળનામાં ભૂલો પડી ધીમે ધીમે નિરાશાના સાગરમાં ડુબતો જાઉં છું; તો પણ કોઇપણ પ્રકારની આશા પૂર્ણ થતી નથી. જયાં જાઉં છું ત્યાંની સઘળી ઘટના મ્હારી શક્તિ અને ભાગ્યની પ્રતિકૂળ થઈ પડે છે ! જે દિશા તરફ દૃષ્ટિ કરૂં છું તે દિશાએ જાણે કે પ્રચંડ દાવાનળ 'ધુ ધુ' અવાજ કરતો સળગી ઉઠે છે. એક હતભાગિની ગુલસાનાને લીધેજ મ્હારી આવી સ્થિતિ થઇને ? પૂર્વ જન્મના પુણ્યફળથી એક વખત તો મરણને શરણ થતો બચી ગયો, ત્યારે હવે મરણને શરણ કરનારો એક બીજો અદ્દ્ભુત ઘટના–પ્રવાહ મ્હારા જીવન સાથે ક્રીડા કરવાને તૈયાર થયો.

કોઇની આગળ મ્હોં ઉઘાડી કાંઇ પૂછાય તેમ નથી, મનની વાત કહેવાનો ઉપાય નથી, સલાહ મેળવવાનો માર્ગ નથી ! ઇબ્રાહિમ સાહેબ પણ કોઈ રીતે મદદ કરી શકે એવી આશા નથી. મ્હેં જાતેજ મ્હારી ઇચ્છાથી પતંગની માફક સળગતા અગ્નિમાં કુદકો માર્યો છે ! મ્હને રાજ્યના ભીષણ અપરાધથી બચાવી શકવાનું સામર્થ્ય ઇબ્રાહિમ સાહેબનામાં કયાંથી હોય ! ! ખુદાની મિહરબાની સિવાય મ્હારી મુક્તિનો બીજો એક પણ રસ્તો નથી. હું બન્ને હાથ જોડી એક કોચ ઉપર બેઠો બેઠો નમ્ર સ્વરે બોલી ઉઠયોઃ—

"યે મેરે ખુદા ! યે દિન દુનિયાના માલિક ! એક વખત મ્હારા જીવનનું રક્ષણ કર. મ્હારા સુનામનું તેમજ મ્હારી કીર્તિનું રક્ષણ કર.

આ સમયે જો આ ભયંકર ગુન્હામાંથી તું મ્હને બચાવીશ તો પછી હું ફકીરી થઈ આ અસાર સંસારનો ત્યાગ કરી જંગલમાં ચાલ્યો જઇશ. ”

ખુદાએ મ્હારી આ પ્રાર્થના સાંભળી હોય એમ મ્હને જણાયું; કારણ કે મ્હારા આત્માને આ પ્રાર્થના કરી રહેતાંની સાથેજ ઘણી શાંતિ મળી. તે દિવસે ભોજન કરવાની ઇચ્છા થઈ નહિ. ભાવિના ગર્ભમાં હજુ મ્હારે માટે શું શું સહન કરવાનું બાકી રહ્યું છે એ વિચારતાં સમસ્ત બ્રહ્માંડ મ્હારી નજરે ભમતું જણાવા લાગ્યું.

વિરામ આપનારી નિદ્રા ! આવ મા ! મ્હારા જીવને શાંતિ આપ. આ મર્મભેદક દુઃખને દૂર કર. જે પસ્તાવાનો અગ્નિ હૃદયમાં પ્રચંડ સ્વરૂપે સળગી રહ્યો છે તેને હોલવી નાખ, મા ! પુત્રના શોકથી શોકગ્રસ્ત બની ગયેલી માતા ત્હારી કૃપાથી પુત્ર શોક ભૂલી જાય છે. વૈધવ્ય પામેલી વિયોગી સ્નેહમયી પત્ની, ત્હારી દયાથી સ્વામીના શોકને સહન કરી શકે છે; અને હું ભાગ્યચક્રમાં કચરાઈ જઇ દુઃખી થતો મુસાફિર–તૃણની માફક તણાતો એક ઘટના ચક્રમાંથી બીજા ઘટના ચક્રમાં જઇને વિશેષ કચરાઉં છું. મ્હારા જેવા હતભાગીના ઉપર તું દયા નહિ કરે, માતા !

નિદ્રાની આટલી ઉપાસના કરી ! પરંતુ તે આવી નહિ. ભાગ્યની માફક તે પણ મ્હને દુઃખ દેવા લાગી. નેત્રો મીંચી સૂઇ રહ્યો પરંતુ અસાધારણ દુઃખ થવા લાગ્યું ! શય્યાની ઉપર કોઇએ સળગતા અંગારા પાથર્યા હોય એવી કલ્પના થવા લાગી. એ અંગારાથી શરીર બળવા લાગ્યું; આથી કરીને હું શય્યામાં સૂઇ રહી શક્યો નહિ.

શય્યામાંથી ઉઠી સળગી ઉઠેલા ચિત્તને શાંતિ આપવા માટે ખુલ્લી હવામાં આવ્યો. અરેરે ! ભાગ્યની દુર્દશાએ વાયુ પણ પુષ્કળ ગરમ જણાવા લાગ્યો ! રાત્રિદેવી ઉજ્વળ ચંદ્રમંડળને પોતાના

વક્ષઃસ્થળ ઉપર રાખી આનંદથી ઉન્મત્ત બની જઇ સતત હાસ્ય કરી રહી છે. આમ છતાં એ હાસ્ય મ્હારી જ્વાળાને દૂર કરી શક્યું નહિ. અરેરે ! આવી અનુશોચના ! આવું મર્મભેદક દુઃખ ! !

ફરીથી ઉન્મત્ત મનુષ્યની માફક દુઃખકર્તા શય્યામાં સૂતો. ઓરડામાં સળગતો દીપક હોલવી નાખ્યો. સર્વ બારીઓ ઉઘાડી નાખી. મ્હારા સમસ્ત ઓરડામાં ચંદ્રનો પ્રકાશ પ્રકાશી રહ્યો. હું છેવટે ચિંતાતુર સ્થિતિમાંજ નિદ્રાધીન થયો.

અરેરે ! નિદ્રાધીન અવસ્થામાં પણ મ્હારી મુક્તિ નથી. ચિંતાનો વિરામ નથી. અગ્નિદેવતાની શાંતિ નથી. નિદ્રામાં સ્વપ્ન જોયું કે, એક લાલચોળ ચંદ્રાતપ નીચે પ્રકાશિત સુવર્ણ સિંહાસન સ્થાપિત થયું છે. સિંહાસનની ઉપર એક વિજળીના જેવી ભભકાવાળી, તીવ્ર કટાક્ષવાળી રમણી બેઠી છે. એ રમણી રૂબિયાજ છે. ખુલ્લી તરવારો હાથમાં લઇ હૃષ્ટપુષ્ટ તાતારિણી સ્ત્રીઓ સિંહાસનની આસપાસ ફરી રહી છે. હું જાણે કે, જંજીરોમાં જકડાયલી સ્થિતિમાં, કેદી સ્વરૂપે સિંહાસન ઉપર બિરાજેલી દેવીના જેવી દયાળુ રૂબિયાની આગળ ઉભો છું. રૂબિયાએ મ્હારા તરફ નજર કરી ગંભીર કંઠે કહ્યું:— "કેદી ! પિશાચ ! કામાતુર ! હવે તું ત્હારા કર્મનું ફળ ભોગવ." આમ કહીને રૂબિયાએ પોતાની અંગરક્ષક તાતારિણી સ્ત્રીઓને મ્હારો જીવ લેવાની આજ્ઞા કરી. આજ્ઞા થતાંની સાથેજ સર્વ તાતારિણી નારીઓના હાથમાંની તરવારો એક સાથે પ્રકાશી નીકળી. વિના વિલંબે રાજકુમારી રૂબિયાની આજ્ઞા પૂર્ણ થઇ. ગરમ લોહીના વહેવાથી જાણે કે, એ સુવર્ણ સિંહાસનની નીચેની, ગાલીચો બિછાવેલી જમીન લાલ રંગની થઇ ગઈ.

અરેરે ! દુઃખનો અંતજ નથી કે શું ! જાગતાં, સૂતાં સર્વ સ્થિતિમાં આ હતભાગીને સરખુંજ દુઃખ પડે છે ! ! જ્યારે સ્હવાર

થયું, ત્યારે મ્હારો ગુલામ આવી મ્હને કહેવા લાગ્યો કે:—"જનાબ! સ્હવાર થયું છે. કૉફી તેમજ બિસ્કીટો તૈયાર કરવામાં આવ્યો છે; આપ ઉઠીને હવે એને ન્યાય આપો; કારણ કે ગઈ કાલે રાત્રે આપે બિલકુલ ભોજન કર્યું નથી."

હું મનમાંને મનમાં વિધાતાને ધન્યવાદ આપી, શય્યામાંથી ઉઠયો. મને માલૂમ પડયું કે, દૈવની કાંઈક કૃપાથી મ્હારૂં ભયંકર સ્વપ્ન ખોટું ઠર્યું છે!

અષ્ટમ પરિચ્છેદ.

ફરીથી મધુર પ્રભાતનું આગમન થયું. પૃથ્વી માતા ફરીથી સૂર્ય ભગવાનનાં દર્શન કરી હાસ્ય કરવા લાગ્યાં. પુનઃ પંખીઓએ પોતાના મધુર ગુંજનથી પ્રભાતની પ્રાર્થના કરવા માંડી. હું શય્યામાંથી ઉઠી પ્રાતઃકૃત્યાદિ કરવા લાગ્યો. વિના વિલંબે પ્રાતઃકાર્ય પૂર્ણ કર્યું. પછીથી ખુદાની પ્રાર્થના કરી કૉફી પી નાસ્તો કરી રહ્યો. આમ છતાં પણ હજુ સુધી હું રાત્રિનું ભયંકર સ્વપ્ન ભૂલી શક્યો નહોતો.

એકાએક શય્યા ઉપર મ્હારી નજર પડી. આશ્ચર્યની સાથે મ્હેં જોયું કે, શય્યાની નીચે કોઈ એક લાલ કાગળ મૂકી ગયું હતું. શય્યા પાસે જઈ, એ કાગળ લઈ તેને ઉઘાડી જોયો તો તેમાં નીચે પ્રમાણે હકીકત લખેલી હતી:—

"તમે કબૂલ કર્યું છે તે પ્રમાણે રાત્રે દશ વાગે તમે ઉદ્યાનની અંદર દર્શાવેલા સ્થળે આવજો. તમને તે સમયે શાહજાદીની આજ્ઞા જણાવવામાં આવશે. જો કબૂલ કર્યા પ્રમાણે તમે નહિ આવો તો તમારો ગુન્હો માળવેશ્વરને જણાવવામાં આવશે. તે સમયે તમારા જીવનનું રક્ષણ ભાગ્યેજ થશે."

આશ્ચર્યજનક પત્ર ! એનો લેખક કોણ હતો તે સંબંધીનું કાંઇ ચિહ્ન નહોતું. તથા એ નનામો પત્ર મ્હારા બંધ કરેલા ઓરડામાં મ્હારી શય્યા નીચે કોણ કેવી રીતે મૂકી ગયું. ત્યારે શું હું મનની ઉત્તેજનાથી કાલે રાત્રે ગૃહદ્વાર બંધ કરવાનું ભૂલી ગયો હતો ?

ગમે તેમ હોય; પરંતુ હું પત્રમાં જણાવ્યા પ્રમાણે વર્તવાને માટે રાત્રિની રાહ જોવા લાગ્યો. મ્હારાં સૌભાગ્યે ઈબ્રાહિમ સાહેબ તે દિવસે મ્હારી મુલાકાત લેવાને આવ્યાજ નહિ; તેમજ માળવેશ્વર બાજ બહાદુરે પણ તે દિવસે મ્હને બોલાવ્યો નહિ.

પુનઃ સંધ્યા દેવી આવી પહોંચી. અંધકાર થતાં પૂર્વેજ હું ગુપ્ત-દ્વારમાં થઇને રાજમહેલની બહાર નીકળી ગયો. પ્રહર રાત્રિ વીતી ગયા પછી હું પાછો રાજમહેલ તરફ આવી પહોંચ્યો. મ્હારા નોકર મારફત મ્હેં જાણ્યું કે હું ગયો ત્યાં સુધી કોઈએ મ્હારી ખબર પૂછી નહોતી.

સમય પ્રમાણે ભયથી કંપતા હૃદયે હું અંતઃપુરની સાથે આવેલા ઉદ્યાનમાં જઈ પહોંચ્યો. આજે મ્હારા ભાગ્યમાં શું બનાવ બનવાનો હશે તેની મ્હને કલ્પના સુદ્ધાં આવી નહિ !

રાત્રિના દશ વાગી ગયા હતા. હું પેલી તાતારિણીના આવ-વાની રાહ જોઈ ચિંતાતુર ચિત્તે બેસી રહ્યો હતો; પરંતુ કોઇ પણ એ સ્થાને આવ્યું નહિ ? ત્યારે શું શાહજાદીએ મ્હારો ગુન્હો માફ કર્યો છે ! ત્યારે શું હું શાહજાદીના કોપાનળનો ભોગ થતો બચી ગયો છું ? આ વિચારથી મ્હારા જીવમાં ઘણું સાહસ અને શાંતિ આવી. હું કાંઇક સ્વસ્થ થયો.

બરાબર આજ વખતે એક બુરખાવાળી રમણીએ ધીમે ધીમે મ્હારી પાસે આવી પહોંચીને કોમળ કંઠે કહ્યું:—" સાહેબ ! આપ મ્હારી સાથે પધારો. "

હું કાંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય તેની પાછળ પાછળ જવા લાગ્યો. તે સ્ત્રી એ અંતઃપુરની પાછલા ભાગની પત્થરવાળી દિવાલ પાસે જઇ પહોંચી—પછી તેણે એ દિવાલમાં આવેલું એક ઘણું ન્હાનું ગુપ્ત દ્વાર, પોતાની પાસેથી કુંચી કાઢી ઉઘાડયું, અને કહ્યું:—"મ્હારી સાથે આ ગુપ્તદ્વારમાં થઇને રંગમહેલની અંદર આવો."

હું "હા, ના" કરવા લાગ્યો એટલે તે રમણીએ કઠોર સ્વરે કહ્યું:—"આપ સૈનિક પુરૂષ છો ને? આપ વીર યોદ્ધા છો ને? એક રમણીની સાથે જવામાં આપ આટલો બધો ભય શા માટે રાખો છો?"

હું સંદેહ, ભય વગેરેનો ત્યાગ કરી કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય એ રમણીની પાછળ પાછળ આગળ જવા લાગ્યો.

નેત્રાવાળી વ્યક્તિ અંધ પુરૂષને જેવી રીતે દોરીને લઇ જાય, તૃણને જેવી રીતે પ્રવાહ ખેંચી જાય, ભાગ્યને જેવી રીતે કર્મફળ આકર્ષણ કરીને લઈ જાય તેવીજ રીતે હું પણ એ અપૂર્વ નેત્રાવાળી તાતારિણીની પાછળ, લોઢાને જેમ લોહચૂંબક ખેંચી જાય તે પ્રમાણે ખેંચાવા લાગ્યો.

રંગમહેલની ચારે બાજુએ હષ્ટપુષ્ટ ખોજાઓ નગ્ન તરવારો હાથમાં લઇ પહેરો ભરતા હતા. રંગમહેલના કેટલાક ઓરડાઓમાંથી બળતા સુંદર દીપકોનો પ્રકાશ એ ખોજાઓના મુખ ઉપર પડેલો હોવાથી તેઓ રાક્ષસના જેવા ભયંકર જણાતા હતા. મ્હારી સાથેની તાતારિણી એ દરેક ખોજાને પોતાની પાસેનો એક પંઝો બતાવી મ્હને સાથે લઈ રંગમહેલમાં જઇ પહોંચી. ત્યાર પછી તે એકાએક એક સ્થળે ઉભી રહી અને તેણે પોતાની કમરમાંથી એક તેજસ્વી કટાર બ્હાર ખેંચી કાઢી. આવો પ્રકાર જોઇને હું વીર પુરૂષ છતાં ભયથી કંપી ઉઠયો. ભાવી ભયની ભાવનાથી મ્હારૂં ચિત્ત ચંચળ બની ગયું. મ્હેં મનમાંને મનમાં વિચાર્યું કે, એમણે ક્રૂરતાથી હત્યા કરવાને માટે મ્હને

આ નિર્જન સ્થાનમાં આણ્યો છે કે શું ?

તાતારિણી જાણે કે મ્હારો મનોભાવ સમજી ગઇ, તેથી તેણે પ્રશ્ન કર્યો:—" સાહેબ ! "

" કેમ સાહેબા ? "

" આપ કેટલી વખત યુદ્ધમાં ઉતર્યા છો ? "

" અનેક વખત. "

" આપના હાવભાવ ઉપરથી તો એ વાત હું માની શકતી નથી."

" કારણ ? "

" મ્હારા હાથમાં કટાર જોઇ આપ કંપી કેમ ઉઠયા છો ? વળી આપનું મુખ આટલું બધું મલિન કેમ જણાય છે ? "

મ્હેં જાણ્યું કે તાતારિણી ઉજ્વળ દીપકોના પ્રકાશથી, મ્હારા મુખનું અવલોકન કરી મ્હારો મનોભાવ સમજી ગઇ છે. જો તે આટલી ચાલાક ન હોય તો પછી બાદશાહના રંગમહેલમાં પહેરો ભરવાનું જોખમ ભરેલું કાર્ય તેને શિરે ક્યાંથી સોંપવામાં આવે ?

તાતારિણીએ કહ્યું:—" આપ ક્યાં આવી ચઢયા છો તે જાણો છો ? "

મ્હેં સંકોચ રાખ્યા સિવાય ઉત્તર આપ્યો:—" કોઇ ગુપ્ત વધ્યસ્થળે. "

મ્હારો ઉત્તર સાંભળી તાતારિણી ' હાઃ હાઃ ' કરતી હસી પડી. એ હાસ્યના પ્રબળ તરંગથી એ નિર્જન સ્થાન કંપી ઉઠયું.

મ્હેં પૂછ્યું:—" શા માટે તમે હસ્યાં સાહેબા ?"

" આપની સ્થિતિ જોઇને. "

" મ્હને ક્યાં લઇ જાઓ છો ? "

" રંગમહેલમાં. "

" રંગમહેલ તો બાદશાહનું અંતઃપુર હોય છે. સાંભળવામાં આવ્યું છે કે, રંગમહેલમાં પુરૂષને પ્રવેશ કરવાની મનાઇ હોય છે. "

" પરંતુ જે ગુન્હેગારની તપાસ બાદશાહની બેગમ અગર તો શાહજાદીને કરવાની હોય છે તે ગુન્હેગારને રંગમહેલમાં લઇ જવાની મનાઇ નથી. "

" ત્યારે શું હું મરણને શરણ થવા માટેજ રંગમહેલમાં આવું છું કે ? "

" જ્યાં સુધી આપના ગુન્હાનો ન્યાય ન થાય ત્યાં સુધી હું તમને શો ઉત્તર આપું ? "

" જો હું તમારી સાથે ન આવું–"

" નહિ આવો તો તમારાથી બ્હાર પણ જઇ શકાશે નહિ. હું હુકમની નોકર છું. મ્હને જે હુકમ કરવામાં આવ્યો છે તે મ્હારે પાળવોજ જોઇએ. "

" મ્હારી પાસે પણ અસ્ત્ર છે; વળી હજુ સુધી હું અસ્ત્ર ફેરવવાને માટે અશક્ત નથી થઈ ગયો. "

બાદશાહનો રંગમહેલ એ કાંઇ વિના કારણ અસ્ત્રો ફેરવવાનું સ્થળ નથી. આ સ્થળે જો લોહીનું એક ટીપું પણ રેડાશે તો બાદશાહ તમારા અર્દ્ધ શરીરને માટીમાં દાટશે. વળી તમારી તાકાત શી છે કે તમે આ સ્થાને તમારા અસ્ત્રને ફેરવી શકો. અહિં તમારી સ્થિતિ કેવા પ્રકારની છે એ જોવાની તમારી ઇચ્છા છે કે ? "

આમ કહીને આ તાતારિણીએ તરતજ એક તીવ્ર સીટી વગાડી. ક્ષણ માત્રમાં તો પચીસ હૃષ્ટપુષ્ટ ખોજાઓ અમારી પાસે આવી પહોંચ્યા. તેઓ દરેકના હાથમાં નગ્ન તરવાર હતી.

ખોજાઓના સરદારે આ તાતારિણી રમણીને સલામ કરી પૂછ્યું:–
" આ ગુલામને શી આજ્ઞા છે ? "

આવો દેખાવ જોવામાં આવતાંજ ભયથી મ્હારો જીવ સુકાઇ ગયો. પ્રાણ કંપી ઉઠ્યો. છાતી ધડકી ઉઠી. તાતારિણી મ્હારી સ્થિતિ સમજી ગઈ તેથી તેણે ખોજાઓના સરદારને કહ્યું:—"એક કલાક પછી રંગમહેલના સર્વે દરવાજાઓ બંધ કરવાનો શાહજાદીએ હુકમ કર્યો છે."

ખોજાઓનો સરદાર સલામ કરી; "જો હુકુમ" કહી તરતજ ત્યાંથી અન્ય ખોજાઓ સાથે ચાલ્યો ગયો. જાણે કે ભયંકર રાક્ષસો એક ક્ષણને માટે મ્હને ગભરાવી મૂકી પાછા છાયાની માફક અદ્રશ્ય થઇ ગયા—અંધકારમાં મળી ગયા! હું મનમાંને મનમાં આકાશ પાતાળના વિચારો કરવા લાગ્યો.

તાતારિણીએ આ સમયે પ્રસન્નવદને કહ્યું;—"સાહેબ! હવે હું આપનાં નેત્રો ઉપર રૂમાલ બાંધીશ."

"કારણ?"

"કારણ એજ કે, હવે આપને રંગમહેલની અંદર લઇ જવાના છે."

"ત્યારે ભલે, રૂમાલ બાંધો."

"આપની તરવાર તેમજ કટાર મ્હને આપી દ્યો!"

"કેમ?"

"રંગમહેલની અંદર શસ્ત્રો સાથે જવાની રજા નથી!"

"કોની રજા નથી?"

"માળવાધિપતિ બાજબહાદુરની."

"તેમની આજ્ઞા હું શિર પર ચઢાવું છું."

આમ કહીને મ્હેં મ્હારી તરવાર અને કટાર તાતારિણીના હાથમાં આપી. પછીથી તેણે એક લાલ રંગનો રેશમી રૂમાલ મ્હારાં નેત્રો ઉપર બાંધ્યો. રૂમાલ બાંધ્યા પછી દ્દઢ સ્વરે કહ્યું:—"મ્હારો હાથ પકડો."

મ્હારાં નેત્રો બાંધવામાં આવ્યાં તેથી મ્હારી અવસ્થા ધૃતરાષ્ટ્રના જેવી થઇ પડી. મ્હેં તાતારિણી રમણીનો હાથ પકડયો. તે મ્હને ચુંબકની માફક ખેંચી જવા લાગી.

આવી રીતે થોડા સમય સુધી હું અંધ વ્યક્તિના જેવી સ્થિતિમાં ખેંચાયો. પછીથી તાતારિણીએ મ્હારાં નેત્રો ઉપરથી રૂમાલ છોડી નાખ્યો. નેત્રો ઉઘાડતાંજ એ સ્થળે જે દેખાવ જોયો તે દેખાવથી મ્હને અતિ આશ્ચર્ય લાગ્યું. મ્હેં મ્હારા સમસ્ત જીવનમાં કદાપિ એવો મનોહર દેખાવ જોયો નહોતો. મ્હને એમ લાગ્યું કે જાણે હું પ્રેતપુરીનો ત્યાગ કરી પ્રકાશિત બિહસ્ત—સ્વર્ગમાં આવ્યો છું. હું આવેગથી તેમજ આશ્ચર્યથી મ્હોટે સ્વરે બોલી ઉઠયો:—“ યે મેરે મહેરબાન ખુદા ! આ સર્વ શું છે ? હું ક્યાં આવી ચઢયો છું ! ”

નવમ પરિચ્છેદ.

શું જોયું ? તમે શું સાંભળશો ? જે જોયું તેનું વર્ણન કરવાનું સામર્થ્ય ભાષામાં નથી.

સ્વર્ગની વાત પુસ્તકમાં વાંચી છે; પરંતુ નજરે કદાપિ સ્વર્ગનું દર્શન કર્યું નથી. આજે કર્યું. જે કલ્પના હતી તે આજે પ્રત્યક્ષ થઈ.

મ્હેં જોયું કે અનેક પ્રકાશિક દીપકોથી પ્રકાશી રહેલા એક ઓરડામાં એ તાતારિણી મ્હને લઈ આવી હતી. આવા ઉજવળ દીપકોનું દર્શન પૂર્વે મ્હેં કદાપિ કર્યું નહોતું. એ દીપકોની જ્યોતિથી મ્હારો અંધકારમય પ્રાણ જાણે કે પ્રકાશિત થયો હોય એમ મ્હને લાગ્યું.

એક વિશાળ ઓરડાના મધ્યસ્થળની આસપાસ રાખવામાં આવેલાં કુંડાંઓમાં અનેક પ્રકારનાં સુગંધિત પુષ્પોના છોડવાઓ રોપ-

વામાં આવ્યા હતા. ઓરડાની ભીંત ઉપરનું ચિત્રકામ તેમજ ઉપરના ભાગનું કોતરકામ નેત્રોને આકર્ષતું હતું, તથા તેનું અવલોકન કરતાં ભારતના પૂર્વના ચિત્રકામ અને કોતરકામ માટે ઘણો ઉચ્ચ મત બંધાતો હતો. આ ઓરડાની અંદર અનેક મુખમલનાં રત્નજડિત કીંમતી આસનો ગોઠવેલાં હતાં. એ આસનોનાં રત્નો ઉપર દીપકનો ઉજવળ પ્રકાશ પડતાંજ ઓરડાની શોભામાં વિશેષ વૃદ્ધિ તેમજ આકર્ષણ થતું જણાતું હતું.

અત્યાર સુધી હું આ સુસજ્જિત વિશાળ ઓરડાનો એકજ ભાગ જોઇ રહ્યો હતો. મ્હારી આગળજ એક મ્હોટો રેશમી પડદો નાખેલો મ્હારી નજરે પડયો. એ પડદાએ ઓરડાના બે ભાગ કરી નાખ્યા હતા. પડદાની બીજી બાજુએ શું હતું તે હું જાણતો નહોતો.

એકાએક એ મ્હોટો રેશમી પડદો ઉંચે ચઢવા લાગ્યો. કોઇએ જાણે કે, ક્ષણ માત્રમાં મંત્રબળથી તેને ઉંચે ખેંચી લીધો. ત્યાર પછી મ્હેં જે અદ્‌ભુત દેખાવ જોયો તે મ્હારી તો શું પણ કોઇની નજરે પડયો નહિ હોય. મ્હેં જોયું કે બાદશાહના રંગમહેલનો દેખાવ ઘણો અપૂર્વ હતો ! આ દુઃખપૂર્ણ સંસારમાં મ્હેં સ્વર્ગનું દર્શન કર્યું. હું જાણે કે કોઈ સુંદર સ્વપ્નરાજ્યમાં આવી ચઢયો હોઉં એવો મ્હને ભાસ થયો.

આ વિશાળ રંગમહેલની વચ્ચે એક ન્હાના રત્નજડિત કીંમતી આસન ઉપર મ્હેં એક અતિ સ્વરૂપવતી રમણી જોઈ. તેનું મુખમંડળ બુરખાની અંદર ઢંકાયલું હતું; આમ છતાં તેના શરીરમાંથી લાવણ્યનો પ્રવાહ ફાટી જઇને બ્હાર વ્હેતો દેખાતો હતો. તેણે પહેરેલી કિરમજીઆ રંગની સાડીનો ભેદ કરીને એ રૂપવતીની વિમળ ગૌરકાંતિની તીવ્ર જ્યોતિ પ્રકાશી નીકળતી હતી. આ સિંહાસનની આસપાસ અનેક રૂપવતી રમણીઓ વિચિત્ર આસનો ઉપર બેઠી હતી. એ સર્વે રમણીઓનું મુખમંડળ ખુલ્લુંજ હતું.

રંગમહેલની સર્વ રમણીઓ અવર્ણનીય સુંદરીઓ હતી. સર્વેનાં વસ્ત્રાભુષણો પણ એકજ પ્રકારનાં હતાં. મ્હને ખબર નહોતી કે, કયા ગુપ્ત દુર્ભાગ્યને લીધે યાતો સૌભાગ્યને લીધે હું આ જાદુમય રાજ્યમાં આવી ચઢયો હતો !

એ રત્નજડિત સુવર્ણ સિંહાસનની પાસેજ પેલી તાતારિણી રમણી કે જે મ્હને રંગમહેલમાં લઈ આવી હતી તે ઉભી હતી! પરંતુ અહિં તે એકલીજ નહોતી. અત્રે બીજી પણ કેટલીક તાતારિણી સ્ત્રીઓ હાથમાં નગ્ન તરવાર લઇ આમ તેમ ફરતી હતી.

બુરખા વગરની સુંદરીઓ પૈકી એક સુંદરીને જોતાં મ્હને એવો વિચાર આવ્યો કે મ્હેં પૂર્વે એને કોઈ સ્થળે જોઈ છે; પરંતુ મ્હારૂં ભૂતકાળનું જીવન ઘણું રહસ્યમય હોવાથી મ્હેં મ્હારા આ વિચારને ભ્રાંતિ સમાન ગણી કાઢયો.

ત્યાર પછી સિંહાસન ઉપર બિરાજેલી બુરખાવાળી સુંદરીના સંકેતને સમજી જઇ પેલી તાતારિણી સ્ત્રીએ મ્હને કહ્યું:—"સાહેબ ! શાહજાદીની આજ્ઞાથી તમે ગુન્હો સ્વીકારીને ક્ષમા માગો."

મ્હેં ધાર્યું કે સિંહાસન ઉપર બિરાજેલી સુંદરીજ શાહજાદી છે. આથી કરીને મ્હેં કહ્યું:—" શાહજાદી ! હું જાણી જોઇને કોઇ પણ અપરાધ કરતો નથી. હું આ મહેલનો પુરીરક્ષક સેનાપતિ છું; છતાં આ પ્રકારમાં મ્હારે જેટલી લાંછના વેઠવી પડી છે એજ મ્હારા અપરાધના પ્રાયશ્ચિત્તને માટે બસ છે.

મ્હારાં આ વચનો સાંભળીને રમણી મંડળમાંની કેટલીક રમણીઓ 'હાઃ હાઃ' અવાજ કરતી હસી પડી.

તાતારિણીએ મ્હને કહ્યું—" આપ જો સરળતાથી આપનો મનોભાવ પ્રકાશ કરશો તો શાહજાદીની તમને સંમાનસહિત ક્ષમા આપવાની ઇચ્છા છે."

મ્હેં કહ્યું:—" ક્ષમા મળે યા ન મળે, તોપણ હું કદાપિ જૂઠું બોલીશ નહિ."

તાતારિણીએ પ્રશ્ન કર્યો:—" ત્યારે પછી તમે ગઇ કાલે શાહજાદી રૂબિયાનું નામ ઉચ્ચ સ્વરે શા માટે ઉચ્ચાર્યું હતું ?"

મ્હેં કહ્યું:—" મ્હારા મનમાં કોઇપણ પ્રકારનો ખોટો ઉદ્દેશ નહોતો. ખુદાના કસમ ખાઇને હું સત્ય કહું છું કે, શાહજાદી રૂબિયા અંગના નહિ પરંતુ દેવાંગના છે ! અંતરની કૃતજ્ઞતાને વશ થઇનેજ મ્હેં તેમનું નામ ઉચ્ચાર્યું હતું."

" તેમની સાથે આપનો કોઇ પણ પ્રકારનો સંબંધ નથી કે ?"

" હા, જો સંબંધ હોય તો તે માત્ર કૃતજ્ઞતાનો છે. એક દિવસે દેવી રૂબિયાએ દિલમાં દયા લાવી મ્હને માર્ગમાંથી બેભાન અવસ્થામાં લઇ જઇ પોતાની સેવા શુશ્રુષાથી આ ગરીબ મનુષ્યનો પ્રાણ બચાવ્યો છે."

" તમે કઇ રૂબિયાની વાત કરો છો ?"

જે રૂબિયાના નામનો ઉચ્ચાર કરવાથી આજે હું મહા અપરાધી ઠર્યો છું; જેમની આગળ આજે હું ન્યાય પ્રાપ્ત કરવાને માટે આવી ઉભો રહ્યો છું તેજ રૂબિયાની વાત હું કરૂં છું."

" સાહેબ ! આ દુનિયામાં કાંઇ એકજ રૂબિયા નથી. આપે કેવી રીતે જાણ્યું કે, અમારાં શાહજાદી રૂબિયાએજ આપના પ્રાણને બચાવ્યો છે ? આ શહેરમાં અનેક રૂબિયા નામની કન્યાઓ છે."

" તમારૂં કહેવું સત્ય છે; પરંતુ જે દેવીનું મ્હેં નેત્રોથી દર્શન કર્યું નથી, માત્ર જેના પ્રત્યેક કાર્યમાં દયા અને પ્રેમનો પરિચય પ્રાપ્ત કર્યો છે, જેણે આ પાપપૂર્ણ પૃથિવીમાં મૂર્તિમતી દયાની દેવીરૂપે પ્રકાશ પાડયો છે, કલ્પનાથી મ્હેં જેની મોહનમૂર્ત્તિને મ્હારા હૃદયમંદિરમાં પ્રતિષ્ઠિત કરી છે, નર્મદાના કિનારા પર આવેલા બંગલામાં જેની

સુંદરમૂર્તિનું એક દિવસે મ્હેં નિસરણી આગળ દર્શન કર્યું છે, તેવાજ દેખાવની મૂર્તિને રંગમહેલની બારીમાં જોઇ મ્હેં આવેગથી 'રૂબિયા'નો ઉચ્ચાર કર્યો હતો.

તાતારિણીએ કહ્યું:—" આપે અજાણ્યે અપરાધ કર્યો છે, તેથી રંગમહેલના નિયમ પ્રમાણે આપને કઠોર શિક્ષા કરવામાં નહિ આવે; વળી અમારાં શાહજાદી સાક્ષાત દયાનાં દેવી છે; પરંતુ આપને એક કામ કરવું પડશે. "

મ્હેં જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો:—" શું કામ ? "

" શાહજાદી આ સિંહાસન ઉપર બેઠાં છે. તેઓ હમણાંજ પોતાનો બુરખો ઉંચો કરશે. અમે બાર જણીઓ તેમની સખીઓ છીએ. અમારા સર્વેમાં કોણ સર્વશ્રેષ્ઠ સુંદરી છે તે આપ પરીક્ષા કરીને જણાવો એવી શાહજાદીની ઇચ્છા છે. આપ કોઇપણ પ્રકારનો સંકોચ તેમજ ભય રાખ્યા સિવાય આ કાર્યની પરીક્ષા કરો અને સત્ય ઉત્તર આપો. "

" બિબિ સાહેબા ! આવા પ્રકારની પરીક્ષા મ્હારાથી થઇ શકશે નહિ ? "

" અમે એમ સાંભળ્યું છે કે રમણીના રૂપની પરીક્ષા કરવામાં તમે એક ઉસ્તાદ ઝવેરી છો. ગુલસાના નામની એક સુંદર રમણીની છબીને આપે ઘણી પસંદ કરી છે. તથા—"

આ શબ્દો સાંભળી મ્હારૂં મસ્તક ભમી જવા લાગ્યું. રંગમહેલ રૂપી સોનાના પિંજરામાં પૂરાઈ રહીને આ રમણીઓએ એક અપરિચિત વ્યક્તિના જીવનની ઘણી ગુપ્ત વાત કેવી રીતે જાણી ?

મ્હેં કહ્યું:—" શાહજાદીને હું નમ્ર પ્રાર્થના કરૂં છું કે, આ સંબંધી તેઓ મને ક્ષમા કરે. "

તાતારિણીએ કહ્યું:—" જ્યાં સુધી તમે અમારૂં દર્શાવેલું કાર્ય

કરશો નહિ ત્યાં સુધી તમને ક્ષમા મળશે નહિ. મધ્યરાત્રિ વીતી ગઇ છે. હવે અમને અવકાશ નથી. જો જલદીથી આ કામ નહિ કરો તો શાહજાદીની આજ્ઞાથી તમારે આ રંગમહેલમાં કેદી તરીકે રહેવું પડશે.”

હું શું કરૂં તેના મ્હોટા વિચારમાં પડી ગયો. મ્હેં મનમાંને મનમાં વિચાર્યું કે, રમણીના કોમળ હૃદયમાં આટલી બધી કઠિનતા ક્યાંથી આવે છે એ સમજી શકાતું નથી. રમણીની આગળ ગમે એવા બુદ્ધમાન્ વીર પુરૂષને હાર પામવી પડે છે. હું સમજી ગયો કે, હું મહા સંકટમાં સપડાયો છું. જે સર્વ રમણીઓ અહિં હાજર હતી તેઓ સર્વે સુંદરીઓ હતી. આમ છતાં હજુ પણ શાહજાદીના મુખ ઉપર બુરખો હોવાથી હું તેનું મુખ જોઇ શક્યો નહોતો. તેનું મુખ જોયા વિના હું આ રૂપની પરીક્ષા પણ કેવી રીતે કરી શકું ? વળી આ સ્થળે ખોટો ન્યાય કરવામાં પણ મ્હને નુકશાન હતું. મ્હેં ફરીથી દરેકના મુખમંડળનું દર્શન કર્યું. બરાબર ચોવીસ નયનોના કટાક્ષ, દીપકોના પ્રકાશની સાથે ‘ચકમક’ કરી રહ્યા હતા. દરેકના ઓષ્ઠાધર ઉપર સ્મિત હાસ્ય વિલસી રહ્યું હતું, તથા આ હાસ્ય મ્હારા હૃદયમાં ગંભીર આઘાત કરતું હતું.

મ્હને લાગ્યું કે, આ સર્વ સુંદરીઓ કોઇ પણ પ્રકારનો જાદુમંત્ર જાણે છે. મનની વાત સમજી શકે છે. હું આવા પ્રકારના વિચારો કરી રહ્યો હતો એવામાં એકાએક શાહજાદીએ પોતાનો બુરખો ઉંચો કર્યો !

આ કોણ રૂબિયા ? ! કલ્પનાથી જે સૌંદર્યપૂર્ણ મનોહર મૂર્તિનું ચિત્ર આંક્યું હતું, તે આ નહોતું.

મ્હેં ફરીથી ચારે દિશાએ દૃષ્ટિ કરી. દૃષ્ટિ કરતાંની સાથેજ માલૂમ પડયું કે હું જે સ્થળે આવ્યો હતો તે રૂપનું બજાર હતું. એ

બજારમાં મ્હારા જેવા જૂઠ્ઠા ઝવેરીને સ્થાન મળે તેમ નહોતું ! શાહજાદીની બાંદીઓ કાંઇ બાંદી જેવી નહોતી. તેમનો સર્વેનો પોષાક શાહજાદીના જેવોજ હતો. મ્હારી તીક્ષ્ણ નજર ફરીથી એક વખત એ સ્વર્ગની સુંદરીઓના મુખમંડળ ઉપર ફરી આવી; વળી પાછું એક વખત મ્હેં શાહજાદીના મુખ તરફ જોયું તો તે મૃદુ મૃદુ હાસ્ય કરી રહી હતી.

જે વારાંગણી પૂર્વે મ્હારી સાથે વાર્તાચિત કરતી હતી તેણે કહ્યું:—" આપનો શો અભિપ્રાય છે તે ત્વરાથી કહો."

મ્હેં કહ્યું:—"નિંદા તેમજ પ્રશંસાનું સ્થાન આ બિહસ્ત—સ્વર્ગ નથી. અહિં સર્વે રમણીઓ સુંદર છે. તમે સર્વે મ્હને ક્ષમા કરો."

આ સમયે શાહજાદીએ કહ્યું:—" એમ બની શકે નહિ. અમારા સર્વેમાં એક ભયંકર વિવાદ ઉપસ્થિત થયો છે. આ વિશાળ રંગમહેલમાંના આયનાઓએ એવી મીમાંસા કરી છે કે, અમે સર્વે સુંદરીઓ છીએ; પરંતુ મ્હારી સખીઓ કહે છે કે મ્હારૂં સૌંદર્ય સર્વ કરતાં વિશેષ સુંદર છે. રમણીના રૂપની પરીક્ષા પ્રેમોન્મત્ત પુરૂષ કરી શકે છે. જ્યારે આવો ઉત્તમ સુયોગ મળી આવ્યો છે ત્યારે પછી આપની માર્ફતજ આ બાબતનો નિર્ણય કરી લેવો ઉચિત છે. જ્યાં સુધી આપ આ સંબંધીનો ન્યાયપૂર્ણ નિર્ણય નહિ કરો ત્યાં સુધી આપને આપના ગંભીર ગુન્હાની ક્ષમા મળશે નહિ."

મ્હેં વળી ફરીથી એક વખત આ રમણીમંડળના મુખનું અવલોકન કર્યું; પરંતુ એકાએક એક મુખ તરફ મ્હારી દૃષ્ટિ ખેંચાઇ રહી. તે મુખ ઉપરથી પોતાની નજર ફેરવી લેવાની મ્હારાં નેત્રોની ઇચ્છા નહોતી.

જેના મુખમંડળ તરફ મ્હારી નજર દૃઢતાથી ખેંચાઇ રહી હતી તેનું રૂપ આ વિશ્વમાં અદ્વિતીય હતું; વિધાતાના વિશ્વમાં એ અપૂર્વ રૂપ

હતું ! આ વિશ્વમોહિનીના સ્વરૂપ આગળ ગુલસાનાનું રૂપ કાંઇજ નહોતું ! અનેક ગુલસાનાઓનું સૌંદર્ય એકત્ર કરીએ તો પણ તેની તુલના આ અપ્સરાના સૌંદર્ય સાથે થઇ શકે એમ નહોતી !!

મ્હેં બે ત્રણ વખત એ સર્વશ્રેષ્ઠ સુંદરીના મુખ તરફ આતુર નયનોએ દૃષ્ટિપાત કર્યો. ક્ષણમાત્રમાં અમારી ઉભયની નજર એક થઇ. આમ થવાથી તેણે શરમાઇ જઈ પોતાનું મુખ બીજી દિશા તરફ ફેરવ્યું. ક્ષણ માત્રમાં એ અપ્સરાની મૂર્ત્તિની છાયા મ્હારા હૃદયની અંદર દૃઢ ભાવે અંકિત થઇ ગઇ. પ્રાણનો અંતરતમ પ્રદેશ જાણે કે એ સુંદર રૂપજ્યોતિથી પ્રકાશિત બની ગયો ! અહા કેવી સુંદર ! કેવી સુંદર !!

મ્હારો આવો મુગ્ધભાવ બીજી બધી રમણીઓના જાણવામાં આવ્યો હતો કે નહિ તેની મ્હને માહિતી નહોતી ! રંગમહેલ નિસ્તબ્ધ હતો ! હું કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય ચોરની માફક નીચું મસ્તક રાખી ઉભો રહ્યો હતો. મ્હારામાં તે સમયે એવી શક્તિ કે સાહસ નહોતું કે જેથી કરીને હું વિશેષ સમય સુધી કોઇના મુખનું દર્શન કરી શકું.

પેલી સિંહાસન ઉપર બેઠેલી શાહજાદીએ મ્હને કહ્યું:—"સાહેબ ! રાત્રિ વીતી જવા આવી છે. આપનો નિર્ણય જાણવાને માટે અમે સર્વે અતિ આતુર છીએ. યાદ રાખજો કે, આ બાદશાહનો રંગમહેલ છે. આ સ્થળે પુરૂષને પ્રવેશ કરવાની રજા નથી."

મ્હેં નમ્રતાથી કુરનસ કરી કહ્યું:—"શાહજાદી ! મ્હારા જેવા ક્ષુદ્ર માણસને જે કાર્ય સોંપવામાં આવ્યું છે તે કાર્યને માટે હું તદ્દન અયોગ્ય છું."

શાહજાદીએ ગંભીર મુખે કહ્યું:—"તમે ભલે નાકબૂલ જાઓ; પરંતુ મ્હારી ખાત્રી છે કે, તમને જે કાર્ય સોંપવામાં આવ્યું છે તે

માટે તમે યોગ્યજ છો. એ સંબંધી આપનો સત્ય અભિપ્રાય પ્રદર્શિત કરો કે જેથી વિના વિલંબે તમારી મુક્તિ થશે."

મ્હેં કહ્યું:—" અને કદાચ હું સત્ય અભિપ્રાય ન પ્રદર્શિત કરૂં તો ? "

શાહજાદીએ કહ્યું:—" તો પછી ગઇ કાલે આપે મ્હારૂં નામ ઉચ્ચારીને જે અપરાધ કર્યો છે તે બાદશાહને કાને પહોંચાડવામાં આવશે; અને તેને પરિણામે તમારે બાદશાહની કઠોર આજ્ઞાને આધીન થઇ મરણને શરણ થવું પડશે. "

શાહજાદીનાં વચનોથી હું ગભરાઇ ગયો; છેવટે નિરૂપાયે મ્હેં શાહજાદીને પ્રશ્ન કર્યો:—" શાહજાદી ! જો કદાચ હું સત્ય અભિપ્રાય પ્રદર્શિત કરૂં તો તેથી તમને ખોટું તો નહિ લાગે ને ? "

શાહજાદીએ ઉત્તર આપ્યો:—" કદાપિ નહિ; ઉલટું હું તમને સત્યવાદી જાણી તમારી પ્રશંસા કરીશ. "

શાહજાદીનો આ ઉત્તર સાંભળી મ્હારા જીવમાં સાહસ આવ્યું, મ્હેં અત્યાર સુધીમાં જે સુંદરીના અદ્વિતીય મુખમંડળ તરફ બે ત્રણ વખત દૃષ્ટિપાત કર્યો હતો તેની તરફ આંગળી કરી મ્હેં કહ્યું:— " મ્હારા અભિપ્રાય પ્રમાણે તો આજ તમારા સર્વેમાં સર્વશ્રેષ્ઠ સ્વરૂપવતી સુંદરી છે. "

હું આટલું બોલી રહ્યો કે તરતજ કોઇ પ્રકારના માયાબળથી રંગમહેલના સર્વ દીપકો હોલવાઇ ગયા. સમસ્ત રંગમહેલમાં ભયંકર અંધકારનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું ! જાણે કે સ્વર્ગની સુંદરીઓનું સ્વર્ગરાજ્ય ક્ષણ માત્રમાં ભીષણ અંધકારની અંદર મળી ગયું. આવા અંધકારમાં એક તાતારિણીએ આવી મ્હારો હાથ પકડી મ્હને કહ્યું:—" ખાનસાહેબ ! ચાલો આપને રંગમહેલની બ્હાર મૂકી આવું. અમારૂં કાર્ય પૂર્ણ થયું છે. "

પાછા જતી વખતે તાતારિણીએ મ્હારાં નેત્રો ઉપર રૂમાલ બાંધ્યો નહિ. જે માર્ગેથી હું આવ્યો હતો તેજ પાછા જવાનો માર્ગ નહોતો. તાતારિણી ઘણા થોડા સમયની અંદરજ મ્હને રંગમહેલની પછીતના ભાગમાં આવેલા પેલા ન્હાના ગુપ્તદ્વાર સુધી લઇ ગઈ.

ત્યાર પછી તેણે એક કુંચીથી એ ગુપ્તદ્વાર ઉઘાડયું. હું આ ગુપ્તદ્વારની બ્હાર નીકળ્યો એટલે તાતારિણીએ મ્હને કહ્યું:—"હવે આપનો મહેલ પાસેજ છે. હું રજા લઉં છું, સાહેબ!" આમ કહીને તે જલદીથી ગુપ્તદ્વારને બંધ કરી ચાલી ગઇ. હું તેને કોઇ પણ પ્રકારનો પ્રશ્ન પૂછવાનો વખત પણ મેળવી શક્યો નહિ.

દશમ પરિચ્છેદ.

હું જેવો રંગમહેલ પાસેના ઉદ્યાનમાં થઇને મ્હારા રહેઠાણ તરફ જતો હતો એવામાં કોઇની છાયામૂર્ત્તિને મ્હેં મ્હારી આગળ થઇને ચાલી જતાં જોઇ. જે બાજુએ આ છાયામૂર્ત્તિ ગઇ તે તરફજ હું જવા લાગ્યો. હું થોડેક દૂર સુધી તે. ગયો; પરંતુ પુનઃ આ છાયા-મૂર્ત્તિને જોઇ શક્યો નહિ તેથી વિચાર કરતો કરતો હું જ્યાં હતો ત્યાંને ત્યાંજ ઉભો રહ્યો. એવામાં એકાએક કોઇએ પોતાનો અતિ કોમળ હસ્ત મ્હારા ખભા ઉપર મૂક્યો! મ્હેં પાછા ફરીને કહ્યું:—"કોણ છો તમે? દેખાઓ છો તો કોઇ સ્ત્રી! તમારો શો વિચાર છે?"

તેણે કહ્યું:—"મ્હારા ઉપર શંકા લાવો છો? સ્ત્રી જાતને જોતાંજ તમને આટલી બધી બ્હીક કેમ લાગે છે? રૂપના બજારમાંથી તો તમે હમણાંજ ચાલ્યા આવો છો!"

મ્હેં ક્રોધાવેશને આધીન થઇ જઇ કહ્યું:—"પરંતુ એ બધી હકીકતની તમારે શી જરૂર છે?"

તે સ્ત્રીએ દ્રઢતાથી કહ્યું:—"જરૂર છે માટે તો હું આપ નામવરની પાછળ પાછળ આવી છું."

મ્હેં કહ્યું:—"આવા સ્થળે આ પ્રમાણે વાતચિત કરવામાં સાર નથી. તમે મ્હારા મુકામ ઉપર ચાલો."

"ચાલો—" કહીને એ સ્ત્રી કાંઇ પણ બોલ્યા સિવાય મ્હારી પાછળ પાછળ આવવા લાગી.

પ્રભાત થવાને ઘણા વખતની વાર નહોતી. મ્હારા દિવાનખાનાની બ્હાર મ્હારો નોકર લોટપોટ બની જઇને ઘોરતો હતો. મ્હેં તેને કહ્યુ:—"મુબારક! તું, ત્હારે ત્યાં જઇને સુઇ રહે. આજે હવે મ્હારે ત્હારી કાંઈ જરૂર નથી."

આવા સમયે મ્હારી સાથે એક બુરખાવાળી સ્ત્રીને જોઈ મુબારક પોતાના મનમાંને મનમાં આશ્ચર્ય પામ્યો; પરંતુ તે કાંઇ પણ બોલ્યા સિવાય પાછો ફરી ચાલ્યો ગયો.

હજુ સુધી મ્હારા દિવાનખાનામાં દીપક સળગતો હતો. મ્હારી સાથે આવનારી સ્ત્રીને બ્હાર ઉભી રહેલી જોઇને મ્હેં કહ્યું:—"બિબિ! અંદર આવો."

એ સ્ત્રી દિવાનખાનામાં આવી. બુરખાથી તેનું મુખ ઢંકાયલું હતું. તે કોણ હશે તે હું વિચારી શક્યો નહિ. તેની સાથેની વાતચિતથી હું એક પ્રકારની નવીન ઉત્કંઠા તેમજ આશ્ચર્યમાં પડી ગયો. તેનો પોષાક કોઇ ખાનદાન કુળની રમણીને છાજે એવો હતો.

મ્હેં શંકાશીલ સ્વરે પ્રશ્ન કર્યો:—"તમે શા વિચારથી આજે આવા વિચિત્ર વખતે અત્રે આવ્યાં છો?"

"તમારી સાથે થોડા સમય સુધી વાતચિત કરવાને માટેજ, સાહેબ!"

"અજાણ્યા પુરૂષની સાથે વાતચિત કરવાનો તમને અધિકાર

છે કે નહિ—તથા તે હોય તો ક્યાં સુધી યોગ્ય છે—તેનો કાંઇ તમે વિચાર કર્યો છે કે ?"

"ત્યારે ન્યાય રીતે જોવા જતાં તમને અજાણી સુંદરીઓ સાથે વાતચિત કરવાનો અધિકાર છે કે ? અને હોય તો તે યોગ્ય છે કે ? તમે હમણાંજ જે સ્થળે જઇ આવ્યા છો તે સ્થળે બનેલો પ્રકાર તમે શા માટે ભૂલી જાઓ છો ?"

"હું એક પ્રકારની વિચિત્ર ઘટનાને લીધે ત્યાં જઇ ચઢયો હતો."

"હું પણ એક પ્રકારની ઘટનાને લીધે અહિં આવી ચઢી છું."

"તમારો પોષાક જોતાં તમે કોઇ કુલીનવંશમાં પયદા થયેલાં હોવાં જોઇએ એમ માલૂમ પડી આવે છે ! આવો વ્યવહાર તમને યોગ્ય નથી !"

"ત્યારે શું આપનો વ્યવહાર યોગ્ય છે કે, જનાબ ? આપે કઇ અક્કલથી બાદશાહના રંગમહેલમાં જઇ અનેક સુંદરીઓમાંથી એકને પસંદ કરી, તથા મુક્તકંઠે તેના રૂપની પ્રશંસા કરી, અને તેને પાછા હમણાં ભૂલી ગયા ?"

હું ચમકી ઉઠયો ! ત્યારે શું આ તેજ છે કે ! સ્વર્ગ મ્હારા હાથમાં આવી પહોંચ્યું. મ્હારી નજર આગળ જાણે કે સ્વર્ગનો ઉજવળ પ્રકાશ પ્રકાશી ઉઠયો. હું આનંદથી અધીરો બની જઇને વિજળીના જેવી ઝડપથી તેનો હાથ પકડવાને ગયો; પરંતુ એ રમણીએ પોતાનો હાથ પોતાનાં વસ્ત્રોમાં છુપાવી દીધો. પછીથી તિરસ્કાર ભરેલા સ્વરે તેણે કહ્યું:—"વીર પુરૂષ થઇને આવું નીચ કાર્ય કરવું તમને યોગ્ય નથી ! મનુષ્યે પોતાના ચિત્ત ઉપર કાંઇક સંયમ રાખવો જોઇએ. સુંદર સ્ત્રી જોતાંજ ગાંડા બની જવું એ વ્યાજબી નથી."

આ તિરસ્કારથી હું પાછો હઠયો; પરંતુ મ્હને એવો વિચાર આવ્યો કે, જેના મુખમાં સરળતા છે, નેત્રોમાં દયા છે, હાસ્યમાં પ્રેમ છે,

તે આટલી બધી નિષ્ઠુર ક્યાંથી હોઇ શકે?

એ રમણીએ કહ્યું:—"આપે આજે જે કાર્ય કર્યું છે તેને લીધે કદાચ તમારા સર્વસ્વનો નાશ થાય તેમ છે."

મ્હેં જીજ્ઞાસાથી પૂછ્યું:—"કારણ? મ્હેં એવું શું ખોટું કાર્ય કર્યું છે?"

"તમે શાહજાદીનો તિરસ્કાર કર્યો છે! તમે તેના રૂપ કરતાં તેની દાસીના રૂપની કીંમત વિશેષ દર્શાવી છે."

"શાહજાદીની આજ્ઞાથીજ મ્હેં મ્હારો અભિપ્રાય પ્રદર્શિત કર્યો છે."

"પરંતુ તમારે વિચાર કરીને અભિપ્રાય પ્રદર્શિત કરવાની જરૂર હતી."

"જે થવાનું હતું તે થઇ ગયું છે; પરંતુ હવે કાંઇ ઉપાય છે કે?"

"ઉપાય છેજ નહિ! હવે તો તમારે આ કાર્યના બદલામાં મરણને શરણ થવું પડશે. અનેક દાસીઓની વચ્ચે શાહજાદીનું આવું ભયંકર અપમાન કરવું એ કાંઇ સાધારણ ગુન્હો નથી!"

"પરંતુ મ્હને મરણને શરણ કરશે કોણ?"

"કોણ તે વળી શાહજાદી પોતે."

"તો પછી હું મરવાને માટે તૈયાર છું. આ જીવનમાં હું દુઃખ ભોગવતોજ આવ્યો છું. એક ક્ષણને માટે જે કાંઇ સુખ મળ્યું હતું તેનું ફળ મૃત્યુ છે. ઘણું સારૂં; હું મરવાને માટે તૈયાર રહીશ."

"પરંતુ તમારા એકલાનુંજ કાંઇ મરણ થનાર નથી સાહેબ! તમારી સાથે એક બીજા માણસનું પણ મરણ થશે."

"તે કોણ?"

"જેને જોતાંજ આપ મોહિત થયા છો. તમે જાણો છો કે શાહજાદીના રંગમહેલમાં માત્ર તેનોજ અધિકાર ચાલે છે. તેના રંગ-

મ્હેલમાં જે અપરાધ થાય છે તેનો ન્યાય પણ તે પોતેજ કરે છે. તમે દિલ્લીના સમ્રાટ્‌ના દરબારમાં રહેતા હતા, છતાં આ વાત જાણતા નથી એ ઘણું આશ્ચર્ય પામવા જેવું છે. આપે રાજકન્યાનું અપમાન કરી તેમની દાસીને સર્વશ્રેષ્ઠ સૌંદર્યવતી જણાવી છે. આ પ્રકારથી રાજકન્યાના ગુસ્સાની સીમા રહી નથી. જ્યાં સુધી સમશેરથી તમારૂં મસ્તક તમારા ધડથી જૂદું નહિ થાય ત્યાં સુધી શાહજાદીનો ક્રોધાગ્નિ શાંત થનાર નથી.”

હું હવે વિશેષ હકીકત સાંભળી શક્યો નહિ. મ્હેં એ રમણીની આગળ ધુંટણીએ પડી નમ્ર સ્વરે કહ્યું:—“ તમે ગમે તે હો; પરંતુ મ્હારો સંદેહ રાખશો નહિ. કહો, કહો, મ્હારી પ્રિયતમાનું તો હજુ સુધી શાહજાદીએ કાંઇ બગાડયું નથી ને ? ”

પેલી સ્ત્રીએ કહ્યું:—“ એ હું કાંઇ કહી શકું તેમ નથી; પરંતુ તે અત્યાર સુધીમાં બંદીવાન થઇ પડી છે એ તો મ્હારા જાણવામાંજ છે. ”

તરતજ મ્હેં મ્હારા કમરપટ્ટામાં ખોસેલી તીક્ષ્ણ કટાર બ્હાર કાઢી કહ્યું:—“ બીબીસાહેબા ! જો શાહજાદી મ્હારા લોહીની ધારાઓથી તૃપ્ત થાય તેમ હોય તો આ હૃદયનું લોહી હમણાંજ આપવાને તૈયાર છું. તમે મ્હારા લોહીને લઇ જઇ તેમને ભેટ આપજો. પરંતુ તેમને મ્હારી એટલી પ્રાર્થના નિવેદન કરજો કે, પેલી નિર્દોષ સુંદરીનું તે કોઇ પણ પ્રકારે અનિષ્ટ કરે નહિ.” આમ કહીને જેવો હું મ્હારી કટારથી મ્હારી છાતી ચીરી નાખવા જતો હતો એવામાંજ આ રમણીએ મ્હારા હાથમાંની કટાર ખુંચવી લીધી. પછીથી તેણે કહ્યું:—“ ઇસ્કાન્દાર સાહેબ ! આ શું કરો છો ? તમે સર્વે વાતમાં અધીરા બની જાઓ છો. તમારૂં ભાન જહન્નમમાં જતું રહ્યું છે. જો તેમ ન હોય તો અત્યાર સુધીમાં તમે મ્હને કેમ ન ઓળખો ? ”

આમ કહીને એ રમણીએ પોતાના મુખ ઉપરનો બુરખો ઉંચો કર્યો. મ્હેં આશ્ચર્ય સાથે જોયું તો એ રમણી બીજી કોઇ નહિ, પરંતુ શેખજીની પત્ની—કુલસમ હતી.

હું મ્હોટેથી બોલી ઉઠયોઃ—"કુલસમ! કુલસમ! ઘણું સારૂં થયું છે! મ્હેં તને પ્રથમજ રંગમહેલમાં જોઇ હતી; પરંતુ તે વખતે તને બરાબર ઓળખી શકયો નહોતો. શેખજી ક્યાં છે?"

કુલસમે કહ્યું:—"તેઓ આ શહેરમાંજ છે; પરંતુ એ સર્વ નકામી વાતોને હમણાં મુલતવી રાખો. હું તમને જે જરૂરી હકીકત જણાવું તે લક્ષ્યપૂર્વક બરાબર સાંભળો."

એકાદશ પરિચ્છેદ.

"ઘણાજ આશ્ચર્યની વાત! કુલસમ! તું આ બાજબહાદુરના રંગમહેલમાં કયાંથી આવી ચઢી?"

કુલસમે હસીને ઉત્તર આપ્યોઃ—"ખાનસાહેબ! તમે પણ અહિં કેવી રીતે આવી ચઢયા?"

મ્હેં કહ્યું:—"એ વાત હમણાં રહેવા દે; શું થયું છે તે જલદીથી કહે!"

"થવાનું શું હતું. બસ અતિ આનંદના સમાચાર છે."

"તો પછી મને બ્હીક કેમ બતાવતી હતી?"

"મ્હને એવો શોક થઇ આવ્યો હતો."

"અરે આમાં પણ શોક! કહે, કહે, પેલી બિચારીના રક્ષણનો ઉપાય શો છે?"

"કઇ બિચારીના?"

" જેને ઓળખ્યા સિવાય મ્હેં મ્હારો પ્રાણુ આપ્યો છે, જેને માટે હું શાહજાદીના ક્રોધાગ્નિનો ભોગ થઇ પડયો છું તેના ?"

" તેને ખુદા બચાવશે."

" પરંતુ તેને બંદીવાન બનાવી છે ને ? "

" તેને બંદીવાન બનાવવાની તાકાત કોનામાં છે ? "

" કુલસમ ! હું ત્હારી કાંઇ વાત સમજી શકતો નથી ! તુંજ કહેતી હતી કે, તેને અત્યાર સુધીમાં નિષ્ઠુર શાહજાદીએ બંદીવાન બનાવી છે. "

" નહિ, નહિ, એ વાત સર્વથા અસત્ય છે. મ્હેં તમને બ્હીક બતાવવાને માટેજ એમ કહ્યું હતું. "

" આટલી બધી નિષ્ઠુરતા રાખવી યોગ્ય નથી. ત્હેં નહિ જોયું કે, હું નિરાશાથી આત્મહત્યા કરવા તૈયાર થયો હતો ! "

" હું જીવતી જાગતી તમારી આગળ હાજર હતી એટલે પછી રક્તપાત કેમ થવા દઉં ? ઇસ્કાન્દાર સાહેબ ! તમે જેના રૂપ સૌંદયથી મોહિત બની જઇ પ્રાણુ આપવા તૈયાર થયા હતા તેજ શાહજાદી રૂબિયા છે ! તથા સિંહાસન ઉપર જે શાહજાદીનો વેશ લઇને બેઠી હતી તે શાહજાદીની દાસી હતી. "

આ વખતે મ્હને અસાધારણુ આશ્ચર્ય લાગ્યું. કુલસમની આ વાત મ્હને ખરી લાગી નહિ. મ્હેં વિરક્ત સ્વરે કહ્યું:—" કુલસમ ! બહુ નિષ્ઠુર ન થા; આ ઠઠ્ઠા મશ્કરીનો વખત નથી. "

કુલસમે કહ્યું:—" હું મશ્કરી નથી કરતી, ખરી હકીકત તમને નિવેદન કરૂં છું. શાહજાદી તમને જોતાંની સાથેજ ઓળખી ગઇ હતી. તમારી ઘાયલ સ્થિતિમાં તેમજ અચેતન અવસ્થામાં આ શાહજાદી રૂબિયાએજ તમારી સેવા–શુશ્રુષા કરી છે. મ્હેંજ તેને ખબર આપી હતી કે તમે આ રાજમહેલમાં છો. જે દિવસ તમે ઉદ્યાન-

માંથી " રૂબિયા " નામક બુમ પાડી હતી તેજ દિવસે તેણે તમને જોયા. ત્યાર પછી જે કાંઇ બન્યું છે, તે તમે જાણો છો, અને એ સઘળા બનાવોનું નાટક શાહજાદીની ઇચ્છાથીજ ભજવવામાં આવ્યું હતું."

મ્હેં તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યું:—" ઘણું સારૂં; પરંતુ કુલસમ બીબી ! તુ જ્યારે આ સર્વ હકીકત જાણતી હતી ત્યારે પછી ત્હેં મ્હને પ્રથમથીજ ચેતાવ્યો કેમ નહિ ? "

કુલસમે કહ્યું:—" હું તેમની ગમે એટલી પ્રિયપાત્ર છું તોપણ એક દાસીજ છું, અને તેથી તેમની ઇચ્છાનુસાર વર્તવું એજ મ્હારૂં કર્ત્તવ્ય છે એમ વિચારી મ્હેં તમને કાંઇ કહ્યું નહિ."

મ્હેં જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો:—" કુલસમ ! ત્યારે હવે કાંઇ ઉપાય રહ્યો છે કે ? "

કુલસમે ગંભીર મુખે કહ્યું:—" ઉપાય તો કાંઇ જણાતો નથી. ખાનસાહેબ ! તમે મહા સંકટમાં ફસાઈ પડયા છો ! "

" સંકટ સહન કરવા હું તૈયાર છું, પણ શાહજાદીનું શું ? "

" શાહજાદીને શિરે પણ કાંઇ સાધારણ સંકટ નથી આવ્યું. અહમ્મદનગરના સુલતાને શાહજાદીના હાથની માગણી કરી છે અને શાહજાદી અંતઃકરણથી તમને ચ્હાય છે "

" હું શાહજાદીના સુખમાં વિઘ્નકર્ત્તા થઇ પડવાની ઇચ્છા રાખતો નથી. તે પોતાના મનમાંથી મ્હારી આશાનો ત્યાગ કરે એવો યત્ન હું જાતેજ કરીશ."

" ત્યારે શું તમે નિરાશાથી આત્મહત્યા કરશો ? "

" ના, હું એટલો બધો બાયલો નથી. જો કુલસમ ! જીવનમાં કોઇના ઉપર હું મ્હારી ઇચ્છા પ્રમાણે પ્રેમ કરી શક્યો નથી. હવે જ્યારે એમજ જણાય છે કે, પ્રેમ કરવા જતાંજ દુઃખ આવી મળે—

છે તો પછી હું પ્રેમના માર્ગનો ત્યાગ કરીશ. પ્રેમના બીજા અનેક ઉચ્ચ આદર્શ છે. ”

“ ત્યારે તમારો ફકિરી લેવાનો વિચાર છે કે શું ”

“ હા, એમજ થશે. કાલેજ તું જાણી શકીશ કે ઇસ્કાન્દારખાન માળવાધિપતિના રાજમહેલનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે. ”

“ એતો ઘણી નિષ્ઠુરતા ભરેલી વાત કહેવાય. શાહજાદી રૂબિયાએજ એક દિવસે તમારા જીવનનું રક્ષણ કર્યું છે, એ તમારે ભૂલી જવું જોઇતું નથી.”

કુલસમનાં વચનોએ મ્હારા હૃદયને વિંધી નાખ્યું. તેને શો ઉત્તર આપવો એ હું સમજી શકયો નહિ. હું વિચારમગ્ન અવસ્થામાં શાંતિ તેમજ સ્થિરતાથી બેસી રહ્યો.

કુલસમે કહ્યું:—“ સાહેબ ! હવે સ્હવાર થવાને વિશેષ વિલંબ નથી. મ્હારે હવે રંગમહેલમાં જવું જોઇએ. શાહજાદીના કહેવાથીજ હું અત્રે આવી છું. તે પણ તમારા સમાચાર સાંભળવાને ઘણી આતુર હશે. તેણે તમારા ઉપર એક પત્ર મોકલાવ્યો છે; તમે શાહજાદીના પત્રમાં જણાવ્યા પ્રમાણે વર્તજો.”

આમ કહી કુલસમે પોતાનાં વસ્ત્રોમાં છુપાવેલા એક પત્રને બ્હાર કાઢી મ્હારા હાથમાં મૂકયો. હું આતુરતાથી એ પત્ર વાંચવા લાગ્યો.

પત્ર વાંચી રહી મ્હેં જોયું તો કુલસમ કાંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય ગુપચુપ ચાલી ગઇ હતી. મ્હેં રૂબિયાના પત્રને અનેક વખત ચુંબન કર્યું. ત્યાર પછી જે પેટીની અંદર હું મ્હારૂં જરજવાહિર રાખતો હતો તેમાં મ્હેં ઘણી સંભાળથી એ પત્ર મૂકયો, અને ત્યાર પછી હું શય્યાવશ થયો.

નિદ્રા આવતાં મ્હેં સ્વપ્નમાં જોયું કે, જાણે રૂબિયા આવી મ્હારા બન્ને હાથ પકડી કહે છે કે:—“ ઇસ્કાન્દાર ! ભય કોનો

છે ? પ્રેમ એ ખુદાનું પવિત્ર દાન છે. ખુદાની પ્રાર્થના કરો તે આપણા પ્રેમમાર્ગનાં સઘળાં સંકટો દૂર કરશે અને આપણું ઉભયનું પ્રેમમિલન થશે. "

દ્વાદશ પરિચ્છેદ.

આવા પ્રકારનાં અનેક સ્વપ્નો મ્હને થોડા સમયની તંદ્રામાં આવી ગયાં. સ્હવારે ઉઠીને હું કૉફી તેમજ નાસ્તો લઇ શાહજાદી તેમજ કુલસમ સંબંધીના વિચારોમાં મગ્ન હતો એવામાં એક સિપાહીએ આવી મ્હને સમાચાર આપ્યા કેઃ—" બાજબહાદુર આપને બોલાવે છે. "

તરતજ હું દરબારી પોષાક પહેરી માળવાધિપતિ બાજબહાદુરની પાસે જઇ પહોંચ્યો. મ્હારા મનમાં અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. મ્હેં વિચાર્યું કે, શું બાજબહાદુરે ગઇ કાલે રાત્રે બનેલી સર્વ હકીકત જાણી હશે ? ત્યારે શું આજે મ્હારા મરણનોજ દિવસ છે ! શું તેમણે મ્હને મ્હારા ગુન્હાની સજા ફરમાવવાને માટે પોતાની હુઝૂરમાં બોલાવ્યો છે ?

રૂબિયાના પત્રમાં લખેલું હતું કેઃ—

" પ્રિયતમ ! આજે પ્રભાતકાળે મ્હારે નર્મદા કિનારા ઉપર આવેલા શીશ મહેલમાં જવાનું છે. પિતાશ્રીની એવી આજ્ઞા છે. આ આજ્ઞા શાથી કરવામાં આવી છે તે સંબંધી હું કાંઇ જાણતી નથી. આપ કૃપા કરીને મિના મસ્જીદ પાસે હાજર રહેજો. એ સ્થળે કુલસમની સાથે તમારી મુલાકાત થશે. ત્યાર પછી જે કરવાનું છે તે સર્વ કુલસમજ કરશે. "

હું આ પ્રેમથી આમંત્રણ કરવા માટે આવેલા પત્ર સંબંધી વિચાર કરતો કરતો દરબારમાં હાજર થયો; પરંતુ મ્હેં જોયું તો તે દિવસનો દરબાર હમેશાંની રીત પ્રમાણે નહોતો સુલતાન સાહેબ બાજબહાદુર પોતાના સલાહભુવનમાંજ હતા.

મ્હેં ગુન્હેગારની માફક કુરનસ બજાવી નમ્ર ભાવે કહ્યું:—
"જહાંપનાહનો હુકમ ઉઠાવવા આ ગુલામ સદા તૈયાર છે."

બાજબહાદુરે કહ્યું:—"ઇસ્કાન્દાર ! આજે તમને એક મહાન્ કાર્ય સોંપવામાં આવે છે. અહમ્મદનગરના સુલતાન થોડા સમયમાંજ મ્હારા જમાઇ થનારા છે. તેમને માનસહિત અહિં લઇ આવવાને માટે અનેક પ્રકારની ભેટની સામગ્રી સાથે લઇને તમારે અહમ્મદનગર જવાનું છે. તમારી સાથે બસો ઘોડેસ્વારોનું સૈન્ય આવશે. તમારે એ સર્વ સૈન્યના સેનાધિપતિ તરીકે જવાનું છે."

મ્હેં સલામ ઉપર સલામ કરી કહ્યું:—"જહાંપન્નાહની આજ્ઞાનું પાલન કરીને હું કૃતાર્થ થઇશ; પરંતુ અમારે ક્યારે તૈયાર થવાનું છે ?"

બાજબહાદુરે ગંભીર સ્વરે કહ્યું:—"આજે સંધ્યાકાળે ! સુલતાન અડધે રસ્તે છાવણી નાખી તમારી રાહ જોશે. તમારે ઠેઠ અહમ્મદનગર સુધી જવું પડશે નહિ. આ સંબંધીના સમાચાર આજે સ્હવારે એક ઘોડેસ્વાર મોકલી તેમને પહોંચાડવામાં આવ્યા છે. હું આશા રાખું છું કે તમે આપણા માનને જાળવી રાખી આ કાર્ય ઉત્તમ પ્રકારે કરી શકશો !"

આ વચનો સાંભળતાંની સાથેજ મ્હારો જીવ કંપી ઉઠયો. માથા ઉપર સખ્ત આઘાત થયો. મ્હારી રગેરગમાં અગ્નિ સળગી ઉઠયો. ઉત્તેજનાથી મ્હારૂં મુખ લાલચોળ બની ગયું; પરંતુ મ્હારો આત્મભાવ મહા મુશ્કેલીથી છુપાવીને મ્હેં કહ્યું:—"જનાબની બીજી શી આજ્ઞા છે ?"

બાજબહાદુરે હસીને કહ્યું:—" બીજી કાંઇ આજ્ઞા નથી; પરંતુ જોજો, વિના કારણ રસ્તે રોકાશો નહિ. તમને જઇ પહોંચતાં વિલંબ થશે તો હું સુલતાન આગળ જૂઠ્ઠો ઠરીશ. આજે સંધ્યા સમય પૂર્વેજ તમે ઉપડી જવાની તૈયારી કરો એવી મ્હારી ઇચ્છા છે."

કુરનસ બજાવી, કંપતા હૃદયે માળવેશ્વર પાસેથી રજા લઇ હું ચાલ્યો આવ્યો.

મ્હારા સ્થાનકે આવી મ્હેં વિધાતાને ઘણો ધન્યવાદ આપ્યો; કારણ કે ગઇ કાલે રાત્રે બનેલી હકીકત બાજબહાદુરના જાણવામાં આવી નહોતી; પરંતુ ભાગ્યચક્રની વિચિત્ર લીલાને લીધે હું આજે બીજા એક મ્હોટા સંકટમાં સપડાયો છું. આ સંકટનો વિચાર કરતો કરતો હું બરાબર ઉન્મત્ત બની ગયો.

ભાગ્યનો જો કોઇ પ્રત્યક્ષ આકાર હોત તો હું તેને પગે પડીને કરગરત કે:—" હે ભાગ્ય ! દુનિયામાં આટલા બધા લોકો છે; છતાં તુ મ્હને આટલી બધી નિષ્ઠુરતાથી શા માટે દુઃખી કરે છે ? "

જે રૂબિયાને માટે હું ઉન્મત્ત બન્યો છું, જેનાં બીજી વખત દર્શન કરવાથી તેની સાથે મિલન થાય એવી આશા બંધાઇ છે, તે રૂબિયાના ગુલામને યોગ્ય પણ હું નથી. અરેરે ! આજે ભયંકર ભાગ્યચક્રને લીધે તેના પ્રેમપૂર્ણ આમંત્રણને હું માન આપી શકું તેમ નથી.

આવા વિચારોને લીધે મ્હારૂં મસ્તક ઘણું ઉત્તેજિત બની ગયું. મ્હેં દરબારી પોષાક ઉતારી નાખ્યો. ગુલામ ઉત્તમ સુગંધીદાર તમાકુનો હુક્કો ભરી લાવ્યો. આમ છતાં તમાકુ બરાબર તૈયાર થઇ નહોતી તેથી મ્હેં વિના કારણ ગરીબ બિચારા નોકર ઉપર ગુસ્સે ભરાઇ હુક્કાને લાત મારી ગબડાવી દીધો. મ્હને જે જે ભોજન પદાર્થો ઘણા પ્રિય હતા તે તેણે મહા મહેનતે તૈયાર કર્યા હતા. તેના હાથનું ભોજન મ્હને ઘણું પસંદ હતું; પરંતુ આજે એ સર્વ ભોજન પદાર્થો મ્હને

ભાવ્યા નહિ. મ્હેં નોકરને બે ચાર કટુ વચનો સંભળાવી ભોજનનો થાળ દૂર સરકાવી દીધો.

પૃથિવી ઉપર સૂર્યદેવતા પ્રકાશી રહ્યા હતા તો પણ મ્હને સમસ્ત જગત્ ભયંકર અંધકારમય ભાસતું હતું. પંખીઓ તરૂલતાઓ ઉપર સુમધુર ગાન ગાતાં હતાં તે ગાન મ્હને તદ્દન સુર વિનાનું જણાતું હતું. આનંદદાયક વાયુ આજે મ્હને દુઃખદાયક જણાતો હતો.

સમસ્ત વિશ્વના સમ્રાટ્‌ને માટે પણ સમય રોકાઇ રહેતો નથી તો પછી મ્હારા જેવા એક સાધારણ માણસને માટે તો તે ક્યાંથીજ રોકાઇ રહે? હું વિવિધ વિચારોમાંને વિચારોમાં હતો; પણ સૂર્યદેવતા પશ્ચિમ દિગ્વધૂને આલિંગન કરી છુપાઇ ગયા. આ સમયે એક સિપાહીએ આવી મ્હને કહ્યું:—" જનાબ ! સઘળું સૈન્ય તૈયાર થઇ રાજમહેલ આગળ આવેલા મયદાનમાં આપની રાહ જોઇ રહ્યું છે."

હું નિરૂપાયે સૈનિકનાં વસ્ત્રો પહેરી, ચિંતાતુર ચિત્તે સહજ પણ ઉત્સાહ સિવાય મ્હને સોંપેલું કાર્ય કરવા નીકળી પડયો.

ત્રયોદશ પરિચ્છેદ.

રાજધાનીથી ત્રણ માઇલ દૂર આવેલા નિશારતપુર નામના મયદાન આગળ જ્યારે મ્હારૂં સૈન્ય જઇ પહોંચ્યું, ત્યારે સંધ્યા થઇ. મ્હેં મ્હારા હાથ નીચેના એક સરદારને બોલાવીને કહ્યું:—" આ સ્થળેજ આજે છાવણી નાખો. થોડા કલાક સુધી અત્રે વિશ્રામ કરી પ્રભાતકાળ પહેલાં તો આપણે આગળ કૂચ કરીશું."

મ્હારી આ આજ્ઞા તરતજ અમલમાં મૂકાઇ. હું એકાંત તંબુમાં બેસી વિવિધ વિચારો કરવા લાગ્યો. રાજધાનીમાંથી નીકળતી વખતે

નર્મદા કિનારા ઉપર આવેલો શીશ મહેલ મ્હારી નજરે પડયો હતો. હું એકાંત ચિત્તે સુવર્ણપ્રતિમા રૂબિયાનો વિચાર કરવા લાગ્યો; પરંતુ ચિંતાના સમુદ્રમાં કાંઇ આધાર મેળવી શકયો નહિ.

બળ્યું ભાગ્ય ! મ્હારૂં કેવું દુર્દૈવ ! મ્હારા જીવની આશા, આનંદી પ્રેમમૂર્ત્તિ રૂબિયા મ્હને મળવાને માટે કેટલી બધી આતુર બની ગઇ હશે ! પરંતુ જ્યારે તે સાંભળશે કે, હું સમય અનુસાર દર્શાવેલે સ્થળે હાજર થયો નથી ત્યારે તે પોતાના મનમાં શું વિચારશે ? એ શાહજાદી છે, અને હું એક સાધારણ સેનાપતિ છું. વળી અહમ્મદનગરના સુલતાને તેના હાથની માગણી કરી છે. ભાગ્યક્રમે એજ સુલતાનને બોલાવી લાવવાને માટે મ્હારે જવું પડે છે. અરેરે! ભાગ્ય ! છેકજ નિષ્ઠુર થઇને શા માટે મ્હને દુઃખી કરે છે !

ચાંદની રાત્રિ પ્રકાશિત ચંદ્રદેવને જોઇ મધુર હાસ્ય કરી રહી હોય એમ જણાય છે. સમસ્ત પ્રકૃતિ ઉજ્વળ ચંદ્રપ્રકાશથી સુખસ્વપ્નમાં મ્હાલી રહી હતી; છતાં હું ચિત્તદમન કરી શકયો નહિ. અનેક વિચારોને અંતે હું ઘોડેસ્વાર થઇ ચુપકીદીથી છાવણીમાંથી નીકળી પડયો. હું છાવણીનો ત્યાગ કરી બીજે કોઇ સ્થળે ચાલ્યો જાઉં છું એવી કોઇને પણ ખબર પડી નહિ.

છાવણીનો ત્યાગ કરી પૂરવેગથી ઘોડાને દોડાવતો દોડાવતો હું રાજધાનીમાં આવી પહોંચ્યો. મ્હારો ઘોડો પશીનાથી ભીંજાઇ ગયો હતો અને મ્હારા મુખ ઉપર પસીનાનાં બિંદુઓ ઉપસી આવ્યાં હતાં. અડધા કલાકમાં તો હું મિનામસ્જીદ પાસે આવી પહોંચ્યો.

ઘોડાને એક વૃક્ષ સાથે બાંધી હું મસ્જીદની પાસે ગયો. જે સ્થાને મ્હને હાજર રહેવાનું શાહજાદીએ જણાવ્યું હતું તે આજ સ્થાન હતું; પરંતુ કોઇ ત્યાં આગળ હાજર નહોતું !

કેટલાક સમય સુધી હું એ સ્થળે ઉભો રહી વિવિધ પ્રકારના

વિચારો કરવા લાગ્યો. એવામાં કોઇએ મ્હારી પાસે આવીને કહ્યું:– "સાહેબ ! આપને આટલો બધો વિલંબ કેમ થયો ?"

આ કંઠસ્વર કુલસમનો નહોતો !

મ્હેં પ્રશ્ન કર્યો:–" તું કોણ છે ? કુલસમ ક્યાં છે ?"

તેણે કહ્યું:–" કુલસમ કાંઇ જરૂરી કારણને લીધે આવી શકી નથી. તેને બદલે શાહજાદીએ મ્હને મોકલી છે. આપને સંદેહ રાખવાનું કાંઇ કારણ નથી. મ્હારી સાથે પધારો."

મ્હેં પૂછ્યું:–" આ ઝાડ સાથે મ્હેં મ્હારો ઘોડો બાંધ્યો છે, તેને છોડી લઉં કે ?"

તેણે ઉત્તર આપ્યો:–" કાંઇ જરૂર નથી. આ સ્થળેથી રાત્રિના સમયે કોઇ જતું આવતું નથી. વળી બાજબહાદુરના રાજ્યમાં કોઇ પણ પ્રકારના ઉપદ્રવની ચિંતા રાખવી નિરર્થક છે. કોઇ પણ તેમના સૈનિકનો અશ્વ ચોરી જવાની હીંમત ચલાવી શકે તેમ નથી. આપે ઘણો વખત ગુમાવ્યો છે. જલદીથી મ્હારી સાથે પધારો."

મ્હારા ભાગ્ય ઉપર હું કદાપિ ભરોસો રાખતો નહિ તેથી આજે પણ રાખ્યો નહિ. સંદેહનું કાંઇપણ કારણ નહિ હોવા છતાં જાણે કે મનમાં એક પ્રકારનો પ્રબળ સંદેહ થઇ આવ્યો. કોઇ જાણે કહેવા લાગ્યું કે:–" સાવધાન ! ફરીથી તું રમણીના રૂપમોહથી મુગ્ધ બની જઇ કર્ત્તવ્યને ભૂલી જાય છે ! ફરીથી તું ભાગ્યચક્રમાં ફસાઇ પડવાનો યત્ન કરે છે !"

આવા પ્રકારના સંદેહથી મ્હારૂં મન ઘણું દુઃખી થવા લાગ્યું. હું કાંઇ પણ બોલ્યાચાલ્યા સિવાય ચિંતાતુર ચિત્તે દાસીની પાછળ પાછળ જવા લાગ્યો. જેમ જેમ આગળ જતો હતો તેમ તેમ મનની ચિંતા વધતી જતી હતી. ધીમે ધીમે હું દાસીની પાછળ પાછળ ચાલતો નર્મદા કિનારા ઉપર આવેલા વિશાળ શીશ મહેલની નજીક જઇ

પહોંચ્યો; છતાં ઘણી ચિંતાને લીધે મ્હેં આવેગથી દાસીને કહ્યું કે:— "હું હવે ત્હારી સાથે આવતો નથી. તું શાહજાદીને મ્હારા તરફથી અંતઃકરણની કૃતજ્ઞતા દર્શાવીને નિવેદન કરજે કે, હું માળવાધિપતિનો સેનાપતિ થઇને મ્હારા કર્તવ્યથી વિમુખ થઇ શકીશ નહિ. તેઓ મ્હને ક્ષમા કરે એટલે થયું."

દાસી જાણે એ દિવસની સઘળી વાત જાણતી હોય તે પ્રમાણે તેણે કહ્યું:—"જેમણે શાહજાદી થઇને એક સુલતાનની ઉપેક્ષા કરી, તમને પોતાના પ્રેમના અધિકારીનું સ્થાન આપ્યું છે તેમને નિરાશ કરવાં એ શું આપનું કર્તવ્ય છે કે? જેમણે એક દિવસે આ સ્થાનેથી તમને બેભાન સ્થિતિમાંથી લઇ જઇને જીવનદાન દીધું છે, તેમની સાથે આવો નિષ્ઠુર વ્યવહાર ચલાવવો એ શું તમારે માટે યોગ્ય છે કે?"

દાસીના આ તિરસ્કારથી હું શરમાઇ ગયો. મ્હેં તેને કહ્યું:— "ચાલ ! હું ત્હારી સાથે આવવાને તૈયાર છું. મ્હારા ભાગ્યમાં જે નિર્માણ થયું હશે તે થશે; પરંતુ હું શાહજાદી રૂબિયાની વિનંતિને માન આપીશજ."

અમે એક ગુપ્તદ્વારમાં થઇને મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાર પછી દાસી મ્હને બીજે મજલે લઇ ગઇ. મ્હને જે ઓરડામાં બેસાડયો તે ઓરડામાં બીજું કોઇ નહોતું.

હમણાંજ પ્રેમમયી રૂબિયાનાં દર્શન થશે એવી આશાથી મ્હારો જીવ આનંદથી નાચવા લાગ્યો. જગત મ્હારી નજર આગળ જાણે કે આનંદમય બની ગયું. જાણે કે વાદળાંઓ નીચે છુપાઇ રહેલી ચાંદની, પૂર્ણિમાના ઉજ્વળ પ્રકાશથી પ્રકાશિત બની ગઇ. મહેલની પાસેના ઉદ્યાનમાં આવેલાં વૃક્ષો ઉપર પંખીઓ જે ગાન ગાતાં હતાં તે ગાન મ્હને ઘણાં મધુર જણાવા લાગ્યાં. હું ભૂત ભૂલ્યો અને વર્તમાનમાં ડૂબ્યો. ભાવી ભયની ભાવના રાખ્યા સિવાય વિદ્યમાન

સુખના વિચારોમાં આનંદમગ્ન બની ગયો. મનમાં વિચાર્યું કેઃ—"કોનો ભય છે? લાંબી રાત્રિના માત્ર બેજ પ્રહરો વીતી ગયા છે. પ્રભાતકાળ થતાં પૂર્વે તો હું છાવણીમાં જઇ પહોંચીશ, એટલે પછી શી હરકત છે? અરેરે! મ્હારા વિચિત્ર ભાગ્ય! આ વખતે પણ ત્હેં મ્હને છેતર્યો કેમ?"

ચતુર્દશ પરિચ્છેદ.

મ્હારી જીજ્ઞાસા ભરેલી આશા નિષ્ફળ થઇ નહિ. કુલસમે મ્હારી પાસે આવી પહોંચીને હસતાં હસતાં કહ્યુંઃ—" તમે આજ અહિં આવી શકશો. એવો શાહજાદીને વિશ્વાસ નહોતો. વળી તમે અહિં આવ્યા છતાં તમાસાથી વધારે વખત રોકાઇ રહેવાય તેમ નથી એ માટે પણ તે દિલગીર છે. તે તમને યાદ કરે છે. મ્હારી સાથે આવો."

મ્હારૂં હૃદય કંપી ઉઠયું. શરીરમાં જાણે કે વિજળીના જેવું એક પ્રબળ આંદોલન થઈ આવ્યું. મિલનના આનંદથી અને વિરહના અવસાનથી હૃદયમાંનો આનંદપ્રવાહ પ્રબળવેગથી સમસ્ત શરીરમાં વહેવા લાગ્યો. હું પ્રેમમૂર્ત્તિ રૂબિયાનાં દર્શન કરવાની આતુરતાથી પ્રફુલ્લ ચિત્તે તેની પાછળ જવા લાગ્યો.

આશાપૂર્ણ હૃદયે મ્હેં રૂબિયા જે દિવાનખાનામાં હતી તે દિવાનખાનામાં પ્રવેશ કર્યો. આ દિવાનખાનામાં સુરસુંદરી રૂબિયા એક સૉફા ઉપર બેઠી બેઠી પોતાની રૂપજ્યોતિથી સમસ્ત દિવાનખાનાને પ્રકાશિત કરી રહી હતી. અનંતકાળ સુધી તેના સૌંદર્યનું દર્શન કરવામાં આવે તોપણ આત્મા તૃપ્ત થાય તેમ નહોતું. મ્હને જોતાંની સાથેજ રૂબિયા આસનનો ત્યાગ કરી ઉઠી ઉભી થઇ. મ્હેં પ્રેમમુગ્ધ

સ્વરે કહ્યુંઃ-"સુંદરી ! એક વખત તમારા આ કોમળ કરપલ્લવને પકડી આ અધમને કૃતાર્થ થવા દ્યો."

રૂબિયાએ જોયું કે, કુલસમ ચાલી ગઇ છે, તેથી તેણે મ્હારો જમણો હાથ પકડી મ્હને તેણે પોતાની પાસે સૉફા ઉપર બેસાડયો, અને મૃદુ સ્વરે કહ્યું:-"સાહેબ ! તમે જાણો છો કે આ હૃદય તમારાજ ચરણોમાં ઉત્સર્ગ કરવામાં આવ્યું છે ! મ્હારે રાજ્ય જોઇતું નથી, ઐશ્વર્ય જોઇતું નથી, ધનરત્ન મેળવવાની ઇચ્છા નથી; હું માત્ર આપનેજ ચ્હાઉં છું. આપનેજ મેળવવાની અભિલાષા રાખું છું. આપ જ્યારે આહત સ્થિતિમાં અત્રે આવ્યા હતા ત્યારે રાત્રિ દિવસ આ દાસીએ આપની સેવા કરી છે. અરેરે ! એ સેવાએજ મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે."

મ્હેં કહ્યુંઃ—"દેવી ! તમારી દયાથીજ આ જીવનનું રક્ષણ થયું છે. આ હતભાગ્ય જીવન ઉપર તમારી સંપૂર્ણ સત્તા છે. જો કદાચ હું એક દિવસને માટે પણ તમને સુખી કરીશ તો એમ સમજીશ કે, મ્હેં મ્હારા ઉપર થયેલા અસાધારણ ઉપકારનો કાંઇક અંશે બદલો વાળ્યો છે; પરંતુ હું ઘણો દુર્ભાગી છું. તમને પ્રાપ્ત કરવાને માટે હું શક્તિમાન નથી. મ્હારી આશા ફળિભૂત થાય એમ મ્હને લાગતું નથી."

રૂબિયાએ કહ્યુંઃ—"કેમ, પ્રિયતમ ! તમારી આશા કેમ ફળિભૂત નહિ થાય ?"

મ્હેં નિરાશાસૂચક સ્વરે કહ્યુંઃ—"અહમ્મદનગરના સુલતાને તમારા હાથની માગણી કરી છે. બાદશાહ નામવર તેને કન્યાદાન દેવાને તૈયાર છે. હવે હું આ પ્રકારમાં મ્હારા સુખની આશા કયાંથી રાખી શકું ?"

મ્હારાં વચનો સાંભળવામાં આવતાં રૂબિયાનું મુખ મલિન થઇ

ગયું. તેના ઓષ્ઠધરો નિરાશાથી ધીમે ધીમે હાલવા લાગ્યા. રૂબિયાએ થોડા સમય સુધી કાંઇ વિચાર કરીને કહ્યું:-"મ્હેં તમને મ્હારા હૃદયનું દાન દઇ દીધું છે. આ હૃદયમાં તમારી મૂર્તિની સ્થાપના કરી તેની પૂજા કરૂં છું. બાજબહાદુરની કન્યા થઇને હું મ્હારા ધર્મથી ડગીશ નહિ. હું એ દુષ્ટ સુલતાનના તરફ અંતઃકરણથી તિરસ્કારની નજરે જોઉં છું. પિતાશ્રી કોઇ પણ પ્રકારે મ્હારી ઇચ્છા વિરૂદ્ધ વર્તવામાં સફળ મનોરથ થવાના નથી. ઇસ્કાન્દાર ! પ્રિયતમ ! મ્હારા ગળામાંનો આ હાર હું તમારા ગળામાં પહેરાવું છું. યાદ રાખજો કે એજ આપણા વિવાહનું ચિહ્ન છે! ખુદા તેમજ આ સ્નેહમયી પ્રકૃતિ આપણા આ શુભમિલનના સાક્ષિ સ્વરૂપ છે. આજથી હું તમારા ચરણોની દાસી થાઉં છું. રાજરાણી થવાની મ્હારી ઇચ્છા નથી."

રૂબિયાનાં આવાં અપૂર્વ પ્રેમમય વચનો સાંભળી મ્હેં તેને દૃઢ આલિંગન કર્યું.

સુગંધી ગુલાબમાં કાંટા હોય છે, સુંદરી વિજળીનામાં પણ જ્વાળામય વજ્ર, હોય છે, શીતળ સાગરમાં વડવાનળ છે તેજ પ્રમાણે પ્રેમમાં પણ વિરહની દારૂણ વેદના હોય છે. એ વેદના ટુંક સમયમાં આવી અસહ્ય થઇ પડશે તે હું પ્રથમ સમજી શકયો નહોતો.

અમે જે સમયે આવી રીતે અપૂર્વ આનંદ ભોગવતાં હતાં તે સમયે એકાએક કુલસમે વ્યાકુળ સ્થિતિમાં અમારી પાસે આવી અસ્પષ્ટ સ્વરે કહ્યું:—" શાહજાદી ! ભોગ મળ્યા ! બાદશાહ પધાર્યા છે. હવે કાંઇ ઉપાય !"

વિજળીનો કડાકો થતાં આકાશ જેવી રીતે ધ્રુજી ઉઠે તેવી દશા મ્હારી થઇ ગઇ. રૂબિયાએ કહ્યું:—" કુલસમ ! ત્યારે હવે કયા ઉપાયથી રક્ષણ કરવું ?"

કુલસમે ઉત્તર આપ્યો:—" એમને તમારા સૂવાના ઓરડામાં છુપાવી રાખો. બાદશાહ ત્યાં કદાપિ જતા નથી."

હું જલદીથી રૂબિયાના સૂવાના ઓરડામાં જવા નીકળ્યો; પરંતુ જેવો હું રૂબિયાના દિવાનખાનાના દ્વાર આગળ જઇ પહોંચ્યો તો મ્હેં મ્હારી આગળ એક હષ્ટપુષ્ટ માણસને જોયો. હું પલાયન કરી જવાની તૈયારીમાં હતો એવા સમયે એ વીર પુરૂષે પોતાના મ્યાન-માંની તેજસ્વી તરવારને બ્હાર ખેંચી કાઢી ભયંકર સ્વરે પ્રશ્ન કર્યો:—
"કોણ છે તું ?"

હું કાંઇ પણ ઉત્તર આપ્યા સિવાય પત્થરની પ્રતિમા પ્રમાણે જ્યાં હતો ત્યાંને ત્યાંજ ઉભો રહ્યો. સમગ્ર બ્રહ્માંડ મ્હારી નજરે ભમવા લાગ્યું.

ઉપરનો સ્વર સાંભળી હું સમજી ગયો કે હું માળવેશ્વરના પંઝામાં ફસાઇ પડયો છું. હવે મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત થયા સિવાય રહેશે નહિ.

માળવેશ્વરે પોતાની સાથેના એક અંગરક્ષકને દીવો લાવવાની આજ્ઞા કરી. વિના વિલંબે તે એક દીવો લઇ આવ્યો. બાજબહાદુરે એ દીવાના પ્રકાશથી મ્હને પિછાની જઇને કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! તમે અહિં ક્યાંથી ? માળવેશ્વરની કન્યાના મહેલમાં તમારા જેવા નિમકહરામ નોકરે કયા સાહસથી પ્રવેશ કર્યો છે ?"

મ્હેં બાદશાહને પગે પડી તેમના પગના અંગુઠાને ચુંબન કરી ચકિત સ્વરે કહ્યું:—"જહાંપનાહ ! આ સમયે હું ગુન્હેગાર છું. આપની ઇચ્છામાં આવે તે સજા મ્હને કરો ! મ્હારો જીવ જશે તે હું કબૂલ કરીશ; પરંતુ શા ઉદ્દેશથી હું અત્રે આવ્યો હતો તે કદાપિ આપ નામદારને નિવેદન કરનાર નથી."

માળવેશ્વરની આજ્ઞાથી તરતજ તેમના અંગરક્ષકોએ મ્હને કેદ કર્યો. ત્યાર પછી બાજબહાદુરે દ્વાર પાસે આવેલા છજામાંજ આસન લઇ ઘણા કઠોર સ્વરે બૂમ મારી કે:—"કુલસમ !"

પંચદશ પરિચ્છેદ.

કુલસમ કંપતી કંપતી માળવાધિપતિની આગળ આવી પહોંચી, તથા તેણે ઘણીજ નમ્રતાથી એક કુરનસ બજાવી.

બાજબહાદુરે કઠોર સ્વરે કહ્યું:—" ચાંડાલિની ! ત્હારી તો હવે ઘણી માઠી દશા થનાર છે એ ચોક્કસ સમજજે. કહે, કે ખરી વાત શી છે? આ શયતાન, નિમકહરામ ઇસ્કાન્દારખાન, મ્હારી કન્યાના દિવાનખાનામાં કયાંથી ?"

કુલસમે કંપતાં કંપતાં કહ્યું:—" જહાંપનાહ ! આ પ્રકારમાં શાહજાદીનો બિલકુલ અપરાધ નથી, તેમજ ઇસ્કાન્દાર સાહેબનો અપરાધ નથી. સઘળો અપરાધ મ્હારો પોતાનોજ છે."

એવામાં એકાએક ઉન્માદિનીની માફક રૂબિયા પિતાની પાસે આવી પહોંચી, રૂદન કરતી કરતી કહેવા લાગી:—" પિતા ! રાજ્યરાજ્યેશ્વર ! એક ન્યાયી રાજા તરીકે પ્રજા આપના તરફ અંતઃકરણથી ઘણો પ્રેમ રાખે છે. હું આપની કન્યા હોવા છતાં—પ્રજા છું. હું આપની પાસે ન્યાય માગું છું. આ ઇસ્કાન્દારખાનમાં એવું સાહસ નથી કે તેઓ તેમને બોલાવ્યા સિવાય બાજબહાદુરની કન્યાના દિવાનખાનામાં આવી શકે ? મ્હેંજ તેમને પત્ર લખ્યો હતો. મ્હેં દાસી મોકલી તેમને અત્રે બોલાવ્યા હતા. એટલુંજ નહિ, પરંતુ શહેનશાહ ! મ્હેં મ્હારો કંઠહાર તેમના ગળામાં નાખી મ્હેં તેમને મ્હારા પતિ તરીકે સ્વીકાર્યા છે !"

" ઠીક છે, કલંકિની ! હું આજે ત્હારી વિનંતિ પ્રમાણે ન્યાય કરીશ. જ્યારે ત્હેં મ્હારી ઇચ્છા વિરૂદ્ધ એને સ્વામી તરીકે સ્વીકાર્યો છે, રાજપૂતનો ત્યાગ કરી એક નિમકહરામ નોકરને ત્હારો પતિ માન્યો

છે, અને તેમ કરીને ત્હેં મ્હારા વંશના ગૌરવને કલંકિત કર્યું છે, તો પછી હું પોતેજ એકાએક તને વિધવા કરીશ."

આમ કહીને બાદશાહે પોતાની તરવાર મ્હારા મસ્તક ઉપર ધરી.

હું ક્ષણમાત્રમાં નીચે બેસી ગયો, તથા તેમના પગના અંગુઠાને ચુંબન કરીને મ્હેં દીનતાથી કહ્યું:—" જહાંપનાહ ! આ મસ્તકને ભલે આપ ધડથી જૂદું કરી નાખો. શાહજાદી આ પ્રકારમાં બિનગુન્હેગાર છે."

આ સમયે કોઇ સ્થળેથી એક ભગવાં વસ્ત્રોથી વિભુષિત થયેલી સર્વશ્રેષ્ઠ સુંદરીએ જલદીથી આવી પહોંચી બાદશાહના હાથમાંની તરવાર પોતાના હાથમાં પડાવી લઇ તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યું:—" બાજબહાદુર ! એક દિવસે તમે બન્ને હાથ જોડી મ્હારી પાસે કૃપાની યાચના કરી હતી. આજે હું પણ તમારી પાસે હાથ જોડી, આ યુવકના અને તમારી કન્યાના જીવનની ભિક્ષા માગું છું. સમ્રાટ્ ! મ્હારી ભિક્ષાને કબૂલ કરો."

આ આવનારી રમણીને બાજબહાદુર સિવાય બીજું કોઇ ઓળખી શક્યું નહિ. માળવેશ્વરે રમણીની ભિક્ષા કબૂલ કરી. રમણીએ તીક્ષ્ણ તરવાર માળવેશ્વરના મ્યાનમાં સરકાવી દીધી. ત્યારપછી માળવેશ્વરે આવનાર રમણી તરફ નજર કરી પ્રશ્ન કર્યો:—" તમે ! તમે ! આવા વેશમાં ! તમે અત્યારે અહિં કેવી રીતે આવી ચઢયાં ?"

રમણીએ ઉત્તર આપ્યો:—" સર્વ હકીકત આપને કહીશ. કાલે રાત્રે તમને એકાંતમાં મળી સર્વ બાબતનો ખુલાસો કરીશ. હું તમારી રાજરીતને અટકાવવાની ઇચ્છા રાખતી નથી. તમારે ઇસ્કાન્દારખાનને કેદમાં રાખવા હોય તો ભલે રાખો; પરંતુ તેમનો જીવ લેશો નહિ. રાજરાજેશ્વર ! મ્હારા હાથને સ્પર્શ કરી પ્રતિજ્ઞા કરો કે તમે મ્હારી વિનંતિ સ્વીકારશો ! "

બાજબહાદુરે મુગ્ધસ્વરે કહ્યું:—“ એક દિવસે જ્યારે તમારા ચરણોમાં મ્હારૂં સર્વસ્વ આપવાની મ્હેં ઇચ્છા કરી હતી, જ્યારે તમારી પાસે આત્મવિક્રય કર્યો હતો ત્યારે પછી હું તમારી આ સામાન્ય વિનંતિને અમાન્ય કરી શકતો નથી. હું કુલસમ તથા ઇસ્કાન્દારને કેદની શિક્ષા કરૂં છું. મ્હારી કન્યાના ગુન્હાનો વિચાર હું પછીથી કરીશ.”

એ રમણીએ કાંઇ પણ બોલ્યા સિવાય મસ્તક નીચું કરી બાજબહાદુરને માન આપ્યું, અને ક્ષણ માત્રમાં તો તે ત્યાંથી ચાલી ગઇ !

પહેરગીરો મ્હને તેમજ કુલસમને લઇને કારાવાસ તરફ ચાલી નીકળ્યા. બાજબહાદુરે પણ શાહજાદીના મહેલનો ત્યાગ કર્યો. આથી કરીને એ મહેલમાં રહી, માત્ર રૂદન કરતી, ભયથી ધ્રુજતી રૂબિયા ! હું રૂબિયાના વિચારો કરતો કરતો દારૂણ મર્મવેદના ભોગવવા લાગ્યો. તથા વિચારી શક્યો નહિ કે, પેલી સર્વશ્રેષ્ઠ ભગવતી રમણી કોણ હતી ?

ષોડશ પરિચ્છેદ.

બાજબહાદુરની આજ્ઞાથી હમણાં હું કારાગારમાં પડેલો એક હતભાગ્ય કેદી છું; પરંતુ આ સમયની કેદની વેદના ઘણી ભયંકર છે. મ્હને પૃથિવીના ગર્ભમાં આવેલી એક અંધકારમય પત્થરની ગુહામાં કેદ કરવામાં આવ્યો છે, કે જે સ્થળે પ્રકાશ નથી, વાયુ નથી, મનુષ્ય નથી તેમજ પ્રેતનો પદશબ્દ પણ નથી. એક ભીષણ અંધકારમય પ્રેતપુરીમાં માત્ર હું એકલોજ છું.

સૂર્યનું એક પણ કિરણ જોઇ શકાતું નથી. આવી અવસ્થામાં કેટલા દિવસો વીત્યા તેની પણ મ્હને માહિતી નથી. મ્હને એક ફાટી તૂટી કામળ સુઇ રહેવાને માટે આપેલી છે. જ્યારે લોહી ચુસી લેનારી ચિંતાથી શરીર અને મન ઘણું થાકી જાય છે. ત્યારે નહિ જેવી નિદ્રા આવે છે.

દરરોજ એક માણસ હાથમાં દીવો લઇને કાંઇ ખાવાનું મૂકી જાય છે. તેને જો હું કાંઇ પ્રશ્ન કરૂં છું તો તે બિલકુલ ઉત્તરજ આપતો નથી. ખોરાક ઉપર પણ મ્હારી રૂચિ થતી નથી. કોઇ દિવસે નહિ જેવું ખાઉં છું તો કોઈ દિવસે ભૂખ્યે પેટ પડયો રહું છું.

મ્હારા પોતાના ભવિષ્યની મ્હને બિલકુલ ચિંતા નથી; પરંતુ રૂબિયાનો વિચાર કરતાં કરતાં હું ઉન્મત્ત બની જાઉં છું. અરેરે ! એ બિચારી સઘળો દોષ પોતાના શિર ઉપર ખેંચી લઇને કેટલું બધું દુઃખ ભોગવતી હશે તેની હું કલ્પના કરી શકતો નથી.

ત્યાર પછી વિચાર્યું કે પેલી ભગવતી સ્ત્રી કે, જેણે પોતાના એકજ વાક્યમાં બાજબહાદુર જેવા પુરૂષને મુગ્ધ બનાવી દીધા તે કોણ હશે ? જો કે તેની મુખમુદ્રા ઉપરથી તે કોણ હશે એ હું જાણી શકતો નથી; પરંતુ તેનો કંઠસ્વર પૂર્વે મ્હેં સાંભળ્યો હોય એમ માલૂમ પડે છે. ઘણા દિવસ ઉપર સાંભળવામાં આવેલા વીણાના સૂર માફક એના સૂરે મ્હારા કાનને આઘાત કર્યો હતો; તો પણ હું તેને ઓળખી શક્યો નથી.

આવા પ્રકારના દારૂણ દુઃખમાં મ્હારા દિવસો પસાર થવા લાગ્યા. કોઇ દિવસે સ્વપ્નમાં રૂબિયાની હત્યા થયેલી મ્હારી નજરે પડે છે. તેનો સૌંદર્યમય સુકોમળ દેહ લોહીથી રંગાઇ જઇ ભૂમિ ઉપર આળોટતો મ્હારા જોવામાં આવે છે. અરેરે ! આવા પ્રકારનાં સ્વપ્નોથી હું અધીર બની જાઉં છું. મ્હને મ્હારા દુઃખમય જીવન ઉપર ઘણો કંટાળો

આવે છે. ધીમે ધીમે હું તદ્દન દીવાનો બની ગયો. હું મ્હોટેથી બૂમ મારી બોલવા લાગ્યો કે:–" ખુદા ! યે મેરે મહેરબાન ખુદા ! હવે તો આ કારાગારનું દુ:ખ હું સહન કરી શકતો નથી. હવે તો આવો દુ:ખદાયક એકાંત હું વેઠી શકતો નથી.

એકાએક ભીષણ અંધકારમય ગુહાનો ભેદ કરતી દીપકની ઝાંખી જ્યોતિ મ્હારી નજરે પડી. એકાએક કોઇ મનુષ્યાકૃતિને મ્હેં હાથમાં દીપક લઇ મ્હારા તરફ આવતી જોઇ. આવનાર મનુષ્યનું સર્વાંગ કાળા ઝભ્ભાની અંદર છુપાઇ રહેલું હતું. તે કોણ હતું એ હું સમજી શક્યો નહિ. પ્રથમ તો એવો વિચાર આવ્યો કે કોઇ તાતારી મ્હારી હત્યા કરવા માટે આવ્યો હશે; પરંતુ મ્હારી ધારણા અસત્ય ઠરી. આવનાર વ્યક્તિ પુરૂષ નહિ પરંતુ સ્ત્રી હતી.

આવનાર રમણીએ કારાગારનું દ્વાર ઉઘાડયા પછી તરતજ હાથમાંના દીપકને દૂર મૂક્યો. ત્યાર પછી તેણે મ્હને કહ્યું:–" ગુન્હેગાર ! તમારે અહિંથી છુટા થવું છે ? "

"હા હું છુટો થવાને મ્હાઉં છું. પશુ પક્ષી પણ સ્વાધીનતા મેળવવાનો પ્રયાસ કરે છે તો પછી હું કેમ ન કરૂં ? પરંતુ હું છુટો થાઉં તે પહેલાં મ્હારી દુખિયાના સમાચાર જાણવાને આતુર છું."

" રૂખિયા ! શાહજાદી ! ગુન્હેગાર ! તેની સાથે તમારો શો સંબંધ છે ? "

"એ મ્હારી જીવનશક્તિ છે. હું દેહ છું એ પ્રાણ છે. હું આધાર છું એ આધેય છે. એ મ્હારૂં સર્વસ્વ છે. એ પત્ની છે હું સ્વામી છું."

" રૂખિયાના સમાચાર હું તમને ન જણાવું તો ? "

" તો પછી હું કારાગારમાંથી છુટો થવાની ઇચ્છા રાખતો નથી. હું મ્હારૂં જીવન થોડા કાળમાંજ આ કારાગારમાં પૂર્ણ કરીશ, અને રૂખિયાની સ્મૃતિ સાથે લઇ જઇ તેને પરલોકમાં મળીશ."

" પરંતુ આવતી કાલે સ્હવારે તમારૂં ખૂન કરવાનો બાદશાહે હુકમ કર્યો છે એ તમે જાણો છો ?"

" કેમ, કયા અપરાધથી ?"

" તમે રૂબિયાના દિવાનખાનામાં મધ્યરાત્રે પકડાયા હતા માટે."

" પતિ પત્નીનું પવિત્ર મિલન જો ગુન્હો ગણાતું હોય તો પછી હું મરવાને માટે તૈયાર છું."

" હું જાણું છું કે, તમે રૂબિયાને ચ્હાઓ છો. રૂબિયા પણ તમારી માફક કારાગારની અસહ્ય વેદના સહન કરે છે. વળી વિશેષમાં તે ત્યાં દુઃખી થાય છે. રાજાની આજ્ઞાથી જો તેનું મૃત્યુ નહિ થાય તો રોગથી અવશ્ય તેનું મોત થશેજ."

" તમે કોણ છો ? મ્હને આવી રીતે નિષ્ઠુરતાથી દુઃખ દેવાનોજ તમારો વિચાર છે કે ?"

" નહિ, હું તમને આ કારાગારમાંથી મુક્ત કરવા આવી છું."

" હું કદાપિ અહિંથી બ્હાર આવીશ નહિ. જેને માટે હું જીવતો રહ્યો છું, એ જ્યારે મરવા પડી છે ત્યારે તો હવે મ્હારૂં પણ મૃત્યુ કલ્યાણકારી છે."

" ના, તમારા બન્નેમાંથી કોઇનું પણ મોત થવા દેવામાં આવશે નહિ. હું તમારો બન્નેનો ઉદ્ધાર કરીશ."

" કોણ છો તમે; દેવી ? તમારો નિવાસ કયા બિહસ્ત–સ્વર્ગમાં છે ?"

" ઇસ્કાન્દારખાન ! મ્હને ઓળખી શકતા નથી કે ? હું ગુલસાના છું !"

" ગુ—લ—સા—ના !"

" હા, સોહાણીની ગરીયસી વિધવા ગુલસાના–તમારે લીધે રાજરાણીની ભિખારિણી બની ગયેલી ગુલસાના."

" ગુલસાના ! ત્હારા પ્રાણમાં જે મહત્વ છે તે મહત્વ આ–

લોકના કોઇ પણ મનુષ્યના પ્રાણમાં હોવું સર્વથા અસંભવ છે. અત્યાર સુધી તું ક્યાં હતી ગુલસાના ? તે દિવસે ત્હેંજ બાજબહાદુરને અમારી હત્યા કરતા અટકાવ્યા હતા કે ?"

"એ સર્વ હકીકત પછીથી કહીશ. ઇસ્કાન્દાર ! હમણાંને હમણાં મ્હારી સાથે ચાલો; નહિ તો સ્હવારે માળવાધિપતિની થયેલી આજ્ઞા પ્રમાણે તમારૂં શોચનીય મૃત્યુ થશે."

"ગુલસાનાએ કાંઇ પણ બોલ્યા સિવાય મ્હારો હાથ પકડી મ્હને ઉઠાડ્યો. ત્યાર પછી તે મ્હને કારાગારની બ્હાર ખેંચી ગઇ. પછીથી તેણે ધીમે ધીમે એ અંધકારમય ગુહાનું પ્રવેશદ્વાર બંધ કરી દીધું. તેની કૃપાથી હવે હું કારાગારમાંથી છુટયો છું–ખુલ્લા રાજમાર્ગ ઉપર આવ્યો છું.

સપ્તદશ પરિચ્છેદ.

"ગુલસાના ! તું માનવી છે કે દેવી, એ હું કલ્પનાથી વિચારી શકતો નથી. ત્હેં મ્હારા અપકાર તરફ નજર નહિ કરતાં મ્હારા ઉપર જે અસાધારણ ઉપકારો કર્યા છે એનો બદલો હું પામર જીવ વાળી શકું તેમ નથી. બે વખત તો ત્હેં કારાગારમાંથી મ્હારો ઉદ્ધાર કર્યો. બે વખત મ્હારો જીવ બચાવ્યો. ત્હારો ઉદ્દેશ શો છે તે હું સમજી શકતો નથી. મ્હારે લીધેજ આજે તું વિધવાની દશા ભોગવે છે. તું રાજરાણી હતી; પરંતુ મ્હેંજ તને રસ્તાની ભિખારણ બનાવી દીધી છે. હું ઘણોજ નરાધમ છું; આમ છતાં તું મ્હારા ઉપર દયા કરે છે. શત્રુના ઉપર આટલી દયા કરનાર કોઇ પણ મનુષ્ય હજુ સુધી મ્હારા જોવામાં આવ્યું નથી."

ગુલસાનાએ જતી વખતે મ્હને કહ્યું:—"વધારે વાતચિત કરવાનો વખત નથી. બાજબહાદુર પઠાણ છે. તેઓ ભયંકર બદલો લે એવા છે. જો આપણે કદાચ પકડાઈ જઇશું તો તમારો જીવ જશે, એટલુંજ નહિ પરંતુ મ્હારે પણ પુષ્કળ દુઃખ ભોગવવું પડશે. સમય ઘણો થોડો છે. આજે પ્રભાત થતાં પૂર્વે અભાગિની કુલસમનો પણ ઉદ્ધાર કરવાનો છે. રૂબિયાની પણ કાંઈ વ્યવસ્થા કરવાની છે. આ પત્ર તમારી પાસે રાખો, અને તેમાં જે ઉપદેશ છે તે પ્રમાણે કામ કરજો. એમ કરવાથી તમે સંકટથી મુક્ત રહી શકશો, અને જો તેમ નહિ કરો તો અવસ્ય જાણજો કે મૃત્યુ તમારી પાછળ ઉભું છે !!"

આ સમયે આકાશમાં ભીષણ અંધકાર હતો. મ્હારા ભાગ્યની માફક એ રાત્રિનો અંધકાર પણ દુર્ભેધ હતો. હું જલદીથી એ ભીષણ અંધકારમાં થઇને આગળ જવા લાગ્યો. ભાગ્યચક્રને લીધે મ્હારૂં શૌર્ય, વીર્ય, પુરૂષત્વ, સુબુદ્ધિ સર્વે તણાઇ ગયું. રાત્રિના અંધકારની અંદર સાધારણ શિયાળનો અવાજ જો સાંભળવામાં આવતો હતો તો પણ મ્હારી ગભરામણનો પાર રહેતો નહિ. ભયંકર રણક્ષેત્રમાં અસંખ્ય શત્ર સૈન્યની અંદર જેનો જીવ લેશ પણ ભય પામતો નહિ, એજ ઇસ્કાન્દારખાનનો જીવ આજે માત્ર પાંદડાના ખરી પડવાના અવાજથી ભય પામે છે ! કેવી ભાગ્યની લીલા !

એકાંતમાં ચિંતા વધી પડે છે, અને માર્ગ ખૂટી પડે છે. હું અનેક પ્રકારની ચિંતા કરતો કરતો માર્ગ કાપવા લાગ્યો. મ્હારી મુખ્ય ચિંતા માત્ર રૂબિયા સંબંધીજ હતી. મ્હેં વિચાર્યું કે કોમળ કાયાવાળી પ્રેમમયી રૂબિયાને કારાગારમાં કેટલું બધું દુઃખ સહન કરવું પડતું હશે. વળી તેની તબિયત પણ બગડી હોય એમ જણાયું છે. તે માતા વિનાની છે, તો પણ સાંભળવામાં આવ્યું છે કે, નવાં રાણી રૂપમતી તેના ઉપર ઘણો પ્રેમ રાખે છે. રૂપમતી બેગમ સિવાય

રૂબિયાને કારાગારના અસહ્ય દુઃખમાંથી કોણ બચાવી શકે તેમ છે? જો કારાગારમાંથી તેને મુક્ત ન કરવામાં આવે અને તે બિચારી ત્યાંજ કાળના કરાળ મુખનો ભોગ થઇ પડે તો? જો તેમ થશે તો પછી મ્હારા દુઃખની સીમા રહેશે નહિ. મ્હારી સકળ ઇચ્છા, આશા, ભરોસો સર્વ નિરાશાના મહા સમુદ્રમાં તણાઇ ગયું છે; રહી છે એક માત્ર રૂબિયા. રૂબિયાના રૂપની જ્યોતિએ મ્હારા સમસ્ત શરીરમાં પ્રકાશ કરી મૂકયો છે. રૂબિયા મ્હારા જીવનની જીવનમોહિની છે. જો તે આ સંસારમાંથી ચાલી જશે તો પછી હું કયા આધારથી ટકી રહીશ? વળી જગતમાં જે વધારે સુંદર હોય છે તેને વિકાળ મૃત્યુ જલદીથી પોતાનો ભોગ બનાવે છે.

રૂબિયા મ્હારૂં સર્વસ્વ છે. મ્હારો દેહ, આશા, જીવ સર્વ એજ છે. મ્હારો વિશ્વાસ, ઉત્સાહ, સુખ દુઃખ સર્વ માત્ર રૂબિયાજ છે. એ કદાચ જો સદાને માટે મ્હારો ત્યાગ કરી ચાલી જશે તો પછી હું આ નિષ્ઠુર સંસારમાં કેવી રીતે રહી શકીશ?

વળી દુશ્ચિંતાએ વિચાર આણ્યો કે જાણે રૂબિયાના જીવનની જ્યોતિ બુઝાઇ ગઇ છે. એનો જે દેહ જમીન ઉપર પડયો છે એમાં રૂપ છે, જીવ નથી. સૌંદર્ય છે, ભાષા નથી. જાણે કે અનેક માણસો તેના શબને સમાધિસ્થ કરવાની વ્યવસ્થા કરી રહ્યા છે.

રૂબિયાના મૃત્યુની આશંકાથી હું ઘણો વ્યાકુળ બની ગયો. આવા ખોટા વિચારથી ધીમે ધીમે મ્હારૂં મસ્તક ગરમ થઇ ગયું. હું ઘણો ગાંડો બની ગયો. મ્હારી આગળ થઇ 'કલકલ' અવાજ કરી નર્મદા નદી વહેતી હતી. પ્રકૃતિ શાંત અને ગંભીર હતી.

મ્હેં વિચાર્યું કે, મ્હારા જેવા હતભાગીને મરણ સિવાય સુખ મળનાર નથી, શાંતિ મળનાર નથી. મ્હારા દુઃખનો અંત નથી. રૂબિયા અવશ્ય મૃત્યુ પામશે; જો રોગથી મરી નહિ જાય તો બાજબહાદુર તેને

ઝેર દઇને મારી નાખશે; કારણ કે તે કદાપિ અહમ્મદનગરના સુલતાન સાથે પરણવાની નથી. જે તરફ નજર કરૂં છું તે તરફ નિરાશા સિવાય બીજું કાંઇ દેખાતું નથી. રૂબિયા જો ગઇ તો પછી મ્હારૂં રહ્યું કોણ? બસ, મૃત્યુજ મ્હારી આ નિરાશાનું એકનું એક ઔષધ છે.

આ સમયે મ્હારા કાનમાં ભણકારા વાગ્યા કેઃ—"રૂબિયા તને અવશ્ય મળશે—પરંતુ આ સંસારમાં નહિ મળે. તું પ્રેમના માર્ગમાં શ્રાપ લઇને જન્મ પામ્યો છે. તું જેના ઉપર પ્રેમ કરીશ તેના સર્વ સુખનો નાશ થશે. જો રૂબિયાને મેળવવી હોય તો પરલોકમાં પહોંચી જઇ તેને મેળવવાની ઇચ્છા કર. મૃત્યુનો માર્ગ ઘણો સહેલો છે! આ જો વેગથી વહેતી નર્મદા નદી 'કલકલ' અવાજ કરતી દીવાનીની માફક દોડતી ચાલી જાય છે, તું આ નર્મદા નદીના વહેતા શીતળ જળમાં કૂદકો મારી, પ્રાણ ત્યાગ કરી, પરલોકમાં પ્રેમમયી રૂબિયાને મળ."

હું જલદીથી નર્મદા નદીના કિનારા પર જઇને ઉભો રહ્યો. નદીના કિનારા ઉપર અનેક ન્હાના મ્હોટા પત્થરો રાક્ષસના જેવા આકારમાં પડ્યા હતા! હું તેના ઉપર જઇ ઉભો રહ્યો.

અંધકાર! ભયંકર અંધકાર! ચારે દિશાએ જાણે પ્રલયનો અંધકાર સમસ્ત દુનિયાને ગ્રાસ કરી જતો હતો. આકાશમાં અનેક નક્ષત્રો પ્રકાશી રહ્યાં હતાં તો પણ એ નક્ષત્રો ભીષણ અંધકારનો ભેદ કરી પૃથ્વી માતા ઉપર પોતાનાં કિરણોનો પ્રકાશ પહોંચાડી શકતાં નહિ. આવા ભીષણ અંધકારની અંદર નિરાશ ચિત્તે મ્હેં આ દુઃખ-પૂર્ણ જીવન લીલાનો સરિતાના શીતળ જળમાં અંત લાવવાનો નિશ્ચય કર્યો; પરંતુ મ્હારો નિશ્ચય પૂર્ણ થયો નહિ. કોઇએ જાણે કે પાછળથી આવીને જલદીથી મ્હારા પહેરેલા વસ્ત્રને જોરથી પકડ્યું. હું વળી ફરીથી મરણને શરણ થતો અટક્યો.

મ્હેં ક્રોધથી પ્રશ્ન કર્યોઃ—"તમે કોણ છો ? હું દુઃખના અગ્નિથી મરી જતો હતો તો પછી તમે મ્હને શા માટે અટકાવ્યો ?"

આવનાર માણસનું શરીર ઘણું મજબુત હતું. તેનું સર્વ શરીર એક વસ્ત્રથી ઢંકાઈ ગયેલું હતું. એ અજાણ્યા પુરૂષે ગંભીર સ્વરે કહ્યું:-"મુસાફિર ! જે મનુષ્યજીવન મેળવવાને માટે પ્રાણિ માત્ર ઘણાં આતુર રહે છે એ જીવનને તું ત્હારી પોતાની જાતે શા માટે નષ્ટ કરી નાખે છે ?"

મ્હેં કહ્યું:—"જીવન સુખ મેળવવાને માટે છે; જેના જીવનમાં કોઇ પણ પ્રકારનું સુખ નથી તેને માટે મરણજ ઉત્તમ છે."

આવનાર પુરૂષે કઠોર હાસ્ય કરી કહ્યું:—"જીવન કદાપિ સુખ વિનાનું હોઇ શકે નહિ. જેને આપણે દુઃખ તરીકે જાણીએ છીએ—એ એક પ્રકારનો ભ્રમ છે, અને સુખ પણ એક પ્રકારનો ભ્રમ છે ! માયા અને સ્વાર્થ એ બન્નેજ સુખ દુઃખને પયદા કરે છે; પરંતુ મનુષ્ય જો પોતાના મનને કબજે રાખી શકે તો પછી સુખ દુઃખની જૂદાઇ તેને જણાય નહિ."

મ્હેં કહ્યું:—"ચિત્ત ઉપર જય મેળવવાની શક્તિ સર્વનામાં હોતી નથી; પરંતુ અસાધારણ નિરાશા અને દુઃખને લીધે મનુષ્ય બચી શકતું નથી."

"શું તમે દરિદ્ર છો ?"

"હતો નહિ—હમણાં થયો છું."

"દ્રવ્ય જોઇએ છીએ ?"

"ના !"

"દરિદ્ર છો; છતાં દ્રવ્ય જોઇતું નથી ! તમે કહો છો કેઃ—દુઃખની જ્વાળાથી મરવા આવ્યો છું. દ્રવ્યને લીધે તો તમારૂં દુઃખ દૂર થઇ શકે તેમ છે. કહો, તમારે શું જોઇએ છીએ ? શાથી તમે

સુખી થઇ શકશો ? હું એક સંસારત્યાગી ફકીર છું; પરંતુ ખુદાની મિહરબાનીથી સમ્રાટ્ અકબરશાહ સુદ્ધાં મ્હારી ભક્તિ કરે છે. "

"હું જે ઇચ્છું છું તે સમ્રાટ્ તો શું પરંતુ ખુદ ખુદા આપવાને માટે પણ શક્તિમાન નથી ! "

"તમે ઘણા મૂર્ખ છો ! તમે દીવાના છો ! ખુદાની અસાધારણ શક્તિ ઉપર પણ તમને વિશ્વાસ નથી ? તેઓથી ન થઇ શકે એવું એક પણ કાર્ય આ વિશ્વમાં નથી. કહો, તમારે શું જોઇએ છીએ ?"

" ફકીર મહાત્મા ! હું જે ઇચ્છું છું તે તમે નહિ આપી શકો."

"પરંતુ તમે કહોને કે, તમારે શું જોઇએ છીએ ? "

"મ્હારે આ દુનિયાનું શ્રેષ્ઠધન રૂબિયા જોઇએ છીએ."

" રૂબિયા ? "

" હા, રૂબિયા. માળવાધિપતિ બાજબહાદુરની કન્યા-રૂબિયા."

ફકીર મહાત્માએ મ્હારો હાથ પકડીને કહ્યું:—" મ્હારી સાથે મુકામ ઉપર ચાલો. તમે અવશ્ય રૂબિયાને મેળવી શકશો. તે પૂર્વે હું તમારા જીવનની સઘળી વાત જાણવા માગું છું."

ફકીર મ્હારો હાથ પકડી પહાડી માર્ગે ચાલવા લાગ્યા. આ માર્ગ તેમનો પરિચિત હોય એમ તેમની ઉતાવળી ચાલ ઉપરથી મ્હને માલૂમ પડયું. થોડે દૂર ગયા પછી તેમણે એક ગંભીર જંગલમાં પ્રવેશ કર્યો. જંગલનો એક વાંક છોડતાંની સાથેજ એક આશ્રમ મ્હારી નજરે પડયો.

ફકીર મહાત્માએ પર્ણકુટી પાસે જઇ પહોંચી, અંદરથી એક મૃગચર્મ લઇ આવી બ્હાર પડેલી એક મોટી શિલા ઉપર પાથર્યું. ત્યાર પછી તેમણે મ્હને થોડાં ફળ ખાવાને આપીને કહ્યું:—" આ ફળ ખાઇ, પાણી પીઓ; હું હમણાંજ આવું છું."

અષ્ટાદશ પરિચ્છેદ.

મ્હેં મનમાંને મનમાં વિચાર્યું કે:—" આ કયા મહાત્મા છે ? તેમની સૌમ્ય મૂર્ત્તિ જોતાં હૃદયમાં ભક્તિ આવે છે." આહાર કરી રહ્યા પછી હું કાંઇક શાંત થયો. ફકીર મહાત્મા ફરીથી મ્હારી પાસે આવી પહોંચ્યા.

મ્હારી અશાંતિને દૂર થયેલી જોઇને ફકીર મહાત્માએ કહ્યું:—" રૂબિયાને માટે તમે શા સારૂં આત્મહત્યા કરવા જાઓ છો ? "

મ્હેં ધીમેથી કહ્યું:—" પ્રભુ ! આપ કોણ છો તે હું જાણતો નથી ! પરંતુ આપનું પ્રતિભા દર્શાવતું મુખ, તેમજ આપનાં ઉજ્વળ નેત્રો જોઇને મ્હને ખાત્રી થાય છે કે, આપ અવશ્ય કોઇ મહાજ્ઞાની મહાત્મા છો."

ફકિરે મ્હારા શબ્દો સાંભળી હસીને કહ્યું:—" ભાઇ ! હું તો આ સંસારનો એક ક્ષુદ્ર માણસ છું; પરંતુ હું જાણવા માગું છું કે, રૂબિયાને માટે તમે શા માટે આત્મહત્યા કરવા તૈયાર થયા હતા? તમે તેના ઉપર અંતઃકરણપૂર્વક પ્રેમ રાખો છો, કે માત્ર તેનું રૂપ-સૌંદર્ય જોઇ તમે તેની પાછળ ભોગલાલસાથી દીવાના બન્યા છો ? ઇસ્કાન્દારખાન ! તમે જાણો છો કે આત્મહત્યા એ મહાપાપ છે ! "

એકાએક ફકિર મહાત્માના મુખે મ્હારા નામનો ઉચ્ચાર સાંભળી હું ઘણા આશ્ચર્યમાં પડી ગયો. જેમણે અત્યાર પૂર્વે કદાપિ મ્હને જોયો નથી તેમણે મ્હારૂં નામ કેવી રીતે જાણ્યું ? ત્યારે શું આ મહાત્મા કોઇ યોગસિદ્ધ મહાપુરૂષ છે ? !

મ્હેં તેમના બન્ને પગ પકડી, આતુરતાથી પ્રશ્ન કર્યો:—" મહાત્મા ! આપ સર્વજ્ઞ છો. કહો, કહો, કે રૂબિયા હજુ સુધી જીવતી છે કે નહિ ? "

ફકિર મહાત્માએ ધીમેથી કહ્યું:—"વત્સ ! હવે કદાચ હું તને મ્હારા ત્હારા ઉપરના અસાધારણ પ્રેમની 'તું' 'તાં' સંબોધનથી બોલાવું તો માઠું લગાડીશ નહિ. તું બિલકુલ વ્યાકુળ બની જઇશ નહિ. વધારે ચંચળતાથી સર્વ કાર્ય નષ્ટ થઇ જાય છે. રૂબિયા હજુ સુધી જીવે છે; તેને માટે આશંકા કરીશ નહિ. હું જાતે જઇને તેની સ્થિતિ જોઇ આવ્યો છું. રાજમહેલ તરફથી જ્યારે હું આશ્રમ તરફ આવતો હતો ત્યારે તને જલદીથી નદી કિનારે જતો મ્હેં જોયો હતો. આત્મહત્યા કરવાનોજ ત્હારો ઉદ્દેશ હશે એમ વિચારવામાં મ્હને વખત લાગ્યો નહિ. આથી કરીનેજ મ્હેં તને મહાપાપમાં પડતો બચાવ્યો છે."

મ્હેં વ્યાકુળતાથી તેમના બન્ને પગ પકડી કહ્યું:—"કહો, કહો, પ્રભુ ! કે, રૂબિયા હમણાં ક્યાં છે ?"

ફકિર મહાત્માએ ગંભીર મુખે કહ્યું:—"પ્રથમ તેને રાજમહેલના એક ઓરડામાં પૂરી રાખી હતી; પરંતુ તેની તબિયત બગડવાથી રાણી રૂપમતીએ હમણાં તેને પોતાની પાસે રાખી છે. તેનો રોગ ઘણો કઠિન છે; અનેક પ્રકારના વિચારોથી અને મનોદુઃખથી જે રોગ થયો છે તે ઘણો ગંભીર છે."

મ્હેં કહ્યું:—"રૂબિયા રાજાના અંતઃપુરમાં છે ? એ સ્થળે તો પુરૂષપ્રવેશની આજ્ઞા નથી. આપ એ સ્થળે કેવી રીતે ગયા હતા ?"

"વત્સ ! મ્હારાં વચનો ઉપર તને વિશ્વાસ નથી આવતો ? જો એમ હોય તો પછી તું પોતે રંગમહેલમાં કેવી રીતે ગયો હતો ? ફકિર, સંન્યાસી, રાજવૈદ્ય વગેરેને રાજાના અંતઃપુરમાં જવાની રજા હોય છે."

મ્હેં આતુરતાથી પ્રશ્ન કર્યો:—"ત્યારે શું આપ ચિકિત્સા-

શાસ્ત્ર પણ જાણો છો? માળવેશ્વર બાજબહાદુર સાથે પણ આપને પિછાન છે ?"

ફકિર મહાત્માએ હસીને કહ્યું:—"ત્હારૂં કહેવું બરાબર છે. હું એટલા સુધી જાણું છે કે, તું નાશી છુટેલો કેદી છે. એકજ વખત નહિ; પરંતુ બબ્બે વખત તું કારાગારમાંથી નાશી છુટયો છે. આ બન્ને વખતે ગુલસાનાએ ત્હારો ઉદ્ધાર કર્યો છે. હવે જ્યારે તું મ્હારા આશ્રયમાં આવ્યો છે તો પછી હવે ત્હારે ભય રાખવાની જરૂર નથી !"

મ્હેં પ્રશ્ન કર્યો:—"ગુલસાના ! સોહાણીની વિધવા પત્ની ? તેને આપે કેવી રીતે ઓળખી ?"

ફકિરે ગંભીર મુખ રાખીને કહ્યું:—"એ વાત જાણવાની કાંઇ જરૂર ? છતાં હું તને માત્ર એટલુંજ જણાઉં છું કે, એ મ્હારી શિષ્યા છે."

"ગુલસાનાની વાત હમણાં રહેવા દ્યો, અને રૂબિયા સંબંધી કાંઇ વિશેષ હકીકત જાણુતા હો તો દયા કરીને કહો ?"

"રૂબિયાને માટે તું આટલી બધી ઉન્મત્તતા ન રાખ. મહા-નિરાશાનું છેવટનું દુઃખ ઘણું ભયંકર હોય છે !"

"ભલે હોય; પરંતુ એ દુઃખમાંથી ઉદ્ધાર પામવાના અનેક ઉપાય હોય છે."

"શા ઉપાય ? આત્મહત્યા ? તું જે કરવા જતો હતો તેજ કે ? નહિ વત્સ ! આત્મહત્યા જેવું નીચ કામ બીજું એક પણ નથી. આ સંસારમાં ચિત્તના ઉપર જય મેળવવો એજ શ્રેષ્ઠધર્મ છે."

"સંન્યાસી મહાત્મા ! મ્હને ક્ષમા કરો. આત્મહત્યા કરવામાં મ્હને દુઃખ પડનાર નથી; પરંતુ સ્મૃતિને ભૂલી શકીશ નહિ. રૂબિયાના વિચારો દૂર કરી શકીશ નહિ."

એવામાં બાદશાહના એક સિપાહીએ આવી ચઢી ફકિર મહાત્માના હાથમાં એક પત્ર મૂક્યો. મહાત્માએ એ પત્ર વાંચી ફાડી નાખ્યો. તેમના મુખમંડળે એકદમ ચિંતાનો ભાવ ધારણ કર્યો.

સંન્યાસી મહાત્માએ મ્હને કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! મ્હારૂં નામ શાહજલાલ ફકિર છે. તને ખુદાના કસમ દઇને કહું છું કે, હું જ્યાં સુધી બાજબહાદુર પાસે જઇને પાછો ન આવું ત્યાં સુધી સ્થિરતાથી અહિં મ્હારી રાહ જોજે."

એકોનવિંશતિતમ પરિચ્છેદ.

ફકિર મહાત્માએ પોતાનું નામ શાહજલાલ જણાવ્યું તેથી મ્હને ઘણું આશ્ચર્ય લાગ્યું. જે શાહજલાલ ફકિરની આગળ સમ્રાટ્ અકબરશાહ પણ પોતાનું શિર નમાવે છે, એ મહાત્માનો આશ્રય મ્હને મળ્યો છે. આથી કરીને તેમની આજ્ઞા વિરૂદ્ધ મ્હારાથી વર્તી શકાય તેમ નહોતું. હું હવેજ સમજી શક્યો કે કયી શક્તિની સહાયતાથી તેમણે બાજબહાદુરના અંતઃપુરમાં પ્રવેશ કર્યો હતો. તેમની વ્યવસ્થાથી મ્હારી પરિચર્યામાં કોઇ પણ પ્રકારનો અભાવ રહ્યો નહિ. મ્હેં ફળાહાર કરી રહ્યા પછી પર્ણશય્યા ઉપર શયન કર્યું. અલ્પ સમયમાંજ હું નિદ્રાધીન બની જઇ સ્વપ્નસૃષ્ટિમાં ભમવા લાગ્યો. રાત્રિ વીતી ગઇ અને પુનઃ પ્રભાતનું આગમન થયું.

બાળસૂર્યનાં તેજસ્વી કિરણોથી સમસ્ત પૃથિવી પ્રકાશિત થઇ ગઇ; તો પણ મ્હારા હૃદયમાં અમાવાસ્યાનો ઘોર અંધકારજ હતો.

મનમાં અનેક અશુભ વિચારો આવવા લાગ્યા:—"ફકિર મહાત્મા જલદીથી કેમ ચાલ્યા ગયા ? હજુ સુધી તેઓ પાછા કેમ

આવ્યા નહિ? ત્યારે શું રૂબિયા ઘણી બીમાર હશે? હે પ્રભુ! તમે આ શું કર્યું? નિરાશાના ઘોર અંધકારમાં સહજ પ્રકાશ જોઇને ઉલ્લાસમય જીવથી સંસારમાર્ગે આગળ વધતો હતો એ પ્રકાશ પણ દૂર કર્યો! જેવું ભાગ્ય! ભાગ્ય ગમે એટલો દુઃખી કરશે, તો પણ હું રૂબિયાની સ્મૃતિને દૂર કરી શકીશ નહિ. જીવતાં તો શું પણ મૃત્યુ પછી પણ હું તેને ભૂલી શકીશ નહિ. રૂબિયા! રૂબિયા! હજુ સુધી તું જીવતી છે કે નહિ એ પણ હું હતભાગી જાણતો નથી."

એવામાં એકાએક કોઇએ મ્હારી પાસે આવી પહોંચી કહ્યું:—"ઇસ્કાન્દારખાન!"

મ્હેં આવા નિર્જન સ્થળે સ્ત્રીજાતનો કંઠસ્વર સાંભળી ઉંચી નજર કરી તો મ્હારી નજરે ગુલસાના માલૂમ પડી.

જે ગુલસાનાને રાજરાણી તરીકે જોઇ હતી, તેજ અદ્વિતીય સુંદરી ગુલસાનાને આજે મ્હેં દીવાનીના વેશમાં મ્હારી નજરે જોઇ. તેના મુખ ઉપર પૂર્વની ઉજ્વળ કાંતિ નથી, એ અસાધારણ રૂપની જ્યોતિની જગ્યાએ હમણાં ચિંતાની ગંભીરતાએ સ્થાન લીધું છે. જે ગુલસાનાની છબી જોઇને હું એક દિવસે દીવાનો બની ગયો હતો, રાજરાજેશ્વરીના રૂપમાં જેને જોઇને હું આત્મજ્ઞાન ભૂલી ગયો હતો તેજ ગુલસાના આજે મ્હારી આગળ ગરીબ સ્થિતિમાં ઉભી છે! ગુલસાનાને હમણાં જોતાં એવો ભાસ થતો હતો કે, જાણે ઉજ્વળ હીરો મલિનતાને લીધે જ્યોતિહીન બની ગયો છે. ચંદ્રમાં જાણે કે તામ્રવર્ણનો થઇ ગયો છે.

ગુલસાનાએ મ્હારી પાસે બેસી ધીમેથી કહ્યું:—"ઇસ્કાન્દારખાન! રૂબિયા માટે આટલી બધી ચિંતા કરવાનું કારણ નથી."

મ્હેં કહ્યું:—"ગુલસાના! હું અત્યાર સુધી ભીષણ અંધકારની અંદર તણાતો જાઉં છું. ઉજ્વળ પ્રકાશની રેખા સુદ્ધાં જોઇ

શકતો નથી. આટલા દિવસ પછી આ અંધકારમય જીવનમાં એક પ્રકારના સાધારણ પ્રકાશની રેખા જોઇ શક્યો છું, અને જો એ રેખા દૂર થાય તો પછી મ્હારા જીવનનો આધાર ક્યાંથી રહી શકે ?"

ગુલસાનાએ કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! આટલા બધા અધીરા ન બની જશો. ગંભીર પ્રેમ અધીરાઇ પેદા કરે છે ખરો; પરંતુ એ અધીરાઇને કાયમ રાખવી ઉચિત નથી. નિઃસ્વાર્થ પ્રેમથી-ઇચ્છા સિવાયના અનુરાગથી હૃદયમાં યથેષ્ટ બળ આવે છે."

થોડો સમય શાંત રહી પાછી ગુલસાના કહેવા લાગી:—"મનુષ્ય મરી શકે છે, પરંતુ પ્રેમ મરી શકતો નથી. જેઓ માત્ર દેહનુંજ સુખ ઇચ્છે છે તેઓ એમ સમજે છે કે, આલોકમાંજ સઘળું પૂર્ણ થયું ! પરંતુ તેઓ એટલો પણ વિચાર નથી કરતા કે, જે પૃથિવીમાં વૃક્ષનું પાંદડું ખરી પડે છે, પુષ્પ સુકાઇ જાય છે, મૃત્યુ જે સ્થળે આસન માંડીને બેઠું છે તે સ્થળે અવિચ્છિન્ન પ્રેમ અસંભવ છે. સ્વાર્થલોલુપ અને વિષયી મનુષ્યો મર્મજ્વાળાથી બળી મરે છે; પરંતુ જેઓ પોતાના સુખનો ભોગ આપીને પ્રેમનું સુખ ઇચ્છે છે તેઓ શારીરિક સુખ તરફ નજર રાખતા નથી."

મ્હેં કહ્યું:—"ગુલસાના ! હું કબૂલ કરૂં છું કે, હું આત્મસુખનો લોભી, તેમજ રૂપજ્યોતિમાં પતંગ બનીને બળી મરનારો છું. આ સ્વાર્થમય વિશ્વમાં તું કહે છે એવો નિઃસ્વાર્થ પ્રેમ ક્યાંથી મેળવી શકું ? હું ભોગ ઇચ્છું છું, ત્યાગ ઇચ્છતો નથી. અનુરાગ ઇચ્છું છું, વૈરાગ્ય ઇચ્છતો નથી. મિલન ઇચ્છું છું, વિરહ ઇચ્છતો નથી. સુખ ઇચ્છું છું, દુઃખ ઇચ્છતો નથી. ત્હારા જેવો નિઃસ્વાર્થ પ્રેમ હું પામર જીવ ક્યાંથી મેળવી શકું ?"

ગુલસાનાએ કહ્યું:—"ઇસ્કાન્દાર ! તમે રૂપમુગ્ધ છો, પ્રવૃત્તિના દાસ છો. સત્યપ્રેમ કોને કહે છે તે તમે તમારા જીવનમાં

સમજી શકશો નહિ. એક વખતથી રૂપથી ઉન્મત્ત બની જઇને તમે મ્હારા ઉપર મુગ્ધ થયા હતા, અને તેને પરિણામે મ્હારૂં સર્વસ્વ ચાલ્યું ગયું. હું રાજરાણી હતી, સ્વતંત્ર રાજ્યેશ્વરી હતી તે રસ્તાની ભિખારણ બની ગઇ. જેના આશ્રય નીચે અનેક લોકોનું પ્રતિપાલન થતું હતું, તે નિરાશ્રય થઇ જઇને આ સુપ્રસિદ્ધ મહાત્મા શાહજલાલના આશ્રયમાં છે. મ્હારી પછી તમે રૂબિયા ઉપર પ્રેમ કર્યો. તેના જીવનમાં તે અપૂર્વ સુખવતી હતી; પરંતુ તમારા મોહને લીધે તેના ઉપર પણ દુઃખ પડવામાં બાકી રહી નથી; તમે જાતે દુઃખ સાગરમાં ડૂબ્યા અને તેને પણ ડૂબાડી ! તે રાજકન્યા છે છતાં અત્યારે તેની દશા ઘણી દયા ઉપજાવે એવી છે. રોગથી તે મરણ પથારી ઉપર સુતી છે. યૌવન, આશા, સુખ, સ્મૃતિ સર્વનો ત્યાગ કરી તે સ્વર્ગ પ્રત્યે જવાની તૈયારી કરી રહી છે. ઇસ્કાન્દાર ! આ સર્વ પ્રકાર ઉપરથી હું એમ સમજી શકું છું કે, તમારા પ્રેમ ઉપર કોઇનો ભયંકર શ્રાપ છે. તમે તમારા જીવનમાં પ્રેમના માર્ગની અંદર કદાપિ સુખી થઇ શકશો નહિ !"

આવાં તિરસ્કારયુક્ત વચનો સાંભળતાં જ હું મ્હાટા વિચારમાં પડી ગયો; પરંતુ આ સમય દરમ્યાન ગુલસાના ગભીર અરણ્યમાં ક્યાં અદ્રશ્ય થઇ ગઇ તે મ્હને માલૂમ પડયું નહિ.

વિંશતિતમ પરિચ્છેદ.

"રૂબિયા મરી ગઇ છે !"

ભીષણ વજ્રના અવાજની માફક કોઇ જાણે કે વાયુની અંદર ગુંજતા સ્વરે બોલી ઉઠયું:—"રૂબિયા મરી ગઇ છે !!"

હું નિશ્ચળ હતો. મ્હારા મસ્તકની અંદર અસાધારણ દુઃખ થવા લાગ્યું. સમસ્ત અંગમાં વિદ્યુતનો પ્રવાહ વહેતો હતો. નસેનસમાં વિષમય ફણિધરનું ઝેર ફેલાઇ ગયું હોય એવો ભાસ થયો. શ્વાસ બંધ થઇ જવા આવ્યો. જીવ ચિતામાં સૂવાડેલા શબદેહની માફક 'ભડભડ' બળવા લાગ્યો!' અય ખુદા! હું શું સાંભળું છું? શું રૂબિયા મરી ગઇ છે? શું મ્હારી રૂબિયા હવે આલોકમાં નથી? હાય ભાગ્ય! હાય કર્મફળ!

હું મનમાંને મનમાં આવેગથી બોલી ઉઠયો:—" રાત્રિના ભીષણ અંધકારમાં આ સમસ્ત જગત્ છુપાઇ જાઓ, પ્રકૃતિ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત ન થાઓ! ભીષણ અંધકારમાં આ વિશ્વની સર્વ શોભા ડુબી જાઓ, વજ્રના પ્રદિપ્ત અગ્નિમાં આ શોભામય સંસાર ભસ્મિભૂત થઇ જાઓ, સૂર્યચંદ્ર આકાશમાંથી ટૂટી પડી પૃથ્વી પર ધૂળમાં આળોટતા થઇ જાઓ; જાઓ, સર્વ વિદાય થાઓ, જ્યારે રૂબિયા ગઇ છે ત્યારે પછી સર્વ ચાલ્યું જાઓ—પૃથિવીના પટ ઉપર પ્રેમ-રાજ્યની સ્થાપના થાઓ."

પરંતુ મ્હારા કહેવા પ્રમાણે કશું થયું નહિ.

ભીષણ અંધકારમયી, તારાઓથી કાંઇક પ્રકાશી ઉઠેલી પૃથિવી જેવીની તેવીજ રહી. મ્હારા અંતરમાં પ્રલયની ગર્જના થતી હતી, પરંતુ બ્હાર વિશ્વમાં સ્થિર શાંતિમય સૌંદર્યની સ્થાપના થઇ હતી! હું કેવો મૂર્ખ! મ્હારી ઇચ્છાથી તે વળી વિશ્વમાં મહાપ્રલય થાય કે? પરંતુ મ્હારી આ મૂર્ખતાનું કારણ એજ હતું કે, આ સમયે મ્હારામાં જ્ઞાન નહોતું, હું શોકથી વ્યાકુળ બની ગયો હતો!

શાહજલાલે કોમળતાથી મ્હારા અંગને સ્પર્શ કર્યો. એ શક્તિ-દાતા પવિત્ર સ્પર્શથી મ્હને કાંઇક જ્ઞાન પયદા થયું. શાહજલાલે પ્રેમ-પૂર્વક મ્હારી પીઠ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું:—" વત્સ ઇસ્કા-

ન્હાર ! અધીરો બની જઇશ નહિ. આ જૂઠા સંસારમાં મૃત્યુજ સ્થિર તેમજ ખરૂં સત્ય છે. જીવ મરવાને માટેજ જન્મે છે. મૃત્યુ સિવાય કોઇની પણ ગતિ નથી ! મૃત્યુથી માત્ર મૂર્ખનેજ શોક થાય છે ? મૃત્યુમાંજ અખંડ શાંતિ છે. મૃત્યુ થયાથીજ આ સંસારનાં સર્વ દુઃખોનો અંત આવે છે. વળી મૃત્યુ તે મૃત્યુ નહિ પરંતુ નૂતન જીવન છે."

મ્હેં દીવાનાના જેવા હાલમાં એક વખત એ શાંત સૌમ્ય ગુણોથી પ્રભાવશાળી જણાતા મહાત્માના તરફ જોયું. મ્હેં જોયું કે તેમનાં નેત્રો સળગી ઉઠયાં છે. તેમણે ધીમેથી ગંભીર સ્વરે કહ્યું:–"વત્સ ! આ જગત્ જેવું સત્ય છે, તું અને હું જેવા સત્ય છીએ, આ રાત્રિ–સમાગમ જેવો સત્ય છે, તે પ્રમાણે રૂબિયાનું મૃત્યુ પણ સ્થિર અને નિશ્ચિત છે."

"આપે આપની નજરે રૂબિયાનું મૃત્યુ જોયું છે ?"

"હા !"

"એ સુંદર દેહ હવે જીવ વિનાનો થઇ પડયો છે ?"

"હા !"

"આપના જોવામાં ભૂલ તો નથી થઇને ?"

"તું મૂઢ છે, ભ્રાંતિમાં ભમે છે. મોહથી અંધ બની ગયો છે, તેથીજ આ પ્રમાણે પૂછે છે !"

"ના પ્રભુ ! મ્હને લાગે છે કે, આપજ ભ્રાંતિમાં ભમો છો ! રૂબિયા કદાપિ મરી જાય નહિ. તેના નિશ્વાસની સુગંધિથી મ્હારો જીવ હજી પણ પ્રફુલ્લ છે. તેના મનોમુગ્ધ સ્વરના ભણકારા હજી પણ મ્હારા કાને વાગ્યા કરે છે. તેના અપ્રતિમ સૌંદર્યની જ્યોતિથી હજી પણ મ્હારા નેત્રો પ્રકાશિત થઇ રહેલાં છે, રૂબિયાના નશ્વરદેહનું મૃત્યુ થયું છે; પરંતુ રૂબિયાનું મૃત્યુ થયું નથી. તે મ્હારી પાસેજ

છે. મ્હારા હૃદયમાં, જીવની અંદર છે. તેનું અદ્વિતીય સૌંદર્ય, આ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, સમષ્ટિ વગેરેમાં સમાઇ રહેલું છે. જડ જગતની ચારે દિશાએ ફેલાઇ રહેલું છે. પ્રભુ ! એ મરી ગઇ નથી, હજી જીવતી છે, આપ ભ્રાંતિમાં ભમો છો ! ”

હું વિશેષ કાંઇ બોલી શક્યો નહિ. મ્હને એમ લાગ્યું કે મ્હારા મસ્તકનાં દરેક જ્ઞાનતંતુ તૂટી ગયાં છે. હું કંપતો કંપતો શાહજલાલ મહાત્માના પગોમાં બેભાન બનીને પડી ગયો.

એકવિંશતિતમ પરિચ્છેદ.

મ્હને જ્ઞાન આવતાંજ એમ માલૂમ પડયું કે, કોઇ પોતાનો કુસુમ સમાન કોમળ હાથ મ્હારા માથા ઉપર ફેરવી રહ્યું છે. ત્યારે શું રૂબિયા મરી ગઇ નથી ! ત્યારે શું મ્હારી ધારણા અસત્ય ઠરી નથી !

નેત્રો ઉઘાડીને જોવાની ઇચ્છા થઇ કે, કોણ પોતાનો કોમળ હાથ મ્હારા માથા ઉપર ફેરવે છે; પરંતુ મ્હારાથી એ જોવાનું સાહસ થઇ શક્યું નહિ. મનમાં એવો ભય થવા લાગ્યો કે, પાછું મ્હારા સુખનું સ્વપ્ન ઉડી જાય, પાછો મ્હારી આશાનો રત્નજડિત મહેલ એકાએક ભસ્મિભૂત થઇ જાય.

ત્યારે શું રૂબિયા નથીજ મરી ગઇ ! તે શું મ્હારી પાસે બેસી રહી છે ! શું તે મ્હારી હૃદયભેદક દુર્દશા જોઇને ચિંતાતુર ચિત્તે મ્હારી સેવા ચાકરી કરે છે ! ખુદા ! મ્હને અંતર્દૃષ્ટિ આપો કે જેથી કરીને હું આંખો ઉઘાડયા સિવાય મ્હારા હૃદયમાં મ્હારી પ્રાણાધિક રૂબિયાને જોઇ શકું; પરંતુ મ્હારૂં આ સુખ સ્વપ્ન એકાએક ઉડી ગયું. જે આશંકા કરતો હતો તે ખરી પડી. કોઇએ પોતાના પ્રેમ પૂર્ણ કોમળ કંઠે મ્હને કહ્યું:–“ ભાઈ ! ઇસકાન્દાર ! હવે કેમ છે ?”

આ કંઠસ્વર રૂબિયાનો નહોતો ! આ તો ગુલસાનાનું પ્રેમપૂર્ણ સંબોધન હતું. મ્હેં આંખો ઉઘાડી બેઠા થવાનો યત્ન કર્યો; પરંતુ ઉઠીને બેઠો થઇ શક્યો નહિ. મ્હારૂં શરીર ઘણું દુર્બળ બની ગયું હતું. ગુલસાનાએ ફરીથી પ્રેમપૂર્ણ સ્વરે કહ્યું:–"ઇસ્કાન્દાર ! હવે કાંઇક આરામ લાગે છે કે ?"

મ્હેં મનમાંને મનમાં કહ્યું:—"ગુલસાના ! શા માટે તું આ જ્વાળામય મૃત્યુલોકમાં આવી છે? વિધાતાએ કયા મહત્વથી ત્હારા ચિત્તને વિભુષિત કર્યું છે? હું ત્હારો મ્હોટો શત્રુ છું, મ્હારે લીધેજ તું રસ્તે રખડતી ભિખારણ થઈ ગઇ છે; આમ છતાં પણ તું મ્હારા ઉપર આટલો બધો સ્નેહ રાખે છે? એ વખત તો ત્હેં મ્હારો જીવ બચાવ્યો છે; પરંતુ હું એવો નરાધમ છું કે, એક સમયે ત્હારા ઉપર રૂપમુગ્ધ બની જઈ મ્હેં પશુપ્રકૃતિ મેળવી હતી. હવે ત્હારી કૃપાથીજ એ પશુત્વ ચાલ્યું ગયું છે. મ્હને માલૂમ પડયું છે કે, પ્રવૃત્તિની પૂર્ણતાથી મનુષ્ય પશુ થાય છે અને નિવૃત્તિથી દેવતા થાય છે." આમ કહીને મ્હેં આંખો ઉઘાડી ઉદાસિનતાથી ગુલસાના તરફ નજર કરી.

ગુલસાનાએ મ્હને નિરૂત્તર જોઇને કહ્યું:—"ઇસ્કાન્દારખાન ! તમને કાંઇ દુઃખ થાય છે ?"

મ્હેં દીવાનાની માફક હાસ્ય કરી કહ્યું:—"ના, ગુલસાના ! કાંઇ થતું નથી ! વિધાતાના રાજ્યમાં જે કાંઇ કષ્ટ હતું તે સવ હું ભોગવી ચુક્યો છું. ભોગની શાંતિ પછી જીવમાં એક પ્રકારની મહાશક્તિ ઉત્પન્ન થઇ છે. ભૂતકાળનો સર્વ પ્રકાર હું ભૂલી ગયો છું; પરંતુ એક પ્રકાર ભૂલી શકતો નથી. ગુલસાના ! તું કહી શકીશ કે રૂબિયા મરી ગઇ છે, એ વાત સત્ય છે?"

ગુલસાનાએ મ્હારા માથા ઉપર હાથ ફેરવતાં પ્રેમપૂર્ણ સ્વરે કહ્યું:–

" ભાઇ ઇસ્કાન્દાર ! અધીરા ન બની જાઓ. અમર જીવન મેળવી અનંત યુગ સુધી રૂદન કર્યા કરશો તો પણ હવે આ જન્મમાં તમે રૂબિયાને મેળવી શકશો નહિ. આજે રાત્રે રૂબિયાને સમાધિસ્થ કરવામાં આવનાર છે. "

મ્હારામાં કોણ જાણે કે ક્યાંથી એકાએક રાક્ષસના જેટલી શક્તિ આવી. હું તરતજ પથારીની અંદર ઉઠીને બેઠો થયો, તથા આતુરતાથી પ્રશ્ન કર્યો:—" શું કહે છે—આજે એ સુંદર દેહને કબરમાં સૂવાડવામાં આવનાર છે કે ? "

" હા ! "

" ક્યારે ? "

" મધ્યરાત્રે. "

" ક્યાં ? "

" મીના મસ્જીદના કબરસ્તાનમાં. "

" ગુલસાના બ્હેન ! મ્હને એ ઠેકાણે લઇ જા ! એક વખત હું એ પ્રેમની પ્રતિમાનાં દર્શન કરવાની ઇચ્છા રાખું છું. "

" હમણાં તમે ઘણા દુર્બળ બની ગયા છો. "

" ના, ના, મ્હારા શરીરમાં રાક્ષસી બળ આવ્યું છે ! "

" એમ છતાં પણ તમારે માટે ત્યાં જવું એ સારૂં નથી ! "

" કારણ ? "

" તમે કેદમાંથી નાશી છુટેલા ગુન્હેગાર છો. તમારો પત્તો લાગશે તો તરતજ બાજબહાદુર પોતે કરેલી તમારા ખૂનની આજ્ઞા અમલમાં મૂકશે. "

" એક દિવસે મ્હેં બાજબહાદુરના જીવનનું રક્ષણ કર્યું છે, તેનો બદલો તેઓ આવી રીતે આપવાની ઇચ્છા રાખે છે ? "

" એ ઉપકારનો બદલો તેઓ ઘણા સમય ઉપર વાળી ચુક્યા

છે. તમે રાજાની આજ્ઞાને અમાન્ય કરી કેદખાનામાંથી નાશી છુટયા છો તથા તેમની એકની એક કન્યાના મૃત્યુના કારણરૂપ થઇ પડયા છો એથી કરીને તમારો શિરચ્છેદ થશે."

"હું અહિં છું એ તેઓ જાણે છે કે?"

"ના, આ ફકિર મહાત્માએ તમને કૃપા કરીને આશ્રય આપ્યો છે, તેથી આ સ્થળે તમે બિલકુલ ભયમાં નથી."

"ઘણું સારૂં! પરંતુ મ્હારે જીવન જોઇતું નથી, મરણ જોઇએ છીએ. મરણ થાય તો ભલે પણ મ્હારે એક વખત રૂબિયાનાં દર્શન કરવાં છે! ગુલસાના? એટલું યાદ રાખજે કે, રૂબિયાના મૃત્યુ સાથે મ્હારૂં પણ મૃત્યુજ થયું છે. હવે મૃત્યુનો મ્હને બિલકુલ ભય નથી."

"તમે વિકારથી વ્યાધિગ્રસ્ત થઇ ગયા છો. હજુ સુધી ચિત્તને તમારે કબજે કરી શક્યા નથી."

"હું ચિત્તને કબજે કરી શકીશ પણ નહિ. આ દુઃખી જીવને જો કોઇ તરવારથી ભેદી નાખે તોજ હું ચિત્ત ઉપર જય મેળવી શકું."

"શાંત થાઓ, અધીરા ન બની જાઓ. મહાત્માના પાછા આવ્યા બાદ શું કરવું તે સંબંધી વિચાર કરવામાં આવશે."

ગુલસાનાનું આ વાક્ય પૂર્ણ થતાં ન થતાંમાં તો શાહજલાલુદ્દીને અમારી પાસે આવીને કહ્યું:—"ઇસ્કિન્દાર! નાશી જા! નાશી જા! હવે હું તને બચાવી શકીશ નહિ. તું અહિં છે એ બાદશાહના જાણવામાં આવ્યું છે."

મ્હેં કહ્યું:—"પ્રાણ જવાનો હોય તો ભલે જાય. મ્હારા અનેક ટુકડા થઇ જશે તેમાં મ્હને હરકત નથી; પરંતુ એક વખત તો પ્રેમમયી સુરસુંદરી રૂબિયાનાં દર્શન કરીશ. તે મ્હારી ખરી પત્ની છે."

શાહજલાલે કહ્યું:—"વત્સ ! તું ખરેખર દીવાનો છે ! આ વખતે તું રૂબિયાને જોઇ શકીશ નહિ. બાજબહાદુર પોતે કબરસ્તાનમાં હાજર રહેનાર છે, અને જો કદાચ તું તેમની નજરે પડીશ તો ત્હારી હત્યા થયા સિવાય રહેશે નહિ. એક તો તેઓ પોતાની પ્રાણાધિક પુત્રીના વિયોગથી બેચેન છે અને વળી વધારામાં પેલા વિજાપુરના દુષ્ટ સુલતાને તેમને વિશેષ ઉત્તેજિત બનાવી દીધા છે. વત્સ ! મ્હારાં વચનો ઉપર વિશ્વાસ રાખ. જો ખુદાની મિહરબાની હશે તો તું ફરીથી ત્હારી રૂબિયાને મેળવી શકીશ."

મ્હેં ક્રોધાવેશમાં કહ્યું:—"આપ સાધુ છો, સંસારત્યાગી સંન્યાસી છો, સંસારી લોકોની માફક આપ મ્હને છેતરશો નહિ. હમણાં તો આપ કહો છો કે રૂબિયાને કબરમાં દાટવામાં આવનાર છે અને જો તેમજ હોય તો પછી તમારા કહેવા પ્રમાણે હું તેને ફરીથી કેવી રીતે મેળવી શકું ? મરી ગયેલું માણસ તે ફરીથી કદાપિ જીવતું થાય કે ? આપ નક્કી મ્હને છેતરો છો !"

શાહજલાલ મહાત્માએ મ્હારી પીઠ ઉપર પોતાનો હાથ થાબડતાં કહ્યું:—"વત્સ ! અનંત શક્તિમાન ઇશ્વરના ઉપર વિશ્વાસ રાખ. તેમના તરફ તું ભક્તિપૂર્ણ દૃષ્ટિથી જો. જો તેમની કૃપા હોય તો મરી ગયેલું મનુષ્ય પણ જીવતું થયા સિવાય રહેતું નથી. જગતમાં સર્વની નજરે રૂબિયા મરી ગઈ છે ખરી; પરંતુ મ્હારી નજરે મરી ગઈ નથી. હું કોઇને કદાપિ છેતરતો નથી. કોઈ દિવસ જૂઠું બોલતો નથી. મ્હારાં વચનો ઉપર વિશ્વાસ રાખ. વત્સ ! ઇસ્કાન્દાર ! તું અવશ્ય રૂબિયાને મેળવી શકીશ."

શાહજલાલ ફકિર એક સિદ્ધ પુરૂષ હતા. આ સમયે તેમનાં વચનો ઉપર મ્હને વિશ્વાસ બેઠો. કેવા પ્રકારના રહસ્યબળથી મરી ગયેલું મનુષ્ય ફરીથી જીવતું થશે તે હું સમજી શક્યો નહિ. દૈવશ-

ક્તિવાળા મહાત્માઓ દૈવબળથી શક્તિમાન છે. સાધારણ મનુષ્યના કરતાં તેમની શક્તિ ઘણી હોય છે. મ્હેં સાધુ સંન્યાસીની આ શક્તિ ઉપર વિશ્વાસ મૂકી શાહજલાલ મહાત્માના ચરણોમાં મ્હારૂં મસ્તક નમાવ્યું.

દ્વાવિંશતિતમ પરિચ્છેદ.

(કુલસમની વાત.)

મ્હારૂં નામ કુલસમ છે. હું શેખજીની પત્ની છું. ગુલસાનાની દાસી છું. સોહાણીનાં પત્ની ગુલસાના આગ્રાનો ત્યાગ કરતી વખતે મ્હને પોતાની સાથે લઈ આવ્યાં છે. મ્હારા પતિ વૃદ્ધ શેખજી પણ મ્હારી સાથે આવ્યા છે. ગુલસાનાએ એક દિવસ રૂદન કરતાં કરતાં મ્હને કહ્યું:–" કુલસમ! હવે મ્હને સંસાર પ્રિય લાગતો નથી. સંસારનો કોલાહલ મ્હને ઘણો દુઃખદાયક જણાય છે. એક સમયે હું રાજરાજ્યેશ્વરી હતી, અનેક લોકોને ઉદાર આશ્રય આપતી હતી; પરંતુ હમણાં હું દીવાની બની ગઈ છું–ભિખારિણી બની ગઇ છું. હવે તું વિના કારણ મ્હારી સાથે રહીને શા માટે દુઃખ સહન કરે? હું તને બાજબહાદુરના અંતઃપુરના કોઈ સારા કામ ઉપર ગોઠવી દઈશ. એ સ્થળે તું સુખમાં ત્હારા દિવસો પસાર કરજે."

મ્હેં અનેક પ્રકારનો વિચાર કરી ગુલસાનાની વાત કબુલ કરી. બાજબહાદુરની ઉપર તેમનો કેટલો બધો અધિકાર હતો એ હું જાણતી નહોતી. એક દિવસે બાજબહાદુર ઉપરનો ગુલસાનાનો અધિકાર મ્હારા જાણવામાં આવ્યો.

ગુલસાના મ્હને સાથે લઇને એક દિવસે બાજબહાદુરના અંતઃપુરમાં ગયાં. બાજબહાદુરનાં મુખ્ય રાણીનું નામ રૂપમતી હતું. રૂપમતી બેગમ ગુલસાનાનું અસાધારણ સૌંદર્ય જોઇને તેના ઉપર મોહિત થઇ

ગયાં. તેમણે ઘણા સમય સુધી 'ટગર ટગર' જોઇ રહીને ગુલસાનાના સૌંદર્યનું અવલોકન કર્યું, તથા ત્યાર પછી તેમણે પોતાના મનમાં શો વિચાર કર્યો એ હું જાણુતી નથી; પરંતુ તેમણે ગુલસાનાને પોતાની પાસે બેસાડીને સ્મિત હાસ્ય કરતાં પૂછ્યું:-"તમે આટલું બધું સૌંદર્ય લઇને આ પૃથિવી ઉપર આવનાર કોણ છો?"

ગુલસાનાએ ઉત્તર આપ્યો:—"બ્હેન! આજે તમે તમારા સૂભાગ્યને લીધે જે રત્નજડિત આસન ઉપર માળવેશ્વરી રૂપે બિરાજ્યાં છો, એ આસન ઉપર બેસવાની વાતચિત એક દિવસે મ્હારે માટે ચાલતી હતી. મ્હારા પિતાએ મ્હારા વિવાહ સંબંધીની સર્વ ગોઠવણ બાજબહાદુર સાથે નક્કી કરી હતી; પરંતુ સોહાણી નામના એક પઠાણ વીરના શૌર્યથી મુગ્ધ બની જઇને મ્હેં તેને મ્હારા મનમાં પતિ તરીકે સ્વીકાર્યો હતો. માત્ર એટલુંજ નહિ; પરંતુ વિવાહનો દિવસ આવતાં પૂર્વે એ શૌર્યવાન્ પુરૂષની સાથે હું નાશી ગઈ હતી. મ્હારૂં નામ ગુલસાના છે."

રૂપમતીએ કહ્યું:-"બ્હેન! મ્હેં તમારા દુર્ભાગ્યની સઘળી હકીકત સાંભળી છે; પરંતુ ભાગ્ય આગળ સહુ લાચાર છે. તમે મ્હારી પાસે રહો. હું તમારા ઉપર મ્હારી સગી બ્હેનના કરતાં પણ વધારે પ્રેમ રાખીશ."

ગુલસાનાએ કહ્યું:—"બેગમ સાહેબા! તમારી આવી પ્રેમમયી લાગણીને માટે હું તમારી આભારી છું; પરંતુ સ્વામીનું મૃત્યુ થયા પછી મ્હેં સંસાર સાથેનો સર્વ સંબંધ છોડી દીધો છે. તમારી મુલાકાત લેવાનું માત્ર એજ કારણ હતું કે મ્હારી આ વિશ્વાસપાત્ર દાસી કુલસમને તમારી સેવામાં રાખો. એ ઘણી ચતુર છે. તમે એના ઉપર માયા રાખજો. એને આશ્રય આપશો એટલે હું તમારો મ્હારા ઉપર મ્હોટો ઉપકાર થયો સમજીશ."

આમ કહી, ઉત્તરની રાહ જોયા સિવાય ગુલસાના અંતઃપુરમાંથી ચાલ્યાં ગયાં. એ દિવસથી હું માળવેશ્વરના અંતઃપુરમાં રૂપમતી બેગમની મુખ્ય દાસી તરીકે કામ કરવા લાગી; પરંતુ માત્ર બે ચાર દિવસમાંજ મ્હારી ઉંમર ઘણી ન્હાની હોવાનું જણાવી રૂપમતી બેગમે મ્હને તેમની કન્યા શાહજાદી રૂબિયાની સખી તરીકે રાખી; તથા મ્હારા સ્વામી શેખજી શહેરની અંદર સ્વતંત્ર મકાન રાખીને રહેવા લાગ્યા.

શાહજાદી રૂબિયા મ્હારા ઉપર અસાધારણ પ્રેમ રાખતી હતી, અને ધીમે ધીમે હું તેની આંખોના તેજ સમાન થઇ પડી. તેણે મ્હારા ઉપર અસાધારણ વિશ્વાસ રાખવા માંડયો. ઘાયલ થયેલા ઇસ્કાન્દારખાનને મ્હેં પહેલ વહેલા નર્મદા કિનારા ઉપર આવેલા રાજમહેલમાંજ ઓળખી કાઢ્યા. ઇસ્કાન્દાર ઘણા રૂપવાન્ પુરૂષ હતા. રાત્રિદિવસ તેમની સેવા ચાકરી કરતાં શાહજાદી રૂબિયા તેમના ઉપર મોહ પામી હતી એમ જાણવામાં મ્હને વાર લાગી નહિ; પરંતુ તે વખતે રૂબિયાને એ માર્ગ ઉપર જતી હું અટકાવી શકું તેમ નહોતી. હૃદયના આવેગથી તે એ પ્રેમમાગ ઘણે દૂર સુધી ચાલી ગઇ હતી. વર્ષાઋતુની સરિતાના પ્રચંડ પ્રવાહના જોશ પ્રમાણે તેનો પ્રેમપ્રવાહ ઘણાજ જોશમાં વહેતો હતો.

શાહજાદી રૂબિયા નર્મદા કિનારા ઉપર આવેલા શીશમહેલનો ત્યાગ કરી, રાજધાનીમાં આવી. તેણે અસુસ્થતા હોવાનું જણાવ્યું; પરંતુ તેના મનની સ્થિતિ હું જાણી ગયા સિવાય રહી નહિ. મ્હારી પાસેથીજ તેણે એક દિવસે સાંભળ્યું હતું કે, આ ઘાયલ થયેલા ઇસ્કાન્દારખાન તેના પિતા માળવેશ્વરના અંતઃપુરના રક્ષક, તેમજ બીજા સેનાપતિ છે, મ્હારા આ સંવાદથી રૂબિયાની આશા સતેજ થઇ હતી. તેને એમ લાગ્યું કે ઇસ્કાન્દારખાન જ્યારે આ રાજમહેલમાં

રહે છે તો કોઇ દિવસે અવશ્ય તેમની મુલાકાત થશેજ. શાહજાદી આવી દીવાની આશાની છળનાથી મુગ્ધ ચિત્તે પોતાના દિવસો પસાર કરવા લાગી.

રૂબિયાએ એક દિવસે એકાંત જોઇને મ્હને કહ્યું:—" કુલસમ! તું તો સર્વ જાણી શકી છે, બ્હેન! હવે હું આ વિરહવેદના ભોગવી શકતી નથી. પિતા મ્હારો વિવાહ દુષ્ટ સુલતાન સાથે કરવાનો યત્ન ચલાવી રહ્યા છે! હું રાજકન્યા છું, છતાં અભાગિની છું. સુલતાનની સાથે હું કદાપિ વિવાહ કરવાની નથી.

મ્હેં શાહજાદીના મનની વાત જાણવાને માટે પ્રશ્ન કર્યો:—"ત્યારે શું, અહમ્મદનગરના સુલતાન, શાહજાદીને યોગ્ય જણાતા નથી ?"

શાહજાદીએ ઉત્તર આપ્યો:—" કુલસમ! હવે એ નરાધમનું નામ લઇશ નહિ! જેવી તેની આકૃતિ છે તેવોજ તેનો સ્વભાવ છે. રાત્રિદિવસ બબ્બાના ખાટલામાંજ તે ચકચુર રહે છે! રાજવંશમાં તેનો જન્મ થયો છે તેથી શું થયું? રાજવંશને શોભાસ્પદ કરે એવો એક પણ ગુણ તેનામાં નથી. એના કરતાં તો કોઇ ગુણવાન્ દરિદ્ર સ્વામી મ્હને વધારે પસંદ છે."

આવા પ્રકારની વાતચિત્તમાં હું શાહજાદીના અંતરની વાત સારી રીતે સમજી શકી.

એક દિવસે ઉજ્વળ ચંદ્રિકાથી વસુંધરા હાસ્ય કરી રહી હતી. મલયવાયુ સુગંધિત બનીને વાતો હતો, પપૈયા, કોયલ વગેરે પક્ષીઓના મધુર નાદથી આકાશ પડઘો પાડતું હતું. રૂબિયા રંગમહેલની બારીમાં ઉભી ઉભી સુંદર પ્રકૃતિનું દર્શન કરી રહી હતી. એવા સમયે કોઇ જાણે કે નીચેથી બોલી ઉઠયું કે:—" રૂબિયા! રૂબિયા! સ્વર્ગની દેવી." આ અવાજ શાહજાદીના સાંભળવામાં આવતાંજ તે બારી પાસેથી ખસી ગઇ.

ત્યાર પછી કેવી રીતે એક વિશ્વાસપાત્ર તાતારિણીને મોકલી ઇસ્કાન્દારખાનને રંગમહેલમાં બોલાવવામાં આવ્યા, તથા તેમનો મનોભાવ જાણવાને માટે, શાહજાદીએ પોતે દાસીનો વેશ ધારણ કરીને બીજી એક દાસીને શાહજાદી બનાવી સિંહાસન ઉપર બેસાડીને કેવી ચતુરાઇથી તેમના મનની ખરી વાત જાણી લીધી હતી તે ઇસ્કાન્દારના મુખેથીજ વાચકોના જાણવામાં આવ્યું છે.

ઇસ્કાન્દારખાન અમારી ચતુરાઇથી રંગમહેલમાં આવ્યા, અને શાહજાદી રૂબિયાએ તેમનું પુનઃ દર્શન કરીને પોતાનો પ્રાણ તેમના ચરણોમાં નમાવ્યો. પછીથી જ્યારે રાજકન્યાના સાંભળવામાં એમ આવ્યું કે, તેના પિતા સુલતાનને બોલાવી લાવવાને માટે ખાનસાહેબને સેનાપતિ તરીકે મોકલે છે ત્યારે તે ઘણી નિરાશ થઇ ગઇ. તેણે મ્હને એકાંતમાં બોલાવીને કહ્યું કે:—"કુલસમ! હવે કાંઇ ઉપાય? જો સુલતાન રાજધાનીમાં આવી પહોંચશે તો કોઇ પણ પ્રકારે વિવાહ બંધ રહેશે નહિ; પરંતુ તે પૂર્વેજ ઝેર પીને, અગર તો નર્મદાના શીતળ જળમાં કૂદી પડીને હું મ્હારી સર્વ જ્વાળા શાંત કરીશ."

શાહજાદીનું કહેવું તેના મુખના ભાવ ઉપરથી મ્હને ખરૂં માલૂમ પડયું. રાજકુમારીને માટે મ્હને ઘણી લાગણી થઇ આવી; પરંતુ શું કરવું તે કાંઇ સુઝયું નહિ. રાજમહેલમાં રહીને ઇસ્કાન્દારખાનની મુલાકાત લેવાનું કામ ઘણું જોખમ ભરેલું હતું; અને જો ઇસ્કાન્દારખાનની મુલાકાત ન થાય તો પછી રૂબિયા આત્મહત્યા કરવાને તૈયાર થઇ હતી.

એવામાં એકાએક બાજબહાદુરે રંગમહેલમાં અમારી પાસે આવીને રૂબિયાને કહ્યું:—"રૂબિ! કેટલાક દિવસથી ત્હારૂં શરીર સારૂં જણાતું નથી. ત્હારૂં ચિત્ત ઘણું ચિંતાતુર જણાય છે. મ્હારી એવી

ઇચ્છા છે કે, તું નર્મદા કિનારા ઉપર આવેલા શીશમહેલમાં જઇને રહે. એ સ્થળે રહેવાથી ત્હારી તબિયતમાં સુધારો થશે અને ચિત્ત પ્રસન્ન રહેશે. જો ત્હારી ઇચ્છા હોય તો આ કુલસમને પણ તું ત્હારી સાથે લઇ જજે.”

મ્હેં મનમાંને મનમાં વિચાર્યું કે ખુદાએ આ સારો સુયોગ મેળવી આપ્યો. શાહજાદીએ પણ પ્રસન્નતાથી પિતાના કહેવા પ્રમાણે તે દિવસે સંધ્યા સમયે નર્મદા ઉપર આવેલા શીશમહેલમાં જઇને નિવાસ કર્યો, તથા ઇસ્કાન્દારખાનને મીના મસ્જીદ પાસે રાહ જોવાનો સંદેશો પહોંચાડવામાં આવ્યો.

રાજકુમારીએ મ્હને મૂકીને એકલી રહેવાની ના પાડ્યાથી રૂબી નામની એક તાતારિણી દાસીને અમે એ રાત્રે મીના મસ્જીદની પાસે મોકલી. ઇસ્કાન્દારખાન એ દાસી સાથે નર્મદા કિનારા ઉપર આવેલા શીશમહેલમાં આવ્યા. સાગરની સાથે સરિતાનું મિલન થયું. પ્રેમની સાથે પ્રીતિનું મિલન થયું. ત્યાર પછી શું બન્યું એ વાચકો સારી રીતે જાણે છે. ભાગ્યમાં નિર્માણ થયા પ્રમાણે હું અને ઇસ્કાન્દારખાન કેદખાનામાં પડયાં.

બાજબહાદુરની આજ્ઞાથી અમને બન્નેને જૂદે જૂદે સ્થળે કેદ કર્યાં હતાં! કોઈની પણ સાથે અમારી મુલાકાત થતી નહિ. માત્ર ઇસ્કાન્દારને જે તાતારિણી રંગમહેલમાં લઇ આવી હતી તેજ બન્ને વખત કેદખાનામાં મ્હારી ભોજનસામગ્રી લઇ આવતી હતી.

મ્હને એક અંધકારમય ઓરડીમાં કેદ કરવામાં આવી હતી. બહારથી પવનના આવવાનું એક પણ સાધન નહોતું. આ ઓરડીને માત્ર એકજ બારણું હતું, અને તે મજબુતાઇથી બંધ કરવામાં આવ્યું હતું. મ્હને જો કે મ્હારી ચિંતા નહોતી તો પણ ઇસ્કાન્દા-રખાનનું તેમજ રૂબિયાનું શું થયું હશે એ વિચારથી હું વ્યાકુળ બની

જતી હતી. બાજબહાદુર સ્વતંત્ર રાજા હતા. તેઓ કોઇ પણ ગુન્હેગારને ઇચ્છા પ્રમાણે સજા કરવાને સમર્થ હતા. હું રાત્રિ દિવસ ઇસ્કાન્દારખાન માટે જીવ બાળ્યા કરતી હતી. મ્હને કેટલીક વખત એવો વિચાર થઇ આવતો હતો કે કદાચ તેમના ગંભીર અપરાધથી બાજબહાદુરે તેમનો શિરચ્છેદ કર્યો હશે.

આવી રીતે બે ત્રણ દિવસ પસાર થઇ ગયા. દિવસ તો હું મહામુશિબતે પસાર કરતી હતી; પરંતુ રાત્રિ પસાર થતી નહોતી. જયારે હું દાસી તરીકે રંગમહેલમાં હતી ત્યારે રોજ એ વખત શહેરની અંદર જઇ મ્હારા વૃદ્ધ સ્વામી શેખજીની સંભાળ લઇ આવતી હતી; પરંતુ બે ત્રણ દિવસથી હું તેમની પાસે જઇ શકતી નહોતી તેથી તેમની અવસ્થા કેવી શોચનીય થઇ પડી હશે એ વિચાર કરતાં કરતાં હું વ્યાકુળ બની જતી હતી. તેઓને બાદશાહના રંગમહેલની કોઇ પણ પ્રકારની ખબર માલૂમ નહોતી તેઓ જો મ્હને એક દિવસ જોઇ શકતા નહિ તો ઘણા અધીરા તેમજ આકુળ વ્યાકુળ બની જતા હતા.

એક દિવસે મ્હારૂં ભોજન લાવનારી તાતારિણીએ ચુપકીથી મ્હારા કાનમાં કહ્યું કેઃ—" બ્હેન ! તમારા મ્હારા ઉપર અનેક ઉપકારો થયા છે. આ તાતારિણી નિમકહરામ નથી. તમારે અહિંથી નાશી છુટવું છે ?"

મ્હારી પ્રાણાધિક સખી રૂબિયાના તેમજ ઇસ્કાન્દારખાનના કોઇ પણ પ્રકારના સમાચાર નહિ મળતા હોવાથી મ્હેં એ સંબંધી આ તાતારિણીને પ્રશ્ન કર્યો તો તેણે સંકેતદ્વારા એમ જણાવી દીધું કે એ સંબંધી રાજાની આજ્ઞાને લીધે હું તમને કાંઇ ઉત્તર આપી શકું તેમ નથી.

મ્હેં તાતારિણીને પ્રશ્ન કર્યોઃ—" મ્હને અહિંથી કોણ છોડાવી

શકે તેમ છે ? એટલું સાહસ અને શક્તિ કોનામાં છે ?”

તેણે કહ્યું:—“ કુલસમબીબી ! હું કોઇ પણ પ્રકારે તમને નગરની બ્હાર લઇ જઇ શકીશ. મ્હારાં વચનો ઉપર વિશ્વાસ રાખો.”

મ્હેં કહ્યું:—“ જો કદાચ આ વાત જાહેર થાય તો ? જો તેમ થાય તો તું મરી જાય, અને મ્હારે પણ જહન્નમમાં જવું પડે.”

રૂમિયાએ કહ્યું:—“ બ્હેન ! મ્હને મરણનો બિલકુલ ભય નથી. પરંતુ આજે તમે નાશી છુટો. આ પ્રેમનાટકનાં સૂત્રધાર તમે છો એમ જાણી બાદશાહ તમારા ઉપર ઘણા ગુસ્સે ભરાયા છે. તમે સ્ત્રી જાત છો; છતાં તમને ક્ષમા મળી શકે એમ નથી.”

મ્હેં કહ્યું:—“ રૂમિયા ! ભાગ્યને આધીન થયા સિવાય છુટકો નથી. કર્મફળ ભોગવ્યા સિવાય મનુષ્યની મુક્તિ થતી નથી. તને દુઃખી કરી હું સંકટમાંથી મુક્ત થઇ જવાની ઇચ્છા રાખતી નથી. હું જેવી હાલતમાં છું, તેવીજ હાલતમાં રહીશ. ઘણા દિવસથી મ્હને શાહજાદી તરફના કાંઇ સમાચાર મળ્યા નથી. તે ક્યાં અને કેવી સ્થિતિમાં છે તે તું કહીશ કે ?”

રૂમિયાએ ઉત્તર આપ્યો:—“ તેઓ અસાધારણ બીમાર હોવાથી તેમને તમારી માફક કેદખાનાનું દુઃખ ભોગવવું પડતું નથી. બાદશાહનાં રૂપમતી નામનાં બેગમ શાહજાદીનાં ઓરમાન માતા છે; છતાં તેઓ રાજકન્યાની પોતાના જીવની માફક સેવા ચાકરી કરે છે.”

મ્હેં પ્રશ્ન કર્યો:—“ શાહજાદી કયા વ્યાધિથી બીમાર છે ? હકીમોનું શું કહેવું છે ?”

રૂમિયાએ ઉત્તર આપ્યો:—“ રાણીની આજ્ઞાથી રાજ્યના હકીમ પત્થરના પુતળા પ્રમાણે જડ બની ગયા છે. બાદશાહે કોણ જાણે કે, શું વિચારથી એ હકીમને રજા આપી શાહજલાલ નામના ફકિર

મહાત્મા પાસે શાહજાદીની દવા કરાવવા માંડી છે. એ ફકિર મહાત્માના ઉપર તેમને અસાધારણ વિશ્વાસ હોય એમ જણાય છે."

મ્હેં કહ્યું:—"અત્યાર સુધી રૂબિયા કેદખાનાનું અસહ્ય દુઃખ ભોગવતી હશે એમ વિચારીને હું આકુળવ્યાકુળ બની ગઇ હતી; પરંતુ એ બાદશાહના કોપમાંથી બચી જઇને, કરૂણામયી રૂપમતી બેગમની પાસે આશ્રય મેળવી શકી છે ત્યારે હવે હું એને માટે નિશ્ચિંત્ત થાઉંછું. વળી જ્યારે સુપ્રસિદ્ધ ફકિર મહાત્મા શાહજલાલ તેની દવા કરે છે ત્યારે તેને અવશ્ય આરામ થશેજ. રૂમિયા ! બ્હેન ! તું એક કામ કર. તું પણ મ્હારી સાથે આ સ્થાનનો ત્યાગ કર. દિલ્લીમાં તને ઘણી નોકરીઓ મળી આવશે. તને સંકટમાં નાખી હું આ સ્થળેથી નાશી છુટવાની ઇચ્છા રાખતી નથી."

રૂમિયાએ થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા કર્યો. ત્યાર પછી તેણે કહ્યું:—"બહુ સારૂં; હું એમજ કરૂં છું, રૂબિયાની અસ્વસ્થ પ્રકૃતિને લીધે બાદશાહ ઘણા વ્યાકુળ બની ગયા છે. પહેરગીરો પણ આવો સુયોગ પ્રાપ્ત થયાથી પોતાના કર્તવ્યમાં ઘણા બેદરકાર છે. શાહજાદીને માટે રાજમહેલમાં ઘણી ગરબડ ચાલી રહી છે. મુખ્ય જેલરને, મ્હેં પ્રથમથીજ ચતુરાઇ ચલાવીને ભાંગની સાથે અફિણ પાઇ દીધું છે. એ મ્હારી સાથે વિવાહ કરવાની ઇચ્છા રાખે છે ! તે હવે વિના વિલંબે બેભાન બની જશે. પછીથી ચિંતા રાખવાનું કાંઇ કારણ નથી. કુલસમ બ્હેન ! જુઓ આ વીંટી !"

મ્હેં આશ્ચર્યથી જોયું તો એ વીંટી બાદશાહનાં રાણી રૂપમતી બેગમની હતી.

મ્હેં પ્રશ્ન કર્યો:—"રૂમિયા ! તું આ વીંટી ક્યાંથી લાવી ?"

રૂમિયાએ સ્મિત હાસ્ય કરી ઉત્તર આપ્યો:—"તમારૂં રક્ષણ કરવાને માટે મ્હેં બાદશાહની બેગમની વીંટીની ચોરી કરી છે."

એવામાં બહારથી કોઇ પહેરગીરનો અવાજ સંભળાયો; આથી કરીને રૂમિયાએ મ્હને કહ્યુઃ—“હમણાં હું જાઉછું. આ વીંટીને તમે તમારી પાસે છુપાવી રાખો. હું બરાબર સુયોગ મેળવીને જ અહિં આવીશ.”

આ પ્રમાણે સૂચના કરી રૂમિયા તરતજ મ્હારી પાસેથી ચાલી ગઇ.

શાહજાદી રૂબિયાના ઉપર મ્હારો પ્રાણાધિક પ્રેમ હતો. જે સર્વ ગુણોથી રમણી સર્વની પ્રશંસાને પાત્ર થઇ પડે છે, એ સર્વ ગુણો તેનામાં હતા. તે શાહજાદી હોવા છતાં તેનામાં અભિમાન, અહંકાર કાંઇજ નહોતું. મનુષ્યના ઉપર પ્રેમ રાખવાને માટે જ, દરિદ્રના તરફ દયા દર્શાવવાને માટેજ ખુદાએ તેને આ દુનિયામાં પયદા કરી હોય એમ મ્હને લાગતું હતું. તેનું હૃદય અતિ પવિત્ર હતું. પ્રાણ ઘણો કોમળ હતો. એ જાણે કે દેવલોકને પણ ભાગ્યેજ પ્રાપ્ત થઇ શકે એટલી બધી સરળતા લઇને આ દુનિયામાં આવી હતી. અરેરે ! મ્હારી બુદ્ધિના દોષથીજ તેને આટલું બધું દુઃખ સહન કરવું પડે છે ! હું હતભાગિની છું ! મ્હારે લીધેજ તેના સર્વસ્વનો નાશ થયો છે.

ત્રયોવિંશતિતમ પરિચ્છેદ.

“ કુલસમબિબિ ! જાગો છો કે ? ”

“ આ હતભાગિનીને નિદ્રા ક્યાંથી આવે ? સર્વ બંદોબસ્ત કર્યો છે કે ? ”

“ હા, જો તેમ ના હોત તો આવી ગંભીર રાત્રે હું આવત નહિ. વીંટીને તમારી પાસે છુપાવી રાખીને સાથે લઇ લ્યો. ”

“ ઠીક; પરંતુ આપણે જઇશું ક્યાં ? ”

" મ્હારી સાથે આવો ! આ કટાર પણ તમારી પાસે છુપાવી રાખો. "

" કેમ ? કાંઈ સંકટ પડે તેમ છે કે ? "

" હાસ્તો. આ બાદશાહના રંગમહેલની પાસેની જગ્યા છે. ચારે દિશાએ બળવાન્ પહેરગીરો ફર્યા કરે છે. જ્યાં સુધી આપણે આ સ્થળેથી નાશી છુટી શહેર બહાર ન નીકળીએ ત્યાં સુધી ભય રહે એ સાહજિક છે. "

હું વખત નહિ ગુમાવતાં રૂમિયાની સાથે બહાર નીકળી. બ્હાર જતાંજ મ્હેં જોયું કે રૂમિયાની ચતુરાઇથી એક પહેરગીર બેભાન બની જઇને ભૂમિને ભેટી પડયો હતો. મ્હેં મનમાં ને મનમાં વિચાર્યું કેઃ—" શાહબાશ રૂમિયા ! ધન્ય છે ત્હારી ચાલાકીને ! "

ધીમે ધીમે અમે બન્ને જણાં આગળ જવા લાગ્યાં. એવામાં એકાએક કોઇ મનુષ્યની છાયા મ્હારી નજરે પડી. હું ગભરાઈ ગઇ. રૂમિયાએ મ્હારો હાથ દબાવી ધીમેથી મ્હારા કાનમાં કહ્યુંઃ—"બ્હેન ! ભોગ મળ્યા ! આપણે બાદશાહની નજરે પડયાં છીએ. આપ આપ, જલદીથી પેલી વીંટી મ્હને આપ. તું કાંઇ પણ બોલીશ નહિ. પહેરેલા વસ્ત્રથી ત્હારૂં મસ્તક ઢાંકી દે. જે કરવાનું છે તે હું જાતેજ કરીશ."

મ્હેં તરતજ પેલી વીંટી રૂમિયાના હાથમાં મૂકી મ્હારા મસ્તકને પહેરેલા વસ્ત્રમાં છુપાવી દીધું.

ધીમે ધીમે પેલા મનુષ્યની છાયાએ અમારી પાસે આવી પહોંચી પ્રશ્ન કર્યોઃ—" કોણ છો તમે ? "

ભયથી મ્હારો જીવ કંપી ઉઠયો; પરંતુ રૂમિયા બિલકુલ ગભરાઇ નહિ. તેણે બાદશાહને માનથી નમન કરી કહ્યુંઃ—" ખુદા ! દીન દુનિયાના માલિક ! શહેનશાહ આલમબહાદુરને દીર્ઘાયુ કરો. "

હવે મ્હારી ખાત્રી થઇ કે, મ્હારી નજરે જે છાયા પડી હતી

તે બાજબહાદુરની પોતાની હતી. પ્રથમ મ્હારા સાંભળવામાં એમ આવ્યું હતું કે, તેઓ જરૂરના કારણે અનેક વખત ગંભીર રાત્રે ગુપ્ત વેશ ધારણ કરી રાજમહેલની ચારે દિશાએ ફર્યા કરે છે. જે વાત પૂર્વે મ્હેં સાંભળી હતી તે આજે સત્ય ઠરી.

બાજબહાદુરે તાતારિણીને ઓળખી. તેમણે પ્રશ્ન કર્યો:—"રૂમિયા ! આવી ગંભીર રાત્રે તું ક્યાં જાય છે ? વળી ત્હારી સાથે આ કોણ છે ?"

રૂમિયાએ બાદશાહને ફરીથી નમન કરી પેલી વીંટી બતાવીને કહ્યું:—"નામવર ! બેગમસાહેબાની આજ્ઞાથી હું આ બાઇને બહાર મૂકવા જાઉં છું."

"એ કોણ છે ?"

"બેગમસાહેબાનાં સખી છે. શાહજાદીની તબિયત બીમાર હોવાનું જાણવામાં આવતાં તેઓ તેમની તબિયત જોવાને આવ્યાં હતાં."

બાજબહાદુર, રાણી રૂપમતીની વીંટી જોઇને બીજું કાંઇ પૂછી શક્યા નહિ. તેઓ સ્થિરતાથી જ્યાં ઉભા હતા ત્યાંજ ઉભા રહ્યા. અંતે તેમણે માત્ર એટલોજ પ્રશ્ન કર્યો કે:—"તું તો હમણાં અંતઃપુરમાંથી આવે છે ને ? ત્યારે કહે કે શાહજાદીની તબિયત હમણાં કેમ છે ?"

રૂમિયાએ ફરીથી એક કુરનસ બજાવી ઉત્તર આપ્યો:—"ખુદાની મિહરબાનીથી શાહજાદીની તબિયત હમણાં ઘણી સારી છે; સર્વેની સાથે તેઓ વાતચિત કરે છે."

"ઘણું સારૂં." કહીને બાદશાહ પોતાના વિશ્રામાલય તરફ વળ્યા. રૂમિયાએ ધીમેથી મ્હારો હાથ દબાવ્યો. આ હાથ દબાવીને તે મ્હને એવું સમજાવવા માગતી હતી કે:—"હવે ભય નથી ! સઘળું સંકટ દૂર થયું છે."

હું અને રૂમિયા જલદીથી આગળ જવા લાગ્યાં. ઉદ્યાનમાંથી બ્હાર નીકળવાનો જે મુખ્ય દરવાજો હતો ત્યાં આગળ એક ઇરાની ખોજો પહેરો ભરતો હતો. મ્હેં ભય પામીને કહ્યું:—" રૂમિયા ! આ વખતે હું ધારૂં છું કે, કદાચ આપણે પકડાઇ જઇશું."

રૂમિયાએ ધીમેથી મ્હારા કાનમાં કહ્યું:—" જ્યારે ખુદ બાદશાહની જાળમાંથી આપણે છુટયાં છીએ તો પછી હવે કોઇનો પણ ભય રાખવાનું કારણ નથી. બ્હેન ! તમે ચુપ રહેજો. માથા ઉપર ઘુમટો ખેંચેલો રાખજો. આ ગુલામડાનો મ્હને લેશ માત્ર પણ ભય નથી. "

ભીષણ અંધકારમાં અમારા જેવી બે સ્ત્રીઓને પોતાની પાસે આવતી જોઇને અખ્તિયારખાને પ્રશ્ન કર્યો:—" કોણ છે ? ".

રૂમિયાએ અખ્તિયારખાનની પાસે જઈ પહોંચી તેનો હાથ દબાવી, આંખો લાલચોળ કરીને કહ્યું—" હજુ સુધી આંધળોજ રહ્યો છે કે શું ? થોડી વધારે ભાંગ પીવી'તીને ? "

અખ્તિયારખાને હસીને પ્રશ્ન કર્યો:—" ઓહો, તું જ કે ? અત્યારે ક્યાં જાય છે ? વળી ત્હારી સાથે આ બીજી કયી સ્ત્રી છે ? "

રૂમિયાએ કૃત્રિમ ક્રોધ દર્શાવતાં કહ્યું:—" ગુલામ ! ચુપ રહે. મ્હારી સાથે કોણ છે તેનું ત્હારે શું કામ છે ? જો હવે એક પણ શબ્દ પૂછીશ તો કાલે સ્હવારે તને નોકરી ઉપરથી પાણિચું મળશે. હું ત્હારી આવી બેઅદબીની વાત બાદશાહ નામવરના કાને પહોંચાડીશ."

ત્યાર પછી રૂમિયાએ પહેરેગીરને પેલી વીંટી બતાવી એટલે તેણે માનસહિત નમન કરી કહ્યું:—" રૂમિયા ! તું બાદશાહનો સ્વભાવ તો જાણે છે. તેથી કરીનેજ મ્હારે બરાબર સંભાળથી ચાલવું પડે છે. મિહરબાની કરીને મ્હારી આ બેઅદબીની વાત બાદશાહ નામવરને નિવેદન કરીશ નહિ."

રૂમિયાએ સ્મિત કરીને કહ્યું:—"એતો તને ખાલી ધમકાવવાને માટેજ મ્હેં એમ કહીને ભય દર્શાવ્યો હતો. બાકી અંતઃકરણથી હું ત્હારા ઉપર કેટલો બધો પ્યાર રાખું છું તેની તને કલ્પના સુદ્ધાં નથી!"

ત્યાર પછી એ ખોજાએ પોતાને હાથે દરવાજો ઉઘાડયો. હું અને રૂમિયા દરવાજામાંથી બ્હાર નીકળીને રાજમાર્ગ ઉપર આવ્યાં. પછીથી મ્હારા જીવમાં જીવ આવ્યો.

રૂમિયાએ મ્હને કહ્યું:—"કુલસમ બ્હેન! હજુ પણ આપણે કાંઇ સંકટમાંથી બચી ગયાં નથી. હું ધારૂં છું કે, કાલે સ્હવારે સઘળી હકીકત જાહેર થઇ જશે. ગમે તે પ્રકારે આપણે આજે રાત્રેજ આ નગરનો ત્યાગ કરવો જોઇએ."

મ્હેં કહ્યું:—"ત્યારે હવે કેમ કરીશું? જો કદાચ આપણે પકડાઇ જઇશું તો આપણને હડકાયા કૂતરા પાસે મારી નખાવવામાં આવશે."

રૂમિયાએ ચિંતાતુર ચિત્તે કહ્યું:—"હું પણ એ સંબંધીનોજ વિચાર કરૂં છું. કાલે સ્હવારે આપણા પલાયનની હકીકત જ્યારે જાહેર થઇ જશે ત્યારે આપણને બાજબહાદુરના રાજ્યની સરહદમાં કોઇ આશ્રય આપશે નહિ."

હું પણ રૂમિયાનાં આ વચનોથી ઘણી નિરાશ બની ગઇ. મ્હેં અસ્પષ્ટ સ્વરે કહ્યું:—"હે ખુદા! ત્યારે શું હવે અમારે માટે આ સંસારમાં ઉભા રહેવાનું એક પણ સ્થાન નથી?"

થોડા સમય સુધી રૂમિયાએ કાંઇ વિચાર કર્યા પછી આશાપૂર્ણ સ્વરે કહ્યું:—"કુલસમ બ્હેન! એક ઘણું સારૂં આશ્રય સ્થાન મ્હને યાદ આવ્યું છે. મનુષ્ય નિષ્ઠુર થઇ શકે છે; પરંતુ ઇશ્વર નિષ્ઠુર થઇ શકતો નથી: ચાલો, જલદીથી મ્હારી સાથે ચાલો."

અમે આ ભીષણ અંધકારમાં અતિ ઉત્સાહથી આગળ વધવા લાગ્યાં. આવી ગંભીર રાત્રે રાજમાર્ગ ઉપર કોઇ પણ મનુષ્ય જણાતું નહોતું. અમે પકડાઇ જવાના ભયથી જલદીથી માર્ગ કાપવા લાગ્યાં!

એવામાં એકાએક અતિ ભયંકર જળપ્રવાહનો અવાજ અમારે કાને પડયો. એ ગંભીર ગર્જના સાંભળી રૂમિયાએ કહ્યું:—"બ્હેન! અંધારૂં વધારે હોવાથી આપણે રસ્તો ભૂલ્યાં છીએ."

મ્હેં કહ્યું:—"તેથી શું થઇ ગયું? અહિં તો કોઇ પણ પ્રકારનું સંકટ આવી પડે એમ લાગતું નથી. આ સ્થાન ઘણું એકાંત જણાય છે."

રૂમિયાએ કહ્યું:—"સ્થાન એકાંત હોવા છતાં પણ નિર્ભય નથી. જળના તરંગોનો અવાજ તમે સાંભળી શકો છો ને? આપણે ભયની ભાવનાથી ઉતાવળાં ઉતાવળાં ખરો રસ્તો ભૂલી "નીલપહાડ" પાસે આવી ચઢયાં છીએ?"

મ્હેં "નીલપહાડ"નું નામ પૂર્વે સાંભળ્યું હતું. એ પહાડ ઉપર '**નીલા**' નામનું એક પક્ષી રહેતું હોવાથી એ પહાડનું નામ "નીલપહાડ" થઇ ગયું હતું. એ સ્થળે નર્મદાનો પ્રવાહ ઘણોજ જોશથી વહેતો હતો. નદીની પેલે પાર જવાનો કોઇ પણ ઉપાય નહોતો, અને પાર ઉતર્યા સિવાય અમારો જીવ બચી શકે તેમ નહોતો. વળી આ સ્થાન ઘણું નિર્જન હોવાથી લુંટારાઓનો ભય પણ કાંઇ થોડો નહોતો.

મ્હેં જોયું કે રૂમિયા તદ્દન નિરાશ બની ગઇ છે. તેની આવી સ્થિતિ જોઇને હું પણ નિરાશ બની ગઇ. એવામાં એકાએક દૂરથી આવતાં કોઇનાં પગલાંનો મંદ અવાજ અમારે કાને પડયો. અમારૂં બંનેનું હૃદય કંપી ઉઠયું. હું નિરાશાથી ઉચ્ચ સ્વરે બોલી ઉઠી:— "હવે કાંઇ ઉપાય?"

એકાએક ભીષણ અંધકારનો ભેદ કરી કોઈ બળવાન્ મનુષ્યની પ્રતિમા અમારી પાસે આવી પહોંચી; તથા તેણે કહ્યું:–" ઉપાય માત્ર ખુદા. પરંતુ તમે સ્ત્રીઓ જણાઓ છો. બ્હેનો ! આવી ગંભીર રાત્રે તમે ક્યાં જાઓ છો ? આવા બીહામણા ભયંકર અરણ્યમાં તમે શા માટે આવી ચઢયાં છો ? "

રૂમિયાએ સાહસ મેળવી અસ્પષ્ટ સ્વરે કહ્યું:–" દયાળુ દેવ ! આપ કૃપા કરીને અમને બન્નેને આશ્રય આપો. "

"તમે કોણ છો એ પ્રથમ જણાવો ? જુઓ, ખોટું બોલશો નહિ."

" આપ જેવા દયાળુ દેવની આગળ ખોટું બોલી અમે પાપી થવા માગતાં નથી. આ બાઇનું નામ કુલસમ છે. "

" કુલસમ ! "

" હા—કુલસમ ! "

" રૂબિયાની સહચરી–કુલસમ ? "

" હા—એજ. "

" કુલસમ બ્હેન ! ખુદાએ ત્હારા ઉપર રહેમ કરી છે. તું હવે નિર્ભયતાથી મ્હારી સાથે આવ. "

મ્હેં સાધારણ પ્રકાશમાં જોયું કે, એ પ્રતિમા કોઇ પ્રભાવશાળી ફકિર મહાત્માની હતી. મ્હેં તરતજ એ મહાત્માને નમસ્કાર કરી કહ્યું:—" પ્રભુ ! આવા અંધકારમાં પણ હું આપને ઓળખી શકી છું ! આપ ભીષણ સંકટમાંથી અમારૂં રક્ષણ કરો. "

એ ફકિર બીજા કોઇ નહિ; પરંતુ શાહજલાલ જાતેજ હતા. તેમણે કહ્યું:—" બેટા ! કોઈ પણ પ્રકારની બ્હીક રાખીશ નહિ. મ્હારી સાથે આશ્રમમાં ચાલ, તને નિર્ભય સ્થાને લઇ જઇને હું સઘળી વાત કરીશ. ગુલસાના પણ ત્યાં આગળ આતુરતાથી ત્હારી રાહ જુએ છે. "

આમ કહીને તરતજ ફકિર મહાત્મા આગળ ચાલવા લાગ્યા. અમે એ અંધકારની અંદર તેમની પાછળ પાછળ જવા લાગ્યાં. લગભગ અડધા કલાકમાં અમે ફકિર મહાત્માની પર્ણકુટીમાં જઈ પહોંચ્યાં.

ચતુર્વિંશતિતમ પરિચ્છેદ.

અમને થાકી ગયેલાં જાણીને ફકિર મહાત્માએ કેટલાંક સુમિષ્ટ ફળો અને સ્વચ્છ જળ અમારી આગળ મૂક્યું. અમારી બન્નેની ભૂખ તરસ ચાલી ગઈ. રાત્રિનો છેલ્લો પ્રહર વીતતો હતો. મહાત્માએ મ્હને કહ્યું:—" બ્હેન ! અત્યારે તો હવે સૂઈ જાઓ. કાલે સ્હવારે હું તને સઘળી હકીકત કહી સંભળાવીશ. " આમ કહીને મહાત્મા શાહજલાલ અમારી પાસેથી ચાલ્યા ગયા.

રૂમિયાએ કહ્યું:—" બ્હેન ! ખુદાનો અપાર મહિમા જોયો કે ? હવે નિશ્ચિંત રીતે નિદ્રાધીન થઇ જાઓ. "

મ્હેં રૂમિયાને કાંઇ કહ્યું નહિ. એ ક્ષુદ્ર સ્થળે બે પર્ણશય્યા હતી. અમે બન્ને જૂદી જૂદી શય્યામાં સૂતાં. હું સૂતી ખરી, પરંતુ મ્હારાં નેત્રોમાં નિદ્રા આવી નહિ. પ્રભાતકાળે સાધારણ નિદ્રા આવી તો તે પણ સ્વપ્નમયજ આવી. મ્હેં એ વિચિત્ર સ્વપ્નમાં જોયું કે, રૂબિયા મરી ગઈ છે. તેનો અતિ સુંદર, સુકોમળ દેહ પત્થરના જેવો કઠિન થઈ ગયો છે. જે નેત્રોમાં પ્રેમનો પ્રવાહ વહેતો હતો, જે ઓષ્ઠાધરોના હાલવાથી સજીવ પ્રેમભાવ પ્રકાશી નીકળતો હતો એ સુંદર પ્રેમની ભાષાવાળી આંખો નિસ્તેજ બની ગઈ છે. ઓષ્ઠાધર મ્લાન અને સ્થિર થઈ ગયા છે. મુખ ઉપર મૃત્યુનું માધુર્ય જણાય છે.

હું વ્યાકુળતાથી ઉચ્ચ સ્વરે બોલી ઉઠી:—" ખુદા ! ખુદા !

આ શું કર્યું ? આવી સુંદર સુકોમળ પ્રતિમા તરફ તમે આટલી બધી નિષ્ઠુરતા કેમ કરી ? રમણીસૌંદર્યની સુંદરતા પ્રકટ કરવાને માટેજ આ દેવાંગનાને તમે સ્વર્ગમાંથી મૃત્યુલોકમાં મોકલી હતી તેનું એકાએક મરણ કેમ નિપજાવ્યું ? હે દયાનિધિ પરમેશ્વર ! તેનું આવું શોચનીય પરિણામ શા માટે આણ્યું ? નહિ, નહિ, રૂબિયા કદાપિ મરે નહિ ! ત્યારે શું હું ભ્રમમાં ભૂલું છું ! મૃત્યુ તેના અ-સાધારણ સૌંદર્યને સ્પર્શ નજ કરી શકે ? ! ”

આ સમયે કોઈ જાણે કે મ્હારા ઉશિકા પાસેથી બોલી ઉઠ્યું:—“ ના, ના; રૂબિયા મરી ગઈ નથી. જે અસાધારણ સૌંદર્ય-મયી છે, તેનું આટલું જલદીથી મૃત્યુ થાય તેમ નથી. ”

મ્હેં હતભાગિનીએ નેત્રો ઉઘાડયાં, તો મ્હારા ઉશિકા આગળ શાહજલાલ મહાત્મા ઉભા રહેલા જોયા. તેમણે મ્હને જાગ્રત થયેલી જોઇને કહ્યું:—“ કુલસમ ! પવિત્ર પ્રેમનું મૃત્યુ થતું નથી. એ પ્રેમ ચિરસ્થાયી હોય છે. રૂબિયા પણ પવિત્ર પ્રેમની પ્રતિમા છે. ”

હું તરતજ શય્યા ઉપરથી ઉઠી, તથા મ્હેં શાહજલાલ મહા-ત્માના ચરણોમાં મ્હારૂં મસ્તક નમાવીને કહ્યું:—“ પ્રભુ ! આપનાં વચનો સત્ય થાઓ. ”

શાહજલાલે કહ્યું:—“ રૂબિયાનું હૃદય ખુદાએ કેવા પ્રકારનું નિર્માણ કર્યું છે એ જેટલું હું સમજી શકયો છું, તેટલું ભાગ્યે બીજું કોઈ સમજી શકયું હશે. જે રૂબિયા સુવર્ણના પિંજરામાં પૂરેલા પક્ષીને પિંજરામાંથી બહાર કાઢી ઉડાવી દે, જે પર્વતના વિરાટ સૌંદ-ર્યની તરફ એક નજરે જોઈ રહે, જે પુણ્યસલિલા નદીના વક્ષ ઉપર તરંગોની લીલા જોઈ તેને ખુદાના પ્રેમના ઉચ્છ્વાસ જાણી આનંદથી અશ્રુઓ ગાળે, જે દુઃખીને જોતાંજ અંગમાંના અલંકાર કાઢી આપે, જે દયા, માયા અને મમતાની સાક્ષાત પ્રતિમા છે તેનું કદાપિ મૃત્યુ થાય ખરૂં કે ? ”

મ્હેં કહ્યું:—" પ્રભુ ! આપનાં વચનો નિષ્ફળ થાય તેમ નથી; પરંતુ સાંભળવામાં આવ્યું છે કે, રૂબિયા ગંભીર રોગથી બીમાર છે ! "

શાહજલાલે શાંતિથી કહ્યું:—" એ રોગને ઉત્પન્ન કરનાર હુંજ છું ! "

મ્હેં આતુરતાથી પ્રશ્ન કર્યો:—" શું કહો છો ? આપેજ એ રોગ ઉત્પન્ન કર્યો છે ?

" હા, મ્હેંજ ઉત્પન્ન કર્યો છે. "

" પ્રભુ ! આપે આવું નિષ્ઠુર કામ કેમ કર્યું ? "

" કુલસમ ! એ નિષ્ઠુર કામ નથી ! પવિત્ર પ્રેમના પવિત્ર મિલનને માટે આ કઠોર અનુષ્ઠાન કર્યું છે. તેને બચાવવાને માટેજ આ કલ્પિત મૃત્યુનો માર્ગ લેવો પડયો છે. "

" આપના કહેવાનો કાંઇપણ અર્થ હું સમજી શકતી નથી."

" બ્હેન ! મ્હેં રૂબિયાને ઝેર આપ્યું છે. એ ઝેર તેની નસેનસમાં ફેલાઈ ગયેલું હોવાથી તેની આવી મૃત્યુના જેવી કલ્પિત દશા થઇ છે. "

" અરેરે ! પ્રભુ ! આપે આવું ભયંકર કામ શા માટે કર્યું તે ખુલાસાથી કહો ? "

" શા માટે ? ખુદાની આજ્ઞાને લીધેજ. પતિ પ્રિયતમાના પવિત્ર પ્રેમમિલનને માટેજ. મ્હારા પ્રાણાધિક પ્રિય શિષ્ય ઇસ્કાન્દારખાનના સુખને માટે. "

" પ્રભુ ! આ રહસ્યમય વચનોનો મર્મ હું ઉકેલી શકતી નથી. "

" કુલસમ ! તું જાણે છે કે, ઇસ્કાન્દારખાન મ્હારો પ્રિય શિષ્ય છે ! રૂબિયાના ઉપર તેનો જે પ્રેમ છે તેની તુલના થઈ શકે તેમ નથી. રૂબિયા પણ એક રાજ્યેશ્વર સુલતાનને છોડી દઇ ઇસ્કાન્દારના પ્રેમથી વિમુખ બની ગઈ છે ! આ ગંભીર પ્રેમાસક્ત દંપ-

તીનું મિલન ન થાય તો હું ખુદાની પાસે ગુન્હેગાર ઠરૂં. રૂબિયા તથા ઇસ્કાન્દાર જીવનપર્યંત સુખી થશે. "

" રૂબિયા મરી જશે તો ? "

" બ્હેન ! તું જાણે છે કે, ઇચ્છાથી જે મરણ નિપજે છે તે પુનર્જીવન પણ પ્રાપ્ત કરી શકે છે. ગુરૂદેવની કૃપાથી હું એ વિદ્યા થોડી ઘણી શીખ્યો છું. જો એ વિદ્યા ઉપર વિશ્વાસ ન હોત તો હું આ ભયંકર કામ કરત નહિ. "

" હું અજ્ઞાની રમણી છું; પ્રભુ ! હજુ સુધી હું આપની વાતનું રહસ્ય સમજી શકતી નથી. "

શાહજલાલે કહ્યું:—" વાસ્તવિક રીતે જોવા જતાં રૂબિયાને કાંઈ ગંભીર રોગ થયો નથી; પરંતુ તેને આપેલા ઝેરને લીધેજ કેટલાંક ખોટાં ચિહ્નો તેનાં અંગ ઉપર દેખાયાં છે. એ ચિહ્નો પ્રબળ થઈ પડશે એટલે સર્વ એમ જાણશે કે, રૂબિયાનું મૃત્યુ થયું છે; પરંતુ આ મૃત્યુજ તેનું જીવન છે. બાજબહાદુરે અહમ્મદનગરના સુલતાન સાથે રૂબિયાનું લગ્ન કરવાનો દૃઢ નિશ્ચય કર્યો છે અને તેને લીધેજ આવું ભયંકર કામ કરવાની ફરજ પડી છે.

મ્હેં કંપિત સ્વરે પ્રશ્ન કર્યો;—" પ્રભુ ! એ કલ્પિત મૃત્યુ થવાને કેટલો વિલંબ છે ? "

શાહજલાલે ગંભીર સ્વરે કહ્યું:—" આજે રાત્રેજ તેનું મૃત્યુ થશે. ત્યાર પછી તેને કબરની અંદર સુવાડવામાં આવશે. પછી હું અને તું મળીને તેને બચાવીશું."

મહાત્મા શાહજલાલનાં વચનો સાંભળી હું અતિ આશ્ચર્ય પામી. મ્હેં કહ્યું:—" પ્રભુ ! આપ સર્વજ્ઞ મહાપુરૂષ છો; હું હજુ સુધી આપનાં વચનોનું ખરૂં રહસ્ય સમજી શકી નથી."

શાહજલાલે નિરૂદ્વેગ ભાવથી કહ્યું:—" હું પ્રસંગે તને સર્વ

હકીકત સ્પષ્ટ રીતે સમજાવીશ. હમણાં તો હું તને જે કરવાનું કહું તે કોઈ પણ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય કર. તેમ કરવાથી તું ત્હારી પ્રાણાધિક સહચરી રૂબિયાને ફરીથી મેળવી શકીશ."

આમ કહીને તેમણે અત્યાર સુધી રૂબિયા માટે જે કાંઇ કર્યું હતું; તથા ભવિષ્યમાં જે કાંઇ કરવાનો તેમનો નિશ્ચય હતો એ સર્વ મ્હને કહી દીધું. હવેજ હું તેમના મનનો ખરો ઉદ્દેશ સમજી શકી, અને તેથી કરીને આવેગથી મ્હેં કહ્યું;—"પ્રભુ! પ્રભુ! મ્હારી રૂબિયાને બચાવો. એ માટે જે કાંઈ કરવાનું કહેશો તે સઘળું હું કરીશ; રૂબિયાને માટે કદાચ જહન્નમમાં જવું પડે તો પણ હું તૈયાર છું."

પંચવિંશતિતમ પરિચ્છેદ.

બીજા દિવસોની માફક આજે પણ આકાશમાં અસંખ્ય તારાઓ પ્રકાશી રહ્યા છે; પરંતુ તેમનામાં જ્યોતિ નથી, પ્રાણ નથી તેમજ ગગનને શોભાવે એવું સૌંદર્ય નથી. પ્રકૃતિની સુંદરતા પણ અલોપ થઇ ગયેલી જણાય છે, વાયુમાં વિદ્યુતની જવાળા જણાય છે, પવન દુર્ગન્ધમય લાગે છે. પ્રકૃતિના વૃક્ષ ઉપર જાણે કે મહાવિરહની છાયા છવાઈ રહી છે, પક્ષીઓના મધુર અવાજ મર્મભેદક વિલાપના ઉચ્છ્વાસથી ભરેલા જણાય છે. સરિતાના પ્રવાહનું મધુર સંગીત આજે કરૂણારસથી પરિપૂર્ણ જણાય છે,

પ્રકૃતિની લીલામાં આવો અપૂર્વ ફેરફાર શાથી થયો? શું હવે મ્હારી રૂબિયા નથી જ? મ્હારા પ્રાણને પ્રકાશિત કરનારી, હૃદયહારિણી પ્રેમપ્રતિમા કાળસાગરમાં ડૂબી ગઇ છે? સ્વર્ગલોકની સુંદર સ્વપ્નમયી દેવી જન્મભરને માટે શું આ સંસારમાંથી ચાલી ગઇ છે? જે

તરૂલતાઓનું સૌંદર્ય જોઇ એ મોહિત થઇ જતી હતી એ પ્રતિમા શું વિશ્વના વિરાટ સૌંદર્યમાં સદાને માટે છુપાઈ ગઇ છે? તે ક્યાં જતી રહી? તે શા માટે નિષ્ઠુરતાથી પ્રેમબંધનને તોડી નાખી ક્ષણુ માત્રમાં આ અસાર સંસારમાંથી અદ્રસ્ય થઈ ગઇ? આ સર્વ પ્રશ્નોનો મ્હને કોણુ ઉત્તર આપશે?

આ સર્વ વાતોનો વિચાર કરતો કરતો હું દીવાનો બની ગયો. મ્હારાં બન્ને નેત્રો સળગી ઉઠયાં. મ્હેં દાંત તેમજ ઓઠ પીસ્યા, હાથની મુઠીઓવાળી. મ્હને એવો વિચાર થયો કે વિકરાળ કાળનેજ હું મારી નાખું! જે કાળે આ જગતનું મ્હારૂં સર્વસ્વ લૂંટી લીધું છે તેના ઉપર મ્હારો આ ક્રોધ નથી. આ ક્રોધ શાહજલાલ મહાત્માના ઉપર છે.

હું રૂબિયાની સમાધિનાં દર્શન કરવા જતાં કદાચ બાજબહાદુરના સિપાહીઓના હાથમાં પડીને મ્હારો પ્રાણુ ન ગુમાવું, એ ભયથી વૃદ્ધ સાધુ મહાત્મા શાહજલાલ મ્હને પોતાના આશ્રમની અંદર પૂરી મૂકીને ચાલ્યા ગયા છે. સુંદર શય્યા છે, સ્વાદિષ્ટ ભોજન છે, શીતળ જળ છે, સર્વ છે; પરંતુ દારૂણુ વેદનાથી મ્હેં એ સર્વને લાત મારી દૂર ફેંકી દીધું. મનમાંને મનમાં મ્હેં વિચાર્યું:—"શું આ નિષ્ઠુર સંસારના સાધુ સંન્યાસીઓ પણુ નિષ્ઠુર છે કે! હે પ્રભુ! તમે ઘણા દયાળુ છો; પરંતુ તમારાં પયદા કરેલાં મનુષ્યો આટલાં બધાં નિષ્ઠુર કેમ છે? જે શાહજલાલ મહાત્મા મુસલમાનોના સાક્ષાત દેવતા જેવા છે તેઓ મ્હને શા માટે આવું અસહ્ય દુઃખ દે છે? આ તુચ્છ જીવ ચાલ્યો જશે તો તેમાં શી હરકત છે? જન્મપર્યંતને માટે એ સુંદર શોભામયી રૂબિયાને એક વખત તો જોઇ લઇશ! આ કઠોર દુઃખ–પૂર્ણ શિક્ષા, આ મર્મભેદક યાતના, આ ભયંકર પીડા, એ સર્વ ક્યાં પાપનું ફળ છે?

આશ્રમની અંદર એક ન્હાનો દીપક સળગી રહ્યો છે. બહાર નીકળવાનો એક પણ માર્ગ નથી. માત્ર એકજ દ્વાર છે. એ પણ બહારથી બંધ કરેલું છે. હું ઓરડીમાં ફરતો ફરતો થાકી ગયો. લાચારીથી શય્યામાં સૂતો; છેવટે મ્હને મહામુશ્કિલતે નિદ્રા આવી. નિદ્રામાં સ્વપ્ન જોયું. સ્વપ્નમાં જોયું કે, રૂબિયા આવીને મ્હારા પલંગ પાસે ઉભી રહી છે. તેનું રૂપ સ્વર્ગીય જ્યોતિથી પ્રકાશી રહ્યું છે. તેના લાલચોળ ઓષ્ઠાધરમાં પ્રેમમયી ભાષા છે, તથા એ સુંદર મુખ ઉપર નિર્દય મૃત્યુની કલંકરેખા બિલકુલ જણાતી નથી. શું સ્વર્ગમાં સર્વ સુંદર છે ! શું જે ત્યાં જાય છે તે અદ્વિતીય સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે ? અત્યારે મ્હને રૂબિયાનું સૌંદર્ય એટલું બધું તેજવાળું જણાય છે કે, તે તરફ મ્હારી નજર સુદ્ધાં ટકી રહેતી નથી. એ સૌંદર્યમાં કઠોરતા નથી. તેના સર્વ ભાવ શાંત તેમ સુંદર જણાય છે. મ્હેં મનમાંને મનમાં કહ્યું:—" જો આ અશાંત પ્રેમાતુર હૃદયથી માત્ર એકજ વખત તેને દૃઢ આલિંગન કરૂં તો મ્હારા આ મર્મભેદક દાવાનળની જ્વાળા શાંત થઇ જાય."

આંખો ઉઘાડવાની ઇચ્છા રાખું છું; પરંતુ સાહસ થઇ શકતું નથી; કદાપિ મ્હારૂં સુખ સ્વપ્ન ઉડી જાય તો ! આમ છતાં રૂબિયાની સાથે વાર્તાલાપ કરવાની મ્હને ઘણી ઇચ્છા થઇ. મ્હેં મનમાજ વિચાર્યું, કે જો સ્વર્ગમાં આવું સૌંદર્ય છે, આવું અસાધારણ માધુર્ય છે, ત્યાં શું ભાષા નથી !

મ્હેં કંપિત હૃદયે આંખોને મીંચેલી રાખીનેજ ધીમેથી કહ્યું:— " રૂબિયા ! "

રૂબિયાએ પ્રશ્ન કર્યો:—" કેમ ? "

અહા ! કેવો સુંદર કંઠસ્વર છે ! કેવો સુખકર, સુમધુર ઝણકાર છે ! ફરીથી એ સ્વર સાંભળવાની ઇચ્છા થઇ.

મ્હેં પ્રશ્ન કર્યો:—" રૂબિયા ! તું શું સ્વર્ગમાં ગઇ હતી ? "

" તેની સાથે તમારે શું કામ છે ? હું પાછી આવી છું; પરંતુ આંખો ઉઘાડીને જોશો તો હું પાછી ચાલી જઇશ."

" કારણ ? "

" અમારો નિયમજ એવો છે; હવે તો હું આ મૃત્યુલોકની રૂબિયા નથી."

" રૂબિયા ! પ્રાણાધિક ! જો તને પ્રાપ્ત કરવાને માટે જન્મજન્માંતર સુધી આંધળા થવું પડે તેમ હોય તો ભલે મ્હારાં નેત્રો હમણાંજ ફુટી જાય. પ્રિયતમે ! ત્હારા વિરહના અગ્નિથી બળીને ખાખ થઇ જાઉં છું. તું આટલી બધી નિષ્ઠુર કેમ બની ગઇ ? "

" કોણ કહે છે કે, હું નિષ્ઠુર છું ? મ્હારો તમારા ઉપર કેટલો બધો પ્યાર છે તે તમે જાણો છો ? "

" હા, હું જાણું છું; પરંતુ હું દરિદ્ર છું, તું રાજકન્યા છે. હું તને કેવી રીતે મેળવી શકીશ ? "

" મ્હારૂં મૃત્યુ થયું છે એ શું તમે જાણતા નથી ? હું સ્વર્ગમાંથી તમારૂં દર્શન કરવાને આવી છું, એટલું ધ્યાનમાં રાખીને વાત કરજો."

" ત્યારે પછી, મ્હને પણ સ્વર્ગમાં લઇજા."

" ત્યાં જવાનો માર્ગ ઘણો કઠિન છે."

" તેની મ્હને બિલકુલ પરવાહ નથી."

" મૃત્યુ પામ્યા સિવાય કોઇ ત્યાં જઈ શકતું નથી."

" તો પછી હું મરવાને પણ તૈયાર છું."

" કારણ ? "

" તને માત્ર મેળવવાને માટે હું મરીશ એટલે તું મળીશ. હું ત્હારી સાથે રહીશ, તેમજ તને સુખી જોઈ સુખી થઇશ."

"મ્હારે માટે તમે આમ દીવાના શા માટે થઇ ગયા છો ?"

"તેની મ્હને બિલકુલ ખબર નથી. એ સંબંધી મ્હેં મ્હારા મનને અનેક પ્રશ્નો પૂછ્યા; પરંતુ ઉત્તરજ મળ્યો નહિ. હૃદયમાં સર્વત્ર શોધ કરી, પરંતુ પત્તોજ ન લાગ્યો."

"ઠીક, ત્યારે તો અહિં થોડા દિવસ રાહ જુઓ."

"કેટલા દિવસ ?"

"જ્યાં સુધી મૃત્યુ ન આવે ત્યાં સુધી."

"મૃત્યુ તો હમણાંજ આવી શકે તેમ છે."

"ઇસ્કાન્દારખાન ! આત્મઘાત એ મહાપાપ છે. આત્મહત્યા કરશો તો નરકમાં જશો. હું સ્વર્ગમાં વસનારી છું; તો પછી આત્મઘાત કરી મ્હને કેવી રીતે મેળવી શકશો ?"

"ત્યારે પછી મૃત્યુ પામતાં સુધી ત્હારો વિયોગ મ્હારાથી વેઠી શકાશે નહિ."

"ન વેઠી શકાય તો પછી તમારી એક બીજી પ્રિયતમા તમારી પાસેજ છે, કે જેના ઉપર તમે અંતઃકરણથી પ્રેમ રાખી શકો તેમ છો."

"એ કોણ ?"

"ગુલસાના."

"ગુલસાના ! નહિ નહિ; એ વાત હવે કાઢીશ નહિ. એક દિવસે ભૂલથી જે થઈ ગયું તેનું ઘણું ભયંકર પરિણામ ભોગવી ચુક્યો છું !"

"કદાચ એ ગુલસાના હમણાં આવીને તમને કહે કેઃ—"ઇસ્કાન્દાર ! તમે મ્હારા—"

"નહિ નહિ, તે કદાપિ એમ કહે નહિ. હુંજ એના ઉપર મોહ પામ્યો હતો, એ પામી નહોતી. એ સતી સાધ્વી–સિંહની

સિંહણુ છે. પવિત્ર પ્રેમના અનુરોધથી તેણે એક સાધારણ પડાણુ સેનાપતિની સાથે વિવાહ કરીને બાજબહાદુરની રાણી થવાની આશા છોડી દીધી હતી. હવે તે મ્હારાં નીચ કર્મને લીધેજ રસ્તાની ભિખારણુ બની ગઇ છે; છતાં તે સાક્ષાત દયાની દેવી છે. ગુલસાના નહિ, પરંતુ કરૂણામયી છે. ”

" સમજી ગઈ. હવે હું જાઉં છું, તમે નિરાંતે સૂઇ જાઓ."

મ્હેં જોરથી કહ્યું:—" નહિ, નહિ, રૂબિયા ! ઉભી રહે. જઇશ નહિ; જો, જો, ત્હારે માટે રૂદન તેમજ ચિંતા કરતાં કરતાં શરીરની સઘળી શક્તિ ચાલી ગઇ છે. પ્રાણુમાં શાંતિ નથી, નેત્રોમાંથી અવિરલ અશ્રુધારા વહ્યા કરે છે, તથા હૃદય વારંવાર કંપી ઉઠે છે. એક વખત મ્હારી પાસે આવ. રૂબિયા ! તને જોવાની ઇચ્છા હજુ સુધી તૃપ્ત થઈ નથી. આવ, પ્રિયતમા ! આવ, જીવનમોહિની ! આવ, હૃદયહારિણી ! તું મ્હારૂં સર્વસ્વ છે."

રૂબિયાએ મ્હારા ઉપર દયા કરીને કહ્યું:—" તમને સુખ આપવાને માટે હજુ થોડો સમય રોકાઇશ; પરંતુ એક વખત આંખો ઉઘાડીને જુઓ તો ખરા કે, હું કેટલી બધી સુંદર બની ગઈ છું ! ”

મ્હારાથી ન રહેવાયું, મ્હેં આંખો ઉઘાડી નજર કરી. ખરેખર, ભગવાં વસ્ત્રોથી વિભુષિત થયેલી એક સુંદરી મ્હારી નજર આગળ ઉભી રહી છે. આ સમયે મ્હારા આશ્ચર્યની સીમા રહી નહિ. તેને હું ઓળખી શક્યો નહિ તેથી મ્હેં પ્રશ્ન કર્યો:—" તમે કોણ છો ? ”

" હું ગુલસાના છું."

" ગુલસાના ! અરેરે ! પિશાચિણી ! આ શું ત્હારીજ જાળ છે કે ? પથરની પ્રતિમા ! હું ત્હારા આવા રહસ્યમય ચરિત્રની પરીક્ષા કરી શકતો નથી."

" શું તમે વાર્તાચિત કરતા હતા ? "

" હા. "

" ત્યારે તમે વાતચિત કેમ બદલી નાખી ? "

" રમણી ઇચ્છામાં આવે ત્યારે સર્વ કાંઇ કરી શકે છે. "

" ગુલસાના ! તું મ્હારી આવી કઠોર પરીક્ષા શા માટે લે છે ? આ ભગ્ન હૃદયને શા માટે વધારે દુઃખી કરવાને આવી છે ? મ્હેં ત્હારા ઉપર જે અત્યાચારો કર્યા છે, તેનો બદલો લેવા આવી છે કે ? "

" નહિ– "

" તો પછી આવા મર્મભેદક દુઃખના પ્રસંગે મ્હને દાઝયા ઉપર ડહામ શા માટે દે છે, ગુલસાના ? "

તમારે એક વાત ખરા અંતઃકરણથી કબૂલ કરવી પડશે; બોલો, કબૂલ કરશો ? "

" શી વાત ? "

" સત્ય કહો,—હું સુંદર છું કે તમારી રૂબિયા ? "

" કેમ ? આ પ્રશ્ન પૂછવાનો તને શો અધિકાર છે ? "

" અધિકાર છે માટે તો પૂછું છું. " આમ કહીને તેણે એક ભુવનમોહન કટાક્ષ મ્હારી તરફ ફેંકીને કહ્યું:—" કહો તો ખરા ઇસ્કાન્દાર ! કે કોણ વધારે સુંદર છે ? "

પરમેશ્વર ! તમારા આ વિરાટ વિશ્વમાં પ્રલય થઈ જાઓ ! તમે કયાં છો ? આ મહાત્માનો આશ્રમ કલંકિત થાય તે પહેલાંજ આ આશ્રમને રસાતળમાં પહોંચાડી ઘો. પુણ્ય ! આ દુનિયામાં હવે કોઇ પણ ત્હારો ભાવ પૂછશે નહિ ! નરકના અંધકાર ! તું આ સુખમય સંસારને ત્હારા અંધકારમાં છુપાવી દે.

આ હું શું સાંભળું છું ! શું આ એજ પતિવ્રતા ગુલસાના

છે કે જે પતિના મૃત્યુ પાછળ પોતાનાં સમસ્ત સુખોને જલાંજલિ આપી યોગિની બની ગઇ છે ! જેણે એક દિવસ મ્હારો તિરસ્કાર કર્યો છે ! તેના પુણ્યમય જીવનમાં આવી પાપવૃત્તિનો પ્રવેશ કયારથી થયો ? દેવને ચઢાવવાના સુગંધિત પુષ્પમાં નરકના કીડાનો વાસ કયાંથી નીકળ્યો ?

મ્હેં તિરસ્કારદર્શક સ્વરે કહ્યું:—" ગુલસાના ! નથી જાણતી કે, આપણે બન્ને એક બીજાંની સાથે ભાઇબ્હેનના સંબંધથી જોડાયાં છીએ. એ સંબંધ જોવા જતાં તને આવો અદ્‌ભુત પ્રશ્ન પૂછવાનો શો અધિકાર છે ? જો હજી પણ ત્હારે ત્હારા પ્રશ્નનો ઉત્તર જોઇતો હોય તો હું તને એક શબ્દ પણ ઉત્તરમાં કહેનાર નથી. જો ત્હારામાં મનુષ્યનું હૃદય જોઇ શકવાની શક્તિ હોય તો એક વખત મ્હારૂં હૃદય તપાસી જો. જે હૃદયનું પ્રત્યેક સ્થાન એક મોહિની પ્રતિમાના ઉજ્વળ સૌંદર્યની જ્યોતિથી ઉજ્વળ થઈ રહ્યું છે એ જ્યોતિ તરફ નજર કર. એ જ્યોતિ દૂર થનારી નથી. ગુલસાના ! હૃદયહારિણી એ કાંતિની સ્મૃતિનો જો વિલોપ કરી શકું તેમ હોત, તેની પ્રતિમાને ચૂર્ણ વિચૂર્ણ કરી નાખું તેમ હોત તો તને બતાવી શકત કે સંસારમાં સર્વશ્રેષ્ઠ સુંદરી કોણ છે. દયાની દેવી ! આજે ત્હારી દયા કયાં ચાલી ગઈ ? જે તેજની તેમજ શક્તિની મદદથી ત્હેં બબ્બે વખત આ જીવનનું રક્ષણ કર્યું છે એ તેજ અને શક્તિ કયાં ગયાં ? હું અકબરશાહનો સેનાપતિ હોવા છતાં ત્હારા આત્મબળ આગળ એક તુચ્છ પામર જીવ બની ગયો હતો એ ત્હારૂં આત્મબળ કયાં ગયું ? "

ગુલસાના ધ્યાન દઇને મ્હારાં વચનો સાંભળી રહી હતી; તે સાથે દાંતથી ઓષ્ઠને દબાવતી કોણ જાણે કે કાંઇ વિચારો કર્યા કરતી હતી. એકાએક તેણે મૌનનો ભંગ કરીને કહ્યું:—" ઇસ્ફન્દાર ! સમજી ગઈ છું. રૂબિયાએ મ્હને ખસેડી તમારા હૃદયમાં

પોતાનો અધિકાર મેળવ્યો છે; અને તેથીજ મ્હેં આ ભયંકર કામ કર્યું છે. ”

મ્હેં અતિ આતુરતાથી પૂછ્યું:—“ ગુલસાના ! ત્હેં કયું ભયંકર કામ કર્યું છે ? માયાવિની રાક્ષસી ગુલસાના ! ત્હેં શું કર્યું છે ? ”

ગુલસાનાએ ઉત્તર આપ્યો કે:—“ ઇસ્કિાન્દાર ! મ્હેંજ રૂબિચાને મારી નાખી છે. ”

“ ત્હેં ! નિર્દય નારી ! ત્હેં આવું પૈશાચિક કામ કેમ કર્યું ? ”

ગુલસાનાએ માથું હલાવી હસીને કહ્યું:—“ કેમ કર્યું ? તમારે જાણવું છે કે ? ઇસ્કિાન્દાર ! શું તમે ભૂલી ગયા છો કે હું પઠાણ સ્ત્રી છું. આજે હું રસ્તે રખડતી ભિખારણ બની ગઈ છું. રાણીની સ્થિતિમાંથી યોગિની બની ગઈ છું; આ સર્વ બાબતોનું કારણ કોણ છે ? ઇસ્કાન્દાર ! જ્યારે હું રાજરાણી હતી, સ્વામીના અપૂર્વ સહવાસ સુખનો લાભ મેળવતી હતી ત્યારે મ્હારા દિવસો કેવા સુખમાં પસાર થતા હતા ! મ્હારી સર્વ આશાઓ એ સમયે ફળીભૂત થઈ હતી. એ સર્વ આશાને કોણે નિરાશાના સ્વરૂપમાં ફેરવી નાખી ? દુષ્ટ ! કૃતઘ્ન ! તમે શું એમ સમજો છો કે, એક પઠાણરમણીને દીધેલું દુઃખ એ ભૂલી ગઈ છે ? બબ્બે વખત તેણે તમારો જીવ બચાવ્યો છે; શા માટે બચાવ્યો છે તે જાણો છો કે ? પોતાને હાથેજ તમારૂં ખૂન કરવાને માટે, તમારા હૃદયના લોહીથી સ્નાન કરવાને માટે ! ”

મ્હેં આવેગથી પૂછ્યું:—“ શું મ્હારૂં ખૂન કરીશ ? બદલો લઇશ ? મ્હારા લોહીથી સ્નાન કરીશ ? આ પ્રમાણે ત્હેં મ્હને પ્રથમથીજ કેમ નહોતું કહ્યું ? ગુલસાના ! હું તારી આગળ મ્હારૂં આ દુઃખપૂર્ણ હૃદય ટુકડે ટુકડા થઈ જવાને ધરી દેવા માટે તૈયાર છું. જો કદાચ ! મ્હારૂં ખૂન કરવામાં તું સંકોચાતી હોય તો હું મ્હારા હાથેજ મ્હારા તીક્ષ્ણ અસ્ત્રથી હૃદયનું લોહી કાઢી ત્હારા પગ ધોવા

તૈયાર છું. ગુલસાના ! હું સાચુંજ કહું છું કે હું મરવાને તૈયાર છું; પરંતુ તે પહેલાં ત્હારે મ્હારી એક વિનંતિ સ્વીકારવી પડશે. ”

ગુલસાનાએ કહ્યું:—“ જીવના અંત સમયે તમારી શી વિનંતિ છે તે કહો ? જો મ્હારાથી બનશે તો હું અવશ્ય તે પૂર્ણ કરીશ. ”

આમ કહીને ગુલસાનાએ પોતાનાં વસ્ત્રોમાં છુપાવી રાખેલી એક કટાર બહાર કાઢીને કહ્યું:—“ ઇસ્કાન્દાર ! એમ ન સમજશો કે હું તમારી સાથે મશ્કરી કરૂં છું. તમારા જીવનો ભોગ લઇને મ્હારી ભીષ્મ પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને માટે હું તૈયાર છું. પઠાણ રમણી દુશ્મનનો જીવ લેવા કદાપિ સંકોચાતી નથી. ચાલો, તૈયાર થઇ જાઓ; હવે હું રાહ જોઈ શકું તેમ નથી. હું છંછેડાયલી સિંહણ છું. બદલો લેવાને માટે ઉન્માદિની બની ગઇ છું. શાહ સોહાગ્રી મ્હારા સર્વસ્વ હતા તમે મ્હને મ્હારા એ સર્વસ્વથી વંચિત કરી છે; તો પણ હું ફરીથી તમારા ઉપર દયા કરીશ. કહો, તમારી શી વિનંતિ છે ? ”

મ્હેં ગુલસાનાની સ્થિતિ જોઇને જાણ્યું કે, ખરેખર તે ઉન્માદિની બની ગઇ છે. તેની બન્ને આંખો લાલચોળ બની ગઇ છે. મ્હેં સાહસ એકઠું કરીને કહ્યું:—“ ગુલસાના ! મ્હારી છેલ્લી વિનંતિ એ છે કે, મ્હને હજુ એક વખત માફ કર. મ્હારી સાથે ચાલ. હું જીવનપર્યંતને માટે એક વખત સુરસુંદરી રૂબિયાનું દર્શન કરવાની ઇચ્છા રાખું છું. ત્યાર પછી હું હસતો હસતો ત્હારે હાથે મરીશ.”

ગુલસાનાએ કહ્યું:—“ નહિ નહિ, એમ બની શકે તેમ નથી. એમ થવા પણ દઇશ નહિ. હવે તમે રૂબિયાને જોઇ શકશો નહિ. હવે જેમાં તમને સુખ થવાનું હશે, શાંતિ થવાની હશે એ થવા દઇશ નહિ. ગુલસાના જ્યાં સુધી જીવતી હશે ત્યાં સુધી તો તમે રૂબિયાને જોઈ શકશો નહિ.”

કેવી ભયંકર હઠ લે છે! કેવી ભયંકર નિષ્ઠુરતા દર્શાવે છે! ગુલસાનાનું ચરિત્ર કેટલું બધું રહસ્યમય છે! આ વખતે મ્હને એવો વિચાર થઇ આવ્યો કે, ગુલસાનાનું ગળું પકડી તેને જીવતી મારી નાખું; પરંતુ મ્હારાથી કાંઇ થઈ શકયું નહિ, કારણ કે ગુલસાનાએ બબ્બે વખત મ્હારો જીવ બચાવ્યો હતો.

તેણે ફરીથી ઓષ્ઠ પીશીને કહ્યું:—"તમારી વિનંતિ કદાચ હું માનું; પરંતુ તે પહેલાં હું મ્હારા પ્રશ્નનો ઉત્તર મેળવવાની ઇચ્છા રાખું છું. કહો ઇસ્કાન્દાર! અમારા બન્નેમાં કોણ વિશેષ સુંદર છે?"

એક દિવસે રૂબિયાના રંગમહેલમાં રૂપની પરીક્ષા કરવાનો આવોજ વિકટ પ્રસંગ મ્હારે માથે આવી પડયો હતો; પરંતુ એ પ્રસંગ કરતાં અત્યારનો પ્રસંગ ઘણોજ ભયંકર હતો. મ્હેં ધીમેથી કહ્યું:— "ગુલસાના! પરમેશ્વરે તને જે મનોરમ સૌંદર્ય આપ્યું છે તે આ સંસારમાં અતુલનીય છે; પરંતુ ત્હારા આ અપ્સરા જેવા રૂપની સાથે તુલના કરવા જતાં તો રૂબિયાનું રૂપજ વિશેષ સુંદર જણાય છે. ગુલસાના! વ્હાલી બ્હેન! મ્હને મુક્ત કર. બે વખત ત્હેં મ્હારો જીવ બચાવ્યો છે, તો એક વખત ફરીથી પણ બચાવ. હું ત્હારે પગે પડું છું; એકજ વખત મ્હને મ્હારી રૂબિયાનાં દર્શન કરાવવાને માટે લઇ જા. નહિ તો પછી આ તીક્ષ્ણ કટાર મ્હારી છાતીમાં ખોસી ઘાલી આ અસહ્ય દુઃખને દૂર કર."

કમરમાંથી કટાર કાઢી હું મ્હારી છાતીમાં મારવાનું ઇચ્છતો હતો; એવામાં ગુલસાનાએ જોરથી મ્હારો હાથ પકડયો અને હસીને કહ્યું:—"ઇસ્કાન્દાર! હવે હું સમજી ગઈ કે, તમે રૂબિયાના માત્ર સૌંદર્યને જોઇનેજ મુગ્ધ થયા નથી; પરંતુ ગુણ-સુધાં જોઇને મુગ્ધ થયા છો. તમારો પ્રેમ નિર્મળ, પવિત્ર અને સ્વાર્થ વિનાનો છે. મહાત્મા શાહજલાલની આજ્ઞાથીજ આજે આવી અદ્ભુત [illegible]

તમારા પ્રેમની પરીક્ષા કરવાને આવી હતી. મ્હારી ઇચ્છા પૂર્ણ થઇ- છે. તમે પ્રેમની કઠોર પરીક્ષામાં ફત્તેહમંદ નીવડયા છો. ભાઈ ઇસ્કા- ન્દાર! યાદ રાખજો કે, સોહાણીની આ નીચ નથી. તમે તમારી કલ્પનામાં ખોટા ઠર્યા છો. ગમે તેમ હોય, હવે તમે સ્વતંત્ર છો. રૂબિયા અવસ્ય તમને મળશેજ. શાહજલાલ મહાત્માએ તમને આ પત્ર આપ્યો છે. એમાં જેમ લખ્યું છે તેમ કરજો. આ લ્યો ત્રણસો સોનામહોરોની થેલી. આ તમારા માર્ગખર્ચ માટે તમારી પાસે રાખો."

ગુલસાનાને ચાલી જવાની તૈયારી કરતી જોઇને મ્હેં તેનું વસ્ત્ર પકડીને તેને ઉભી રાખી પૂછ્યું:—" ગુલસાના! નિષ્ઠુરતાથી ચાલી કેમ જાય છે? કહે કે, મ્હારી રૂબિયા કયાં છે?"

ગુલસાનાએ ઉત્તર આપ્યો:—"શાહજલાલ મહાત્માની કૃપાથી તે કાળના કરાળ મુખમાંથી બચી ગઇ છે. આ આશ્રમની બહાર એ તમારી રાહ જોઇ રહી છે." આમ કહીને ગુલસાના ચાલી ગઇ. હું તેને બીજું કાંઇ પૂછી શકયો નહિ. હું દીવાનાના જેવી સ્થિતિમાં એ આશ્રમની બહાર નીકળ્યો. સુગંધિત શીતળ પવન હવે મ્હને સુખકર જણાવા લાગ્યો. પ્રકૃતિ સૌંદર્યમયી જણાવા લાગી. હૃદય પ્રફુલ્લ બની ગયું.

ષડવિંશતિતમ પરિચ્છેદ.

હું ઘનઘોર અંધકારની અંદર ધીમે ધીમે આગળ જવા લાગ્યો. કલકલ અવાજ કરતી, કોમળ તરંગો ઉછાળતી શુભ્રસલિલા નર્મદા છે. નર્મદા કિનારેથી થોડે દૂર એક કબરસ્થાન આવેલું છે. તેની ચારે તરફ પત્થરનો કોટ છે. એ કોટના મુખ્ય દરવાજા ઉપર સિ-

પાહા પહેરો ભર્યા કરે છે. માળવાના રાજકુટુંબના અનેક દેહો એ કબરસ્થાનમાં ચિરશાંતિ ભોગવી રહ્યા છે.

નિરાશાથી મ્હારા જીવમાં ચિંતા વધી પડી. હવે હું સ્વતંત્ર છું, મ્હારી ચિંતા અભિલાષા તથા એ સંબંધીનાં સર્વ કાર્યો સ્વાધીન છે. એક વખત રૂબિયાનાં દર્શન કરવાની મ્હને ઘણી લાલસા હતી. એ સૌંદર્ય વિભુષિત મૃતદેહને જોઇને મનને સંતોષ આપવાની વાસના હતી; પરંતુ હાય ! એ આશા પૂર્ણ થઇ નહિ. મનમાં વિચાર્યું કે, પહેરગીર હોય અગર તો સાક્ષાત મૃત્યુજ ત્યાં આગળ હાજર હોય તો પણ રૂબિયાની સમાધિને સ્પર્શ કરી એક વખત પવિત્ર થઈ જઇશ.

ગંભીર રાત્રિ હોવાથી સમસ્ત સંસાર સુખમાં સૂઇ રહ્યો છે. કબરસ્તાનના મુખ્ય દરવાજા ઉપર જો પહેરગીર હશે તો પણ તે અત્યારે ઉંઘી ગયો હશે અને કદાચ જાગતો હશે તો કબરસ્તાનના પાછલા ભાગની દિવાલ કાંઇ બહુ ઉંચી નથી. મ્હેં દૃઢ નિશ્ચય કર્યો કે, દિવાલ ઓળંગી જઇ, કબરસ્તાનમાં પ્રવેશ કરી જન્મ પર્યંતને માટે એક વખત રૂબિયાની સમાધિ ઉપર બેસી બે આંસુના બિંદુ અવશ્ય પાડીશ. ફરીથી મનમાં વિચાર કર્યો કેઃ—" ગુલસાના તો મ્હારી આગળ હમેશાં રહસ્યમયી પ્રતિમા છે. કદાચ તેની સઘળી હકીકત અસત્ય હોય તો !

કબરસ્તાનની પાછળના ભાગ તરફ નદીના કિનારા ઉપર થઇને હું જવા લાગ્યો કે, કોઇ કઠોર સ્વરે બોલી ઉઠયુંઃ—" દીવાના ! ક્યાં જાય છે ? શું તને જીવની પણ પરવાહ નથી ?"

ઉપરના શબ્દો સાંભળી હું સમજી ગયો કે એ શબ્દો શાહજલાલ મહાત્માના છે. મહાત્માએ અંધકારમયી પ્રકૃતિને ગુંજતી કરીને તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યુંઃ—" આવી ગંભીર રાત્રે તું આ તરફ ક્યાં

જાય છે ? ઇસ્કાન્દાર ! જાણી જોઇને શા માટે યમદૂતના આવાસમાં નિવાસ કરવા જાય છે ? ”

મ્હેં ધ્રુજતા અવાજે કહ્યું:—“ મહારાજ ! ખરેખર હું દીવાનો છું. મ્હને ક્ષમા કરો.”

“હું ક્ષમા કરૂં છું; પરંતુ બાજબહાદુરનો પહેરેગીર તો તને કબરસ્તાનમાં જોતાંની સાથેજ ત્હારૂં મસ્તક જમીન પર આળોટતું કરી નાખશે. તું જાણેજ છે કે શાહજાદીઓને જ્યારે કબરમાં સૂવાડવામાં આવે છે ત્યારે તેમનું શરીર અનેક રત્નજડિત ભગવાં વસ્ત્રથી તેમજ કીંમતી રત્નાલંકારોથી વિભુષિત કરવામાં આવે છે. પહરેગીર રાખવાનો ઉદ્દેશ એ હોય છે કે, કોઇ એ કીંમતી વસ્તુઓને ચોરી ન લઈ જાય. જે ચંદનનાં લાકડાં ઉપર રૂબિયાનો દેહ ગોઠવવામાં આવ્યો છે તેના ઉપર પણ ઘણાં કીંમતી રત્નો રાખવામાં આવ્યાં છે.”

મ્હેં અશ્રુપૂર્ણ નયનોએ મહાત્મા શાહજલાલના ચરણોમાં ઢળી પડીને કહ્યું:—“ મહારાજ ! છેવટે આપ આ હતભાગી જીવ ઉપર નિષ્ઠુરજ થયા કે ? ”

શાહજલાલે ગંભીર સ્વરે કહ્યું:—“ બસ ! હું નિષ્ઠુર નથી. પ્રવૃત્તિની ઉત્તેજનામાં તુંજ પોતાના ઉપર નિષ્ઠુરતા કરે છે.”

“ મ્હને એક વખત કબરસ્તાનમાં જવા ઘો. ”

“ એમ નહિજ બને. શા માટે જાણી જોઇને મૃત્યુને બોલાવે છે.”

“ જન્મપર્યંતને માટે એક વખત રૂબિયાના દર્શન કરવાની મ્હને ઉત્કટ ઇચ્છા છે. ”

“ રૂબિયા તો કબરસ્તાનમાં નથી. ”

“ આપ શું કહો છો ! ”

“ ખરૂંજ કહું છું. ”

" જો બીજું કોઇ આ પ્રમાણે કહેત તો હું તેનાં વચનો તદ્દન અસત્ય સમજત. "

" તું ત્હારે ફાવે તેમ સમજ; પરંતુ કબરસ્તાનમાં જવાની હું તને રજા આપતો નથી. "

" પ્રભુ ! ત્યારે શું રૂબિયા કબરસ્તાનમાં નથીજ ? "

" નથીજ. "

" ત્યારે તેનો મૃતદેહ કયાં છે ? "

" મૃતદેહે પુનર્જીવન ધારણ કર્યું છે. "

" કોણે તેને ફરીથી જીવનદાન દીધું છે ? "

" મ્હેંજ. તેના મૃત્યુનું કારણ પણ હુંજ છું; પરંતુ ખુદા સર્વ શક્તિમાન છે. તેમની દયાથી મૃત્યુ પામેલું મનુષ્ય પણ પુનર્જીવન પ્રાપ્ત કરી શકે છે. ઇસ્કાન્દાર ! ગુલસાનાએ તને મ્હારો પત્ર આપ્યો છે કે "

" મહાત્મન્ ! આપનો પત્ર મ્હારા શિરપેચમાંજ છે. "

" અહિંથી આઠ ગાઉ ઉપર એક મસજીદ આવી છે. ત્યાં ફૈજી મહમ્મદ નામનો એક સાધુ પુરૂષ નિવાસ કરે છે. એ મ્હારો પ્રિય શિષ્ય છે. તેની તરફ ત્હારા સમાચાર મોકલ્યા છે. ત્યાં જવાથી એ તને આશ્રય આપશે. "

" પરંતુ મહાત્મન્ ! કહો કે ત્યાં જવાથી હું રૂબિયાના દર્શન કરી શકીશ ? "

" હા. "

" રૂબિયાની સાથે બીજું કોણ છે ? "

" કુલસમ. "

" રસ્તો ઘણો લાંબો છે, અને ગંભીર રાત્રિનો સમય છે ! મ્હારો ત્યાં જવાનો કોઇ ઉપાય છે ? "

" એની વ્યવસ્થા મ્હેં કરી રાખી છે. નદીને કિનારે જતાંજ તું જોઇ શકીશ કે ત્યાં એક પુરૂષ ઘોડો લઇને ત્હારી રાહ જોતો ઉભો રહ્યો છે. "

" એ ઘોડો કોનો છે ? તેની શી કીંમત આપવી પડશે ? શું આપે એટલા માટેજ મ્હને સોનામહોરોની થેલી આપી છે ? "

" ના. તું ઘોડેસ્વાર થઇને બારોબાર રૈજીના આશ્રમ તરફ ચાલ્યો જજે. જે ત્હારે માટે ઘોડો લઇને ઉભો રહ્યો છે, એ મ્હારો માણસ છે. ઘોડો પ્રથમથીજ ખરીદ કરી રાખ્યો છે. "

શાહજલાલના ચરણોમાં મસ્તક નમાવીને મ્હેં કહ્યું:–" આપે આ દાસને જન્મ સુધીને માટે ખરીદી લીધો છે. હું સામાન્ય મનુષ્ય છું. દયાળુ દેવ ! મ્હેં આપના ચરિત્રને સમજ્યા સિવાય જે સંદેહ લાવીને પાપ કર્યું છે તે માટે ક્ષમા કરજો. "

શાહજલાલે અત્યંત પ્રેમથી મ્હારો હાથ પકડીને કહ્યું:— ઇસ્કાન્દારખાન ! હું આ સંસારની માયાનાં બંધનો કાપી નાખીને ફરીથી શા માટે ત્હારી માયાજાળમાં ફસાઇ પડયો; એ હું સમજી શકતો નથી. પરમેશ્વર ત્હારૂં કલ્યાણ કરો. વત્સ ! હવે જલદી જા. વિલંબ ન કર. "

મહાત્મા શાહજલાલને ફરીથી નમન કરીને હું ચાલી નીકળ્યો તેમણે જણાવ્યા પ્રમાણે હું નદીને કિનારે જઇ પહોંચ્યો તો મ્હને એક સુચતુર અશ્વ મળ્યો. જે માણસ અશ્વને લઇ ઉભો રહ્યો હતો તેણે મ્હને સલામ કરી. હું તરતજ ઘોડેસ્વાર થઈ જલદીથી મ્હારે માર્ગે જવા લાગ્યો. મ્હેં વિચાર્યું કે મહાત્માની મ્હારા ઉપર કેવી અસાધારણ કૃપા છે !

સપ્તવિંશતિતમ પરિચ્છેદ.

જ્યારે મનુષ્ય દુઃખની ચિંતા અને આશા નિરાશાના વિચારોને હૃદયમાં લઇને મુસાફરી કરવા નીકળે છે ત્યારે તેનો માર્ગ જલદીથી ખુટતો નથી. મ્હારી દશા પણ એવીજ છે. જેટલો આગળ જાઉં છું, તેટલો રસ્તો વધ્યે જાય છે. મ્હેં જાણ્યું કે હું અંતના સીમાહીન માર્ગ ઉપર ચાલ્યો જાઉં છું.

માર્ગનો અંત તો ન થયો; પરંતુ રાત્રિનો અંત થયો. ક્ષીણ ચંદ્રમા અસ્ત થયા. ઉષાના સમાગમથી રાત્રિનો અંધકાર ધીમે ધીમે પલાયન કરી જવા લાગ્યો. આકાશ સ્વચ્છ થઇ ગયું; તો પણ પ્રકૃતિનાં વક્ષઃસ્થળ ઉપર હજુસુધી અંધકાર છે. થોડે દૂર જણાતા પહાડી પ્રદેશ ઉપર સૂર્ય ભગવાનની તેજસ્વી જ્યોતિનો વિકાસ થવા લાગ્યો. ઉષાની ઉજ્વળ જ્યોતિથી પ્રકૃતિદેવી સ્મિતહાસ્ય કરવા લાગી; પરંતુ મ્હારા પ્રાણમાં અદ્યાપિ અંધકારનું સામ્રાજ્ય છે. ગઇ રાત્રે જે કાંઇ બની ગયું હતું તે મ્હને કઠોર સ્વપ્ન સમાન જણાવા લાગ્યું; પરંતુ બાળ અરૂણની જ્યોતિથી સ્મિતહાસ્ય કરતી ઉષારાણીએ મ્હને સમજાવી દીધું કે, એ સ્વપ્ન નહિ; પરંતુ સત્ય હકીકત હતી.

મ્હારો ઘોડો પરસેવાથી ભીંજાઇ ગયો છે. મ્હારા સર્વાંગ ઉપર પણ પરસેવાનાં બિંદુઓ ઉપશી આવ્યાં છે. જાણે કે શરીરના પ્રત્યેક છિદ્રમાંથી અગ્નિશિખા નીકળી રહી છે. લગામ પણ પકડી શકાતી નથી; તથા થાકેલો ઘોડો પણ ચાબુકનો માર પડવા છતાં આગળ વધવાની ઇચ્છા રાખતો નથી.

સામેજ એક ન્હાનું શહેર આવેલું છે. શહેરના નામની મ્હને માહિતી નથી. થોડે દૂર એક ધર્મશાળા આવેલી મ્હારી નજરે પડી. હું ભૂખ તરસથી વ્યાકુળ થઇ ગયેલી સ્થિતિમાં ધર્મશાળાના દરવાજા

પાસે જઇને જોઉં છું તો એક સ્ત્રીને મ્હેં ધર્મશાળામાંથી નીકળી મ્હારી તરફ આવતી જોઇ.

મ્હેં સંભાળીને લગામ પકડી. કારણ કે જે રમણી મ્હારી તરફ આવે છે તેને હું પિછાનું છું. એ કુલસમ છે.

મ્હેં આશ્ચર્ય તેમજ આવેગથી કહ્યું:—" કુલસમ ! કુલસમ ! "

કુલસમ પણ જ્યાં હતી ત્યાંજ ઉભી રહી. તેણે આશ્ચર્યથી મ્હારા તરફ નજર કરી. પછી તે બોલી ઉઠી:—" આ શું ! આ તો ખાનસાહેબ છે. અરેરે ! દૈવે દુઃખ દેવામાં કાંઇપણ બાકી રાખી નહિ. જો આપ થોડા સમય પહેલાં આવ્યા હોત તો ઘણું સારૂં થાત ! "

મ્હેં આતુરતાથી પ્રશ્ન કર્યો:—" કુલસમ ! શું થયું છે ? રૂબિયા કુશળ છે ને ? જલદી કહે કે, મ્હારી પ્રાણાધિક રૂબિયા ક્યાં છે ? "

મલિન મુખે કુલસમે ઉત્તર આપ્યો કે:—" રૂબિયા દુશ્મનોના હાથમાં જઈ પડી છે."

"એવો કયો સાહસિક પુરૂષ છે કે જે માળવેશ્વરની કન્યાનું હરણ કરી ગયો ! "

" તેના શરીર ઉપર તો એમ નહોતું લખેલું કે, એ શાહજાદી રૂબિયા છે. મ્હને લાગે છે કે—"

" શું તને લાગે છે, કુલસમ ! "

" એ દુશ્મન બીજો કોઇ નહિ પરંતુ પેલો પાપીષ્ઠ સુલતાન છે, કે જેનું ઘણા સમયથી માત્ર રૂબિયામાંજ ધ્યાન છે."

" જો એજ હશે તો પછી તેના હૃદયના લોહીથી આ પાપનું પ્રાયશ્ચિત્ત થશે; સુલતાનનો જાન તેના શરીરથી જૂદો થશે. એ સમયે તું ક્યાં હતી ? "

" હું રૂબિયાની સાથેજ હતી; પરંતુ દુષ્ટ દુશ્મનોએ મ્હને સ-

જાજડ બાંધી દીધી અને ત્યાર પછી તેઓ રૂબિયાના મુખમાં ડુચો ઘાલી, તેને ઘોડા ઉપર નાખી ગચ્છંતિ કરી ગયા."

"ત્હેં એ દુષ્ટો પૈકી કોઇને ઓળખ્યો છે કે ?"

"સર્વેએ પોતાના મ્હોં ઢાંકી દીધેલાં હતાં; પરંતુ મ્હને આશંકા થાય છે કે—"

"શી આશંકા ?"

"અહમ્મદનગરના અધીશ્વર સુલતાનનુંજ આ કારસ્થાન છે."

"આવી નીચતા ! રાજવંશમાં પયદા થઇને આવું નીચ કામ !"

"જનાબ ! રૂબિયા પણ સંસારમાં એકજ છે."

"ત્હારા હાથમાં શું છે ?"

"રૂબિયાનો મોતીનો કંઠહાર."

"એ તને ક્યાંથી મળ્યો ?"

"તેણે દુશ્મનોના પંઝામા પકડાઇ જતી વખતે મ્હને ગુપ્ત રીતે સોંપી દીધો હતો."

"શું તમારી સાથે કોઈ ત્રિજું માણસ નહોતું."

"શાહજલાલ મહાત્માનો એક અનુચર હતો."

"તે ક્યાં છે ?"

"હું ધારૂં છું કે, દુષ્ટોને હાથે તેનું મરણ નિપજ્યું હોવું જોઇએ."

"આ પ્રકાર બન્યો કયે સ્થળે ?"

"આ ધર્મશાળાથી લગભગ એક ગાઉના અંતરની અંદર."

"જ્યારે તને દુશ્મનોએ બાંધી હતી તો પછી તું અહિં કેવી રીતે આવી શકી ?"

"અંધકારમાં તેઓ મ્હને બરાબર બાંધી શક્યા નહોતા. તેઓ નાશી ગયા એટલે હું બંધનો છોડી નાખી ભટકતી ભટકતી અહિં આવી ચઢી."

" પેલો ઘાયલ પુરૂષ હજુસુધી ત્યાં છે ? "

" મ્હારા ધારવા પ્રમાણે હોવો જોઇએ."

" કુલસમ ! બ્હેન ! તું આ ધર્મશાળામાંજ રહે. લે આ થેલી. જરૂર પડયેથી એમાંના દ્રવ્યનો ઉપયોગ કરજે. કોઇ પણ પ્રકારનો સંકોચ મનમાં રાખીશ નહિ. વળી મ્હારી તને આવશ્યક વિનંતિ એ છે કે, જ્યાંસુધી હું અહિં પાછો ન આવી પહોંચુ ત્યાં સુધી આ સ્થાનનો ત્યાગ કરીશ નહિ."

" તમે કયાં જશો, ઇસ્કાન્દારખાન ? "

" રૂબિયાની તપાસમાં."

" હવે કાંઇ વળે તેમ નથી. શા માટે નિરાશાના અગ્નિમાં બળી મરો છો ? "

" કુલસમ ! જે અગ્નિમાં બળી મરૂં છું તેના કરતાં નિરાશાનો અગ્નિ વધારે દુઃખદાયક નથી. હજુ સુધી મ્હારી તરવારની ધાર તીક્ષ્ણ છે, હજુ સુધી મ્હારા હૃદયમાં રૂબિયાના નૈસર્ગિક પ્રેમનો નિવાસ છે; કુલસમ ! તું ખાત્રી રાખજે કે, ગમે એવું સંકટ સહન કરીને પણ હું રૂબિયાને અવશ્ય લઇ આવીશ."

આટલું કહીને મ્હેં ત્વરાથી ઘોડાને છૂટો મૂકયો. કુલસમ, હું તેની દૃષ્ટિથી દૂર થાઉં ત્યાં સુધી મ્હારી તરફ ટગર ટગર જોઇ રહી, અને પછીથી ધર્મશાળામાં ચાલી ગઇ.

અષ્ટાવિંશતિતમ પરિચ્છેદ.

જે રૂબિયા મ્હારૂં જીવન સર્વસ્વ છે, જે રૂબિયા મ્હારી આરાધ્ય દેવી છે, જે રૂબિયા મ્હારી નિરાશાનું સુખસ્વપ્ન છે, જે રૂબિયા આ વિરાટ વિશ્વમાં મ્હારી એકની એક પ્રેમદાયિની પ્રતિમા છે તે શું

દુશ્મનોના પંઝામાં જઇ પડી છે! અને હું કહેવાતો સૈનિક અભિમાનથી કમરે તરવાર લટકાવી ફર્યા કરૂં છું. કેવી શરમ ભરેલી વાત છે! કેવા પરિતાપનો વિષય છે!

મ્હારૂં હૃદય ઉત્તેજિત, અને ચિત્ત ચંચળ બની ગયું છે. દુશ્મનોના પંઝામાંથી રૂબિયાનો ઉદ્ધાર કરવાને માટે મ્હારામાં રાક્ષસીબળ આવ્યું છે. મ્હારો ઘોડો પણ હવાની સાથે વાત કરી રહ્યો છે; આમ છતાં મ્હને એમ લાગે છે કે, એ ઘણો ધીમેથી જાય છે!

પહાડી રસ્તો ધીમે ધીમે ઉંચો નીચો વળવા લાગ્યો. હું અને ઘોડો બન્ને થાકી પાકીને લોથ થઇ ગયા. થોડા સમય પછી હું ઘોડા ઉપરથી ઉતરી પડયો.

સામેજ એક ન્હાની નદી કલકલ અવાજ કરતી વહેતી ચાલી જાય છે. થાકી ગયેલા ઘોડાને નદીને કિનારે બાંધીને હું સામે આવેલા ધીચ જંગલમાં પેઠો.

આ જંગલમાં હું આગળ વધવા લાગ્યો; પરંતુ તેનો અંત આવ્યો નહિ. શરીરેથી પસીનાની ધારાઓ છુટવા લાગી. મ્હેં રૂમાલથી મુખ ઉપરનો પસીનો સાફ કરી નાખી આ સિંહ વગેરે હિંસ્ર પશુઓથી પરિપૂર્ણ જંગલમાં મ્હોટેથી બુમ મારી કેઃ—"રૂબિયા! રૂબિયા!"

ક્યાં છે રૂબિયા! મ્હારા વ્યાકુળ આત્માનો આ ભયંકર અવાજ આકાશમાં જઇને વિલીન થઇ ગયો. કાંઇ ઉત્તર મળ્યો નહિ. પડઘો મ્હારી મશ્કરી કરતો હોય એમ "રૂબિયા" કહેવા લાગ્યો. જંગલમાં વહેતા સ્નિગ્ધ સમીરે જાણે મશ્કરી કરતાં કહ્યુંઃ—"ક્યાં છે રૂબિયા!" 'કલકલ' અવાજ કરતી વહેતી સરિતા જાણે મ્હારે દુઃખે દુઃખી થઇ કહેવા લાગી કેઃ—"હાય રૂબિયા!"

હું કેવો ભાગ્યહીન છું! મ્હારા મર્મભેદક દુઃખમાં કોઇની પણ

સહાનુભૂતિ નથી. જડ જગત્ પણ મ્હારી મશ્કરી કરી રહ્યું છે. શું પ્રેમમયી પ્રકૃતિએ પણ પ્રેમ તેમજ દયાનો ત્યાગ કર્યો છે?!

આ ચિંતાનો સમય નથી, કામનો સમય છે. હું પાછો જંગલમાં આગળ જવા લાગ્યો. ફરીથી એ નિર્જન જંગલમાં હું બુમ મારી ઉઠયો કે;—" રૂબિયા ! રૂબિયા ! "

દારૂણ મર્મયાતનાથી જડ પ્રકૃતિનો પ્રથમ મ્હેં તિરસ્કાર કર્યો હતો તેથી આ સમયે તે શરમાઇ ગઇ. આ સમયે જે પડઘો પડયો તે મ્હારા શબ્દોની પુનરાવૃત્તિનો નહોતો. જાણે કે નિર્જન વનપ્રદેશને કંપિત કરીને કોઇ કરૂણ સ્વરે કહેતું સંભળાયું કેઃ—" કોઇ હોય તો આ દુઃખિનીનું રક્ષણ કરો."

મ્હારા શાંત શરીરમાં નવીન બળે પ્રવેશ કર્યો. જાણે કે કોઇએ મ્હારા અવસન્ન શરીરમાં મંત્રની સહાયતાથી મહાશક્તિ ઉત્પન્ન કરી દીધી. જે તરફથી અવાજ સંભળાયો હતો તે તરફ હું દોડયો. થોડે દૂર જતાંજ મ્હેં જે દેખાવ જોયો તેથી હું સ્થિર બની ગયો, તથા મ્હારા આશ્ચર્યની સીમા રહી નહિ. આશ્ચર્યથી મ્હારો કંઠ બંધ થઇ ગયો. હું એક પણ અક્ષરનો ઉચ્ચાર કરી શકયો નહિ.

મ્હેં જોયું તો એક ફુટયા તુટયા સમાધિસ્તંભની પાસે મ્હારી રૂબિયા બેઠી છે. તેનું સૌંદર્ય ઉડી ગયેલું જણાય છે. શક્તિ નષ્ટપ્રાયઃ થયેલી માલૂમ પડે છે. મુખમંડળ શુષ્ક અને શરીર શ્રમથી થાકી ગયેલું જણાય છે. નેત્રોમાં ભયની ભાવના હોય એમ માલૂમ પડે છે. હું દોડતો દોડતો તેની પાસે ગયો, અને આનંદપૂર્વક બોલી ઉઠયોઃ—" રૂબિયા ! રૂબિયા ! "

ખરેખર આ જીવતી જાગતી રૂબિયાજ છે. આજ મ્હારી હૃદયેશ્વરી આનંદદાયિની રૂબિયા છે. હું ઉત્કંઠાને લીધે આવેગથી બોલી ઉઠયોઃ—" **પ્રાણાધિક! તને જીવતી જોઇ શકીશ એવી મ્હને આશા નહોતી.** "

રૂબિયાએ આશ્ચર્યથી મ્હારી તરફ જોયું. મ્હને ઓળખતાંની સાથેજ તે આવેગપૂર્ણ સ્વરે બોલી ઉઠી:—" ઇસ્કાન્દાર ! તમે ! તમે અહિં કેવી રીતે આવી ચઢયા ?"

રૂબિયાથી બીજું કાંઇ બોલી શકાયું નહિ. તેનું સર્વાંગ થર થર કંપવા લાગ્યું. અલ્પ સમયમાંજ તે બેભાન બની જઇને ધરણી ઉપર ઢળી પડી.

મ્હેં વ્યાકુળ ચિત્તે રૂબિયાના મસ્તકને મ્હારા ખોળામાં લીધું તથા હું બાળકની માફક બોલી ઉઠયો કે:—" હે ખુદા ! આ શું કર્યું ? પ્રચંડ તૃષાથી અધીર બની જઇને મહાસમુદ્ર સમીપ આવી પહોંચ્યો તો આપે એ મહાસમુદ્રને કેમ સુકાવી નાખ્યો ? પ્રભુ ! જે રૂબિયાને માટે મ્હેં આટલું બધું દુઃખ ભોગવ્યું, સમસ્ત જીવનપર્યંત યાતના સહન કરી તેને મેળવ્યાં છતાં ન મેળવ્યા જેવી શા માટે કરી ? આવું અમૂલ્ય રત્ન અર્પણ કરી પાછું શા માટે લઇ લીધું ? મહાદરિદ્ર પુરૂષના હાથમાં પારસમણિ દઇને તે પાછો શા માટે પડાવી લીધો ?

આ વિલાપનો સમય નહિ હોવાથી મ્હેં રૂબિયાને એક ખુલ્લી જગ્યાએ લઇ જઇને સૂવાડી. હું જે નદીને કિનારે ઘોડો બાંધીને આવ્યો છું, એ નદી કાંઇ બહુ દૂર નથી. એ નદી ઉપર જઇ હું એક વસ્ત્ર ભીંજાવી લાવ્યો અને તે રૂબિયાના મસ્તક ઉપર નીચોવ્યું. આથી કરીને થોડા સમયમાંજ રૂબિયા સચેત થઇ. તેણે આંખો ઉઘાડીને પ્રશ્ન કર્યો:—" તમે કોણ છો ? હું કયાં છું ?"

મ્હેં ઉત્તર આપ્યો:—" હું છું. ઇસ્કાન્દાર છું. પ્રાણપ્રિયા ! હવે તું નિર્ભય છે."

રૂબિયાએ ધીમેથી કહ્યું:—" કોણ પ્રિયતમ ! તમેજ !"

મ્હેં ગદ્ ગદ્ કંઠે કહ્યું:—" હા હુંજ છું."

પછીથી રૂબિયાએ ઉભી થઇને ધીમેથી કહ્યું:—" હું હવે બરાબર સચેત થઇ ગઈ છું. હવે કોઇ પણ પ્રકારનો શ્રમ કરશો નહિ; પરંતુ પ્રાણનાથ ! હવે આપણે શું કરીશું ?"

" એ સંબંધી હવે ચિંતા કરવાનું પ્રયોજન નથી. જ્યારે તું અને હું એક બીજાંને મળી ગયાં છીએ તો પછી ચિંતા કરવાનું કાંઈ પ્રયોજન ? હું સમાજમાં રહેવાનું નથી ચ્હાતો, ઐશ્વર્યને નથી ચ્હાતો, માન મર્યાદાને નથી ચ્હાતો, તેમજ બહારના જગત્ સાથેના સંબંધ નથી ચ્હાતો. જે અનંત અચળ પ્રેમ મ્હારા અને ત્હારા હૃદયમાં છે, જે પ્રેમથી વિધાતાનું આ વિરાટ વિશ્વ પ્રતિપાલિત છે, એ પ્રેમની શક્તિથી આપણે આ નિર્જન ગાઢ વનમાં વિશાળ પ્રેમ-રાજ્યની સ્થાપના કરીશું."

રૂબિયાએ મલિન, શુષ્ક પરંતુ સૌંદર્યમય ઓષ્ઠાધરથી મંદ મંદ હાસ્ય કરીને કહ્યું:—" ઇસ્કાન્દાર ! અદ્યાપિ તમે જાણુતા નથી કે આપણી પાછળ ભયંકર સંકટ ઉભેલું છે. અદ્યાપિ આપણે માળવે-શ્વરની સીમામાં છીએ."

મ્હેં કહ્યું:—"ઓહો ! તેથી શું થઇ ગયું ? ચિંતા કરવાનું કાંઇ કારણુ નથી. ભય રાખવાનું કાંઈ પ્રયોજન નથી. મહાત્મા શાહ-જલ્લાલ તેમજ કુલસમ માર્ફત ત્હારા સંબંધીની સર્વ હકીકત મ્હારા સાંભળવામાં આવી છે. જ્યારે આપણે મ્હોટામાં મ્હોટા સંકટમાંથી બચી ગયાં છીએ તો આવ પ્રિયે ! આપણે એ મહિમામય મૌલાની ઉપર અડગ વિશ્વાસ રાખીએ. આપણે મોહાધીન જીવ છીએ. ખુદાને આપણે ભૂલી ગયાં તેથીજ આપણુને મહાદુઃખ સહન કરવું પડયું છે."

મ્હારાં વચનોથી રૂબિયાને ઘણો સંતોષ થયો. તેણે પ્રશ્ન કર્યો:—" ત્યારે હવે આપણે કયાં જઇશું ?"

" કુલસમની પાસે."

" કુલસમની પાસે ! તેને પણ દુશ્મનોએ કેદ કરી છે ! "

" નહિ, ખુદાની મિહરબાનીથી એ બચી ગઈ છે. ચાલ, હવે આપણે આ જંગલમાંથી બ્હાર નીકળીએ. થોડે દૂર મ્હેં મ્હારો ઘોડો બાંધેલો છે. "

" ફરીથી જો દુશ્મનો આવી પહોંચશે તો ? "

" મ્હારી આ તીક્ષ્ણ તરવાર ત્હારૂં રક્ષણ કરશે. "

" તમે જાણો છો કે એ દુશ્મન ખુદ અલ્લી સુલતાન છે. "

" રૂબિયા ! ત્હેં તેને કેવી રીતે ઓળખ્યો ? "

" જો કે તેણે વેશ બદલ્યો હતો; છતાં હું તેને ઓળખી ગઈ છું."

" તું એના હાથમાંથી છુટી કેવી રીતે ? "

" મ્હને ઘોડા ઉપર નાખી એ નરાધમ ઘોડો દોડાવતો આગળ જતો હતો. રક્ષણનો એક પણ ઉપાય નહિ સૂઝવાથી મ્હેં એક અબળા થઇને પણ પ્રબળાનું કામ કર્યું. મ્હેં સુલતાનની કમરમાંની કટાર બહાર ખેંચી કાઢી તેને મારી. આથી કરીને તે ઘોડા ઉપરથી પડી ગયો. તેના સાથીઓ ઘણા પાછળ રહી ગયા હતા. સુયોગ સાધી લઇને હું ઘોડા ઉપરથી નીચે કૂદી પડી આ નિર્જન વનમાં ચાલી આવી. "

" ખુદાએજ તને બચાવી છે. "

એમાં કાંઈ સંદેહ નથી; પરંતુ પ્રિયતમ ! અદ્યાપિ આપણે સંકટમુક્ત થઈ ગયાં નથી. આ જંગલના રસ્તાથી આપણે અજ્ઞાત છીએ તેથી ફરીથી દુશ્મન આવી ચઢવાનો સંભવ છે. "

" તો પછી શું કરીએ, રૂબિયા ? "

" વિના વિલંબે અહિંથી નાશી છુટવું. "

" તું ચાલી શકીશ ? "

" ના, મ્હને ઘણોજ થાક લાગ્યો છે. "

" તો પછી હું તને મ્હારી પીઠ ઉપર ઉંચકીને સરિતા સુધી લઇ જઉં છું. ત્યાં મ્હારો ઘોડો બાંધેલો છે. "

" ઠીક તો ચાલો; નાશી છુટયા સિવાય બચવાનો એક પણ માર્ગ નથી."

" રૂબિયા! જે દયાળુ પરમેશ્વરે ભયંકર સંકટમાંથી ત્હારૂં રક્ષણ કર્યું છે, તેનું નામ લઇને મ્હારી સાથે ચાલ."

" ચાલો—"

અમે બન્ને જણાં ચાલી નીકળ્યાં. મ્હારી ખાંધ ઉપર હાથ મૂકી રૂબિયા પણ ચાલવા લાગી.

એકાએક આ નિર્જન વનમાં કેટલાક ઘોડાઓની ખરીઓનો થતો અવાજ અમારે બન્નેને કાને પડયો. મ્હારૂં હૃદય કંપી ઉઠયું. મ્હેં અસ્પષ્ટ સ્વરે કહ્યું:—" રૂબિયા! પાછું આપણું ભાગ્યચક્ર ફર્યું હોય એમ જણાય છે."

જોતજોતાંમાં તો દશબાર સિપાહીઓએ આવીને અમને બન્નેને ચારે દિશાએથી ઘેરી લીધાં. એ સર્વેમાંથી એક પુરૂષે ઉચ્ચ સ્વરે ગર્જના કરીને કહ્યું:—" આ પાપીષ્ઠ ઇસ્કાન્દારને મુશ્કેટાટ બાંધો, તથા સાથે જે પાલખી આણી છે તેમાં આ હતભાગિનીને બેસાડી દો."

જે પુરૂષે આ કઠોર આજ્ઞા કરી તેને જોતાંજ મ્હારૂં કાળજું કંપી ઉઠયું. મ્હારી નસોમાં વહેતું લોહી અટકી ગયું. હું બેભાન બની જઇ ભૂમિ ઉપર ઢળી પડયો; કારણ કે એ પુરૂષ માળવાધિપતિ બાજ-બહાદુર પોતેજ હતા!

એકોનવિંશતિતમ પરિચ્છેદ.

જ્યારે મ્હને ચૈતન્ય આવ્યું ત્યારે મ્હેં જાણ્યું કે, હું એક અંધકારમયી ઓરડીમાં પડયો છું. આ ઓરડીમાં પ્રકાશનું નિશાન પણ નથી. અસાધારણ અંધકાર ફેલાઇ રહેલો છે! આ સ્થાન મ્હને બરાબર પ્રેતપુરીના જેવું જણાવા લાગ્યું. ચારે દિશાએથી જાણે કે પ્રેતાદિનો અવાજ સાંભળવામાં આવતો હોય એવો મ્હને ભાસ થયો. હું ગભરાઇ જઇને મ્હોટેથી બોલી ઉઠયો કેઃ—"હું કયાં છું? આ પ્રેતપુરીમાં મ્હને કોણ લઇ આવ્યું?"

કોઇએ ઉત્તર આપ્યો નહિ. મ્હારા બન્ને પ્રશ્નો અંધકારમાં વિલીન થઇ ગયા. મ્હેં આંખો ઉઘાડી ચારે દિશા તરફ નજર કરી. હું કાંઇ પણ જોઇ શકયો નહિ. પ્રલયકાળનો અંધકાર ફેલાઈ રહ્યો છે. ધીમે ધીમે મ્હારો શ્વાસ બંધ થઇ જવા આવ્યો.

ત્યારે શું મ્હને પૃથિવીના પડમાં ઉતારી દીધો છે? મૃત્યુ પછી મનુષ્ય જે સ્થાને જાય છે તે શું આજ સ્થાન છે? આ સ્થાન તો ઘણું ભયંકર છે! અય ખુદા! પરવરદિગાર! તમે આ શું કર્યું? હવે કયાં સુધી હું આ અસહ્ય દુઃખ સહન કરીશ?"

જાણે કે આ અંધકારમયી ઓરડીમાં કોઇ આવીને બોલી ઉઠયું કેઃ—"આવતી કાલે સ્હવારેજ ત્હમારી આ દુઃખમાંથી મુક્તિ થશે."

હું બોલી ઉઠયોઃ—"તું કોણ છે? ભૂત કે પ્રેત? તું ગમે તે હો, પરંતુ એક વખત શરીર ધારણ કરીને મ્હારી પાસે આવ. આ સમયે તને જોવાથી પણ મ્હને સંતોષ થશે."

એ અદ્રશ્ય મૂર્ત્તિએ હસીને કહ્યુંઃ—"અરેરે! હજુ ત્હારામાં આટલું અભિમાન છે કે? તું જાણતો નથી કે, કાલે સ્હવારે કૂતરાંજ ત્હારા શરીરનું તાજું લોહી પીને તૃપ્ત થનાર છે!"

મ્હેં નિર્ભયતાથી કહ્યું:—" ભલે કૂતરાં મ્હારૂં લોહી પીને તૃપ્ત થાય. મ્હને તેની બિલકુલ ચિંતા નથી; પરંતુ મ્હને કહે તો ખરો કે, મ્હારી જીવનમોહિની સુરસુંદરી રૂબિયા ક્યાં છે ?"

એ અદ્રશ્ય મૂર્તિએ કહ્યું:—" જો રૂબિયાના વિચારો કરવામાંજ સુખ જણાતું હોય તો એ સુખ માત્ર આજની રાત્રિને માટે ભોગવી લ્યો. કાલે પ્રભાતકાળે તમારી સુખમયી ચિંતા અને સઘળી સ્વપ્નવત્ આશા ધૂળમાં મળી જશે. "

મ્હેં ફરીથી પૂછ્યું:—" તું કોણ છે ? હું ધારૂં છું કે, તું પ્રેતની માફક આ અંધકારમાં છુપાઇ રહીને મ્હારા પ્રશ્નોના ઉત્તર આપે છે ! "

પરંતુ અફસોસ કે મ્હારા પ્રશ્નનો મ્હને કાંઇ ઉત્તર મળ્યો નહિ.

પ્રભાત થયું. આજનું પ્રભાત મ્હારે માટે ઘણું અશુભ છે ! હું દરેક ક્ષણે મૃત્યુના અગ્રદૂત પહેરગીરોના આગમનની આશંકા કરવા લાગ્યો. તેઓ સર્વે હમણાં આવી પહોંચશે, અને મ્હને બાંધીને વધ્યભૂમિમાં લઈ જશે. આવા પ્રકારની ચિંતાથી મ્હારા હૃદયનું લોહી સુકાઇ જવા લાગ્યું. આવી વ્યાકુળ સ્થિતિમાં રૂબિયાના કાંઈ સમાચાર નહિ મળવાથી મ્હારી વેદના વધી ગઈ. અરેરે ! કોણ મ્હને એના સમાચાર સંભળાવશે ?

પ્રભાત થયાથી ચારે દિશાએ સૂર્ય કિરણો ફેલાઇ ગયાં છે. મ્હારી અંધકારમયી ઓરડીમાં પણ એક સામાન્ય કિરણનો પ્રકાશ પડેલો જણાવા લાગ્યો. એથી કરીને હું સમજ્યો કે, પ્રભાતકાળ થયો છે.

થોડાજ સમયમાં કેટલાક હથિયારબંધ સિપાહીઓ આવીને મ્હને દરબારમાં લઈ ગયા. આ એજ દરબાર છે કે પૂર્વે અહિં મ્હારી પધરામણી થતાં સર્વે સૈનિકો શસ્ત્ર નમાવી મ્હને માન આપતા હતા, અને સિપાહીઓ આદરથી સલામ ભરતા હતા. આજે એજ દરબા-

રમાં હું વગર અપરાધે, વગર ન્યાયે અપરાધી તરીકે આવીને ઉભો છું. સર્વની નજરે દુષ્ટ, પાપીષ્ઠ અને અપમાનિત છું. હાય ભાગ્ય! હજી પણ ત્હારી ઇચ્છા પૂર્ણ નથી થઈ કે?

ત્રિંશતિતમ પરિચ્છેદ.

(સાધુ મહાત્મા શાહજલાલની હકીકત.)

હું સંસારત્યાગી જીવ છું. સંસારની સાથે મ્હારો નજીવો સંબંધ છે. હું પરમેશ્વરનો દાસ છું. મ્હારૂં મુખ્ય કર્ત્તવ્ય મનુષ્ય સેવા છે, તો પણ મ્હને લાગે છે કે, સર્વસ્વનો ત્યાગ કરનાર સંન્યાસી પણ આ આયાપૂર્ણ સંસારમાં માયાનાં બંધનોથી સર્વાંશે મુક્ત રહી શકતો નથી. અનેક સંન્યાસીઓ એમ વિચારે છે કે "જ્યારે છૈયાં છોકરાંની જંજાળ નથી, સંસારનું કોઈ બંધન નથી ત્યારે પછી હું સર્વાંશે મુક્ત છું." પરંતુ તેમનો આ વિચાર ભૂલ ભરેલો છે. શું માયાનો સમાવેશ માત્ર, સ્ત્રી, પુત્ર તથા કન્યામાંજ થાય છે? માયાનો સમાવેશ આ સંસારની સર્વ વસ્તુઓમાં હોય છે.

એકાંત સ્થળે સમાધિ ચઢાવી ઇશ્વિર ભક્તિમાંજ મગ્ન રહેવાનો મ્હારો મુખ્ય ઉદ્દેશ હતો; પરંતુ પાછળથી મ્હને એવો વિચાર થઇ આવ્યો કે, ઇશ્વિરની ભક્તિ કરવાની સાથે આ સંસારમાં જો કાંઇ પરોપકાર થઈ શકે તો તેથી હું ધર્મ માર્ગ ઉપર કાંઇક આગળ વધી શકું તેમ છું. આથી કરીને હું સંકોચ રાખ્યા સિવાય અમીર ઉમરાવો, દરિદ્ર ગરીબો વગેરેને મળવા લાગ્યો તથા બની શકે ત્યાં સુધી સર્વ કોઇનો અભાવ દૂર કરવાનો યત્ન આદરવા લાગ્યો.

જે જે સ્થળોએ સ્વતંત્ર મુસલમાની રાજ્યો છે એ રાજ્યોના નરપતિઓને હું વારંવાર મળું છું, તેમની સાથે વાતચિતમાં પ્રજા-

પાલનનું મુખ્ય કર્તવ્ય, આત્મવિગ્રહનું પરિણામ વગેરે વિષયો તેમને સમજાવું છું. દિલ્લીમાં સમ્રાટ્ અકબરશાહની પાસે પણ હું જાઉં છું તથા તેમને યોગ્ય ઉપદેશ આપી તેમના રાજ્યમાં યુદ્ધવિગ્રહ થવા દેતો નથી. હું અકબરશાહના "દીન–ઇ–ઇલાહી" નામના ધર્મનું સમર્થન કરતો હોવાથી તેઓ મ્હને ગુરૂ સમાન માને છે. હિંદુ તેમજ મુસલમાનોને સમાન દૃષ્ટિથી જોવાનો પણ હું તેમને અનેક વખત ઉપદેશ આપું છું.

જેથી કરીને ભારતમાંથી સ્વતંત્ર મુસલમાની રાજ્યોનો પાયો નિર્મૂળ ન થઇ જાય તેને માટે હું ઘણો યત્ન કરૂં છું. વળી આ સ્થળે જો મ્હારે શિરે મ્હારી પોતાની સ્તુતિ કર્યાનો દોષ ન આવે તો મ્હારે નિવેદન કરવું જોઇએ કે, મ્હારા યત્નથી અસંખ્ય સૈન્ય પોતાની પાસે હોવા છતાં સમ્રાટ્ અકબરશાહ માળવાને પોતાની સત્તામાં લઇ શકતા નથી. જેમણે રાજપૂતોની સ્વતંત્રતાનો નાશ કર્યો છે, વીર રાજપૂતોના અભિમાનને ઉતારી પાડયું છે, તેમને આ માળવા દેશ ઉપર અધિકાર મેળવવામાં શી મુશ્કેલી વેઠવી પડે તેમ છે? મહારાણા પ્રતાપસિંહની શક્તિ અને સાહસ આગળ બાજ-બહાદુર અતિ તુચ્છ છે. અનેક પ્રકારના કૌશલથી હું જ અકબર-શાહનો માળવા ઉપર જય મેળવવા સંબંધીનો ઉદ્દેશ સફળ થવા દેતો નથી. આથી કરીને માળવાના સ્વતંત્ર નૃપતિ બાજ બહાદુર મ્હારૂં ઘણું માન રાખે છે. માત્ર માળવાનીજ નહિ; પરંતુ દક્ષિણના વિજાપુર અને અહમ્મદનગર રાજ્યની સ્વતંત્રતાનું રક્ષણ કરવાને માટે મ્હેં ઘણો યત્ન કર્યો છે.

સોહાણીની અભિમાનિની પત્ની ગુલસાના જ્યારે પોતાની દુર્દશા થતાં મ્હારી પાસે આવી ત્યારે મ્હારી માયાની પ્રવૃત્તિએ જૂદો માર્ગ પકડ્યો. પઠાણવીર સોહાણી મ્હારો પ્રિય શિષ્ય હતો, તેની પ્રિયપત્ની

ભાગ્યની ઘટનાને લીધે ભિખારિણી બની ગઇ. જો હું તેને આશ્રય ન આપું તો મ્હને મહા પાપ લાગે. આમ વિચારીને મ્હેં ફરીથી સંસારના કર્મક્ષેત્રમાં પ્રવેશ કર્યો. મ્હેં ગુલસાનાને મ્હારી પોતાની પુત્રી પ્રમાણે મ્હારી પાસે રાખી.

ગુલસાના મારફત સોહાણીના મૃત્યુના સર્વ સમાચાર મ્હારા જાણવામાં આવ્યા હતા. પ્રથમ તો મ્હને ઇસ્કાન્દાર ઉપર ઘણો ગુસ્સો ભરાયો; પછીથી મ્હને એમ માલુમ પડયું કે, ગુલસાના ઇસ્કાન્દારના ઘૃણિત કાર્યને લક્ષ્યમાં નહિ રાખતાં તેના ઉપર ભાઈ તરીકે અસાધારણ સ્નેહ રાખે છે. એક દિવસે ગુલસાનાએ મ્હને કહ્યું કે:—"પિતા ! ઇસ્કાન્દારખાને જેવી રીતે મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે, તેવીજ રીતે મ્હેં પણ અકબરશાહ પાસે ન્યાય માગીને સ્વામીહત્યાનો યોગ્ય બદલો લઇ લીધો છે. જો આજે ઇસ્કાન્દાર દિલ્લીમાં પોતાના અધિકાર ઉપર હોત તો તેમને તેમના શૌર્ય વીર્યના પ્રભાવને લીધે ઘણો ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થયો હોત; પરંતુ હુંજ તેમની ઉન્નતિમાં અંતરાયરૂપ થઇ પડી છું. અમે બન્ને જણાં એક બીજાંના અધઃપતનનાં કારણ છીએ. તેમણે પોતાની કામવૃત્તિ માટે પશ્ચાત્તાપ કરી મ્હને 'બ્હેન' શબ્દથી બોલાવી છે, અને હું પણ તેમના ઉપર 'ભાઇ' ના જેવો પ્રેમ રાખું છું, હવે એ મ્હારા ભાઇ છે; શત્રુ નથી. અમે બન્નેએ અમારૂં દુશ્મનાવટનું લ્હેણું તેમજ દેવું અરસ્પરસને ચુકાવી આપ્યું છે.

હું ગુલસાનાના હૃદયનું મહત્વ જોઇ આનંદ તેમજ આશ્ચર્ય પામ્યો. હું ઇસ્કાન્દાર ઉપરના મ્હારા ક્રોધને ભૂલી ગયો. એક દિવસે બાજબહાદુરના દરબારમાં ઇસ્કન્દારખાનનું સુંદર, સરળ મુખ જોઇ મ્હારો તેના તરફ પુત્રના જેવો પ્રેમ આકર્ષાયો. મ્હેં મનમાંજ વિચાર્યું કે:—"અરેરે ! હું શા માટે આટલી બધી માયા લઇને સંસારમાં આવ્યો

છું ? જો હજુ સુધી પણ હું માયાનાં બંધન તોડી ન શકું તો પછી હું સંન્યાસી શાનો ?"

અનેક વિચારો મ્હારા મનાં ઉપસ્થિત થયા; છતાં હું કોઇ પણ પ્રકારનો દૃઢ નિશ્ચય કરી શક્યો નહિ.

બાજબહાદુરની રૂપમતી બેગમ ઘણાજ પ્રેમથી મ્હારી પાસેથી શાસ્ત્રનો ઉપદેશ સાંભળતી હતી. માતા વિનાની રૂબિયા પણ અમારી બન્નેની પાસે બેસીને ધર્મની કથા સાંભળતી હતી. મ્હેં સંસારી મનુષ્યની માફક વારંવાર રૂબિયાને મ્હારા ખોળામાં લઇને પ્રેમથી રમાડી હતી. રૂપમતી બેગમ સગી માતા નહિ હોવા છતાં મ્હારા ઉપદેશથી તે રૂબિયાને પોતાની પેટની પુત્રી તરીકે ગણતી હતી.

ગુલબદન બેગમની મુખ્ય દાસી કુલસમની વાત પ્રથમથીજ ગુલસાના મારફત મ્હારા સાંભળવામાં આવી હતી. નર્મદાના કિનારેથી થોડે દૂર આવેલા એક એકાંત સ્થાનમાં મ્હારો આશ્રમ હતો. ગુલબદન બેગમ કોઇ કોઇ સમયે મ્હારા સમાચાર જાણવાને માટે કુલસમને મ્હારી પાસે મોકલતી હતી, તથા કોઈ કોઇ સમયે ગરીબ, તેમજ દરિદ્ર અતિથિઓની સેવાને માટે પુષ્કળ ભોજન સામગ્રી મોકલી આપતી હતી. આથી કરીને કુલસમને હું સારી રીતે ઓળખતો હતો, તથા કુલસમ પણ કોઇ કોઇ સમયે કાંઇ કારણ દર્શાવીને ગુલસાનાને મળવા માટે મ્હારા આશ્રમ ઉપર આવતી હતી.

એક દિવસે કુલસમ ગુલસાનાને મળવા આવી, તો તે સમયે તેનું મ્હોં મ્હને ઘણું ઉદાસ માલૂમ પડયું. મ્હેં વિચાર્યું કે, કોઇ દુઃખદાયક ચિંતાથી એ ચિંતાતુર હોવી જોઇએ. કુલસમના ચાલ્યા ગયા પછી ગુલસાનાએ મ્હારી પાસે આવીને કહ્યું:—"પિતા ! હું મ્હોટા સંકટમાં ફસાઈ પડી છું !"

મ્હેં પ્રેમપૂર્વક પૂછ્યું:—"જે સંકટમાં તું ફસાઈ ગઇ છે, તે

સંકટ શું આના કરતાં પણ વિશેષ મ્હોટું છે ?"

કુલસમે રૂબિયાની પ્રેમકહાણી સંબંધી જે હકીકત ગુલસાનાને કહી હતી તે સઘળી સવિસ્તર તેણે મ્હને નિવેદન કરી. ત્યાર પછી તેણે મ્હને નમસ્કાર કરીને કહ્યું:—"પિતા ! રૂબિયા હૃદયપૂર્વક ઇસ્કાન્દારખાનના ઉપર પ્રેમ રાખે છે. મ્હને કહેતાં શરમ ઉપજે છે કે, મ્હારી તથા વીર સોહાણીની જે સ્થિતિ હતી તેવીજ સ્થિતિ રૂબિયા અને ઇસ્કાન્દારખાનની છે. વળી રૂબિયાનો અલ્લીસુલતાન ઉપર બિલકુલ પ્રેમ નથી; કારણ કે એ સુલતાન મહાપાપી, દુરાચારી તેમજ કુરૂપ છે. હવે બાજબહાદુર જબરદસ્તીથી એ બન્નેનો વિવાહ ન કરે એમ આપને કરવાનું છે."

ગુલસાના આગળ હું પ્રતિજ્ઞા તો ન કરી શક્યો; પરંતુ મ્હેં તેને ઘણું ધૈર્ય આપ્યું. પેલી રાત્રે નર્મદા ઉપર આવેલા શીશમહેલમાં જે ભયંકર બનાવ બન્યો હતો તે સર્વ કોઇ જાણે છે. હું તે દિવસે પ્રહર રાત્રિ વીતી જતાં સુધી બાજબહાદુરનાજ ઓરડામાં હતો. જ્યારે મ્હેં સાંભળ્યું કે સુલતાનની સાથે વિવાહ કરવાની વાત રૂબિયાને સમજાવવાને માટે, બાજબહાદુર નર્મદાના કિનારા ઉપર આવેલા શીશમહેલમાં જાય છે ત્યારે મ્હારી ચિંતાની સીમા રહી નહિ.

હું તરતજ આશ્રમ ઉપર આવી પહોંચ્યો, તથા આ ભયંકર સંકટની હકીકત મ્હેં ગુલસાનાને કહી. એ હકીકત સાંભળી ગુલસાના પણ ચિંતાતુર બની ગઇ. રૂબિયાના મહેલમાં ઇસ્કાન્દારખાનને જોતાંજ બાજબહાદુર ઇસ્કાન્દારખાનનું શિર તેના ધડથી જૂદું કરી નાખશે એ વિચારથી ગુલસાનાની ચિંતાની સીમા રહી નહિ. એ પ્રકાર સંબંધી થોડા સમય સુધી વિચાર કરીને તેણે મ્હને કહ્યું:—"પિતા ! મ્હને લાગે છે કે હવે સર્વનાશનો સમય સમીપ આવી પહોંચ્યો છે. બાજબહાદુર ઇસ્કાન્દારખાનની તો શું પરંતુ પોતાની પુત્રીની સુદ્ધાં દુર્દશા

કર્યા સિવાય રહેશે નહિ. જો બાજબહાદુરના ચિત્ત ઉપર મ્હારો કોઇ પણ પ્રકારનો અધિકાર હોય તો આજેજ તેની પરીક્ષાનો દિવસ છે. હું હમણાંજ એ તરફ જાઉં છું."

ગુલસાનાએ બીજું કાંઇ કહ્યું નહિ. જોતજોતાંમાં તે અંધકારમાં છુપાઇ ગઈ. તે બરાબર વખતસર નર્મદાકિનારા ઉપરના શીશમહેલમાં જઇ પહોંચી હતી. એ સમયે ગુલસાનાએ કેવી રીતે ઇસ્કાન્દારખાનનો જીવ બચાવ્યો હતો, એ પ્રથમથીજ જણાવવામાં આવ્યું છે.

એ સમયે ઇસ્કાન્દાર તો બચી ગયો; પરંતુ રૂબિયાની સ્થિતિ ઘણી શોચનીય થઇ પડી. ક્રોધના આવેશમાં બાજબહાદુરે તેને નિર્જન કારાગારમાં કેદ કરી; પરંતુ રૂપમતી બેગમની સહાયતાથી હું તેને રાજભુવનમાં લાવી શક્યો. ભયંકર મર્મદુઃખ, અપમાન તથા તિરસ્કારરૂપી તાપથી બળી જતી—સુકાઇ જતી કોમળ વેલીની માફક રૂબિયા દિવસે દિવસે સુકાતી ચાલી. તેના કોમળ પ્રાણ ઉપર નિરાશાનો સખ્ત આઘાત થયો. તે ઘણી બીમાર થઇ ગઇ.

મ્હેં એક વખતે ગુલબદન બેગમને સાંઘાતિક રોગથી બચાવી હતી. તે સમયથી મ્હારી ચિકિત્સા ઉપર બાજબહાદુરને દૃઢ વિશ્વાસ હતો. પરિણામે રાજકુમારીની ચિકિત્સાનું કાર્ય પણ મ્હને સોંપવામાં આવ્યું

મ્હારી ચિકિત્સાથી રૂબિયાને થોડો ઘણો આરામ થયો. તેણે એક દિવસે એકાંત મળતાંજ મ્હારા ચરણોમાં નમી પડીને રૂદન કરતાં ગદ્‌ગદ્ કંઠે કહ્યું:—"પિતા ! મ્હારૂં રક્ષણ કરવાની મહેનત કરશો નહિ. જો કે હું રાજકન્યા છું; પરંતુ મ્હારા જેવી કમનશીબ આ વિશ્વમાં બીજી કોઈ ભાગ્યેજ હશે. ઐશ્વર્ય તેમજ હોદ્દા ઉપર મોહિત થઇને મ્હારા પિતા એક નરપિશાચ સાથે મ્હારો વિવાહ કર-

વાની ઇચ્છા રાખે છે. જો દુર્દૈવે મ્હારો વિવાહ એ નરપિશાચ અહમ્મદનગરના સુલતાન સાથે થશે તો મ્હારે મૃત્યુના કરતાં પણ વિશેષ દુઃખ ભોગવવું પડશે. જે સ્વામીની પૂજા અંતઃકરણના સ્નેહથી નહિ કરી શકું, જેની ભક્તિ નહિ કરી શકું તેની અર્ધાંગના થઇને હું દુઃખ વેઠવા તથા પાપનો સંચય કરવાની ઇચ્છા રાખતી નથી. મૃત્યુ સિવાય મ્હારા ઉદ્ધારનો બીજો એક પણ માર્ગ નથી. પિતા ! જીવનને બદલે મ્હને મૃત્યુજ પ્રિય છે, અને તે આપવાની હું આપને નમ્ર વચને પ્રાર્થના કરૂં છું. ”

હું સંન્યાસી હતો; છતાં રાજકુમારી રૂખિયાનું દુઃખ સર્વાંશે સમજી ગયો. મ્હેં મ્હારી કફનીથી તેનાં આંસુ સાફ કર્યાં. થોડા સમય સુધી વિચાર કર્યા પછી મ્હેં તેને કહ્યું:—“ પુત્રી ! તું મૃત્યુને ચ્હાય છે ? ઠીક, તને મૃત્યુ જ મળશે; અને એ મૃત્યુથીજ ત્હારી ધારણા ફળશે. ”

ત્યાર પછી મ્હેં જે કાંઈ કર્યું, તે ઘણું સંકટપૂર્ણ અને આશ્ચર્યપૂર્ણ કાર્ય હતું. જીવન મરણની જોખમદારીનો ભાર શિર ઉપર ઉઠાવીને, ખુદાનું સ્મરણ કરીને મ્હેં રૂખિયાને એક તીવ્ર વિષમય રસાયન સેવન કરવાને આપ્યું. આ રસાયની ક્રિયાશક્તિ ઘણી ભયંકર હતી. તેને સેવન કર્યા પછી માત્ર પંદર દિવસમાંજ મરણનાં ભયાનક ચિહ્નો નજરે પડે છે. આ મૃત્યુ ઔષધથી હતું, તેથી હું તેનાથી બચવાનો ઉપાય પણ જાણતો હતો. રૂખિયાને ધૈર્ય આપી પછીથી હું આશ્રમ તરફ પાછો ફર્યો.

મ્હેં જે કાંઇ કર્યું હતું તે સર્વ ધીમે ધીમે ગુલસાનાને કહી સંભળાવ્યું. મ્હારી હકીકત સાંભળી ગુલસાના કંપી ઉઠી; પરંતુ રૂખિયાના ઉદ્ધારનો બીજો એક પણ રસ્તો નહિ હોવાથી નિરૂપાયે તે મ્હારા નિશ્ચયને સંમત થઇ. ત્યાર પછી એક દિવસે કુલસમ કારાગાર

રમાંથી નાસી છુટી તથા મ્હારા આશ્રમમાં તે કેવી રીતે આવી એ પાઠકવર્ગ જાણે છે જ. મ્હારા ઔષધ, તેમજ ઈશ્વરની કૃપાથી રૂબિયાનું મરણ થયું.

મ્હારા મનમાં જો કે ભ્રમ તો થયો; પરંતુ પરમેશ્વર પવિત્ર પ્રેમના પૂર્ણ આદર્શ છે. તેમની કૃપાની યાચના કરીને મ્હેં આ ભીષણ પ્રકારનો અંત આણ્યો. પુત્રીનું મૃત્યુ થયેલું જોઇને પત્થર જેવા હૃદયના બાજબહાદુરનાં નેત્રોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં, તથા તેઓ એક અજ્ઞાન બાળકની માફક મ્હોટેથી રૂદન કરવા લાગ્યા. શાહજાદીનાં ઉપયુક્ત સંમાનની સાથે રૂબિયાના મૃતદેહને સમાધિસ્થ કરવામાં આવ્યો. એ સુંદર જ્યોતિપૂર્ણ દેહને સમાધિમાં દાટવામાં આવ્યો. સમાધિમાં તેને દાટતી વખતે તેના શબદેહ ઉપર અનેક કીંમતી અલંકારો તથા રત્નજડિત ભગવાં વસ્ત્રો રાખવામાં આવ્યાં, કબરમાંથી કોઇ એ જરજવાહિર તથા કીંમતી વસ્ત્રો ચોરી ન જાય એ માટે કબર પાસે પહેરો પણ રાખવામાં આવ્યો.

સંધ્યા સમયે રૂબિયાને કબરમાં સુવાડવામાં આવી હતી અને મધ્ય રાત્રિ થઈ જવા આવી છતાં હું તેના ઉદ્ધારનો ઉપાય કરી શકયો નહિ, આથી અતિ ચિંતામાં પડી ગયો. આકાશ અંધકારપૂર્ણ હતું. વરસાદ ધીમે ધીમે વરસતો હતો! અને આવી ભીષણ રાત્રિએ મ્હારે રૂબિયાનો ઉદ્ધાર કરવાનો હતો. રૂબિયાને આપેલા પ્રાણઘાતક રસાયનની ક્રિયાનો લોપ કરવાને માટે અંતકાળે મ્હેં તેને એક બીજું ઔષધ પણ આપ્યું હતું. જો આ રાત્રિએ હું તેનો ઉદ્ધાર ન કરી શકું તો રૂબિયાનું રક્ષણ કરવાને માટે સાક્ષાત પરમાત્માને પણ લાચાર થવું પડે તો પછી હું શા હિસાબમાં! રૂબિયાની કબર આગળ પહેરો હતો, અને મ્હારે તેનો ઉદ્ધાર કરવો હતો! શું કરવું તેની હું મ્હોટી ચિંતામાં પડી ગયો.

પરંતુ છેવટે દયાળુ દેવે મ્હારા ઉપર દયા કરી. વરસાદની સાથે ભયંકર તોફાન થવા લાગ્યું. વરસાદ તેમજ તોફાનથી જાણે કે એ નિર્જન સમાધિક્ષેત્રમાં મહાપ્રલય થયો હોય એવો ભાસ થવા લાગ્યો. રૂબિયાની કબર પાસે પહેરો ભરનારા પહેરગીરોએ પોતાનાથી સહન થાય એટલું દુઃખ સહન કર્યું, અને છેવટે તેઓ નાશી છુટીને મ્હારા આશ્રમમાં આવ્યા. દુઃખથી તેઓ સર્વ અધમુઆ જેવા થઈ ગયા હતા.

મ્હેં એ પહેરગીરોને આશ્રય આપી, ભીંજાઈ ગયેલાં વસ્ત્રો બદલી નાખવાને બીજાં વસ્ત્રો પણ આપ્યાં; તથા તેમને કહ્યું:—" હવે સ્હવાર થતા સુધી અહિંજ રહો. કાલે હું બાદશાહ પાસે આવી તમારા દુઃખની હકીકત તેમને કહીશ."

પહેરગીરો ઘણા થાકી ગયા હતા; તેથી જલદીથી મ્હેં તેમની સૂઈ રહેવાની તથા ભોજન કરવા સંબંધીની સઘળી વ્યવસ્થા કરી આપી. ભોજન કરી તેઓ વિના વિલંબે ઘસઘસાટ ઉંઘવા લાગ્યા.

ત્યાર પછી હું કુલસમ તથા ગુલસાનાને મળી, રૂબિયાને બચાવવાનો વિચાર કરવા લાગ્યો. કુલસમે પહેરગીરોને ભોજન આપતી વખતે એ ભોજનમાં ધંતુરાનાં બીજે આપેલાં હોવાથી તેમના તરફથી કોઈ પણ પ્રકારનો ભય રાખવાનું કારણ રહ્યું નહોતું.

પાઠકો જાણેજ છે કે, ગુલસાના, કુલસમ, રૂબિયા અને એક વિશ્વાસુ શિષ્યની સહાયતાથી મ્હેં એ ભયંકર રાત્રે રૂબિયાને સમાધિમાંથી બ્હાર કાઢી; તથા ફરીથી એક બીજું ઔષધ આપીને તેને ફરીથી જીવતી કરી.

ભયંકર સ્વપ્ન જોવાથી મુખની જેવી સ્થિતિ થઈ જાય છે તેવીજ સ્થિતિ રૂબિયાના મુખની થઈ ગઇ હતી. માત્ર એક ક્ષણ પછીજ મ્હેં તેના શરીરમાં બળ આવે એવી એક ઔષધી આપી. આથી કરીને તેના શરીરમાં પણ નવજીવન આવ્યું.

કબરસ્તાનથી લગભગ ચાર ગાઉ દૂર મ્હારા એક શિષ્યનો આશ્રમ આવેલો હતો. એક પત્ર આપીને મ્હેં મ્હારા વિશ્વાસુ શિષ્ય તથા કુલસમની સાથે રૂબિયાને એ આશ્રમ તરફ રવાના કરી; ત્યાર પછી કબરને પ્રથમની માફક બરાબર કરીને હું અને ગુલસાના મ્હારા આશ્રમ ઉપર પાછાં આવ્યાં. આ સમયે પ્રભાતકાળ થવા આવ્યો હતો, તોપણ પહેરગીરો નિરાંતે ઉંઘી રહ્યા હતા.

આ ઘટના બન્યા પછી બીજે દિવસે મ્હેં એમ સાંભળ્યું કે, ઇસ્કાન્દારખાનને કેદ કરીને રાજસભામાં લાવવામાં આવ્યો છે, તથા તેનો જીવ લેવાની ખટપટ ચાલી રહી છે. આ હકીકત સાંભળવામાં આવતાંજ મ્હને ઘણું દુઃખ થયું. સમસ્ત વિશ્વ મ્હારાં નેત્રો આગળ ભમવા લાગ્યું. બાજબહાદુર જેને પકડે છે તેને છોડતાજ નથી. હવે હું કેવી રીતે ઇસ્કાન્દારખાનને બચાવું, એજ ચિંતામાં હું પાછો પડી ગયો.

અરેરે ! શા માટે મ્હેં રૂબિયાને ફરીથી પ્રાણદાન આપ્યું ! ઇસ્કાન્દારખાનના મરણ પછી રૂબિયાની સ્થિતિ કેવી દયાજનક થઇ પડશે ! અરેરે ! દુર્દૈવી રૂબિયા ! ત્હારૂં ભાગ્ય આવું દુઃખપૂર્ણ કેમ નિર્માણ થયું છે ?

મ્હેં સર્વ હકીકત સ્પષ્ટ રીતે ગુલસાનાને કહી સંભળાવી. ગુલસાનાએ કહ્યું:—"આજે હવે મ્હારી છેવટની પરીક્ષા છે. હવે હું આજે જોઇશ કે, મ્હારા જેવી એક તુચ્છ રમણીની શક્તિ વધારે છે કે, માળવેશ્વર બાજબહાદુરની !"

અમે બન્ને વિના વિલંબે દરબારમાં જઈ પહોંચ્યાં. અમારા સાંભળવામાં આવ્યું કે, આજનો દરબાર એક ગુપ્તગૃહમાં ભરવામાં આવ્યો છે." એ દરબારમાં માળવેશ્વર બાજબહાદુર, મુખ્યમંત્રી તથા અહમ્મદનગરના સુલતાન સિવાય બીજું કોઈ નથી.

એકત્રિંશતિતમ પરિચ્છેદ.

એકાએક મ્હને દરબારમાં હાજર થયેલો જોતાંજ બાજબહાદુરને કાંઇક આશ્ચર્ય લાગ્યું, તથા શું કરવું તેના તેઓ મ્હોટા વિચારમાં પડી ગયા. મ્હને જોતાંજ તેઓ ઉઠીને ઉભા થયા, તથા તેમણે મ્હને પોતાની પાસે આસન આપ્યું. તેમનું મુખમંડળ ગંભીર, ચિંતાતુર અને વિરક્તિપૂર્ણ જણાયું. એમની વિરક્તિ કોના ઉપર હતી એ હું સમજી શક્યો નહિ.

મ્હારી સાથે કાંઈ પણ વાતચિત કર્યા સિવાય બાજબહાદુરે અહમ્મદનગરના સુલતાનને સંબોધીને કહ્યું:—"સુલતાન! આજે તમે મ્હારી પાસે ન્યાય માગવાને આવ્યા છો. હું પોતે આજે ન્યાય કરવાને માટે બેઠો છું. આપને જે કહેવું હોય તે બેલાશક કહો."

સુલતાન મ્હને જોતાંજ છંછેડાયલા સર્પની માફક ચ્હીડાઇ ગયો હતો. વારંવાર તે મ્હારી તરફ જોતો હતો; પરંતુ મ્હેં તેની બિલકુલ પરવાહ કરી નહિ.

સુલતાને ઉભા થઇને વિકૃત સ્વરે કહ્યું:—"આ ઇસ્કાન્દારખાને આપની કુમારિકા કે જે મ્હારી વાગ્દત્તા પત્ની છે તેને મુગ્ધ કરી છે. કપટજાળથી તેણે આપની કન્યાનું અસત્ય મૃત્યુ પણ કર્યું છે. જે કામ પિશાચથી પણ થઇ શકતું નથી એ કામ તેણે મનુષ્ય થઇને કર્યું છે. આપના તાબાના નોકરે આવું નીચ કાર્ય કરેલું હોવાથી જ હું આપની પાસે તેનો ન્યાય કરાવવાને આવ્યો છું."

સાંકળોનાં બંધમાં બંધાયલા ઇસ્કાન્દારખાનની તરફ જોઇને બાજબહાદુરે કહ્યું:—"ગુલામ! કુત્તાના બચ્ચા! સુલતાનનું કહેવું ખરૂં છે કે નહિ? તું ત્હારો ગુન્હો કબૂલ કર; નહિ તો ત્હને ઘણા

શોચનીય મૃત્યુની સજા થશે, મ્હેં મ્હારી કન્યાને ફસાવી છે, એનો સાક્ષી તો હું પોતેજ છું.”

ઇસ્કાન્દારખાને બિલકુલ ગભરાયા સિવાય કહ્યું:—“જો હૃદયનો વિનિમય ખરો વિવાહ હોય, જો સુપવિત્ર પ્રેમ અને અનુરાગ દાંપત્ય જીવનનો પવિત્ર મંત્ર હોય, જો રત્નહારને ગળામાં નાખવો એ વિવાહ હોય તો રૂબિયા મ્હારી ધર્મપત્ની છે. તેણે પોતાની ઇચ્છાથી મ્હારી સાથે વિવાહ કર્યો છે. શહેનશાહ! રૂબિયાના અમૂલ્ય પ્રેમની આગળ હું આ જીવનને ઘણું તુચ્છ જાણું છું. તેને આલોકમાં નહિ મેળવું તેથી શું થઇ ગયું? પરલોકમાં તો અવશ્ય તેને હું મેળવી શકીશજ. મૃત્યુ પછી તરતજ પ્રકૃત જીવનની શિરૂઆત થાય છે. હું કબૂલ કરૂં છું કે આ વિષયમાં માત્ર હું એકલો જ ગુન્હેગાર છું. માળવેશ્વર! આપ ભલે મ્હને મરણની સજા કરો. એ મરણ ગમે તેવું ભયંકર હશે તો પણ મ્હારૂં દુઃખ, નિરાશા અને કર્મની જ્વાળાથી દુઃખી થતું હૃદય સહજ પણ ગભરાશે નહિ.”

મ્હેં મનમાંજ કહ્યું:—“ધન્ય છે ઇસ્કાન્દાર! ધન્ય છે ત્હારા પ્રેમને! ધન્ય છે ત્હારા આત્મત્યાગને!” આટલું કહીને હું જલદીથી ઉઠીને ઉભો થયો. મ્હેં પ્રકાશમાં કહ્યું:—“સમ્રાટ્! જો આપ રાજ્યના ન્યાયાસનની મર્યાદાનું બરાબર રક્ષણ કરવાની ઇચ્છા રાખતા હો, જો પરમેશ્વરનું નામ દઇને આપે આ રાજ્યાધિકાર આપની સત્તામાં લીધો હોય, જો તમે તમારા આ ઘણા કીંમતી રાજમુકુટને ઇશ્વરનું દાન સમજતા હો, તો આ નિરપરાધીને છોડી ઘો. આ નિર્મળ પવિત્ર પ્રેમ ઇશ્વરપ્રેરિત છે. જો એ વિષયમાં કોઇ ગુન્હેગાર હોય તો હું છું. કોઇ પણ ઉપાય સમજમાં નહિ આવ્યાથી મ્હેંજ ઇસ્કાન્દારને રૂબિયા મેળવી આપવા માટે એ કલ્પિત મૃત્યુ ઉપસ્થિત કર્યું હતું. પાછળથી મ્હેંજ તેને કબરમાંથી કાઢીને ફરીથી જીવતી કરી છે. જહાં-

પનાહ ! જો આપ ન્યાય પ્રમાણે વર્ત્તવા માગતા હો તો પછી મ્હને શોચનીય મૃત્યુની સજા કરો.”

મ્હારાં વાક્યોથી દરબાર કંપી ઉઠ્યો. દરબારમાં જે લોકો હાજર હતા તેઓ પણ ધ્રુજી ઉઠયા, બાજબહાદુરનું પાષાણ હૃદય પણ કંપી ઉઠ્યું. મ્હારાં વચનો સાંભળવામાં આવતાંજ પાપીષ્ટ સુલતાનનું મુખ સુકાઇ ગયું, તે ચારે દિશા તરફ અસ્થિર નેત્રોએ નજર ફેરવવા લાગ્યો.

બાજબહાદુરે કાંઇક આવેશમાં મ્હારા તરફ નજર કરીને કહ્યું:– “આપ સંસારત્યાગી સંન્યાસી છો. આ નીચ પ્રકારમાં આપે સામિલ થઇને પવિત્ર ઇસ્લામ ધર્મને કલંકિત કર્યો છે. સમાજની દૃષ્ટિ, ધર્મની દૃષ્ટિથી હવે આપ સંન્યાસી નથી. મૃત્યુની સજાજ તમને કરવી ઉપયુક્ત છે; પરંતુ હું તેમ કરીશ નહિ. તમે જન્મપર્યંત કેદખાનાનું દુઃખ ભોગવો, એજ મ્હારી આજ્ઞા છે. પહેરગીરો ! આમને કેદ કરો ! ”

મ્હેં તરતજ મ્હારા બન્ને હાથ લાંબા કર્યા. માળવેશ્વરની આજ્ઞાથી જેવા સિપાહીઓ મ્હને પકડવાને આગળ વધ્યા કે તરતજ કોણ જાણે ક્યાંથી યોગિનીના વેશમાં ગુલસાનાએ દરબારમાં આવી પહોંચીને તીવ્ર સ્વરે કહ્યું—“ માળવેશ્વર ! સાવધાન. ઐશ્વર્યના અભિમાનમાં તણાઇ જઇને સંન્યાસીનું અપમાન ન કરો. પ્રચંડ શક્તિશાળી અકબરશાહ પણ આ સંન્યાસી મહાત્માના આજ્ઞાધારક શિષ્ય છે. અકબરશાહ ઘણા કાળથી તમને કેદ કરવાનો સુયોગ શોધી રહ્યા છે; પરંતુ આ સંન્યાસી મહાત્માએજ અત્યાર સુધી તમારી મર્યાદા, તમારા રાજવૈભવ વગેરેનું રક્ષણ કર્યું છે. આવા પરોપકારી સંન્યાસી મહાત્મા તરફ આવો નીચ વ્યવહાર ! જે ઇશ્કાન્દારખાને કોઈ પણ પ્રકારના સ્વાર્થ સિવાય એક દિવસે તમારા જીવનનું

રક્ષણ કર્યું હતું, આજે તેને તમે મરણની સજા કરવાને તૈયાર થયા-છો ? શું આજ તમારા ઉપર કરવામાં આવેલા **'ઉપકારનો બદલો'** છે કે ? આ પાપીષ્ઠ નરાધમ સુલતાન કે જેણે પોતાનો વેશ બદલી નાખીને તમારી રાજકન્યા રૂબિયાના સતીત્વને નષ્ટ કરવાનો યત્ન ચલાવ્યો છે, જેણે અહમ્મદનગરના ખરા સુલતાન-સિંહાસનના સાચા અધિકારીનું ક્રૂરતાથી ખૂન કરીને સિંહાસનને પોતાની સત્તામાં લીધું છે એ તમારી ન્યાય દૃષ્ટિથી નિર્દોષ છે કે ? બાજબહાદુર ! તમે ઘણા તુચ્છ છો ! હવે હું સમજી કે, તમારી વાત નહિ માની તમને મ્હેં મ્હારા સ્વામી તરીકે ન સ્વીકાર્યા એ ઘણું સારૂં થયું છે."

ગુલસાનાનાં હૃદયભેદક સત્ય વચનોથી દરબારનો રંગ બદલાઇ ગયો. અહમ્મદનગરના સુલતાનનું મુખ કાળા ઠીંકરા જેવું થઇ ગયું. બાજબહાદુર પણ ઘણા દુ:ખી થયા. તેમણે જોયું તો માલૂમ પડયું કે ગુલસાનાની આંખો સિંહણની આંખો માફક પ્રકાશી રહી હતી.

બાજબહાદુરે વિરક્તિપૂર્ણ સ્વરે કહ્યું:—" ગુલસાના ! ત્હારી ધૃષ્ટતાને મ્હેં ઘણી વખત માફ કરી છે. સ્રીને માટે આવી ધૃષ્ટતા ઘણી લજ્જાકર છે. તું હમણાંને હમણાં અહિંથી ચાલી જા."

ગુલસાનાએ નમ્રતાથી બન્ને હાથ જોડીને કહ્યું:—" જો માળ-વેશ્વરને મ્હારો કોઈ અપરાધ માલૂમ પડયો હોય તો ભલે તેઓ તેનો ન્યાય કરે. કારાગાર, મરણ કે જે શિક્ષા તેમને કરવી હોય તે સહન કરવા હું તૈયાર છું; પરંતુ જહાંપનાહ ! આપને યાદ છે કે એક દિવસે નિર્જન રાત્રે ચોરની માફક આ અભાગિનીના પવિત્ર શયનાલયમાં પ્રવેશ કરીને તમે ઘણી નમ્રતાથી ભિક્ષા માગી હતી ? તથા આ અબળાએ પણ પોતાના નારીધર્મનું રક્ષણ કરીને આપને એ ભિક્ષા આપી હતી ! આજે હું આપની પાસે એક પ્રકારની ભિક્ષા માગું છું. જો આપ મ્હને મ્હારા માગ્યા પ્રમાણે ભિક્ષા નહિ

આપો તો આ દરબારના સભાસદો આગળ, સમસ્ત સંસારની આગળ હું આપની એ નમ્રભાવની ભિક્ષાની આશ્ચર્યજનક હકીકત હમણાંજ નિવેદન કરીશ."

બળવાન્ સમર્થ અજગરની એકાએક મંત્ર તથા ઔષધિથી જેવી સ્થિતિ થાય છે તેવીજ સ્થિતિ ગુલસાનાનાં ઉપરનાં વચનો સાંભળવામાં આવતાંજ બાજબહાદુરની થઈ પડી. તેમણે પણ સ્થિરતા ધારણ કરી. તેમની નજરે એ સમયે આ વિરાટ વિશ્વમાં ફેરફાર થયેલા જણાયો. જાણે કે આકાશના ગ્રહો આકાશમાંથી નીચે ઉતરી આવીને તેમની ચારે દિશાએ ઘુમવા લાગ્યા. ધરતીકંપ થતો હોય એવો તેમને ભાસ થયો.

બાજબહાદુરે કહ્યું:—"ગુલસાના ! આટલા દિવસ પછી આજે મ્હને માલૂમ પડયું કે, સ્રીની શક્તિ કેટલી હોય છે! જન્મપર્યંત કોઈની આગળ મ્હેં મ્હારૂં શિર નમાવ્યું નથી; પરંતુ આજે ત્હારી આગળ મ્હારે નમાવવું પડયું. ગુલસાના ! શાંત થા. ત્હારા જીવને રોકી રાખ. બસ, બહુ થયું."

સમ્રાટે મ્હારા ચરણોમાં નમી પડીને મ્હારી પાસે ક્ષમા માગી. ત્યાર પછી તેમની આજ્ઞાથી ઇસ્કાન્દારખાન બેડીઓમાંથી મુક્ત થયો. બાજબહાદુરને ચાલ્યા જતા જોઇને ગુલસાનાએ કહ્યું:-"માળવેશ્વર! આપ તો ચાલ્યા જાઓ છો! શું તમે આ અભાગિનીની નમ્રપ્રાર્થના નહિ સાંભળો ?"

બાજબહાદુરે પૂછ્યું:—"ગુલસાના ! ત્હારી શી ઇચ્છા છે?"

ગુલસાનાએ હસીને કહ્યું:—"ઘણા દિવસથી હું રાણીનું કામકાજ ભૂલી ગઇ છું. એક દિવસ મ્હને આપના રાજમહેલમાં રાણીનું કર્તવ્ય બજાવવા દો. આજ્ઞા આપો કે, આ રાજમહેલમાં હું જે કાંઇ કરૂં, મ્હારે હાથે જે વ્યવસ્થા થાય તે સર્વ આપના

હાથેજ થાય છે એમ સમજવામાં આવે. આપ આપના અધિકારી-ઓને આવી આજ્ઞા કરી દ્યો !"

ગુલસાનાનું પ્રસન્ન મુખ જોઇને બાજબહાદુરનું ચિત્ત પણ પ્રસન્ન થયું. હસતાં હસતાં તેમણે કહ્યું:—"હું ત્હારા મનની વાત જાણી ગયો છું. હું ત્હારૂં કહેવું કબૂલ કરૂં છું, અને એક દિવસને માટે નહિ પરંતુ સાત દિવસને માટે હું તને મ્હારા રાજ્યનો સઘળો અધિકાર સોંપું છું. ત્હારી ઇચ્છા રોકવાનું સામર્થ્ય કોઇનામાં રહેશે નહિ."

આ બધો શો પ્રકાર છે તે હું સમજી શક્યો નહિ. ત્યારે શું ગુલસાના ખરેખર માયાવિની છે? એક સામાન્ય વાતમાં તેણે આવી ભયંકર વાતને સર્વાંશે ઉડાવી દીધી.

બાજબહાદુર અંતઃપુરમાં ચાલ્યા ગયા. હું, ઇસ્કાન્દાર અને ગુલસાના આશ્રમ ઉપર પાછાં આવી પહોંચ્યાં.

એક સમયે મ્હેં આતુરતાથી ગુલસાનાને પૂછ્યું:—"ગુલસાના ! એવું કયું ગુપ્ત રહસ્ય છે કે, જેની શક્તિથી આજે ત્હેં બાજબહાદુર જેવા શક્તિવાન્ નરપતિને ત્હારી મુઠીમાં દબાવી દીધા ?"

ગુલસાનાએ કહ્યું:—"પિતા ! મ્હને ક્ષમા કરો; એ વાત આપને કહેવા જેવી નથી."

દ્વાત્રિંશતિતમ પરિચ્છેદ.

(ઇસ્કાન્દારખાનની છેવટની હકીકત.)

ઉપસંહાર.

એ દિવસની વધ્યભૂમિ આજે અસંખ્ય દીપકોથી નંદન-કાનન જેવી બની ગઇ છે ! આજના સૌંદર્યની સીમા નથી, શોભાનો પાર નથી, આનંદનો અંત નથી. ચારે દિશાએ પુષ્પમાળાઓની સુગંધી

ફેલાઇ રહી છે, ચાંદી તથા સોનાના ફુવારાઓમાંથી ગુલાબજળ ઉડી રહ્યું છે. આ એજ ગુપ્ત દરબારગૃહ છે કે ગઇ કાલે ભાગ્યના દોષથી હું જ્યાં કેદી તરીકે, સાંકળોમાં બંધાયલી સ્થિતિમાં હાજર હતો.

આજે મ્હારા શરીર ઉપર રાજવંશી વસ્ત્રો શોભી રહ્યાં છે. બાજબહાદુરના સઘળા અમીર ઉમરાવો તથા માળવાના માનનીય ગૃહસ્થો આ શોભાપૂર્ણ દરબારમાં આજે ઠાઠમાઠથી હાજર થયા છે.

એકાએક ડંકાઓ વાગવા લાગ્યા. સર્વેને માલૂમ પડયું કે, બાજબહાદુર પધારે છે. બાદશાહને જોતાંજ સર્વે ઉઠીને ઉભા થયા. બાજબહાદુરની સાથે મ્હારી આનંદદાયિની રૂબિયા પણ મનોહર વેશમાં દરબારમાં હાજર થઇ. કીંમતી અલંકારોના પ્રકાશથી આજે ઇંદ્રલોકની અપ્સરાની જેવી તેની કાંતિ પ્રકાશી રહી છે.

દરબારમાં આવીને બાજબહાદુર સર્વ જનોની વચ્ચે ઉભા રહ્યા, તથા તેમણે ગંભીર સ્વરે કહ્યું:—" મહાપ્રાણ ઇસ્કાન્દારખાન ! તમે એક દિવસે આ તુચ્છ જીવને બચાવ્યો હતો. એ ઉપકારનો બદલો અત્યાર સુધી ચુકવી શકયો નહોતો. આથી કરીને આજે હું મ્હારી સ્નેહમયી કન્યા રૂબિયાનો હાથ તમારા હાથમાં આપીને યથાશક્તિ **" ઉપકારનો બદલો "** વાળું છું. હું પુત્ર વગરનો છું. તમે મ્હારા સિંહાસનના ભવિષ્યના અધિકારી થયા છો. "

જયનાદ તથા આનંદના કોલાહલથી દરબાર ગાજી ઉઠયો, ધીમે ધીમે મ્હોટો દરબાર બરખાસ્ત થયો. હું અને રૂબિયા અંતઃપુરમાં ચાલ્યાં ગયાં.

આજે સુખને દિવસે પ્રકૃતિદેવી આનંદમાં નિમગ્ન માલૂમ પડી. ચારે દિશાએ પ્રકાશિત ચાંદનીની શોભા ફેલાઇ ગઇ છે. સુગંધિત મલયવાયુ દિગ્ દિગાંતરમાં મધુર સુગંધ ફેલાવી રહ્યો છે. મ્હારી અંદર અને બ્હાર એ ચાંદનીની પ્રકાશિત જ્યોતિનો વિકાસ થઇ

રહ્યો છે, આજે મ્હને પ્રકૃતિ જેવી પ્રકાશિત અને સુંદર દેખાઇ તેવી પૂર્વે કદાપિ દેખાઇ નહોતી.

શીશમહેલના પ્રશસ્ત રાજમહાલયમાં એક ક્રીડાકાનન છે. એક સંગેમરમરના સ્વચ્છ આસન ઉપર બેસીને અમે સ્વર્ગીય સુખનો ઉપભોગ ભોગવીએ છીએ. મ્હારા હૃદય સાથે પોતાનું મસ્તક ચાંપીને રૂબિયાએ પ્રેમના તરંગોથી રૂદ્ધ થઇ ગયેલા કંઠે શરમાતાં શરમાતાં અસ્પષ્ટ સ્વરે કહ્યું:—" ઇસ્કાન્દાર ! "

મ્હેં રૂબિયાને દૃઢ આલિંગન કરીને કહ્યું:—" રૂબિયા ! તું જેના હૃદયને પ્રકાશિત કરનારી સજીવ સુવર્ણમૂર્ત્તિ છે, તેને કેટલું સુખ છે, તેની એક વખત તો કલ્પના કરી જો."

રૂબિયાએ કહ્યું:—" એક દિવસ એવો હતો અને એક દિવસ આવો છે—નર્મદા કિનારા ઉપર આવેલા શીશમહેલમાં પેલી રાત્રિએ બનેલો ભયંકર બનાવ યાદ છે કે, ઇસ્કાન્દાર ? "

મ્હેં પ્રેમમુગ્ધ કંઠે કહ્યું:—" એ દિવસ દુઃખદાયક વિરહનો હતો આજનો દિવસ મધુર મિલનનો છે. આવા અપૂર્વ સુખના દિવસે એ દુઃખની વાતને શામાટે યાદ કરે છે, રૂબિયા ? "

રૂબિયાએ ઉંચી આંખો કરી આકાશ તરફ જોયું, તથા તેણે હાથ જોડીને કહ્યું:—" પરમેશ્વર ! દયાળુ દેવ ! અમારા આ સ્વર્ગીય સુખને દૂર કરશો નહિ. અમે તમારા પવિત્ર પ્રેમમાં મુગ્ધ થઇને તમારા આ સુવર્ણમય સંસારમાં મનુષ્યકર્ત્તવ્યનું પાલન કરી શકીએ એજ અમારી પ્રાર્થના છે."

એવામાં એકાએક કોઇનાં પગલાંનો અવાજ અમારે કાને પડ્યો. મ્હેં જોયું તો બે સ્ત્રીઓ મ્હારી નજરે પડી. ત્યારે શું બેગમ અમારી પાસે આવે છે ? સંકોચથી અમે બન્ને ઉભાં થઇ ગયાં.

ધીમે ધીમે એ બન્ને રમણીઓ અમારી પાસે આવી. હું તેમને

જોતાંજ ઘણું આશ્ચર્ય પામ્યો. કારણ કે તેઓ ગુલસાના અને કુલસમ હતી.

અમારી પાસે આવીને ગુલસાનાએ કહ્યું:—"દરકાન્દાર ! આજે તમને જે અમૂલ્ય રત્ન આપ્યું છે, તેના કરતાં મ્હારી આ સામાન્ય ભેટ ઘણી તુચ્છ છે. હું મ્હારા સાધારણ રત્નાલંકારો તમને ભેટ તરીકે આપું-છું. મ્હારી યાદદાસ્ત ખાતર એ અલંકારો રૂખિયાને પહેરાવજો."

આમ કહીને ગુલસાનાએ પોતાનાં નેત્રોમાંનાં આંસુ સાફ કરી નાખ્યાં ! ત્યાર પછી તેણે અસ્પષ્ટ સ્વરે કહ્યું:—"ભાઇ દરકાન્દાર ! સંસારમાંની મ્હારી ફરજ હવે પૂરી થઈ છે. આજે હું તમારી પાસે છેવટની વિદાય લેવાને આવી છું. મ્હારી કુલસમ ઉપર પ્રેમ રાખજો અને તેને કોઈ વાતે દુઃખ પડવા દેશો નહિ, એજ મ્હારી છેવટની પ્રાર્થના છે."

મ્હેં કહ્યું:—"ગુલસાના ! બ્હેન ! તું કયાં જઇશ ? આ હત-ભાગી નરાધમ ઉપર આટલી બધી દયા કરીને તેનો સહજ પણ બદલો લીધા સિવાય તું ક્યાં જઇશ ? નહિ નહિ, હું તને કયાંય જવા દઇશ નહિ. ત્હારા સઘળા દુઃખનું મૂળ હુંજ છું. મ્હેં જે પાપ કર્યું છે, તેનું પ્રાયશ્ચિત્ત નક્કી કરી રાખ્યું છે. બાજબહાદુરે માળવાનું રાજ્ય મ્હને અર્પણ કર્યું છે તો આ રાજ્યની તુંજ રાજરાજેશ્વરી થા. હું ત્હારો આજ્ઞાધીન નોકર થઇને આ રાજ્યની વ્યવસ્થા કરીશ. ગુલસાના ! હવે નિષ્ઠુર વાત કરીશ નહિ. હું ત્હારે પગે પડું છું, બ્હેન !"

ગુલસાનાએ પાછી હઠીને કહ્યું:—"નહિ નહિ, તમારું ધાર્યું થઈ શકે તેમ નથી. હું મહાત્મા શાહજલાલની સાથે પવિત્ર સ્થાન મક્કાની હજ કરવા જાઉં છું. જો ત્યાંથી પાછી આવી શકીશ તો તમને મળીશ."

ત્યાર પછી કાંઇ પણ કહ્યા કે સાંભળ્યા સિવાય મહા મહિમા-મયી ગુલસાના ધીમે ધીમે ચાલી ગઇ. હું દઢ પત્થરની પ્રતિમા પ્રમાણે જ્યાં ઉભો હતો ત્યાંજ ઉભો રહ્યો.

રાત્રિ ધીમે ધીમે ગંભીર થતી હતી, તેથી હું, રૂબિયા તથા કુલસમને સાથે લઇને શીશમહેલમાં આવ્યો. આવા અપૂર્વ સુખનો દિવસ પણ ગુલસાનાના વિયોગને લીધે મ્હને ઘણો દુઃખકર્ત્તા થઇ પડયો. ગુલસાનાના ઉપકારનો બદલો વાળવાનું તો દૂર રહ્યું; પરંતુ તેની "**છબીની કીંમત**" સુદ્ધાં હું ચુકવી શક્યો નહિ.

પ્રકાશિત દીપકો મ્હારા માથામાં અગ્નિ સળગાવવા લાગ્યા. પુષ્પમાળાઓ સુગંધ વિનાની હોય એમ જણાયું. સુખને દિવસે દુઃખનો અનુભવ થવા લાગ્યો. સુરસુંદરી રૂબિયા મ્હને સૌંદર્ય વગરની જણાવા લાગી. જાણે કે તે કાળા પત્થરની પ્રતિમા કેમ ન હોય !

હું કેવો દુર્ભાગી છું ! જીવનપર્યંત મ્હેં ઘણું દુઃખ ભોગવ્યું છે ! અરેરે ! શું મ્હારાં દુઃખની સીમાજ નથી કે ?

મ્હને ચિંતાતુર જોઇને પ્રેમની સજીવ પ્રતિમા રૂબિયાએ મ્હને પોતાના હૃદય સાથે ચાંપીને હસતાં હસતાં કહ્યું:—"ઇસ્કાન્દાર ! ખરેખર, ગુલસાનાને ઇશ્વરે રમણી નહી પરંતુ દેવી બનાવી છે ! એ આ પ્રપંચી સંસારમાં શા માટે રહે ? તમે શા માટે તેનો વિચાર કરીને દુઃખી થાઓ છો ? ગુલસાના ગઇ છે ખરી; પરંતુ ફરીથી તે આ સંસારમાં પાછી આવશે."

મ્હેં પણ રૂબિયાને દૃઢ આલિંગન કરીને કહ્યું:—"રૂબિયા ! ત્હારૂં કહેવું ખરૂં છે. પરમેશ્વરે તેને આદર્શ અબળા બનાવી છે. મ્હારા જેવા પાપીઇના નિશ્વાસથી તે શા માટે કલંકિત થાય ? પરંતુ મ્હને એ વાતનું ઘણું દુઃખ થાય છે કે, અત્યાર સુધી તેણે મ્હને જે પ્રેમના ઉપકારમાં બાંધી રાખ્યો છે, તે ઉપકારનો સહજ પણ બદલો હું વાળી શક્યો નથી."

* * * * *

કેટલાક દિવસ અને મહિના વીતી ગયા. ગ્રીષ્મ, વર્ષા, શરત્, હેમંત, શિશિર અને વસંત ઋતુઓ વીતી ગઇ; તોપણ મ્હારા હૃદયમાંથી ગુલસાનાની સ્મૃતિ દૂર થઇ નહિ.

રૂબિયા હમેશાં મ્હને પોતાની આંખોમાં રાખે છે, મ્હારાં આંસુ સાફ કરે છે, મ્હને ચિંતાતુર જોતાં મિષ્ટ વચનોદ્વારા ઉત્સાહિત કરે છે, તોપણ ગુલસાનાની સ્મૃતિ દૂર થતી નથી. અરેરે! કેવું દુઃખ! કેવી જવાળા!!

મહાત્મા શાહજલાલ એક વર્ષ પછી માળવા પાછા આવ્યા. મ્હેં તેમના ચરણોમાં પ્રણામ કરીને પૂછ્યું:—"મહાત્મન્! આપ તો પધાર્યા; પરંતુ ગુલસાના ક્યાં ગઇ?"

શાહજલાલે તિરસ્કારથી કહ્યું:—"હે હતભાગી! હજી સુધી તું તેને ભૂલી શક્યો નથી! ગુલસાના આ અસાર સંસારનો સંબંધ છોડી પરલોકે ચાલી ગઇ છે. તમને અહિં રડવાને માટે મૂકી તે હસતી હસતી સ્વર્ગમાં સિધારી ગઇ છે."

મ્હેં ભયંકર દુઃખથી આંખોમાંથી આંસુ પાડયાં; પરંતુ ગુલસાનાને નજ ભૂલી શક્યો. આ જીવનમાં તો તેને ભૂલી શકીશ નહિ. શા માટે નહિ ભૂલી શકું, એ હું જાણુતો નથી, જણાવી શકતો નથી, તથા એ વાત જણાવી શકવાની મ્હારામાં શક્તિ પણ નથી.

મ્હેં નર્મદાના કિનારા ઉપર મીના મસ્જીદની પાસે ગુલસાનાની પવિત્ર સ્મૃતિનું રક્ષણ કરવાને માટે ઘણું ધન ખરચીને એક આરસપહાણના પત્થરોનો મહેલ બનાવરાવ્યો. એ મહેલમાં ગુલસાનાની સુવર્ણ પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. એ નવીન **"શીશમહેલ"**માં ગુલસાના હજારો મૂર્તિ રૂપે બિરાજવા લાગી; પરંતુ હું મનમાં ને મનમાં કહેતો કે:—"આ તેની '**છબીની કીંમત**' આ મ્હારી ગુલસાનાના '**ઉપકારનો બદલો**' છે."

હું હમેશાં એ શીશમહેલમાં જતો હતો; અને ગુલસાનાની સુવર્ણમૂર્ત્તિને શણુગારતો હતો. કોઇ કોઇ સમયે રૂબિયા પણ મ્હારી સાથે આવતી હતી અને મ્હારી સાથે બે આંસુ પાડી એ પ્રેમની પ્રતિમાની પૂજા કરતી હતી.

ગુલસાનાએ એક દિવસે મશ્કરીમાં મ્હને પૂછ્યું હતું કેઃ—"ધ્રસ્કાન્દાર ! કહો તો ખરા કે હું વધારે સુંદર છું કે તમારી રૂબિયા !" આ પ્રશ્નનો ઉત્તર હું એ સમયે આપી શકયો નહોતો પરંતુ ગુલસાનાના સ્વર્ગવાસી થયા પછી હું તેની અચળ, અતુલ સૌંદર્યવાળી પ્રકાશિત સુવર્ણમૂર્ત્તિ આગળ ઉભો રહીને ગદ્‌ગદ્ કંઠે બોલી ઉઠયોઃ—"રૂબિયા તુચ્છ છે ! ગુલસાના બ્હાર અને અંદર બન્ને રીતે સુંદર હતી. ગુલસાનાજ અપૂર્વ અદ્વિતીય સુંદરી હતી. રૂબિયા તેની દાસી થવાને પણ યોગ્ય નથી."

પ્રાણના આવેગ તથા હૃદયની ઉત્તેજનાથી હું ઉપરનાં વાક્યો ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો. મ્હારાં આ વાકયો રૂબિયાના સાંભળવામાં આવ્યાં.

રૂબિયાએ મ્હારી પાસે આવીને હાસ્ય કરી કહ્યુંઃ—"પ્રાણાધિક પ્રિયતમ ! તમે જે કહો છો તે સત્ય છે. હૃદયના મહત્વમાં તમારી પ્રેમની સામગ્રી રૂબિયા ગુલસાનાના ચરણોમાં પણ ઉભી રહી શકે તેમ નથી ! ખરેખર, આટલા દિવસ પછી તમે ગુલસાનાના સ્નેહના "**ઉપકારનો બદલો**" વાળ્યો છે !"

સમાપ્ત

(૧) આલબ્લેસ બાગમાં હોહા થઈ રહી હતી. કારણ કે કોઇ એક બદમાસ લગ્ન પ્રસંગે થયેલા મેળાવડામાં એક બાઇની સાડીની કોર કાપી ગયો, પણ આખરે પકડાયો, કારણ તેમાં જગજાહેર આનંદદાયક "ઑટો મોહીની" ના ફક્ત ચારજ ટીપાં નાંખેલાં હતાં તો તમે પણ તે ઑટો મોહીનીજ વાપરજો.

(૨) કોઇ પણ વખતે તમારી કોઈ પણ ચીજ ચોરી જાય તો તેનો પત્તો જો તમે રજીસ્ટર થયેલું સર્વથી શ્રેષ્ટ સેન્ટ ઑટો મોહીની વાપરવા ચુકતાજ નહિ. કારણ કે જો તેનાં બેજ ટીપાં તમારી દરેક ચીજમાં નાંખશો તો તરતજ મળે છે. કારણ કે ચંબેલીના ફુલોના બગીચામાંથી ફુલોની સુગંધ પ્રસરી રહે છે ને આનંદ આપે છે.

સ્વીટઝરલેંડમાં ધડાકો.

(૩) સારી સત્તાથી જણાવવામાં આવે છે કે ઑટોમોહીની સેંટ માટે ઉપરા ઉપરી માગણીઓ વધી પડવાથી આડતીઆઓ ઘણી મુસીબતમાં આવી પડ્યા છે. કારણ કે મનમોહક ને મધુર ઑટોમોહીના અત્તરની સુગંધી માટે મ્હૈસુરના પ્રદર્શનમાં પહેલા નંબરનો સોનાનો ચાંદ મેળવ્યો છે, ને સેન્ટનો રાજા ઑટોમોહીની જાહેર કર્યું છે.

(૪) આજ કાલ એટલી તો ધમાલ ચાલુ થઇ છે કે તમે જ્યાં જોશો ત્યાં ઑટોમોહીનીનાંજ ગીત ગવાય છે. કારણ કે ઑટોમોહીની સેન્ટ દુનિયામાં જગજાહેર થઈ ચુક્યું છે અને નકલીઆ નકલ કરવા લાગી પડયા છે. માટે ઑટો મોહીની રજીસ્ટર માગજો. મોટી શીશી ૧ નંગના રૂ. ૨—૦—૦ અને નાનીના નંગના ૦—૧૨—૦.

લખો:—ઑટો મોહીની એજંસી, જુમા મસીદ, મુંબઈ.

અમદાવાદના એજંટ ફતેહચંદ દોલતચંદ,

દવા અને ચસ્મા વેચનારા.